રિઅલ એસ્ટેટ ઉદ્યોગનો અવાજ

યુગેન રિઅલ્ટી

મન્થલી ન્યૂઝપેપર

FOLLOW US !

ફાઉન્ડર, પ્રકાશક અને પ્રમુખ તંત્રી - મનીષ તોમર

RNI : APPLIED

વર્ષ - 02 । અંક - 06 । સળંગ અંક - 18 । જૂન 2025 ☎ +91 878 008 9449 ✉ yugenrealty@gmail.com 🌐 www.yugenrealty.com

SOLARIS®
A ROHERA ALLIANCE

CURE

CARE | COMFORT | CURE

Why Solaris Cure?

- Located in a bustling residential catchment
- Vastu-compliant design with elegant glass facade
- High-speed lifts, ample parking, and modern amenities
- Investment-worthy spaces with long-term RoI assurance

Solaris Cure

Is located on the fast-growing VIP Road, Surat's most strategic commercial hub – designed exclusively for the thriving medical, paramedical, pharmaceutical, and high-street retail ecosystem. From diagnostic labs to dental suites, from surgical stores to lifestyle retail – Solaris Cure is the perfect prescription for business growth.

IDEAL FOR

Specially Curated
Healthcare & Wellness Businesses

Multi-utility
Showrooms Clinics
Consulting Cabins

Ideal for **Specialty**
Clinics, Diagnostic Labs, Dental Suites, Surgical Stores

Prime Location
and Visibility High Footfall
Future-ready Design

Own A Space Where Purpose Meets Profit.
Now Leasing & Selling. Limited Inventory.

CALL NOW
99749 78751

Site Address :
Solaris Cure Besides : Ratna Jyoti, Near Indian Oil Petrol Pump, VIP Road, Vesu, Surat - 395007.

FOLLOW US
@solarisgroup_surat

Corporate Office : 4th Floor, Solaris The Address, Besides Shreeji Tata Motors, Surat Dumas Road, Piplod, Surat - 395007. Gujarat
Phone : +91 99749 78751 | **Email :** enquiry@solarisgroup.in | **Web :** www.solarisgroup.in

RERA Reg. No. : PR/GJ/SURAT/SURAT CITY/Surat CITY/ Municipal Corporation/CA1771/030225/32

રિઅલ એસ્ટેટ ઉદ્યોગનો અવાજ

યુગેન રિઅલ્ટી

મન્થલી ન્યૂઝપેપર

FOLLOW US !

ફાઉન્ડર, પ્રકાશક અને પ્રમુખ તંત્રી - મનીષ તોમર

RNI : APPLIED

વર્ષ - 02 । અંક - 06 । સળંગ અંક - 18 । જૂન 2025 ☎ +91 878 008 9449 ✉ yugenrealty@gmail.com 🌐 www.yugenrealty.com

હાઈલાઈટ્સ...


10 ડિઝાઈન વેનગાર્ડ
Ar. સંજય જોશી - બ્લેક ઈન્ક

14 DWG : મિત્રતા, શ્રેષ્ઠતા
અને મોટા સપનાઓની કહાની

19 યંગ વિઝનરી
વિનય ધુપિયા, જૈનમ રિઅલ્ટી

20 ધ ડીલ મેકર્સ
સંજય શેઠ-અજય દૌલતાની


22 કેડાઈ યુથ વિંગ સુરત થ્રાઈવ 1.0
ડૉ. રાકેશ સેટિયા માસ્ટરક્લાસ

37 સંજય ચોડવડીયા, આત્મીય ગ્રુપ
KANC 223 કોમર્શિઅલ પ્રોજેક્ટ

04 GAP Group અખિલમ
મેગા ટાઉનશીપ ધોલેરા

07 માર્ગેશ વાંકાવાલા
ડેકો ડ્રેપ્સ BH સ્ટુડિયો

08 12મો ICEA - અલ્ટ્રાટેક
એવોર્ડ્સ 2025

16 IIID વેસ્ટ ઝોનલ
એવોર્ડ નાઈટ 2025

25 ધવલ પટોલિયા
સ્ટ્રક્ચર્સ એન્જિનિયરિંગ

27 જય એર સિસ્ટમ્સની
31 વર્ષની ઉજવણી

28 IGBC ગ્રીન ગુજરાત
સમિટ 2025

33 મૈત્રી સિરામિક્સ
21 વર્ષની સફળયાત્રા

39 SGRA RMC ઈન્ડસ્ટ્રી
એસો. લોન્ચ થયું

GRIMTECH

Surat's Finest Experts in

D-WALL
CONSTRUCTION

50+ YEARS
of Building India's
Strongest Foundations

PILING | SHEET PILING
STONE COLUMN | JET GROUTING

Trusted by
INDIA'S BIGGEST
CORPORATES

90999 85051 | 99099 76346
www.grimtech.com

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ ધોલેરા SIRના સર્વાંગી વિકાસના હાથ ધરાયેલા કામોની પ્રગતિની સ્થળ પર પ્રત્યક્ષ સમીક્ષા કરી

GAP Groupના અખિલમ મેગા ટાઉનશીપ પ્રોજેક્ટની મુલાકાત લીધી

યુગેન રિઅલ્ટી, સુરત.

ગત મે મહિનામાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ધોલેરા સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજન (SIR)ની મુલાકાત લીધી હતી. જે ભારતનું પ્રથમ પ્લેટિનમ-રેટેડ ગ્રીનફીલ્ડ ઇન્ડસ્ટ્રિઅલ સ્માર્ટ સિટી બનવા જઈ રહ્યું છે. અમદાવાદથી 100 કિમી દક્ષિણપશ્ચિમમાં સ્થિત, 920 ચોરસ કિમીમાં ફેલાયેલું ધોલેરા SIR જે દિલ્હી-મુંબઈ ઇન્ડસ્ટ્રિઅલ કોરિડોર (DMIC)નો મુખ્ય પ્રોજેક્ટ છે, જે મોટા પાયે ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ સાથે ધોલેરા દેશના અગ્રણી "સેમિકોન સિટી" તરીકે ઉભરી રહ્યું છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે PM મોદીની સૂચિત મુલાકત પહેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ધોલેરા SIRના સર્વાંગી વિકાસના હાથ ધરાયેલા કામોની પ્રગતિની સ્થળ પર પ્રત્યક્ષ સમીક્ષા કરી. CM પટેલે એક્ટિવેશન ઝોનમાં ટાટા પ્રોજેક્ટ સામે બની રહેલી GAP Groupની અન્ડરકન્સ્ટ્રક્શન મહત્વાકાંક્ષી "અખિલમ" ઇન્ટીગ્રેટેડ ટાઉનશિપની વિશેષ મુલાકાત લીધી. રૂ. 2500 કરોડનો આ વિશાળ પ્રોજેક્ટ, "અખિલમ" ધોલેરામાં તેના પ્રકારની પ્રથમ રેસિડેન્શિઅલ-કોમર્શિઅલ-રિક્રિયેશનલ ટાઉનશીપ છે જે અત્યાધુનિક ટેક્નોલોજી સાથે વૈશ્વિક રિઅલ એસ્ટેટ ધોરણો સ્થાપિત કરી રહ્યા છીએ.

ધોલેરા-SIR 250 મીટર પહોળા સેન્ટ્રલ સ્પાઇન એક્સપ્રેસવે, પાણી, વીજળી અને હાઇ-સ્પીડ ઇન્ટરનેટ માટે ભૂગર્ભ ઉપયોગિતાઓ અને અધતન વેસ્ટ મેનેજમેન્ટ પર મોટા પાયે કામ થઇ રહ્યું છે. ધોલેરામાં રોડ રસ્તા, અંડરગ્રાઉન્ડ ફેસીલીટીઝ, પ્લગ એન્ડ પ્લે ઈન્ફ્રાસ્ટ્રક્ચરની તમામ સુવિધા પુરી થઇ ગઇ છે અને વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, કોમન એફ્લ્યુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તેમજ ICT ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ABCD બિલ્ડીંગ જેવી માળખાકીય સુવિધાના કામો પણ પૂર્ણ થઈ ગયા છે. તેમજ 300 મેગા વોટના સોલાર પાર્કની પણ કામગીરી પૂરી થઇ છે. તેમાં પ્રગતિ હેઠળના પ્રોજેક્ટ્સ જેવા કે ભીમનાથ ધોલેરા ફ્રેઇટ રેલ્વેલાઇન, 192 બેડની હોસ્પિટલ, 12માં ધોરણ સુધીની શાળા, ફાયર સ્ટેશન અને ઇન્વેસ્ટર્સ માટે આવાસીય સુવિધાના કામો હાલ ચાલી રહ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ધોલેરા સેમિકોન સિટીમાં નિર્માણાધિન હોસ્પિટલ, સ્કૂલ, ફાયર સ્ટેશન, રેસીડેન્સિઅલ કોમ્પ્લેક્સ, ટેન્ટ સિટી અને ફૂડ કોર્ટ સહિતના સ્થળોની પ્રત્યક્ષ મુલાકાત લીધી હતી.

અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસવે 95% પૂર્ણ થઇ ગયો છે, જે જુલાઇ 2025 સુધીમાં ખુલ્લો મુકાશે અને ભાવનગર પોર્ટને DFC-ડેડીકેટેડ ફ્રેઇટ કોરિડોર સાથે જોડશે. ધોલેરા ઇન્ટરનેશનલ એરપોર્ટ, ડિસેમ્બર 2025 સુધીમાં કાર્ગો અને 2026 સુધીમાં મુસાફરો માટે ખુલશે, 10,000થી વધુ નોકરીઓનું સર્જન કરશે. મુખ્યમંત્રીએ ધોલેરા ઈન્ટરનેશનલ એરપોર્ટની પણ સ્થળ મુલાકાત લઈને 1350 કરોડના અંદાજીત ખર્ચ સાથે નિર્માણ થઇ રહેલા કાર્ગો બિલ્ડીંગ, ટર્મિનલ બિલ્ડીંગ અને રન-વે નિર્માણની કામગીરીની સમીક્ષા કરી હતી. સસ્ટેનેબિલિટીને ધ્યાનમાં રાખીને 5,000 મેગાવોટનો અલ્ટ્રા મેગા સોલર પાર્ક બની રહ્યો છે. ગુજરાત સેમિકન્ડક્ટર પોલિસી (2022-27) હેઠળ ટાટાના ₹92,000 કરોડના પ્લાન્ટ જેવા ઇન્વેસ્ટમેન્ટને આકર્ષ્યું છે, જેમાં રીન્યુ, પોલીકેબ, આઈનોક્સ એર, L&T વગેરેનો સમાવેશ થાય છે, જે ધોલેરાને ગ્લોબલ સેમિકન્ડક્ટર હબ તરીકે સ્થાપિત કરશે.

ઇન્ફ્રા પ્રોજેક્ટ્સના નિરીક્ષણ સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ-સુરત સ્થિત GAP Groupની મહત્વાકાંક્ષી ઇન્ટીગ્રેટેડ ટાઉનશીપ, અખિલમની વિશેષ મુલાકાત લીધી. જેનો વિસ્તાર આશરે 42,500 ચોરસ મીટર છે અને ટાટાના સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન પ્લાન્ટની સામે બની રહી છે. તાઇવાન, કોરિયા, જાપાન અને સિંગાપોરના સેમિકન્ડક્ટર પ્રોફેશનલ્સ માટે તૈયાર કરાવામાં રહેલી "અખિલમ" ધોલેરાની પ્રથમ ઇન્ટીગ્રેટેડ રેસિડેન્શિઅલ-કોમર્શિઅલ ટાઉનશીપમાં 1,000 પ્રિમિયમ 1BHK એપાર્ટમેન્ટ્સ, 2BHK ફેમિલી યુનિટ્સ, વર્લ્ડ ક્લાસ સ્ટુડિયો એપાર્ટમેન્ટ્સ, ફૂડ કોર્ટ, હાઇ-સ્ટ્રીટ કોમર્શિયલ ઝોન, જેમાં હાઈ-રાઈઝ કોર્પોરેટ બિલ્ડિંગ્સ, ઓફિસ સ્પેસીસ, મલ્ટી-સ્ટોરી રિક્રિએશનલ ક્લબ અને 4 સ્ટાર હોટલનું પ્લાનિંગ કરવામાં આવી રહ્યું છે. "અખિલમ" ધોલેરાના ભવિષ્યના નિર્માણ માટે GAP Groupનો સંકલ્પ દર્શાવે છે.

CM પટેલે ધોલેરાના ઇકોસિસ્ટમને ટેકો આપવા બદલ અખિલમની પ્રશંસા કરી. ધોલેરા SIR ભારતને વૈશ્વિક હાઇ-ટેક ઉદ્યોગોમાં અગ્રેસર બનાવવાનું વિઝન સાથે પીએમ નરેન્દ્ર મોદીનો ડ્રિમ પ્રોજેક્ટ છે. **GAP Groupના મેનેજિંગ ડિરેક્ટર (MD) અંબરીશ પારજીયાએ જણાવ્યું હતું કે, "ધોલેરા માત્ર ગુજરાતમાં જ નહીં પરંતુ સમગ્ર દેશમાં સૌથી વધુ વિકાસશીલ ઔદ્યોગિક ક્લસ્ટર તરીકે ઉભરી રહ્યું છે અને માનનીય મુખ્યમંત્રી (CM) ભૂપેન્દ્રભાઈ પટેલ સમક્ષ અમારા પ્રોજેક્ટને દેખાડવોએ અમારા માટે સન્માનની વાત છે. અખિલમનો અર્થ પૂર્ણ થાય છે, અને જેમ નામ સૂચવે છે તેમ, GAP Groupનું અખિલમ ટાઉનશીપ સંપૂર્ણ સસ્ટેનેબલ અર્બન ડેવલપમેન્ટનું એક શાનદાર ઉદાહરણ બનવા જઇ રહ્યું છે. જે વર્લ્ડ-ક્લાસ રેસિડેન્શિઅલ, કોમર્શિઅલ અને રિક્રિએશનલ સ્પેસને ઇન્ટીગ્રેટેડ કરીને સેમિકન્ડક્ટર ઇકોસિસ્ટમને ટેકો આપશે અને ગ્લોબલ ટેલેન્ટને રહેવા માટે, કામ કરવા માટે વર્લ્ડ ક્લાસ સુવિધાઓ આપશે. આવા ડેવલપમેન્ટની પહેલમાં પ્રથમ રહીને, અમે ભવિષ્યના પ્રોજેક્ટ્સ માટે નવા બેન્ચમાર્ક સ્થાપિત કરવા માંગીએ છીએ."**



અંબરીશ પારજીયા
મેનેજિંગ ડિરેક્ટર - GAP ગ્રુપ

GAP Group છેલ્લા 11 વર્ષથી ધોલેરા SIRમાં કામ કરી રહ્યું છે. રેસિડેન્શિઅલ લેન્ડ ડેવલપમેન્ટ, ઇન્ડસ્ટ્રીઅલ પાર્ક્સ અને હવે "અખિલમ". **GAP Groupના "સીઇંગ ઇઝ બિલીવિંગ" અભિયાન દ્વારા 2000થી વધુ રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય રોકાણકારોએ ધોલેરાના ભવિષ્યમાં વિશ્વાસ ઊભો કર્યો છે.**

ધોલેરામાં એક દાયકામાં જમીનના ભાવ દસ ગણા વધ્યા છે. વાર્ષિક ₹2,000-3,000 કરોડનું ઇન્વેસ્ટમેન્ટ થઈ રહ્યું છે. ટાટાના ચિપ પ્લાન્ટની બાજુમાં આવેલ GAP Groupનો અખિલમ ટાઉનશીપ પ્રોજેક્ટ રેસિડેન્સની વધતી માંગને પૂરું પાડવાની સાથે રોકાણ પર મજબૂત વળતર આપશે. બે વર્ષમાં 20,000+ નોકરીઓ અને 2030 સુધીમાં 1.5 લાખની નોકરીઓની અપેક્ષા સાથે, રહેઠાણની જરૂરિયાતોમાં વધારો થશે. ધોલેરા 2030 સુધીમાં રોજગાર બમણી અને નિકાસ ચાર ગણી કરવાનો લક્ષ્યાંક ધરાવે છે, જે વૈશ્વિક રોકાણ અને સ્માર્ટ અર્બન ડેવલપમેન્ટ માટે એક અગ્રણી, ફ્યુચર રેડી ડેટોનેશન તરીકે તેની સ્થિતિને મજબૂત બનાવે છે અને GAP Groupને લીડરશીપ પોઝિશન સાથે વિશ્વસનીય ડેવલપર તરીકે સ્થાપિત કરે છે.

GAP Groupના ચેરમેન ગોપાલ ગોસ્વામી કહે છે કે, "ધોલેરા SIR ભારતમાં અભૂતપૂર્વ સ્તરે ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ સાથે એક લેન્ડમાર્ક ગ્લોબલ સીટી બનવા માટે તૈયાર છે. તેના સ્માર્ટ સિટી બ્લુપ્રિન્ટ, પોલિસી સપોર્ટ, ગ્રીન એનર્જી પહેલ અને વિશ્વ કક્ષાની કનેક્ટિવિટી સાથે, તે આર્થિક અને ટેક્નોલોજી લીડરશીપના નવા યુગનો પાયો નાખી રહ્યું છે. ભારત હવે વિશ્વનું ચોથું સૌથી મોટું અર્થતંત્ર હોવાથી, અમે ધોલેરા ખાતે અમારા પ્રયત્નો દ્વારા ટોચના 3 રાષ્ટ્રો તરફ આ નવી સફરમાં યોગદાન આપવા તૈયાર છીએ. GAP Group દ્વારા અખિલમ જેવી પહેલો દર્શાવે છે કે કેવી રીતે ઇન્ટીગ્રેટેડ અર્બન પ્લાનિંગ ગ્લોબલ ટેલેન્ટ, મૂડી અને નવીનતાને આકર્ષિત કરી શકે છે."

ધોલેરામાં આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓના ડેવલપમેન્ટની સાથે આગામી પેઢીઓ માટે સોનેરી ભવિષ્યનું નિર્માણ થઈ રહ્યું છે. GAP Group તેના "Akhilam" ટાઉનશીપ પ્રોજેક્ટ સાથે ધોલેરા SIRના ભવિષ્યને આકાર આપવામાં એક મુખ્ય પ્લેયર બનીને ઉભરી રહ્યું છે!

વધુ માહિતી માટે સ્કેન - વિઝીટ કરો

www.gapgroup.in



ગોપાલ ગોસ્વામી
ચેરમેન - GAP ગ્રુપ

SUMMER – A PERFECT SEASON FOR
PAVERS INSTALLATION

PM PAVERS

At PM Pavers, **we elevate your spaces with our Quality Products**



SEMI REFLECTIVE PAVERS	DECORATIVR PAVERS	KERB STONE PAVERS	CHEQUERED TILES PAVERS	SAND FINISH KERB PAVERS	CONSTRUCTION WALL BLOCK



FLAGSTONE PAVERS	MATT FINISH PAVERS	GLOSSY FINISH PAVERS	SQUARE PAVERS	VACUUME WET PRESS KERB STONE PAVERS	MODULAR PAVERS

PM® GROUP

We guarantee our pavers quality with a 100% return policy
Build smart. Build strong. Choose PM pavers

810, Rajhans Montessa,
Dumas Road, Magdalla
Surat

+91 9727078922
enquiry@pmgroup.co

એડિટર્સ મેસેજ

મનીષ તોમર
એડિટર-ઇન-ચીફ અને પ્રકાશક
યુગેન રિઅલ્ટી - માસિક અખબાર
+91 878 008 9449
manish@yugenrealty.com

> યુગેન એટલે કે યોર ગેઇન - આપનો ફાયદો. તમને એવી માહિતી-એવું પ્લેટફોર્મ મળે જે તમને જાણકાર નિર્ણયો લેવા અને આગળ વધારવા માટે સશક્ત બનાવે.

પ્રિય વાચકો,

યુગેન રિઅલ્ટી ન્યૂઝપેપરની જૂન આવૃત્તિમાં આપનું સ્વાગત છે, જે અમારી અત્યાર સુધીની સૌથી મોટી અને સમૃદ્ધ આવૃત્તિ છે. અમારો પ્રયાસ માર્કેટ ઇન્ટેલિજન્સ દરેક સ્ટેકહોલ્ડરર્સ જેમાં ડેવલપર્સ, બ્રોકર્સ, રોકાણકારો અને ડિઝાઇનર્સ, મટીરીઅલ, ટેક્નોલોજી, ફાયનાન્સ અને ગ્રાહકો સામેલ છે, તેમના સુધી પંહોચે અને તેઓ તેનો ઉપયોગ કરીને બિઝનેસમાં ફાયદો લઇ શકે, વિચારોથી સમૃદ્ધ થઇ શકે તેવો હોય છે. અમારું નામ જ યુગેન એટલે કે યોર ગેઇન - આપનો ફાયદો. તમને એવી માહિતી મળે જે તમને જાણકાર નિર્ણયો લેવા અને આગળ વધારવા માટે સશક્ત બનાવે છે.

એકન્દરે ધીરે ધીરે માર્કેટની સ્થિતિ સુધરી રહી હોવાના અહેવાલો મળી રહ્યા છે. રેરા રજીસ્ટર્ડ પ્રોજેક્ટસની સંખ્યા અને મ્યુનિસિપલ કોર્પોરેશનના પેઇડ FSIના આંકડાઓ જોઇએ તો રાહતનો શ્વાસ આવે છે. લાગે છે સારો સમય આવી રહ્યો છે.

આ અંકમાં, અમે ઉદ્યોગને આકાર આપતા પરિવર્તનશીલ પ્રયાસોને હાઇલાઇટ કરીએ છીએ. ક્રેડાઇ યુથ વિંગ સુરતનો થ્રાઇવ 1.0 કાર્યક્રમમાં ડો. રાકેશ સેટિયાની લીડરશીપ હેઠળ, યુવા ડેવલપર્સને વ્યૂહાત્મક, ડેટા-આધારિત અને ગ્રાહક-કેન્દ્રિત પ્રોફેશનલ પ્રેક્ટિસીસની આંતરદૃષ્ટિ સાથે પ્રેરણા આપી, જેમાં બ્રાન્ડિંગ, સેલ્સ વેલોસિટી અને સંગઠનાત્મક સંસ્કૃતિ પર ભાર મૂકવામાં આવ્યો. આ ઇવેન્ટ રિઅલ એસ્ટેટમાં વિચારશીલ નવીનતાના નવા યુગની શરૂઆત કરે છે. આ ઉપરાંત આપણા શહેરના વિખ્યાત ડેવલપર્સ સુરેશ પટેલ અને જિગ્નેશ અમીનની CREDAI નેશનલની ઇમર્જિંગ સિટીઝ કમિટીમાં પ્રતિષ્ઠિત નિમણૂક પણ આપણા માટે ગૌરવની વાત છે.

અમારી લોકપ્રિય યંગ વિઝનરીઝ કોલમમાં જૈનમ રિઅલ્ટીના વિનય ધુપિયાને ફીચર કરતાં રોમાંચિત છીએ, જે તેમની પ્રેરણાદાયી સફર અને સુરતના રિઅલ એસ્ટેટ ક્ષેત્રમાં યોગદાનને દર્શાવે છે.

અમારા પ્રોજેક્ટ શોકેસમાં ટેક્સટાઇલ, IT, રિટેલ અને કોર્પોરેટ્સ માટે વર્લ્ડ-ક્લાસ જગ્યાઓ સાથે કોમર્શિઅલ લેન્ડસ્કેપમાં લેન્ડમાર્ક બનીને આવી રહ્યું આત્મીય ગ્રૂપનો KANC 223 પ્રોજેક્ટ, પ્રોપર્ટી ઇન્વેસ્ટમેન્ટ ડેસ્ટિનેશન તરીકે ઉભરી રહેલા ધોલેરા SIRમાં, GAP ગ્રૂપનું અખિલમ ટાઉનશિપ જેની ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા વિઝિટ કરવામાં આવી અને શિખર સ્પેસીસ ઉત્તરાખંડમાં આનંદવન પ્રોજેક્ટ જે લકઝરીને હિમાલયની શાંતિ સાથે જોડે છે અને ભારતના પ્રથમ બ્લૂ ઝોનમાં પ્રોજેક્ટ્સ છે તેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે.

સસ્ટેનેબ્લિટી CII IGBC ગ્રીન ગુજરાત સમિટ 2025 સાથે કેન્દ્રમાં છે, જ્યાં 400થી વધુ ઇન્ડસ્ટ્રી લીડર્સએ નેટ-ઝીરો બિલ્ડિંગ્સ પર ચર્ચા કરી, જે ઇકો-ફ્રેન્ડલી શહેરી વિકાસમાં ગુજરાતના નેતૃત્વને મજબૂત કરે છે. ક્રેડાઇ નેશનલના પ્રેસિડેન્ટ શેખર પટેલે ઉદ્યોગની ગ્રીન ફ્યુચર માટે પ્રતિબદ્ધતા દર્શાવતા એક લાખ એકર લેન્ડનું વનીકરણ કરવાનો ક્રેડાઇનો ઇરાદો ફરીથી જણાવ્યો. યુવા ગ્રીન ઉત્સાહી શ્રેયા રાદડિયાની લો-ઇમ્પેક્ટ ડેવલપમેન્ટ (LID) માટેની હિમાયત પાણીની અછત અને પૂર જેવા શહેરી પડકારોને સંબોધે છે, દક્ષિણ ગુજરાતનું પ્રથમ વોટર હાર્વેસ્ટિંગ એક્સપિરિયન્સ સેન્ટર ફુરાત અને સુરતમાં સ્કાય વિલાસ, ડબલ-હાઇટ લિવિંગ રૂમ્સ અને હોલિસ્ટિક આઉટડોર સુવિધાઓ સાથે, આગામી પેઢીની વૈભવી ગ્રીનજીવનશૈલી વિષે જાણકારી આપવામાં આવી છે.

ડિઝાઇન વિશ્વ વિખ્યાત અને અનુભવી આર્કિટેક્ટ સંજય જોશીની સર્જનાત્મક આર્કિટેક્ચરલ યાત્રામાં ડૂબકી મારવાનો અદભુત મોકો વાંચકોને મળશે. IIID વેસ્ટ ઝોનલ એવોર્ડ નાઇટમાં સુરતના ડિઝાઇનર્સે તેમની શ્રેષ્ઠતા માટે પુરસ્કારો મેળવ્યા. ડિઝાઇન વર્ક ગ્રૂપ (DWG)ના ફાઉન્ડર્સ જિતેન્દ્ર સાબલપરા, દિનેશ સુથાર, ભરત પટેલની રસપ્રદ સફળતા યાત્રા વિષે જાણવા મળશે જે ખરેખર પ્રેરીત કરે તેવી છે. ડિઝાઇન મટીરીઅલ ક્ષેત્રે માર્ગેશ વાંકાવાળા (ડેકો ડ્રેપ્સ બ્યુટિફુલ હોમ્સ સ્ટુડિયો)એ કેવી રીતે એક ચીલો પાડ્યો છે તે જાણવા મળશે.

ટેકનોલોજી અને ઇજનેરીની પ્રગતિ ઉદ્યોગને બદલી રહી છે. એસકોન્સ MEP ઊર્જા-કાર્યક્ષમ કોમર્શિઅલ જગ્યાઓ માટે AI-આધારિત HVAC સોલ્યુશન્સમાં આગેવાની કરે છે, કોન્ટેક સ્પેશિયાલિસ્ટ રિકુંજ મોરડીયા ડ્રોન, LiDAR અને રોબોટિક્સ બાંધકામ વિષે સમજ આપે છે. 12મા ICEA – UltraTech Outstanding Concrete Structure Awardsએ દક્ષિણ ગુજરાતના ઇજનેરી પ્રોફેશનલ્સને બિરદાવ્યા છે. ધવલ પટોળિયા તેમની સ્ટ્રક્ચરલ એન્જીનીયરીંગ યાત્રાને વાંચકો સાથે શેર કરે છે. બાંધકામમાં સોઇલ ઇન્વેસ્ટિગેશનની જરૂરિયાત પર જયદીપ આલગીયા પ્રકાશ પાડે છે. દક્ષિણ ગુજરાત કોન્ક્રીટ મેન્યુફેક્ચર્સ એ તેમને લગતા પ્રશ્નોના સમાધાન માટે સાઉથ ગુજરાત RMC મેન્યુફેક્ચર્સ એસોસિએશન બનાવ્યું છે. જે તેમને લગતા પ્રશ્નોને વાચા આપવાના પ્રયત્નો કરશે.

બ્રોકિંગ વિશ્વમાં, સંજય શેઠ અને અજય દોલતાની તેમના ગ્રાહક-કેન્દ્રિત અભિગમથી પ્રેરણા આપે છે, જ્યારે ગ્રો-ઓન કન્સલ્ટન્સીની અડાજણમાં નવી ઓફિસ 2030 સુધીમાં ભારતની ટોચની લીઝિંગ સ્પેશિયાલિસ્ટ બનવાનું લક્ષ્ય રાખે છે. AREAS (એસોસિયેશન ઓફ રિઅલ એસ્ટેટ એજન્ટ્સ સુરત)ની રચના વ્યાવસાયિક એકતા, પારદર્શિતા અને નૈતિક પ્રથાઓ તરફની યાત્રાનું પ્રતીક છે, જે બ્રોકિંગ ઇકોસિસ્ટમને મજબૂત બનાવે છે.

SEBAના પ્રતિનિધિ મંડળે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સાથે વિશેષ મુલાકાત કરી અને આઉટર રિંગ રોડના વિલંબ અને સ્ટેમ્પ ડ્યૂટી જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓને ઉકેલવા પરિપત્ર આપ્યું. મુખ્યમંત્રીએ ઝડપી ઉકેલો માટે આશ્વાસન આપ્યું છે. જય એર સિસ્ટમ્સના 31 વર્ષના HVAC નેતૃત્વ, હાઇટેક પ્રોજેક્ટ્સની નવી સુરત ઓફિસ, અને મૈત્રી સિરામિક્સની નમ્ર શરૂઆતથી એશિયા માર્કેટ લીડરશીપ એવોર્ડ સુધીની 21 વર્ષની યાત્રા ઉદ્યોગસાહસિક ભાવનાને હાઇલાઇટ કરે છે.

સુરત સિરામિક એસોસિયેશનની CPL-7 ક્રિકેટ ટૂર્નામેન્ટ અને SHABMMAની 13મી AGM થી નેટવર્કિંગ અને એકતાને પ્રોત્સાહન મળે છે.

હસ્તી મોતીસરિયા, ગૃહમ ડેવલપર્સ એક યુવા રિઅલ એસ્ટેટ ઉત્સાહીની યાત્રાની શરૂઆતને વર્ણવે છે. યંગસ્ટર્સ જેઓ રિઅલ એસ્ટેટ ઉદ્યોગમાં કારકિર્દી બનાવવા માંગતા હોય તેમના માટે પ્રેરણારૂપ છે.

આ આવૃત્તિ આંતરદૃષ્ટિનો ખજાનો છે, જે તમારી સફળતાને બળ આપવા માટે ઝીણવટપૂર્વક તૈયાર કરવામાં આવી છે. યુગેન રિઅલ્ટી ન્યૂઝપેપર તમારા સૌથી વિશ્વાસપાત્ર ભાગીદાર તરીકે ઊભું છે, જે તમને રિઅલ એસ્ટેટના ભવિષ્યને આકાર આપતા વલણો, નવીનતાઓ અને તકો સાથે જોડે છે. આ માહિતી તમને તકોનો લાભ લેવા, જાણકાર નિર્ણયો લેવા અને ગતિશીલ, ટકાઉ ઉદ્યોગમાં યોગદાન આપવા માટે પ્રેરણા આપે તેવું અમે ઇચ્છીએ છીયે.

રિઅલ એસ્ટેટ ઉદ્યોગનો અવાજ
યુગેન રિઅલ્ટી
મન્થલી ન્યૂઝપેપર
વર્ષ - 02 | અંક - 06 | સળંગ અંક - 18 | જૂન 2025

મનીષ તોમર (પ્રમુખ તંત્રી, સીઇઓ અને પ્રકાશક)
મીનેશ જૈન (મેનેજિંગ પાર્ટનર)

RNI : APPLIED

યુગેન ઇન્ફોમીડિયા દ્વારા પ્રકાશિત યુગેન રિઅલ્ટી માસિક ન્યૂઝપેપરમાં જાહેરાતકર્તાઓ દ્વારા પ્રોડક્ટ્સ અને સર્વિસીસ બાબતે કરવામાં આવેલા કોઇપણ દાવા માટે સમર્થન આપતું નથી. જાહેરાતકર્તાઓ દ્વારા આવા દાવાઓનું સન્માન કરવામાં ન આવે તેવી સ્થિતિમાં પ્રિન્ટર, પ્રકાશક કે પ્રમુખ તંત્રી કોઇપણ પરિણામ માટે જવાબદાર રહેશે નહીં. જાહેરાતની પ્રોડક્ટ્સ કે અન્ય વિગતો અંગે વાચકે પોતાની સૂઝબૂઝ પ્રમાણે કામ લેવું.

મનીષ તોમર દ્વારા મુદ્રિત અને પ્રકાશિત. સમાચાર પસંદગી માટે પી. આર. બી. એક્ટ હેઠળ જવાબદાર. યુગેન ઇન્ફોમીડિયા દ્વારા પ્રકાશિત આ પ્રકાશન કે આયોજિત થતી અન્ય પ્રવૃત્તિઓને લગતા કાનૂની વિવાદ માટે ન્યાયાલય ક્ષેત્ર સુરત રહેશે.

એડમીન : હિરેન કંટારીયા
આર્ટ & ડિઝાઇન : ઉમેશ તોમર

યુગેન ઇન્ફોમીડિયા
132, નિશાલ આર્કેડ, નિશાલ સર્કલ પાલ, અડાજણ, સુરત (ગુજ.)
+91 261 31 23 189 yugenrealty@gmail.com www.yugenrealty.com
Follow us on @yugenrealty

લવાજમ

1 વર્ષ - 12 અંક	રૂ. 1,200
2 વર્ષ - 24 અંક	રૂ. 2,200
3 વર્ષ - 36 અંક	રૂ. 3,200

કોન્ટેક્ટ : 87800 89949
જાહેરાત - સેલ્સ માટે સંપર્ક :
OFFICE : +91 87800 89449
RAVI SARVAIYA : +91 97124 33259

શ્રી હરિ પ્લમ્બીંગ કોન્ટ્રાક્ટર
S.M.C માન્ય લાયસન્સ પ્લમ્બર
સુરત મ્યુનિસિપાલિટી સુવિધાઓ
પાણી અને ડ્રેનેજ (ગટર)

- સુરતના તમામ ઝોન વિસ્તારમાં પાણી / ગટરના નવા જોડાણ કનેક્શન
- બાંધકામના તમામ નવા પ્રોજેક્ટ માટે ટેમ્પરરી ગટર જોડાણ મંજુર કરી આપીશું.
- ટેમ્પરરી ગટર જોડાણને પરમેનેન્ટ, કાયમી, રેગ્યુલર કરી આપીશું.
- જો આપનું પાણી અને ગટર જોડાણ ચાલુ/હયાત હોય તો તેને કાયદેસર કરીશું.

ખુલ્લા પ્લોટ / બાંધકામના પ્રોજેક્ટમાં ડ્રેનેજ નેટવર્ક કામ કરી આપીશું.

તમામ રેસીડેન્ટ સોસાયટીઓમાં, એપાર્ટમેન્ટ, કોમર્શીયલ કોમ્પ્લેક્ષ, ઈન્ડસ્ટ્રીઅલ, સ્કુલ, મોલ, હોસ્પિટલ, રેસ્ટોરન્ટ, ફાર્મ - પાર્ટીપ્લોટ, પતરાના શેડ, કેમ્પસ, માટે પાણી/ગટરના નવા જોડાણ માટે મળો.

Suresh Virani
+91 98797 55141
+91 99250 62079

S.M.C માન્ય લાયસન્સ ધરાવનાર વોટર & ડ્રેનેજ પ્લમ્બર કોન્ટ્રાક્ટર

M. G. CONSTRUCTION

Mansing (Civil Engg.)
99047 57548 | 98251 53821
Dipak
98254 53821
Specialist:
Under Reamed Pile & Touch Piling All Kind of Piling Works

131, Nishal Arcade, Near Nisha Circle, Pal Road, Surat.
E-mail : manasgirasrecivil2@gmail.com

માર્ગેશ વાંકાવાલા : ડેકો ડ્રેપ્સ બ્યુટિફુલ હોમ્સ સ્ટુડિયો

એલિગન્સ અને એક્સિલન્સથી વણાયેલું વિઝન

ડેકો ડ્રેપ્સ બ્યુટિફુલ હોમ્સ સ્ટુડિયો કોઈ સામાન્ય સ્ટોર નથી - આ ભારતનો ત્રીજો અને ગુજરાતનો પ્રથમ બ્યુટિફુલ હોમ્સ સ્ટુડિયો છે, અને પશ્ચિમ ભારતમાં પ્રથમ. 13,000 ચોરસ ફૂટમાં ત્રણ માળમાં ફેલાયેલો આ સ્ટુડિયો ગ્રાહકો, આર્કિટેક્ટ્સ અને ઈન્ટિરીઅર ડિઝાઈનરો માટે એક ઈમર્સિવ એક્સપિરિયન્સ સેન્ટર છે.

યુગેન રિઅલ્ટી, સુરત.

ડિઝાઈન અને ડેકોરની સતત વિકસતી દુનિયામાં, ડેકો ડ્રેપ્સ બ્યુટીફુલ હોમ્સ સ્ટુડિયોની સફળતાનું રહસ્ય માર્ગેશ વાંકાવાલાની બિઝનેસ લીડરશીપમાં છુપાયેલું છે. તેમની સફર માત્ર બિઝનેસ ગ્રોથ વિષે જ નથી, તેમની સ્ટોરી એસ્થેટિક્સ, ચમક, વિઝન, નવીનતા અને શ્રેષ્ઠતાના અવિરત પ્રયાસની પણ છે જેણે સુરતમાં - અને હવે સમગ્ર ભારતમાં હોમ ફેશનને ફરીથી રી-ડિફાઇન કરી અને ઘરની સજાવટને નવો અર્થ આપ્યો છે.

આ યાત્રા 1990માં શરૂ થઇ, જ્યારે માર્ગેશના પિતા, ચંદ્રેશભાઇ વાંકાવાલાએ ફર્નિશિંગ સ્ટોરની સ્થાપના કરી. સુરતના ભાગતલાવ વિસ્તારમાં ઉછરતા, જ્યાં ઘર અને દુકાન એકબીજાની ઉપર-નીચે હતા, માર્ગેશ નાનપણથી જ વ્યવસાયની ગતિવિધિઓથી આકર્ષાયા. **"નાનપણથી જ મને આ દુનિયા આકર્ષક લાગતી હતી,"** તેઓ યાદ કરે છે. 2012માં બી.કોમ. પૂર્ણ કરીને, તેમણે પારિવારિક વ્યવસાયમાં જોડાઈને નવા વિઝન અને સ્પષ્ટ મહત્વાકાંક્ષા સાથે કામ શરૂ કર્યું - બિઝનેસને પેન ઇન્ડિયા બનાવવો અને ટેક્નોલોજીનો ઉપયોગ કરીને આગળ વધવું.

જ્યારે મોટાભાગની કામગીરી મેન્યુઅલ હતી, ત્યારે માર્ગેશે ડિજિટલ પરચેઝ ઓર્ડર અને ઇ-મેલ કમ્યુનિકેશન જેવી ટેક્નોલોજી-આધારિત સિસ્ટમ્સ રજૂ કરીને કામગીરીને સરળ બનાવી. તેમનો વિશ્વાસ સરળ પરંતુ શક્તિશાળી હતો: બહેતર અને આધુનિક સિસ્ટમ્સ ઝડપી અને સસ્ટેનેબલ ગ્રોથ તરફ દોરી જાય છે.

તેમના પ્રયાસો ફળ્યા. મજબૂત અને વિશાલ કસ્ટમર બેસ અને વિશ્વસનીય સર્વિસની પ્રતિષ્ઠા સાથે, વ્યવસાય વિકસ્યો. 2019માં, ડેકો ડ્રેપ્સ એક વધુ ઓર્ગેનાઇઝ્ડ અને મહત્વાકાંક્ષી ફર્નિશિંગ બ્રાન્ડ તરીકે શરૂ થયું. ભગાતળાવથી ડિઝાઈન મટીરીઅલના કેન્દ્ર સમા ઉધના-મગદલ્લા રોડ પર નવો સ્ટોર શરુ થયો. તેમનું B2B સાહસ ડેકો ડોમ, રાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ મેળવવા લાગ્યો, અને આજે તે 21 રાજ્યોમાં ગ્રાહકોને સેવા આપે છે, ગયા વર્ષે એકલા 3 લાખ મીટર ફર્નિશિંગ મટીરીઅલનું વેચાણ કર્યું. આજે તેમની પહોંચ ગુજરાત, મહારાષ્ટ્ર, કોલકાતા, ઉત્તર પ્રદેશ અને ભારતભરમાં વિસ્તરેલી છે.

પરંતુ માર્ગેશનું સૌથી પરિવર્તનકારી પગલું નવેમ્બર 2024માં આવ્યું, જ્યારે તેમણે એશિયન પેઇન્ટ્સની 'બ્યુટિફુલ હોમ્સ સ્ટુડિયો' પહેલ સાથે ભાગીદારીમાં સુરતમાં ડેકો ડ્રેપ્સ બ્યુટિફુલ હોમ્સ સ્ટુડિયો શરૂ કર્યો. આ કોઈ સામાન્ય સ્ટોર નથી - આ ભારતનો ત્રીજો અને ગુજરાતનો પ્રથમ બ્યુટિફુલ હોમ્સ સ્ટુડિયો છે, અને પશ્ચિમ ભારતમાં પ્રથમ. 13,000 ચોરસ ફૂટમાં ત્રણ માળમાં ફેલાયેલો આ સ્ટુડિયો ગ્રાહકો, આર્કિટેક્ટ્સ અને ઇન્ટિરીઅર ડિઝાઇનરો માટે એક ઇમર્સિવ એક્સપિરિયન્સ સેન્ટર છે.

હોમ ડેકોરની તમામ જરૂરિયાતો માટે વન સ્ટોપ સોલ્યુશન તરીકે ડિઝાઇન કરાયેલો આ સ્ટુડિયો 2,700થી વધુ SKUs ઓફર કરે છે — લક્ઝરી ફર્નિચર, ફર્નિશિંગ, લાઇટ્સ, વોલ કવરિંગ્સ, બેડિંગ, રગ્સ, બ્લાઇન્ડ્સ, વોર્ડરોબ્સ અને આર્ટિફેક્ટ્સ. ગ્લોબલ ડિઝાઇન બ્રાન્ડ્સ જેમ કે સબ્યસાચી, સરિતા હાંડા, જયપુર રગ્સ, સેન્ડરસન ડિઝાઇન ગ્રૂપ, અને એશિયન પેઇન્ટ્સની પોતાની બ્રાન્ડ્સ જેમ કે નીલાયા, રોયલ વિન્ડો કવરિંગ્સ, અને વ્હાઇટ ટીક શામેલ છે, જે પ્યોર અને ડેલિકેટ ટેસ્ટ માટે ક્યુરેટેડ છે.

દરેક પીસ એસ્થેટિક્સ અને ફંક્શનલિટિનું અદભુત મિશ્રણ છે — પિયર ફ્રે વોલપેપર્સ, પ્યોર રોયલ લિનન્સ, અને લક્સ ૩ ફર્નિચરના સ્ટેટમેન્ટ પીસ, જે માર્બલ, એક્ઝોટિક વુડ્સ અને લેધરમાંથી બનાવેલા છે, ન માત્ર સ્પેસીસને ડેકોરેટ કરે છે, પરંતુ તેને વ્યક્તિગત સ્ટાઇલનું પ્રતિબિંબ બનાવે છે.

આર્કિટેક્ટ્સ અને ઇન્ટિરીઅર ડિઝાઈનરો માટે, સ્ટુડિયો એક જ છત નીચે બધું ઓફર કરીને સંકલનને સરળ બનાવે છે. રિઅલ-ટાઇમમાં મટીરિઅલ, ટેક્સચર અને ફિનિશનો અનુભવ કરવાની ક્ષમતા અમૂલ્ય સાબિત થઈ છે. **"એક્સપિરિયન્સ સેન્ટર મૂંઝવણ ઘટાડે છે અને નિર્ણય લેવાની પ્રક્રિયાને ઝડપી બનાવે છે," એમ માર્ગેશ કહે છે.**

કસ્ટમર સર્વિસએ બીજો વિસ્તાર છે જ્યાં ડેકો ડ્રેપ્સ ચમકે છે. સમયસર ડિલિવરીથી લઈને ચોક્કસ આયોજન અને ટેક્નોલોજી-આધારિત પ્રોજેક્ટ મેનેજમેન્ટ સુધી, ટીમ બિનજરૂરી વિલંબ વિના અમલીકરણની ખાતરી આપે છે.

ભગાતલાવથી ઉધના-મગદલ્લા રોડ, સુરતનું ડિઝાઇન મટીરીઅલ્સ હબ, ડેકો ડ્રેપ્સની મુસાફરી ખરેખર નોંધપાત્ર અને પ્રશંસનીય રહી છે. તેમને આ યાત્રા દરમિયાન ઘણા બધા એવોર્ડ્સથી સન્માનવામાં આવ્યા છે. આ યશ કલગીમાં વધુ એક પીછું ઉમેરાતાં તાજેતરમાં, હોંગકોંગમાં યોજાયેલી ભવ્ય ઇવેન્ટમાં, ડેકો ડ્રેપ્સને વર્ષ 2024-25 માટે પ્રતિષ્ઠિત 'સમ્રાટ ઓફ એશિયન પેઇન્ટ્સ દરબાર'ના એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે.

માર્ગેશના પત્ની, રાધિકા વાંકાવાલા, 2019માં કંપનીમાં જોડાયા અને કસ્ટમાઇઝ્ડ બેડિંગ સેગમેન્ટને હેડ કરે છે, જે ઓફરિંગ્સમાં વ્યક્તિગત સ્પર્શ ઉમેરે છે. સાથે મળીને, તેઓ વૈશ્વિક-સ્તરની ડિઝાઇનને સ્થાનિક રીતે સુલભ બનાવવા જઈ રહ્યા છે, જેથી ગ્રાહકોને વિદેશમાં શોધવાની જરૂર ન પડે. ફોરેન જેવા પ્રોડક્ટ્સ અને બાયિંગ એક્સપિરિયન્સ ગ્રાહકોને સુરતમાં જ મળે તેના માટે તેઓ પ્રતિબદ્ધ છે.

સુરતનું રિઅલ એસ્ટેટ અને ડિઝાઈન લેન્ડસ્કેપ ઝડપથી વિકસી રહ્યું છે, અને ડેકો ડ્રેપ્સ બ્યુટિફુલ હોમ્સ સ્ટુડિયો આગળ રહીને વૈશ્વિક ધોરણોને સ્થાનિક ભૂમિ પર લાવે છે. **"સુરતમાં વિશાળ સંભાવનાઓ છે, કારણ કે ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ અને લોકોની ડિસ્પોઝેબલ આવક વધી રહી છે," માર્ગેશ કહે છે. "જો તમે કંઈક નવીન અને અલગ ઓફર કરો, તો ગ્રાહકો અને ડિઝાઈનરો હંમેશા તમને સમર્થન આપશે."**

માર્ગેશ વાંકાવાલા ફક્ત એક બ્રાન્ડ નથી બનાવી રહ્યા; તેઓ ફર્નિશિંગ ઉદ્યોગમાં ડિઝાઈન, અનુભવ અને ડિલિવરી માટે નવા ધોરણો સ્થાપિત કરી રહ્યા છે. ડેકો ડ્રેપ્સ એક સ્ટુડિયોથી વધુ છે - તે એક વિઝન, એક ડેસ્ટિનેશન અને વિચારપૂર્વક રચાયેલા સુંદર ઘરોને તૈયાર કરવા માટેનું બેસ્ટ સોર્સીંગ સેન્ટર છે.

હોમ ડેકોરની તમામ જરૂરિયાતો માટે વન સ્ટોપ સોલ્યુશન તરીકે ડિઝાઈન કરાયેલો આ સ્ટુડિયો 2,700થી વધુ SKUs ઓફર કરે છે — લક્ઝરી ફર્નિચર, ફર્નિશિંગ, લાઇટ્સ, વોલ કવરિંગ્સ, બેડિંગ, રગ્સ, બ્લાઇન્ડ્સ, વોર્ડરોબ્સ અને આર્ટિફેક્ટ્સ. ગ્લોબલ ડિઝાઈન બ્રાન્ડ્સ જેમ કે સબ્યસાચી, સરિતા હાંડા, જયપુર રગ્સ, સેન્ડરસન ડિઝાઈન ગ્રૂપ, અને એશિયન પેઇન્ટ્સની પોતાની બ્રાન્ડ્સ જેમ કે નીલાયા, રોયલ વિન્ડો કવરિંગ્સ, અને વ્હાઇટ ટીક શામેલ છે, જે પ્યોર અને ડેલિકેટ ટેસ્ટ માટે ક્યુરેટેડ છે.

BEAUTIFUL HOMES STUDIO
DECO DRAPES
Cantilla Business Center,
Joggers Park Road,
Bhatar, Surat - 395017
Ph. : +91 70469 98999

એન્જિનિયરિંગનો ઓજસ, આર્કિટેક્ચરનો ઉજાસ : 12મો ICEA – અલ્ટ્રાટેક આઉટસ્ટેન્ડિંગ કોન્ક્રિટ સ્ટ્રક્ચર એવોર્ડ્સ 2025 : સુરત અને દક્ષિણ ગુજરાતના શ્રેષ્ઠ નિર્માણોને બિરદાવ્યા

યુગેન રિઅલ્ટી, સુરત.

ભારતના નિર્માણ અને શહેર વિકાસના ઉદયમાન કેન્દ્ર સુરતમાં 16 મે 2025ના રોજ ઇન્સ્ટિટ્યૂટ ઓફ સિવિલ એન્જિનિયર્સ એન્ડ આર્કિટેક્ટ્સ (ICEA) અને અલ્ટ્રાટેક સિમેન્ટ દ્વારા સંયુક્તપણે આયોજિત 12મા ICEA – UltraTech Outstanding Concrete Structure Awards ભવ્યતા અને ઉદ્યોગગૌરવ સાથે ઉજવાયા. દક્ષિણ ગુજરાતના આર્કિટેક્ટ્સ, સ્ટ્રક્ચરલ એન્જિનિયર્સ, સિવિલ કોન્ટ્રાક્ટર્સ અને રિઅલ એસ્ટેટ ડેવલપરની હાજરીએ આ સૌથી પ્રતિષ્ઠિત એવોર્ડ નાઇટને યાદગાર બનાવી દીધી.

આ વર્ષે, એવોર્ડ્સમાં એવા પ્રોજેક્ટ્સને માન આપવામાં આવ્યું કે જેમણે કંક્રીટનો ઉત્તમ ઉપયોગ, એન્જિનિયરિંગ કુશળતા, ટકાઉપણું અને આર્કિટેક્ચરલ નવિનતા દર્શાવી હતી. ખાનગી નિવાસગૃહો, વેપારી કોમ્પ્લેક્સો, જાહેર ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને હેરિટેજ સંરક્ષણ જેવા વિવિધ ક્ષેત્રોમાંથી પસંદ કરાયેલાં વિજેતા પ્રોજેક્ટ્સ સુરત અને આસપાસના વિસ્તારોમાં થતા ઝડપી પરિવર્તનનો પ્રતિબિંબ છે.

ICEA – UltraTech Awards ફક્ત ઈમારતોને જ નહીં પરંતુ તેને સાકાર કરનારી ટીમવર્ક, એન્જિનિયરિંગ પ્રેરણા અને ભવિષ્યદ્રષ્ટા વિચારોને પણ ઉજાગર કરે છે. આ એવોર્ડ્સ સ્થાનિક પ્રતિભાને ઓળખ આપવાનું મહત્વનું માધ્યમ બની રહ્યાં છે – ઉદ્યોગને વધુ ઊંચા ધોરણો તરફ દોરી રહ્યાં છે અને શહેરના ટકાઉ અને પ્રગતિશીલ ભવિષ્યના ઘડવૈયા બનવા પ્રેરણા આપી રહ્યાં છે.

હાજર વિશિષ્ટ અગ્રણીઓ : વિચારશીલ નેતૃત્વનો દેખાવ

ICEA અને UltraTech Cementના પ્રમુખગણની વિશેષ ઉપસ્થિતિએ કાર્યક્રમને ગૌરવ આપ્યો :

ICEA પદાધિકારીઓ (2025) :

એન્જિ. કમલેશ વૈષ્ણવ – પ્રમુખ, એન્જિ. નરેન્દ્ર કોઠડિયા – માનદ સચિવ, એન્જિ. પિનાક દેસાઈ – ઉપપ્રમુખ, એન્જિ. જતિન પટેલ – સહ સચિવ, એન્જિ. તુષાર મહેતા – ખજાનચી, એન્જિ. દિલીપ પટેલ – ભૂતપૂર્વ પ્રમુખ, એન્જિ. મેહુલ દેસાઈ અને એન્જિ. રવિ દેસાઈ – એવોર્ડ સમિતિ સંયોજક, જય શુકલા – મીડિયા સંયોજક

UltraTech Cement નેતૃત્વ :

એન્જિ. શલભ મુન્દ્રા – ઝોનલ માર્કેટિંગ હેડ (ગુજરાત અને મુંબઈ), એન્જિ. મુકેશ ઝા – ઝોનલ ટેકનિકલ હેડ (ગુજરાત અને મુંબઈ), શ્રી મનીષ ચંડોરકર – રિજનલ માર્કેટિંગ હેડ (દક્ષિણ ગુજરાત), એન્જિ. શેતલ નાયક – એરિયા માર્કેટિંગ હેડ (દક્ષિણ

ગુજરાત), એન્જિ. મયુર ભંડાર્કર – રિજનલ ટેકનિકલ હેડ (દક્ષિણ ગુજરાત)

ભવિષ્યનું દ્રષ્ટિવાન નિર્માણ – શ્રેષ્ઠતા સાથે ઘડાયું

કાર્યક્રમમાં એન્જિ. કમલેશ વૈષ્ણવે કહ્યું કે, "અમે એવા પ્રોજેક્ટ્સને માન આપી રહ્યાં છીએ કે જેઓ ઇજિનિયરીંગની ઊંચાઈઓને સ્પર્શે છે અને જવાબદાર બાંધકામની ભવ્યતા દર્શાવે છે."

UltraTech Cement તરફથી શ્રી મનીષ ચંડોરકરે ઉમેર્યું હતું ક, "અમારું માનવું છે કે કંક્રીટ ફક્ત બાંધકામનું માધ્યમ નથી, પરંતુ ભવિષ્ય નિર્માણનો આધાર છે. આ એવોર્ડ્સ નિર્માણ ક્ષેત્રના નાવિન્ય અને પ્રતિબદ્ધતાનું ગૌરવપૂર્વક સમ્માન કરે છે."

ICEA અને UltraTech Cementની ભાગીદારી સૃજનાત્મકતા, ગુણવત્તા અને ટકાઉપણાના ધોરણોને સતત ઉંચા ધોરણે લઈ જવા માટે પ્રતિબદ્ધ છે. જેમ સુરત અને દક્ષિણ ગુજરાત ઝડપી રીતે વિકસે છે, એમ આ એવોર્ડ્સ આજના ઘડવૈયાઓ અને આવતીકાલના દ્રષ્ટાવાન નિર્માતાઓ માટે નવી પ્રેરણા બની ઊભી રહે છે.

એવોર્ડ વિનિંગ પ્રોજેક્ટ્સ

ઈન્ડિવિજૂઅલ ડ્વેલિંગ યુનિટ (સુરત)

પ્રોજેક્ટ : ધ હિંજ

માલિકો : ઈશ્વર ધોળકીયા અને અક્ષય ધોળકીયા
આર્કિટેક્ટ : આર્કિટેક્ટ સ્નેહલ શાહ – EssTeam Design Services LLP
સ્ટ્રક્ચરલ કન્સલ્ટન્ટ : એન્જિ. હિરેન દેસાઈ – સાંઈ કન્સલ્ટન્ટ્સ
સિવિલ કોન્ટ્રાક્ટર : માણિયા અલ્પેશભાઈ – AVD Infra
PMC : એન્જિ. કલ્પેશ સોજીત્રા

ઈન્ડિવિજૂઅલ ડ્વેલિંગ યુનિટ (વલસાડ)

પ્રોજેક્ટ : નિરાંત

માલિક : મિતુલ દેસાઈ
આર્કિટેક્ટ : Ar. પ્રાર્થન દેસાઈ – D-Workshop, વલસાડ
સ્ટ્રક્ચરલ કન્સલ્ટન્ટ : એન્જિ. નિકુંજ મિસ્ત્રી, વાપી
સિવિલ કોન્ટ્રાક્ટર : DnS Innovation, વાપી

કોમર્શિયલ યુનિટ (સુરત)

પ્રોજેક્ટ : સેન્ટ્રલ બિઝનેસ હબ

માલિકો : સ્વામી ગ્રુપ – મનિષ બી. અગ્રવાલ | સિનર્જી ગ્રુપ – અનંત બી. અગ્રવાલ
આર્કિટેક્ટ : Ar. હરેશ મહાદેવવાલા – આયોજન આર્કિટેક્ટ
ઇન્ટિરિઅર & એક્સટિરિઅર ડિઝાઇનર : એન્જિ. રૂપેશ કાપડિયા Architecture D'Interieur
સ્ટ્રક્ચરલ કન્સલ્ટન્ટ : એન્જિ. હિરેન દેસાઈ – સાંઈ કન્સલ્ટન્ટ્સ
સિવિલ કોન્ટ્રાક્ટર : સાયરામ એસોસિએટ્સ
PMC : બી. વી. રામ શર્મા – BVR Projects

ઇન્સ્ટીટ્યુશનલ યુનિટ (સુરત)

પ્રોજેક્ટ : શ્રી બાબુલાલ રૂપચંદ શાહ - મહાવીર કેન્સર હોસ્પિટલ
શ્રી ફુલચંદભાઈ જયકિશનદાસ વખારિયા - મહાવીર સેનેટોરિયમ

માલિક : શ્રી મહાવીર હેલ્થ એન્ડ મેડિકલ રિલિફ સોસાયટી
આર્કિટેક્ટ : નિમિષ ચોકસી આર્કિટેક્ટ્સ
સ્ટ્રક્ચરલ કન્સલ્ટન્ટ : એન્જિ. કલ્પેશ જે. શાહ
એન્જિ. પ્રતિક કે. શાહ: Kalpesh Shah & Associates
સિવિલ કોન્ટ્રાક્ટર : અનુપમ પટેલ – યુનાઇટેડ-વી

Commercial Unit (Valsad)

પ્રોજેક્ટ : આર્કિટેક્ચરલ સ્ટુડિયો – D Workshop

માલિક અને આર્કિટેક્ટ : આર્કિટેક્ટ પ્રાર્થન દેસાઈ
સ્ટ્રક્ચરલ કન્સલ્ટન્ટ : એન્જિ. બિરેન કંસારા, નવસારી
સિવિલ કોન્ટ્રાક્ટર : DnS Innovation, વાપી

મલ્ટી-ડ્વેલિંગ રેસિડેન્શિઅલ (સુરત)

પ્રોજેક્ટ : સંગિની સિદ્ધાંતા

માલિક : સંગિની ગ્રુપ
આર્કિટેક્ટ : આર્કિટેક્ટ અપૂર્વ દેસાઈ
સિવિલ કોન્ટ્રાક્ટર : પ્રમોદ ચંદુલાલ પટેલ
સ્ટ્રક્ચરલ કન્સલ્ટન્ટ : એન્જિ. હિરેન દેસાઈ – સાંઈ કન્સલ્ટન્ટ્સ

જીર્ણોદ્ધાર અને સંરક્ષણ (સુરત)

પ્રોજેક્ટ : તપોવન નવસારી – જિનાલય જીર્ણોદ્ધાર

માલિક : તપોવન સંસ્કારધામ, નવસારી

આર્કિટેક્ટ : ધર્મેશ શાહ – આર્કિપોઈન્ટ

સિવિલ કોન્ટ્રાક્ટર : સંજય ચૌહાણ – ભાવની કન્સ્ટ્રક્શન

સ્ટ્રક્ચરલ કન્સલ્ટન્ટ : એન્જિ. હિરેન દેસાઈ – સાંઇ કન્સલ્ટન્ટ્સ

PMC : એન્જિ. રવિ જવ્યા

વિશેષ એવોર્ડ

પ્રોજેક્ટ : BPAH – ભારતીય પોલિટેકનિક ઈન એનિમલ હઝબેન્ડ્રી

માલિક : શ્રી સુરત પાંજરાપોળ – નયન ભરતીયા - મેનેજીંગ ટ્રસ્ટી

આર્કિટેક્ટ્સ : Ar. રુત્વન શેઠ અને Ar. ભરત શેઠ – V CREATE

સ્ટ્રક્ચરલ કન્સલ્ટન્ટ : ભગત એન્ડ એસોસિએટ્સ

સિવિલ કોન્ટ્રાક્ટર : જી. કે. ચોવટિયા

PMC : એન્જિ. જીગર શાહ

વિશેષ ઉલ્લેખ – કોન્સેપ્ટ અને સિસ્ટમ એફિશિયન્સી

પ્રોજેક્ટ : અનંતમ – ધ હાઉસ ઓફ લાઈટ

માલિક : શ્રી વલ્લભ ખેની | આર્કિટેક્ટ : Aangan Collaborative

સ્ટ્રક્ચરલ કન્સલ્ટન્ટ : એન્જિ. હિરેન દેસાઈ – સાંઇ કન્સલ્ટન્ટ્સ

વિશેષ ઉલ્લેખ – હેરિટેજ અને શહેરનો ગૌરવ

પ્રોજેક્ટ : સુરત કિલ્લાનું સંરક્ષણ, પુનઃઉપયોગ અને જીર્ણોદ્ધાર

માલિક : સુરત મહાનગર પાલિકા

આર્કિટેક્ટ : Ar. સુમેશ મોદી અને Ar. સોનલ મોદી – People for Heritage & Concern, સુરત

સ્ટ્રક્ચરલ કન્સલ્ટન્ટ : એન્જિ. હિરેન દેસાઈ – સાઈ કન્સલ્ટન્ટ્સ

સિવિલ કોન્ટ્રાક્ટર : રામ સવાણી – સવાણી કોન્ટ્રાક્ટર

ઈન્સ્ટીટ્યુશનલ યુનિટ (વલસાડ)

પ્રોજેક્ટ : VIMS Hospital

માલિક : વલસાડ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીસ

આર્કિટેક્ટ : આર્કિટેક્ટ પ્રાર્થન દેસાઈ – D-Workshop, વલસાડ

સ્ટ્રક્ચરલ કન્સલ્ટન્ટ : એન્જિ. મનીષ શાહ – Shilpam, વાપી

સિવિલ કોન્ટ્રાક્ટર : DnS Innovation, વાપી

ઈન્ફ્રાસ્ટ્રક્ચરલ યુનિટ (સુરત)

પ્રોજેક્ટ : ફ્લાયઓવર બ્રિજ

માલિક : સુરત મહાનગર પાલિકા

સ્ટ્રક્ચરલ કન્સલ્ટન્ટ : શાહ એસોસિયેટ્સ

સિવિલ કોન્ટ્રાક્ટર : વિજય એમ. મિસ્ત્રી કન્સ્ટ્રક્શન પ્રા. લિ.

કોમર્શિયલ યુનિટ (સુરત) કેટેગરી વિનર : પ્રોજેક્ટ : સેન્ટ્રલ બિઝનેસ હબ

અનંત બી. અગ્રવાલ
સિનર્જી ગ્રુપ

મનિષ બી. અગ્રવાલ
સ્વામી ગ્રુપ

"સેન્ટ્રલ બિઝનેસ હબ માટે ૧૨મો ICEA - અલ્ટ્રાટેક પુરસ્કાર મેળવવો એ અમારા માટે ગૌરવ અને આનંદની ક્ષણ છે. અમારું વિઝન પાર્લે પોઇન્ટ પર એક એવું કોમર્શિઅલ લેન્ડમાર્ક સીમાચિહ્ન બનાવવાનું હતું જે ડિઝાઈન, કાર્યક્ષમતા અને લાંબા ગાળાના મૂલ્યનું મિશ્રણ કરે. અમે આ પ્રોજેક્ટ માટે જીણામાં જીણી વિગતોને ધ્યાનમાં રાખીને પ્લાનિંગ કરેલું એન્ડ તેનું મેઇન્ટેનન્સ પણ આસાન છે. સૌથી વિશેષ છે બિલ્ડિંગની ક્લાસિક અને C B H આઈજીબીસી ગોલ્ડ એપ્રૂવ્ડ બિલ્ડીંગ છે. જેમાં એનર્જી એફિસિએન્સી અને ફ્રેશ એરનું વિશેષ ધ્યાન રાખવામાં આવ્યું છે. તેની ક્લાસિક ડિઝાઈન પણ ટાઈમલેસ બ્યુટી છે. સર્વિસિસ પણ વેલ પ્લાન્ડ છે.

આ વિઝનને જીવંત બનાવવા બદલ અમે અમારી મુખ્ય ટીમ – આર્કિટેક્ટ આર્કિટેક્ટ હરેશ મહાદેવવાલા (આયોજન), સ્ટ્રક્ચરલ એન્જિનિયર આર્કિટેક્ટ હિરેન દેસાઈ (સાઈ કન્સલ્ટન્ટ્સ), અને ઇન્ટીરીયર આર્કિટેક્ટ આર્કિટેક્ટ રૂપેશ કાપડિયા અને અન્ય એજેન્સીઓના પ્રયાસોને બિરદાવીએ.

સેન્ટ્રલ બિઝનેસ હબ ગુણવત્તા, નવીનતા અને બિઝનેસીસને સશક્ત બનાવતી જગ્યાઓ બનાવવાની પ્રતિબદ્ધતાઓનું પ્રતીક છે. અમારા સહિયારા સ્વપ્નને માન આપવા બદલ અમે ICEA અને અલ્ટ્રાટેકનો આભાર માનીએ છીએ."

આર્કિટેક્ટ હરેશ મહાદેવવાલા
આયોજન આર્કિટેક્ટ

સેન્ટ્રલ બિઝનેસ હબ માટે 12મી ICEA – અલ્ટ્રાટેક એવોર્ડ જીતવું એ આખી આયોજન ટીમ માટે ગૌરવ આનંદપૂર્ણ ક્ષણ છે. આ પ્રોજેક્ટ સંતુલિત ડિઝાઇનનું સુંદર ઉદાહરણ છે, જ્યાં એસ્થેટિક્સ અને ફંક્શ્નાલિટિ એક બીજાના પૂરક છે. અમે આ પ્રોજેક્ટને મિનિમલિઝમ, ઓપન પ્લાનિંગ અને વાસ્તુ આધારિત સિદ્ધાંતો સાથે એક સ્પષ્ટ વિઝન સાથે વિકસાવ્યો હતો. બિલ્ડિંગનો દરેક ખૂણો યૂઝર એક્સપિરિયન્સને ધ્યાનમાં રાખીને ડિઝાઇન કરાયો છે. 2 બેઝમેન્ટ અને 3થી 4 માળે વધારાની 2 પાર્કિંગ ફ્લોર સાથેના પાર્કિંગ સ્પેસનું ડિઝાઇનિંગ એ ખુલ્લાપણું અને સ્પષ્ટતા અનુભવાય એવી ભાવનાને ધ્યાનમાં રાખીને આયોજન કરવામાં આવ્યું હતું. આ એવોર્ડ અમને વધુ કાર્યક્ષમ, અર્થપૂર્ણ અને ટાઈમલેસ ડિઝાઈન કરવા માટે પ્રોત્સાહન અને પ્રેરણા આપે છે.

B.P.A.H -સ્પેશિયલ મેન્શન કેટેગરી

આર્કિટેક્ટ્ ભરત શેઠ અને રુત્વન શેઠ – V CREATE

12મી ICEA – UltraTech Awards 2025માં ભારતીય પોલિટેકનિક ઇન એનિમલ હસ્બન્ડરી (B.P.A.H) માટે સ્પેશિયલ મેન્શન કેટેગરીમાં પુરસ્કાર મળવો એ અમારા માટે ગર્વ અને ખુશીની ક્ષણ છે. આ પ્રોજેક્ટ અમારા માટે ખૂબ જ વિશેષ અને પડકાર ભર્યો હતો, વિદ્યાર્થીઓ માટે અર્થપૂર્ણ શીખવાનું વાતાવરણ ઊભું કરવાની આ અનેરી તક પણ હતી. એક એવું કોલેજ કેમ્પસ જે વાસ્તવમાં કંઈક બદલાવ લાવશે જેમાં નવીનતા અને વિચારપૂર્વક બધુ ડિઝાઈન થયું છે.

અમે સરળ અને ઉપયોગી ડિઝાઈન તૈયાર કરી, અમે માનીયે છીએ કે સારી ડિઝાઈન માત્ર દેખાવથી જ સુંદર નહીં, પણ ઉપયોગીતા અને ભાવનાથી ભરી હોય તેવી હોવી જોઇએ. અમે આ કેમ્પસને એવી રીતે ડિઝાઈન કર્યું છે કે જ્યાં કુદરતી હવા અને પ્રકાશ સારી રીતે પ્રવાહિત રહે, ભવિષ્યમાં વીજળીનો ખર્ચ ઘટે અને વિધ્યાર્થીઓને આરામદાયક વાતાવરણ મળે. ખુલ્લા વરંડા, કોરિડોર, ઓપન સ્પેસીસ વચ્ચે સરળ જોડાણ અને દરેક બ્લોકનું પ્લાનિંગ એવા રીતે કર્યું છે કે શિક્ષણની પ્રક્રિયા વધુ સક્રિય બને. અમે સ્થાનિક મટિરિઅલ્સનો ઉપયોગ કર્યો છે જેથી બિલ્ડિંગ મજબૂત રહે અને મેન્ટેનન્સ સરળ રહે.

ICEA અને UltraTech તરફથી મળેલો આ પુરસ્કાર અમને સતત આગળ વધવા અને ઉત્તરોત્તર ઉત્તમ અને નવીન કામ કરવા પ્રેરિત કરે છે.



12મા ICEA - અલ્ટ્રાટેક આઉટસ્ટેન્ડિંગ કૉંક્રિટ સ્ટ્રક્ચર એવોર્ડ્સ 2025માં છ પુરસ્કાર જીતતા એન્જિનિયર હિરેન દેસાઈ - સાંઈ કન્સલ્ટન્ટ્સ

સ્ટ્રક્ચરલ એન્જિનિયર
હિરેન દેસાઈ - સાંઈ કન્સલ્ટન્ટ્સ

12મા ICEA - અલ્ટ્રાટેક એવોર્ડ્સમાં છ પુરસ્કાર જીતીને સ્ટ્રક્ચરલ એન્જિનિયર હિરેન દેસાઈ - સાંઈ કન્સલ્ટન્ટ્સએ ઇતિહાસ રચી દીધો છે. તેમના અને તેમની ટીમ તેમજ સુરત શહેર માટે પણ ગૌરવ અને ગર્વની ક્ષણ છે. આ છ એવોર્ડ્સ તેમને ધ હિન્જ, સેન્ટ્રલ બિઝનેસ હબ, સંગિની સિદ્ધાંતા, જિનાલય જિર્નોધ્ધર, અનંતમ અને સુરત કિલ્લાના રિસ્ટોરેશન જેવા પ્રોજેક્ટ્સ માટે મળ્યા છે. આ એક લેન્ડમાર્ક સિધ્ધિ છે અને સાથે સ્ટ્રક્ચરલ એન્જિનિયરિંગની શ્રેષ્ઠતા પ્રત્યેની તેમની અતૂટ પ્રતિબદ્ધતાનો પુરાવો છે. ત્રણ દાયકાથી વધુ સમયમાં 3000થી વધારે વિવિધ પ્રકારના પ્રોજેક્ટસ સફળતાપૂર્વક પૂરા કરી, 30થી વધારે અવોર્ડ્સ મળી ચૂક્યા છે અને એકી સાથે આ છ એવોર્ડ્સ તેમની યશ કલગીમાં વધુ એક પીછું ઉમેરે છે. તેમના અનુભવ અને દક્ષતા જોઇને આ એવોર્ડ્સ મળવા જરા પણ આશ્ચર્યજનક નથી લાગતું. તેમના પ્રમાણે સારી સ્ટ્રક્ચરલ ડિઝાઈન સમયની કસોટી પર ખરા ઉતરવી જોઈએ, સલામત હોવી જોઈએ, સસ્ટેનેબલ અને પ્રેરણાદાયી હોવી જોઇએ. તેઓ નાનામાં નાની વિગતો, ચોકસાઈ અને સહયોગમાં માને છે. તેઓ કહે છે કે, "આ સિધ્ધિ તેમની ઉત્સાહી ટીમ, દૂરંદેશી ગ્રાહકો, આર્કિટેક્ટ્સ અને ડેવલપર્સ દ્વારા તેમનામાં મૂકવામાં આવેલા વિશ્વાસને સમર્પિત છે. તેઓ જ અમને પ્રામાણિકતા, રચનાત્મકતા અને નવીનતા સાથે સ્ટ્રક્ચરલ એન્જિનિયરિંગમાં મર્યાદાઓથી આગળ વધીને ઉત્તરોત્તર નવીનતાસભર અને સારું કાર્ય કરવા માટે પ્રેરિત કરે છે.

મલ્ટી ડ્વેલિંગ રેસિડેન્શિલ યુનિટ : સંગિની સિદ્ધાંત

આર્કિટેક્ટ અપૂર્વ દેસાઈ,
ઉટોપિયા ડિઝાઇન્સ

સંગિની સિદ્ધાંતા માટે 12મો ICEA – અલ્ટ્રાટેક એવોર્ડ મળવો એ મારા માટે અને અમારી આખી ટીમ માટે ખૂબ જ ખુશીની અને ગૌરવભરી ક્ષણ છે. આ પ્રોજેક્ટ માટે અમારી શરૂઆતથી જ એક વાત સ્પષ્ટ હતી – ઘરના અર્થને થોડી નવી રીતે રી-ડિફાઇન કરવું.

ડિઝાઇનિંગમાં ખાસ એ વાતનો ખ્યાલ રાખવામાં આવ્યો હતો કે રહેવાવાળા લોકોને ઓપનનેસનો અનુભવ થાય, મોકળાશ ફીલ થાય, જ્યાં શાંતિ પણ હોય અને કુદરત સાથે જોડાવાનો અનુભવ પણ મળે. શહીદ સ્મારકના ખૂણેથી મળી રહેલા ખુલ્લા નજારાથી લઈને 24,500 સ્ક્વેર ફૂટના લીલા લોન અને 10,500 સ્ક્વેર ફૂટની એમેનિટીઝની જગ્યા સુધી – દરેક વસ્તુ અમે ક્લીન પ્લાનિંગ અને દિલથી ડિઝાઈન કરી છે.

અમારા માટે આ એવોર્ડ અમારા વિઝનને નિષ્ણાત જ્યુરી દ્વારા સમર્થન અને લોકો ઘરમાં આવે ત્યારે એને ખરેખર 'ઘર' લાગે સૌથી મોટું ઇનામ છે.

શૂન્યતામાંથી સર્જનાત્મકતાનું સર્જન

આર્કિટેક્ટ સંજય જોશી - બ્લેક ઈન્ક

યુગેન રિઅલ્ટીની લોકપ્રિય કોલમ 'ધ ડિઝાઈન વેનગાર્ડ'ની આ આવૃત્તિમાં, અમે સંજય જોશીની સર્જનાત્મક દુનિયાની ઝાંખી મેળવીયે અને જાણીએ આપણા શહેર, ઘર અને વર્ક સ્પેસને સુંદર બનાવતા ડિઝાઈનની દુનિયાના આ કીમિયાગર વિશે.

યુગેન રિઅલ્ટી, સુરત.

30 વર્ષથી વધુની ડિઝાઈન શ્રેષ્ઠતાના અનુભવ સાથે, બ્લેક ઇન્કના ફાઉન્ડર વિખ્યાત આર્કિટેક્ટ સંજય જોશી ડેવલપમેન્ટ-ડિઝાઇન ફિલ્ડમાં આદરથી લેવાતું નામ છે. અતૂટ જિજ્ઞાસા અને કાવ્યાત્મક સંવેદનશીલતા માટે જાણીતા, તેમની ડિઝાઇનની કલામ દ્વારા કોરા પન્નાઓને કલરફુલ અને ભાવનાપૂર્ણ સ્પેસીસમાં પરિવર્તીત કરે છે જ્યાં ઉપયોગિતા અને લાગણી એકબીજા સાથે મળે છે. 30+ શહેરોમાં 1600+ પ્રોજેક્ટ્સ અને 15 Cr+ કન્સ્ટ્રક્શન એરિયા ડિઝાઇન સાથે, તેમનું કાર્ય સમગ્રતા, વિચારશીલતા અને પ્રકૃતિ સાથે ઊંડો સંબંધ દર્શાવે છે. બ્લેક ઇન્ક ખાતે, આર્કિટેક્ચર સ્ટોરીટેલિંગ બની જાય છે — જ્યાં દરેક લાઇન ઉદ્દેશ્ય ધરાવે છે. યુગેન રિઅલ્ટીની લોકપ્રિય કોલમ 'ધ ડિઝાઈન વેનગાર્ડ'ની આ આવૃત્તિમાં, અમે સંજય જોશીની સર્જનાત્મક દુનિયાની ઝાંખી મેળવીયે અને જાણીએ આપણા શહેર, ઘર અને વર્ક સ્પેસને સુંદર બનાવતા ડિઝાઇનની દુનિયાના આ કીમિયાગર વિશે.

તમે આર્કિટેક્ટ કે ઇન્ટિરિઅર ડિઝાઇનર તરીકે તમારું કોલિંગ કેવી રીતે જાણ્યું? શું તે જીવનભરનું સ્વપ્ન હતું કે આશ્ચર્યજનક શોધ?

મારી ચિત્રકામની રુચિ અને પિતાની સિવિલ એન્જિનિયરિંગની પૃષ્ઠભૂમિ - ગાંધી એન્જિનિયરિંગ કોલેજમાં પ્રોફેસર અને પાર્ટ-ટાઇમ ડેવલપરએ મને આર્કિટેક્ચર તરફ આકર્ષ્યો. તેઓ ઇચ્છતા કે તેમનો એક દીકરો આર્કિટેક્ટ બને. ૬મા ધોરણમાં હું પિતા સાથે બાંધકામ સ્થળો પર જતો અને આ ક્ષેત્ર પ્રત્યેનો રસ જાગ્યો. શરૂઆતમાં માતાને એમોનિયા પ્રિન્ટમાં મદદ કરતો, જેનાથી ડિઝાઇન-આર્કિટેક્ચરની ઝલક મળી.

જીવનના વહેણમાં આર્કિટેક્ચર પ્રત્યેનો રસ ઊંડો થતો ગયો. મર્ચન્ટ નેવીનું સ્વપ્ન વજનની મર્યાદાથી અધૂરું રહ્યું, પરંતુ આર્કિટેક્ચર બીજો વિકલ્પ હતો. CEPT અમદાવાદ, SCET સુરત અને APIED વિદ્યાનગરમાંથી પ્રવેશ મળ્યો, અને મેં વિદ્યાનગર પસંદ કરી 1987માં આર્કિટેક્ચરની શૈક્ષણિક યાત્રા શરૂ કરી. આ ક્ષેત્ર પ્રત્યેનો પ્રેમ હંમેશાં હતો, અને તે મારી કારકિર્દી બની, જે હૃદયને સંતોષ અને મનને આનંદ આપે છે.

તમારા વ્યક્તિત્વને એક શબ્દ કે શબ્દસમૂહમાં કેવી રીતે વ્યાખ્યાયિત કરશો — અને તે તમારા ડિઝાઇન અભિગમને કેવી રીતે પ્રભાવિત કરે છે?

સાચું કરવું અને સારું કરવાની કોશિશ કરવી. અમારા આર્કિટેક્ટ્સના વિચારો પર બીજા લોકો ખર્ચો કરે છે અને ક્લાયન્ટ્સના સ્વપ્નોને ન્યાય આપવા હું સતત શ્રેષ્ઠ પ્રયાસ કરું છું જેથી તેની મૂલ્ય સમય સાથે વધે, ઘટે નહીં. મારું માનવું છે કે creativity flows from emptiness - સર્જનાત્મકતા શૂન્યતામાંથી વહે છે, જે મારી ડિઝાઇનને સરળ, ઉપયોગી અને ટકાઉ બનાવે છે.

તમારા વિશે એવી કઇ આશ્ચર્યજનક હકીકત છે જે તમારી આસપાસના લોકો જાણતા નથી પણ જાણવી રસપ્રદ હશે?

લોકો મને ગુસ્સાવાળો કે રિઝર્વ્ડ માને છે, પણ હું મારા કાગળો અને વિચારોની દુનિયામાં રહેવાનું વધુ પસંદ કરું છું, જ્યાં સર્જનાત્મકતા મુક્તપણે વહે છે. માણસોને વાંચવા અને તેમને સમજવા કરતા કાગળોની દુનિયા સારી જ્યાં તમે જે જેવું લખો તેવું જ વર્ષો પછી પણ વાંચનમાં આવે મનુષ્ય જેવું નહીં., બોલો કઇ, વર્તન કરો કઇ અને સમજાય કઇ અલગ.

તમે કામ કરેલો સૌથી યાદગાર પ્રોજેક્ટ કયો છે, અને તે કેમ ખાસ છે તમારા માટે?

30+ શહેરોમાં 1600+ પ્રોજેક્ટ્સ અને 15 Cr+ કન્સ્ટ્રક્શન એરિયા ડિઝાઇન કર્યા છે. છતાં બે માત્ર માટે યાદગાર છે. એક સુરત રેલવે સ્ટેશન ન્યૂ ડિઝાઇનની મલ્ટી મોડલ ટ્રાન્સપોર્ટેશન હબ તરીકે ઓળખાય છે તેની પહેલ અમે કરેલી. અને આ કોમ્પ્લેક્સમાં જ ડાયમંડ બુર્સ રેલવે સ્ટેશન બનાવવાના વિચારનું બીજ નાખેલું. જોકે બંને પ્રોજેક્ટ અમે નથી કરી રહ્યા પરંતુ તેની પહેલ અને બેઝિક ડિઝાઇનિંગ અમે કરેલું.

ડિઝાઇનર તરીકે વર્ષો દરમિયાન તમારી યાત્રામાં તમે શીખેલો સૌથી મહત્ત્વનો પાઠ કયો છે?

એક ખોટી લીટી ડિઝાઇનમાં હજાર ખોટા શબ્દો કરતાં વધુ નુકસાન કરે છે. અમે અજાણ્યા એન્ડ-યુઝર્સ માટે કામ કરીએ છીએ, તેથી પ્રામાણિકતા અને ધરતી સાથે જોડાયેલું રહેવું એ સૌથી મોટી જવાબદારી છે. ડિઝાઇનમાં નિષ્ઠા જાળવવી જરૂરી છે.

તમે તમારા કામમાં એક એવી વિશિષ્ટ કુશળતા કે સિગ્નેચર સ્ટાઇલ શું લાવો છો જે તમને અલગ પાડે છે?

હું નથી માનતી કે હું અલગ કામ કરું છું. આર્કિટેક્ચરમાં બે ડિબેટ છે "ફોર્મ ફોલો ફંક્શન" અને "ફંક્શન ફોલો ફોર્મ." અમે "ફંક્શન ફોલો ફોર્મ" પર ધ્યાન આપીએ છીએ. અમે ડિઝાઇનની બ્લેક લાઇન્સ દોરીએ છીએ, પરંતુ જીવનના રંગો તેની વચ્ચે વહે છે. મારા માટે ક્રિએટિવિટીનો અર્થ છે કેવી રીતે પ્રોબ્લમ્સને સોલ્વ કરવામાં આવે છે, ટેક્નોલોજી, લોકલ મટિરિઅલ અને ટ્રેડિશન્સ અને લોકોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને સમસ્યાઓનું સમાધાન કરવું. અસ્તિત્વએ અદભુત આર્કિટેક્ચર કર્યું છે, આપણું શરીર તેનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે, હાડકા એ સ્ટ્રક્ચરલ એન્જિનિયરિંગ છે, સ્નાયુઓની ફ્લેક્સિબિલિટી મિકેનિકલ એન્જિનિયરિંગ છે, બ્લડ અને પાણીના વહેવા માટે વેઇન્સ MEP એન્જિનિયરિંગ છે, સ્કિન ફસાડ છે, હેર-વાળ લેન્ડસ્કેપિંગ છે. ભગવાન દુનિયાના સૌથી મોટા આર્કિટેક્ટ છે. પ્રકૃતિમાં ચારે બાજુ પ્રેરણા વેરાયેલી છે, બસ નજર રાખવાની જરૂર છે.

તમારા મતે, આજના બિલ્ટ એન્વાયર્નમેન્ટમાં આર્કિટેક્ટ્સ અને ઇન્ટિરિઅર ડિઝાઇનર્સની સૌથી મહત્ત્વની ભૂમિકા શું છે?

બાંધવું જરૂરી છે, અફોર્ડેબલ બાંધવું જરૂરિયાત છે, આજના બીલ્ટ એન્વાયરમેન્ટમાં આર્કિટેક્ટ્સ અને ડિઝાઇનર્સની જવાબદારી છે બધાને પ્રાઇવેસી મળે. સસ્ટેનેબિલિટી જાળવીને, પ્રકૃતિ સાથે તાલમેલમાં ડેવલપમેન્ટ એ આજની પ્રાથમિકતા છે, જે શહેરોની જીવનશૈલીને ઉન્નત કરે.

ડિઝાઇનમાં તમારા માટે શું વધુ મહત્ત્વનું છે — ક્રિએટિવિટી કે ફંક્શનાલીટી (સર્જનાત્મકતા કે કાર્યક્ષમતા) અને શા માટે?

એક આર્કિટેક્ટ તરીકે, હું ફંક્શનાલીટીને ક્રિએટિવિટી કરતાં વધુ મહત્વ આપું છું, કારણ કે આર્કિટેક્ચરનો હેતુ યુઝરની જરૂરિયાતો પૂરી કરવી, સલામત અને ટકાઉ જગ્યાઓ બનાવવી છે. ક્રિએટિવિટી ડિઝાઇનને યુનિક અને પ્રેરણાદાયી બનાવે છે, પરંતુ તે ફંક્શનાલીટીની સહાયક ભૂમિકા ભજવે છે. ડિઝાઇન્સમાં ફંક્શનાલીટી અને એસ્થેટિક્સનું સંતુલન જરૂરી છે. ડિઝાઇન યુઝર-સેન્ટ્રિક, પ્રેક્ટિકલ અને પ્રેરણાત્મક હોવી જોઇએ.

આગામી દાયકામાં ડિઝાઈન ઉદ્યોગ કેવી રીતે વિકસશે એવું તમને લાગે છે, ખાસ કરીને ટેકનોલોજી અને સસ્ટેનેબિલિટીના ટ્રેન્ડ્સ સાથે?

લોકો મને ગુસ્સાવાળો કે રિઝર્વ્ડ માને છે, પણ હું મારા કાગળો અને વિચારોની દુનિયામાં રહેવાનું વધુ પસંદ કરું છું, જ્યાં સર્જનાત્મકતા મુક્તપણે વહે છે. માણસોને વાંચવા અને તેમને સમજવા કરતા કાગળોની દુનિયા સારી જ્યાં તમે જે જેવું લખો તેવું જ વર્ષો પછી પણ વાંચનમાં આવે મનુષ્ય જેવું નહીં., બોલો કઇ, વર્તન કરો કઇ અને સમજાય કઇ અલગ.

ટેક્નોલોજી મહત્ત્વનો ભાગ ભજવશે, મેન પાવર ઓછો થતો જાય છે, ડેવલોપમેન્ટ સસ્ટેનેબિલિટી સભાન પ્રયાસો માંગશે. ગામડાં ટાઉન, ટાઉન શહેરો અને શહેરો મેગા-સિટી બનશે, પરંતુ પર્યાવરણને ઓછામાં ઓછું નુકસાન પહોંચાડે તેવી ડિઝાઇન પડકારજનક પણ જરૂરી રહેશે, તેમાં સસ્ટેનેબ્લિટી જાળવવી અઘરી છે પણ ચિંતા કરવી જરૂરી છે.

તમારી કારકિર્દીમાં તમે કઇ એક મોટી મુશ્કેલી કે પડકારનો સામનો કર્યો, અને તેને તમે કેવી રીતે પાર કરી?

મારી કારકિર્દી પોતે જ એક મોટો પડકાર હતી — કોઇ ગોડફાધર વિના શરૂઆત કરી. ઓફિસ શરૂ કરી ત્યારે પાંચ વર્ષ ઓફિસમાં જ સૂતો. સફળતા માટે મહેનત, પ્રામાણિકતા, પ્રતિબદ્ધતા

મારી કારકિર્દી પોતે જ એક મોટો પડકાર હતી — કોઇ ગોડફાધર વિના શરૂઆત કરી. ઓફિસ શરૂ કરી ત્યારે પાંચ વર્ષ ઓફિસમાં જ સૂતો. સફળતા માટે મહેનત, પ્રામાણિકતા, પ્રતિબદ્ધતા અને ઉપરવાળામાં શ્રદ્ધા અનિવાર્ય હતી. આ શ્રદ્ધાએ મને મુશ્કેલીઓને પાર કરવામાં ટેકો આપ્યો. સખત મહેનત અને નસીબના સમન્વયથી જ સફળતા મળે છે. આ યાત્રામાં સિદ્ધાંતો અને પ્રતિબદ્ધતાને વળગી રહેવું સૌથી મહત્વનું છે, કારણ કે ઉપરવાળામાં વિશ્વાસથી પોતાનામાં વિશ્વાસ જન્મે છે, અને તે સારા પરિણામો તરફ દોરે છે.

અને ઉપરવાળામાં શ્રદ્ધા અનિવાર્ય હતી. આ શ્રદ્ધાએ મને મુશ્કેલીઓને પાર કરવામાં ટેકો આપ્યો. સખત મહેનત અને નસીબના સમન્વયથી જ સફળતા મળે છે. આ યાત્રામાં સિદ્ધાંતો અને પ્રતિબધ્ધતાને વળગી રહેવું સૌથી મહત્વનું છે, કારણ કે ઉપરવાળામાં વિશ્વાસથી પોતાનામાં વિશ્વાસ જન્મે છે, અને તે સારા પરિણામો તરફ દોરે છે.

ડિઝાઇનર તરીકે તમારી કારકિર્દી માટેનું બિગ-પિક્ચર કેવું છે? 10 વર્ષમાં તમે તમારી જાતને ક્યાં જુઓ છો?

કોવિડે શીખવ્યું કે જીવન આજે જીવવું જોઈએ. ઇચ્છાઓ અનંત છે, પરંતુ સંતોષ અને શાંતિ સાથે દરેક ક્ષણનો આનંદ માણવો જોઈએ. હું મારી ડિઝાઇન દ્વારા સમાજને પ્રેરણાદાયી, ટકાઉ જગ્યાઓ આપવા માંગું છું. "મન મરે, માયા મરે, શરીર મરે, પણ આશા-તૃષ્ણા ન મરે," કબીરની આ વાત મારી યાત્રાને દિશા આપે છે.

જો તમે ડિઝાઇન ઉદ્યોગનું એક પાસું રી-ડિઝાઇન કરી શકો, તો તે શું હશે અને શા માટે?

સુરત માટે ડિઝાઇન ક્ષેત્રે વાસ્તુ એક પાસું છે જે અમે શહેરમાં ઇન્ટ્રોડ્યુસ કર્યું અને આજે ડિઝાઇનમાં તે મેઇનસ્ટ્રીમ ટ્રેન્ડ છે, હજારો - લાખો લોકો વાસ્તુ ડિઝાઇન નો ઉપયોગ કરીને સંતુષ્ટ-સમૃદ્ધ થયા છે અને થઇ રહ્યા છે. બીજું એક મુદ્દો છે સુરત ડિઝાઇન ક્ષેત્રે ધીરે ધીરે પાછળ જઇ રહ્યું છે, સુરતના ડિઝાઇન ક્ષેત્રે સ્પર્ધાત્મક નવીનતાની જરૂર છે. હું ડિઝાઇનરોને હેલ્ધી સ્પર્ધા અપનાવી, શહેરની સ્કાયલાઇનને નવો રંગ આપવા પ્રેરિત કરવા માંગું છું.

વ્યક્તિગત સ્તરે, કામ સિવાયનો કયો શોખ, સ્વપ્ન કે લક્ષ્ય તમને પ્રેરણા આપે છે?

કામ સિવાય, મારી પત્ની સાથે સમય વિતાવવો મને ગમે છે, દરરોજ બે-ત્રણ કલાક તેની સાથે જરૂરી છે. તેણે મારા જીવનને અર્થ આપ્યો, તો મારો સમય તેનો હક છે. આ ઉપરાંત, મેડિટેશન, લેખન, કવિતા વાંચવી-લખવી અને એકાંતમાં નિજાનંદ માણવો મને ઉત્સાહિત રાખે છે.

ડિઝાઇન કરતી વખતે તમારી ક્રિએટિવિટીને શું ઉત્તેજન આપે છે — કોઇ ખાસ પદ્ધતિ, વાતાવરણ કે ટૂલ્સ?

ડિઝાઇન એટલે મંથન. કાગળ અને પેન લઇને વિચારોની ઊંડાઇમાં ડૂબવું જ્યાં ડિઝાઇન એ બાય-પ્રોડક્ટ છે. અંતરાત્માને સંતોષ ન મળે ત્યાં સુધી મંથન કરો. "ડિઝાયરને મંથનમાં નાખો, ડિઝાઇન પતી જાય." અમારું કામ પઝલ જેવું છે — સમજો, ગોઠવો, અને સરળતાથી ઉકેલો.

તમારા કામમાં તમને સૌથી વધુ કોણ કે શું પ્રેરણા આપે છે — કોઇ વ્યક્તિ, પ્લેસ કે ફિલસૂફી?

કામ જ પ્રેરણા છે. ક્લાયન્ટની જરૂરિયાતો અને પ્રોજેક્ટની માંગને સમજી, બંધ આંખે વિચારો તો રસ્તાઓ ખુલે છે. વાસ્તુ શાસ્ત્રની ફિલસૂફી, જે સકારાત્મક ઊર્જા અને હાર્મોનિયસ જગ્યાઓનું સર્જન કરે છે, મને દિશા આપે છે.

કયા પ્રતિષ્ઠિત આર્કિટેક્ટ, ડિઝાઇનર કે પ્રોજેક્ટે (ભૂતકાળ કે વર્તમાન) તમારી સર્જનાત્મક યાત્રા પર સૌથી મોટી છાપ છોડી છે?

મને ચાર્લ્સ કોરિયા, તાદાઓ એન્ડો, રિચાર્ડ રોજર્સ, ઝાહા હદીદ, ફ્રેન્ક લોયડ રાઇટ સિનિયર જેવા દિગ્ગજ આર્કિટેક્ટ્સનું કામ ગમે છે. આર્કિટેક્ટ વ્યક્તિગત રૂપે પ્રેરણા આપે એવું નથી, પણ જ્યારે તમે તેમના ડિઝાઇનના માળખા અને વિચારપ્રક્રિયાને સમજો છો, ત્યારે તેમાંનો કોઇ એક તત્વ તમારી અંદર નવા વિચારો જગાવી શકે છે. ખાસ કરીને, સંદર્ભ અને ઉપયોગિતાને ધ્યાનમાં રાખીને સર્જનાત્મકતાનું સંતુલન જાળવવાનો તેમનો અભિગમ મને ઊંડો પ્રભાવ કરે છે.

કયા વૈશ્વિક કે રાષ્ટ્રીય ડિઝાઇનર તમને સૌથી વધુ પ્રેરણા આપે છે, અને શા માટે?

એક આર્કિટેક્ટ તરીકે, અનેક વૈશ્વિક અને રાષ્ટ્રીય ડિઝાઇનર્સની પ્રક્રિયાઓએ મારી સર્જનાત્મક યાત્રાને સમૃદ્ધ કરી છે. સ્થાનિક સંદર્ભ સાથે કાર્યક્ષમતાનું સંતુલન, ન્યૂનતમ પરંતુ ભાવનાત્મક ડિઝાઇન, નવીન અને ગતિશીલ રચનાઓ, ટેકનોલોજી-કેન્દ્રિત અભિગમ અને પર્યાવરણ સાથે જોડાયેલી ઓર્ગેનિક આર્કિટેક્ચરે મને પ્રેરણા આપી છે. આ બધાએ શીખવ્યું છે કે સાચી ડિઝાઇન સ્થળ, સંસ્કૃતિ અને માનવીય અનુભવોને સન્માન આપીને કાર્યક્ષમ, ટકાઉ અને પ્રેરણાદાયી સ્પેસીસ બનાવે છે.

તમે પૂર્ણ કરેલા તમામ પ્રોજેક્ટ્સમાંથી, તમને કયા પર સૌથી વધુ ગર્વ છે, અને શા માટે?

30થી વધુ શહેરોમાં 500થી વધુ પ્રોજેક્ટ્સ પૂર્ણ કર્યા છે, પરંતુ હજુ સુધીનું શ્રેષ્ઠ કામ બાકી છે. દરેક પ્રોજેક્ટ નવો પડકાર લાવે છે, જેમાંથી હું નવું શીખું છું. મને ગર્વ છે કે દરેક પ્રોજેક્ટ મારી ડિઝાઇન પ્રક્રિયાને વધુ સમૃદ્ધ કરે છે, પરંતુ સૌથી શ્રેષ્ઠ બનાવવાની યાત્રા ચાલુ છે.

આર્કિટેક્ટ કે ઇન્ટિરિઅર ડિઝાઇનર બનવાનો તમને સૌથી પસંદનો ભાગ કયો છે — એવું કંઇક જે તમને દરરોજ ઉત્સાહિત રાખે?

કાગળ અને પેન લઇને ડિઝાઇનની શરૂઆત કરવી અને વિચારોની ઊંડાઇમાં ડૂબકી મારીને નવી, યુનિક સ્પેસીસની ડિઝાઇનનું સર્જન કરવું — આ પ્રક્રિયા મને દરરોજ ઉત્સાહિત અને પ્રેરિત રાખે છે.

ઉભરતા આર્કિટેક્ટ્સ કે ઇન્ટિરિઅર ડિઝાઇનર્સને, જેઓ હમણાં શરૂઆત કરી રહ્યા છે, તમે શું સલાહ આપશો?

સલાહ આપવા માટે હું ખરેખર બહુ નાનો માણસ છું પણ મારા અનુભવથી કહું છું પાંચ વર્ષ માટે પિન્ટરેસ્ટ ગુગલનો ત્યાગ કરો, તમારા મનની સર્જનાત્મકતા પર ભરોસો રાખી, પેનને વાચા આપો. આ અભિગમથી સુંદર પરિણામો મળશે, આવનારા 40 વર્ષ તમારા જીવનમાં સંતોષ આનંદ અને દરરોજ કઇ નવું કરી જવાની અનુભૂતિ તમારા જીવનને સાર્થક કરી દેશે.

જો તમે તમારી ડિઝાઇન શૈલીને ફિલ્મની શૈલી કે ગીત તરીકે વર્ણવો, તો તે શું હશે અને શા માટે?

હું એવું માનું છું કે માપ લઇને સીવાયેલા કપડાં જેવું ફિટિંગ રેડીમેડ કપડાંમાં નહીં આવે. દરેક જગ્યા, દિશા, આસપાસનું વાતાવરણ અને ક્લાયન્ટની જરૂરિયાતો અલગ હોય છે. મારી ડિઝાઇન શૈલી એક એવું ગીત છે, જે દરેક પ્રોજેક્ટમાં નવું ગાવું પડે છે.

"જે સરળ છે અને સામાન્ય છે,
જે સમજ સાથેનું છે,
અને જે સમજાવી શકાય એવું છે,
જે સગવડ આપે છે અને
સાથે જ સન્માન પણ આપે છે
તે કદાચ અમારું કામ હોય શકે."

ભારતમાં સસ્ટેનેબલ લો-ઇમ્પેક્ટ લેન્ડ ડેવલપમેન્ટની તાતી જરૂરિયાત

શ્રેયા રાદડિયા
સિવિલ એન્જિનિયર | લેન્ડ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર અને ડિઝાઇનર | સસ્ટેનેબલ કમ્યુનિટી સમર્થક

એક અનુભવી સિવિલ એન્જિનિયર અને લેન્ડ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર છે, જેમણે ભારત અને યુ.એસ. બંનેમાં અર્બન ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ પર કામ કર્યું છે. તેણી ઉર્જા બચત, સંગ્રહ, અને પર્યાવરણીય જાગૃતિ માટે ટકાઉ ડિઝાઇન પદ્ધતિઓને પ્રોત્સાહન આપે છે. રિઅલ એસ્ટેટ અને કન્સ્ટ્રક્શન ક્ષેત્રમાં મહિલાઓને સશક્ત બનાવવાના અભિગમમાં તેઓ સતત સક્રિય છે.

યુગેન રિઅલ્ટી, સુરત.

ભારતનું ઝડપી શહેરીકરણ વિકાસનું પરિચાયક છે, પણ સાથે સાથે તેની કુદરતી પરિસ્થિતિઓ માટે પડકારરૂપ પણ છે. સુરત જેવા ઘન વસતી ધરાવતા શહેરોથી લઇ પુણે, બેંગલુરુ અને હૈદરાબાદ જેવી વિસ્તૃત થઇ રહેલી મેટ્રોપોલિટન સીટીઓમાં જમીન અને પાણી સંસાધનો પર ભારે દબાણ છે. આવા સંજોગોમાં, લો-ઇમ્પેક્ટ લેન્ડ ડેવલપમેન્ટ (LID) એક એવી આધુનિક ડેવલપમેન્ટ પદ્ધતિ છે, જે ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટમાં પર્યાવરણની સંભાળ સાથે આગળ વધે છે. ભારતીય પરિસ્થિતિ જે મોનસૂન પર આધારિત અને વૈવિધ્યપૂર્ણ ઇકોસિસ્ટમ ધરાવે છે—માટે LID ખૂબ જ ઉપયોગી સાબિત થઇ શકે છે.

લો-ઇમ્પેક્ટ લેન્ડ ડેવલપમેન્ટ (LID) શું છે?

LID એ એવી ડિઝાઇન પદ્ધતિ છે, જે ડેવલપમેન્ટ વખતે પર્યાવરણ પર ઓછું દબાણ બનાવે છે. કુદરતી પરિસ્થિતિઓને હટાવવાને બદલે, LID એ તેને જાળવી રાખીને ડેવલપમેન્ટ કરવાની પદ્ધતિ છે. જેમ કે રૈન વૉટરનાના સ્થાનિક સંચાલન-સંગ્રહ, સ્થાનિક વનસ્પતિનું રક્ષણ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચરની કાર્બન ફૂટપ્રિન્ટ ઘટાડવી.

ભારતીય સંદર્ભમાં, LID એ પરંપરાગત ડ્રેનેજ, સાઇટ ગ્રેડિંગ અને બાંધકામ મટિરિઅલ વિશે નવી રીતે વિચારવાની જરૂરિયાત ઊભી કરે છે, ખાસ કરીને નીચેના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને:

- સ્થાનિક વરસાદની પેટર્ન
- ભૂગર્ભ જળ રિચાર્જ ક્ષમતા
- શહેરી ગરમીના દ્વીપ (Urban Heat Island) નો અસર
- કલ્ચરલ લેન્ડ યુઝ

ભારતમાં LID કેમ જરૂરી છે?

વરસાદથી પીડાતા શહેરો :

મુંબઇ, ચેન્નઇ અને સુરત જેવા શહેરોમાં દર વર્ષે પૂર આવે છે. LID પદ્ધતિઓ જેમ કે બાયોસ્વેલ, રૈન ગાર્ડન અને પરમીએબલ પેવમેન્ટ્સ, વરસાદી પાણી રોકી રાખે છે અને ભૂગર્ભ જળને રિચાર્જ કરે છે, જેનાથી જૂની ડ્રેનેજ સિસ્ટમ પરનો ભાર ઓછો થાય છે.

ઘનવસતી વિસ્તારોમાં વિકાસ :

શહેરોમાં ઊભી ઇમારતો અને ડેન્સિટી વધતી જાય છે ત્યારે ખુલ્લા જગ્યા ઓછી રહી છે. LID દ્વારા નાનાં સપાટ વિસ્તારોમાં પણ હરિયાળી વિકસાવવામાં મદદ મળે છે – જેમ કે છત પરના બગીચાઓ અને કોર્ટયાર્ડ ગાર્ડન્સ.

ભૂગર્ભ જળની સમસ્યા :

ઘણા વિસ્તારોમાં ભૂગર્ભજળને અતિરેકમાં ખેંચવાને કારણે પાણીની ઉણપ જોવા મળે છે. પરમિઇબલે સર્ફેસીસ અને રેઇન વૉટર હાર્વેસ્ટઇન દ્વારા ભૂગર્ભ જળ સંભાળવું શક્ય બને છે.

ક્લાયમેટ રિસ્પોન્સિવ ડેવલપમેન્ટ :

LID પદ્ધતિઓ કુદરતી છાંયા, વનસ્પતિ દ્વારા થતી ભેજ ઉત્સર્જન અને લાઇટર સરફેસ મટિરિઅલ દ્વારા તાપમાન ઘટાડે છે – ખાસ કરીને ગરમ હોવા તરફ જઇ રહેલા ભારતીય ખંડ માટે આ અત્યંત અગત્યનું છે.

ભારતમાં લાગુ પડી શકે તેવી LID પદ્ધતિઓ :

- પાર્કિંગ લૉટ અને વૉકવે માટે પરમીએબલ ઇન્ટરલોકિંગ કૉંક્રિટ પેવર્સ (PICP)
- જાહેર ઉદ્યાનોમાં અથવા હાઇવે પર બાયોસ્વેલ અને સૂકા તળાવો
- રહેણાંક અને વાણિજ્યિક પ્રોજેક્ટ્સ માટે ગ્રીન રૂફ અને રૈન ગાર્ડન
- દરેક નવા પ્રોજેક્ટમાં વરસાદી પાણીનો હાર્વેસ્ટિંગ ફરજિયાત બનાવવો
- મૂળ વાવેતર માટે પ્રોત્સાહનો સાથે જોડાયેલ વૃક્ષ સંરક્ષણ વટહુકમો
- ગ્રીન કોરિડોરને જાળવવા અને માળખાગત ખર્ચ ઘટાડવા માટે ક્લસ્ટર વિકાસ

• ભારતમાં LID ના અમલીકરણમાં પડકારો

સ્પષ્ટ ફાયદાઓ હોવા છતાં, LID ને અનેક પડકારોની સામનો કરવો પડે છે:

- LID માટે વિશેષ રાષ્ટ્રીય ધોરણધોરણો કે બિલ્ડિંગ કોડનો અભાવ
- નાની નગરપાલિકાઓ અને કોન્ટ્રાક્ટરોમાં મર્યાદિત જાગૃતિ
- તાત્કાલિક વળતર વિના શરૂઆતમાં વધુ દેખાતો ખર્ચ
- પરંપરાગત પદ્ધતિઓથી પરિવર્તનનો પ્રતિકાર અને બદલાવ લાવવામાં નિરસતા

તથાપિ, શિક્ષણ, પાયલટ પ્રોજેક્ટ્સ અને નીતિ સાથે સંકલન દ્વારા આ અવરોધો દૂર થઇ શકે છે. સ્માર્ટ સિટીઝ મિશન, AMRUT અને સ્વચ્છ ભારત જેવી યોજનાઓ LID ને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે એક તકરૂપ છે.

લેન્ડ ડેવલપર્સ માટે સારો અવસર :

ટકાઉ વિકાસની સાથે LID ડેવલપર્સ માટે નવી નવીનતા, બ્રાન્ડિંગ અને લાંબા ગાળાની કિંમતમાં બચત જેવા લાભો લાવે છે. ટિયર-2 અને ટિયર-3 શહેરોમાં, જ્યાં હવે ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકસી રહ્યું છે, ત્યાં શરૂઆતથી ટકાઉ ધોરણો અપનાવવાનો આ સારો મોકો છે.LID માત્ર પશ્ચિમ દેશોનો કૉન્સેપ્ટ નથી – તે તો વૈશ્વિક રીતે અપનાવી શકાય તેવી પદ્ધતિ છે, જે ભારતની પરંપરાગત પર્યાવરણીય જ્ઞાન સાથે ખૂબ સમાંતરે ચાલે છે - પરંપરાગત રીતે અપને સ્ટેપ-વેલ, ગ્રૂવ્સ કે જૂની પાણી-કેન્દ્રિત ડિઝાઇન્સ વગેરે પદ્ધતિઓથી પરિચિત છીએ, હવે જરૂરી છે એ જ મૂલ્યોને આધુનિક એન્જિનિયરિંગ અને નીતિ આધારથી આગળ વધારવાની. જેમ જેમ ભારત પોતાનું ભવિષ્ય રચી રહ્યું છે, LID એ વિકાસની ચર્ચામાં કેન્દ્રસ્થાને હોવું જોઇએ - વિકલ્પ તરીકે નહીં, પણ જરૂરી તરીકે.



હિમાયલમાં શાંતિપૂર્ણ જીવનના આનંદ સાથે પેઢીઓ માટે અર્થપૂર્ણ રોકાણ.

શિખર સ્પેસીસ દ્વારા ગુજરાતના રોકાણકારો માટે ઉચ્ચ વળતર સાથે હિમાલયમાં પ્રોપર્ટી વસાવવાની તક

SHIKHAR SPACES

મનોજ જોશી - ચેરમેન, શિખર સ્પેસીસ

શિખર સ્પેસીસ દ્વારા હિમાલયની શાંતિમાં ટકાઉ લક્ઝરીનો સ્પર્શ, ઉત્તરાખંડના સમૃદ્ધ ડેસ્ટિનેશન પ્રોપર્ટી માર્કેટમાં રોકાણ પર ઉત્તમ વળતર આપતાં માર્કેટમાં ઇકો ફ્રેન્ડલી ડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સ બનાવવામાં અગ્રેસર રહ્યું છે. હિમાલયના કુદરતી સૌંદર્યથી ભરેલા શાંત અને મંત્રમુગ્ધ કરી દે તેવા વાતાવરણમાં જ્યાં ધુમ્મસથી આચ્છાદિત હિલ્સ શહેરી સુવિધાઓ સભર જીવંતતા મળે છે, તેવું દેહરાદૂનમાં લાંબા સમયથી આધુનિક સુવિધાઓ સાથે શાંતિ શોધનારાઓ માટે સ્વર્ગ રહ્યું છે. શિખર સ્પેસીસ આ સુમેળભર્યા મિશ્રણને આગળ વધારીને ઉત્તરાખંડના સ્થાનિક રિઅલ એસ્ટેટ ડેવલપમેન્ટનું પ્રણેતા રહ્યું છે. સની લેક, રક્ષા ટ્રીટ અને ઇથેરિયા જેવા પ્રતિષ્ઠિત પ્રોજેક્ટ્સ સાથે રાજ્યની સ્કાયલાઇનને રૂપાંતરિત કરી છે. યુગેન રિઅલ્ટી સાથે એક એક્સલુઝીવ ઇન્ટરવ્યૂમાં શિખર સ્પેસીસના ચેરમેન મનોજ જોશી, જણાવે છે કે તેઓ કેવી રીતે લક્ઝરી લાઇફસ્ટાઇલને હિમાલયની શાંતિ એકરૂપ રૂપ કરી રહ્યા છે. ભારતના પ્રથમ બ્લુ ઝોન જેવા નવીનતાઓ દ્વારા ટકાઉપણું, રોકાણકારોના વળતર અને સર્વાંગી સુખાકારીને પ્રાથમિકતા આપી રહ્યા છે.

યુગેન રિઅલ્ટી, સુરત.

હિમાલયના કુદરતી સૌંદર્યથી ભરેલા શાંત અને મંત્રમુગ્ધ કરી દે તેવા વાતાવરણમાં જ્યાં ધુમ્મસથી આચ્છાદિત હિલ્સ શહેરી સુવિધાઓ સભર જીવંતતા મળે છે, તેવું દેહરાદૂનમાં લાંબા સમયથી આધુનિક સુવિધાઓ સાથે શાંતિ શોધનારાઓ માટે સ્વર્ગ રહ્યું છે. શિખર સ્પેસીસ આ સુમેળભર્યા મિશ્રણને આગળ વધારીને ઉત્તરાખંડના સ્થાનિક રિઅલ એસ્ટેટ ડેવલપમેન્ટનું પ્રણેતા રહ્યું છે. સની લેક, રક્ષા ટ્રીટ અને ઇથેરિયા જેવા પ્રતિષ્ઠિત પ્રોજેક્ટ્સ સાથે રાજ્યની સ્કાયલાઇનને રૂપાંતરિત કરી છે. યુગેન રિઅલ્ટી સાથે એક એક્સલુઝીવ ઇન્ટરવ્યૂમાં શિખર સ્પેસીસના ચેરમેન મનોજ જોશી, જણાવે છે કે તેઓ કેવી રીતે લક્ઝરી લાઇફસ્ટાઇલને હિમાલયની શાંતિ એકરૂપ રૂપ કરી રહ્યા છે. ભારતના પ્રથમ બ્લુ ઝોન જેવા નવીનતાઓ દ્વારા ટકાઉપણું, રોકાણકારોના વળતર અને સર્વાંગી સુખાકારીને પ્રાથમિકતા આપી રહ્યા છે.

શું તમે શિખર સ્પેસિસને સ્થાપવાનો હેતુ અને તેની વિકાસયાત્રાના લેન્ડમાર્ક શેર કરી શકો છો?

મારી કારકિર્દી NCRમાં કોર્પોરેટ ક્ષેત્રમાં શરૂ થઈ હતી, પરંતુ મને ક્યારેય ખરેખર ઘર જેવું લાગ્યું નહીં. ઉત્તરાખંડ પાછા ફર્યા પછી, મેં સ્થાનિક યુવાનો માટે રોજગારી ઊભી કરવાની તકને ઓળખી. 1992માં એક સાધારણ પ્રોજેક્ટથી શરૂઆત કરીને, પ્રતિસાદ જબરદસ્ત હતો. આજે, અમે 20 લેન્ડમાર્ક પ્રોજેક્ટ્સ સફળતાપૂર્વક પૂરા કર્યા છે, જેમાં સની લેક, રક્ષા ટ્રીટ અને ઇથેરિયાનો સમાવેશ થાય છે - દરેક ગુણવત્તા અને નવીનતા પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાનો પુરાવો છે. અમે દિલ્હી-NCRના રોકાણકારોને સફળતાપૂર્વક આકર્ષ્યા છે અને તેમનું ખૂબ જ સારું વળતર આપ્યું છે.

ઉત્તરાખંડ એક રિઅલ એસ્ટેટ ઇન્વેસ્ટમેન્ટ ડેસ્ટિનેશન તરીકે કેવી રીતે અલગ પડે છે, અને આ ઉભરતાં ટ્રેન્ડને તમે કેવી રીતે જુઓ છો?

ઉત્તરાખંડ ભારતમાં એક અનોખું સ્થાન ધરાવે છે, છતાં તેમાં એક સમયે મજબૂત માળખાગત સુવિધાઓનો અભાવ હતો. વર્લ્ડ-ક્લાસ સુવિધાઓ રજૂ કરીને, અમે મેટ્રોપોલિટન વિસ્તારોમાંથી બાયર્સને આકર્ષ્યા છે, જેની ખૂબ જ સારી અસર રોકાણકારોના સર્કલ અને સ્થાનિક સ્તરે થઇ છે - નોકરીની તકો વધારી રહ્યા છીએ અને માઇગ્રેશન - સ્થળાંતરના ટ્રેન્ડને ઉલટાવી રહ્યા છીએ. આજે, અમે ગ્રામીણ વિસ્તારોમાં કોર્પોરેટ હબ પણ સ્થાપિત કરી રહ્યા છીએ, આ આઇડિયા એક સમયે કોઇ સ્વીકારી રહ્યું ન હતું.

સુરત અને ગુજરાતના સંભવિત રોકાણકારો ઉત્તરાખંડમાં શિખર સ્પેસીસના ઇન્વેસ્ટમેન્ટ પ્રોગ્રામ્સમાં કેવી રીતે ભાગ લઈ શકે છે, તેઓ કયા લાભો અને ROIની અપેક્ષા રાખી શકે છે, તેમનું રોકાણ કેવી રીતે સુરક્ષિત છે, અને શું તમારા કોઇ સ્થાનિક પ્રતિનિધિઓ છે જેમનો તેઓ સંપર્ક કરીએ મળી શકે, સમજી શકે?

શિખર સ્પેસીસના પ્રોજેક્ટસ RERA-એપ્રૂવ્ડ હોય છે, રોકાણની સુરક્ષા પારદર્શક પ્રક્રિયાઓ, સ્પષ્ટ રજીસ્ટ્રેશન, ઉત્તરાખંડની સિંગલ વિન્ડો ક્લીયરન્સ સિસ્ટમ, ડિઝાસ્ટર રેઝિસ્ટન્ટ ડિઝાઈન અને વીમા વિકલ્પો દ્વારા સુનિશ્ચિત થાય છે.

ઓછામાં ઓછા 7% ROI રોકાણ પર વળતરની અમે ખાતરી આપીએ છીએ, કેપિટલ એપ્રિશિયેશન અને ટકાઉ, પ્રવાસન-સંચાલિત, બ્લુ ઝોન-પ્રેરિત મિલકતોમાંથી ભાડાની આવકનો સમાવેશ થાય છે. ઉત્તરાખંડના અફોર્ડેબલ જમીનના ભાવ અમને રોકાણ પર ઉત્કૃષ્ટ વળતર આપવાની અમને જગ્યા આપે છે. સેકન્ડ હોમ બાયર્સ માટે ભાડાની આવક (રેન્ટલ ઇન્કમ) માટે પ્લાન્સ પ્રમાણે અમારા પ્રોજેક્ટ્સમાં સુંદર-આકર્ષક વિલાઓને પ્રિમિયમ સુવિધાઓયુક્ત તૈયાર કરી હોય છે. ટુરિઝમ ઉત્તરાખંડ રાજ્યના અર્થતંત્ર ધબકતું રાખે છે, આ મિલકતો આકર્ષક રેન્ટલ હોલિડેઝ તરીકે પણ કામ કરે છે. ઉત્તરાખંડની કુદરતી આફતો પ્રત્યે સંવેદનશીલતા સાથે, ટકાઉ ડેવલપમેન્ટ મહત્વપૂર્ણ છે.

શિખર સ્પેસીના 20થી વધુ સફળતાપૂર્વક પૂર્ણ થયેલા પ્રોજેક્ટ્સ વિશ્વસનીયતા સુનિશ્ચિત કરે અમારો ટ્રેક રેકોર્ડ બતાવે છે. શરૂઆત કરવા માટે અમારા સ્થાનિક પ્રતિનિધિનો સંપર્ક કરો. જેમને રસ પડે તેવા રોકાણકારો ઉત્તમ કનેક્ટિવિટીનો ઉપયોગ કરીને અમારી લેગેસી, કામ જોવા માટે અને રોકાણોને અંતિમ સ્વરૂપ ઉત્તરાખંડની મુલાકાત લો જેથી તેજીવાળા રિઅલ એસ્ટેટ માર્કેટમાં તમારું રોકાણ સુરક્ષિત થઈ શકે.

શિખર સ્પેસીસ આ વિઝનને કેવી રીતે સાકાર કરે છે?

ઉત્તરાખંડના વતની તરીકે, પર્યાવરણીય સંભાળની ભાવના અમારા દૈનિક જીવનમાં વણાયેલી છે. રાજ્યનો બે તૃતીયાંશ ભાગ જંગલોથી ઘેરાયેલો છે, જેમાં 20% જેટલો પર્વતીય ભાગ ડેવલપ કરી શકાય તેવો નથી, જેથી ડેવલપમનેટ માટે ફક્ત 15% ભાગ બાકી રહે છે, જે વધુ પડતા કોમર્શિયલ ડેવલપમેન્ટના જોખમોને દૂર કરે છે. અમે ભારતનું પ્રથમ બ્લુ ઝોન જેવી પહેલો કરી રહ્યા છીએ, બ્લુ ઝોન એક એવું મોડેલ જે ઇકો-ફ્રેન્ડલી જીવનને પ્રાથમિકતા આપે છે.

શું તમે બ્લુ ઝોન અને તેના રહેવાસીઓના ફાયદા વિષે અમારા વાચકોને વિગતવાર જણાવી શકો છો?

બ્લુ ઝોન એ એક કાળજીપૂર્વક આયોજન કરવામાં આવતી કમ્યુનિટી છે જે ટકાઉ આર્કિટેક્ચર, ગ્રીન જગ્યાઓ અને સુખાકારી (વેલબિંઇગ) -કેન્દ્રિત સુવિધાઓ દ્વારા આયુષ્ય અને સુખાકારી વધારવા માટે રચાયેલ છે. આ સિદ્ધાંતોને અનુસરીને, અમે પર્યાવરણને થતી અવળી અસરોને ઘટાડીને સ્વસ્થ જીવનશૈલીને પ્રોત્સાહિત કરીએ છીએ.

તમે ભારતની પ્રથમ બ્લુ ઝોન-પ્રેરિત કમ્યુનિટી વિકસાવવાનું કેમ નિર્ણય કર્યો?

હું કહીશ કે બ્લુ ઝોને અમને પસંદ કર્યા. બ્લુ ઝોનમાટે આદર્શ અનુકૂળ પરિસ્થિતિઓ - તાજી હવા, સ્વચ્છ પાણી, ઓર્ગેનિક ખોરાક, મજબૂત સમુદાય અને પ્રકૃતિ સાથે સંવાદ - ઉત્તરાખંડમાં પહેલેથી જ અસ્તિત્વમાં છે. પરિસ્થિતિઓ સાનુકૂળ હતી જ, અમે તેને ફક્ત લાઇફસ્ટાઇલ આપી. આનંદવન વિલાસમાં, પ્રાચીન આશીર્વાદ "દીર્ઘાયુ ભવઃ" - તમે લાંબા સમય સુધી જીવો અમારી મૂળ ફિલસૂફી છે, તે એક એવું વચન છે જેને પાળવાનો અમે રોઝેરોઝ પ્રયત્ન કરીએ છીએ. અમે દીર્ઘાયુષ્યનું સ્વર્ગ બનાવી રહ્યા છીએ, જ્યાં જીવન ફક્ત લાંબુ જ નહીં પરંતુ ઊંડાણપૂર્વક પરિપૂર્ણ પણ થાય. અમારા રોકાણકારો માટે, તે દીર્ઘાયુષ્ય સાથે વળતર પણ વધે - 7%ના ઓછામાં ઓછા ખાતરીપૂર્વક ROI અને વધતી માંગ સાથે, આ આરોગ્ય, વારસો અને કાયમી મૂલ્યમાં રોકાણ છે.

શિખર સ્પેસીસની સફળતાનું રહસ્ય શું છે અને તેને તમે કેવી રીતે વિકસતું રાખો છો?

શિખર સ્પેસીસની સફળતાનું રહસ્ય અમારા ટીમવર્ક અને વિઝનરી લીડરશિપમાં રહેલું છે. મેનેજિંગ ડિરેક્ટર (Retd.) કર્નલ રોહિત મિશ્રાના નેતૃત્વ હેઠળ, અમારી સમર્પિત ટીમ શ્રેષ્ઠ પ્રદર્શન અને સતત ઉત્કૃષ્ટતા ઝંખે છે. તેમની લીડરશિપમાં ભારતના પ્રથમ બ્લુ ઝોન-પ્રેરિત કમ્યુનિટી જેવા નવીન, ઇકો-ફ્રેન્ડલી ડેવલપમેન્ટને સુનિશ્ચિત કરે છે, જે ટકાઉ લક્ઝરીને હાઈ રિટન સાથે જોડે છે.

(Retd.) કર્નલ રોહિત મિશ્રા - MD, શિખર સ્પેસીસ

શિખર સ્પેસીસનું ભવિષ્યનું આયોજન શું છે? તમારા આગામી પ્રોજેક્ટ્સ પર પ્રકાશ પાડશો?

અમે ભીમતાલમાં આનંદવન અને દેહરાદૂનમાં દિશા ફોરેસ્ટ પ્રોજેક્ટસ શરૂ કરવા જઈ રહ્યા છીએ અને તેના માટે અમે ખૂબ જ ઉત્સાહિત છીએ, જેમાં વધુ નવીન સાહસો ક્ષિતિજ પર છે. અમારું વિઝન અડગ છે: ટકાઉ, પર્યાવરણને અનુકૂળ ડેવલપમનેટ સાથે આધુનિક જીવનને પ્રકૃતિની શાંતિ સાથે સુમેળ. વિઝનરી લીડરશીપ અને ટકાઉપણું પ્રત્યે ઊંડી પ્રતિબદ્ધતા દ્વારા, શિખર સ્પેસીસ ઉત્તરાખંડના રિઅલ એસ્ટેટ લેન્ડસ્કેપને રૂપાંતરિત કરવાનું ચાલુ રાખે છે - એક સમયે એક અગ્રણી પ્રોજેક્ટ.

લોકેશન : પદમપુરી, ઉત્તરાખંડ | વિલા : 3, 4, અને 5 બેડરૂમ વીલા

એરપોર્ટ : પંતનગર એરપોર્ટ - 75 km | રેલવે : કાઠગોદામ રેલ્વે સ્ટેશન - 38 km

કનેક્ટિવિટી : ટ્રેન અને હવાઈ માર્ગે નવી દિલ્હી સાથે કનેક્ટિવિટી

ટુરિઝમ : ભીમતાલ તળાવ - ૧૫ કિમી | કૈંચી ધામ - ૨૮ કિમી

વધુ જાણકારી માટે સંપર્ક **8100 444 222** | સુરત - ગુજરાતમાં પર્સનલ મિટિંગ માટે સંપર્ક **9974 868 842**

વધુ જાણકારી માટે વિઝિટ કરો www.shikharspaces.com



India's First Blue Zone-Inspired Community
Where fresh air, pure spring water, and mindful living aren't luxuries—they're your everyday.

PREMIUM SECOND HOMES

ASSURED 7% ROI

Ideal for: Second-home buyers | Holiday rental investors | Long-term legacy planning

For Enquiries Call
8100 444 222

for Personal Meeting in Gujarat:
9974 868 842

Why Invest in Anandvan Villas?

- High-demand tourism zone
- Pollution-free Himalayan setting
- Limited developable land = high appreciation potential
- Developed by Shikhar Group – 20+ successful projects, 30+ years of trust

"दीर्घायु भवः – May you Live Long. Here, that's not just a blessing – it's a blueprint for living and investing.

a project by SHIKHAR SPACES

NOIDA OFFICE
605, 6th Floor, B-block,
ATS Bouquet, Noida Expressway,
Sector-132, Noida, 201304, U.P.

SITE OFFICE
Padampuri,
Near Mukteshwar,
Uttarakhand

SCAN FOR WEBSITE

RERA No.
UKREP02250000616

DWG - ડિઝાઈન વર્ક ગ્રૂપ: મિત્રતા, શ્રેષ્ઠતા, સર્જનાત્મકતા અને મોટા સપનાની કહાની

વિઝનરી દિનેશ સુથાર, ભરત પટેલ અને જીતેન્દ્ર સાબલપરાની ત્રિપુટી

આર્કિટેક્ચરમાં નિપુણતા, પ્રામાણિકતા અને નીતિમત્તા સાથે નવા શિખરો સર કરી રહ્યા છે

સુરત શહેરની ઓળખ હીરા, ટેક્સટાઈલ અને ઝડપી ડેવલપમેન્ટની સાથે થાય છે. તેના રિઅલ એસ્ટટ ડિઝાઇન ક્ષેત્રને નવો રંગ, આકાર અને સુંદરતા આપવામાં ડિઝાઈન વર્ક ગ્રૂપ (DWG)નું વિશેષ યોગદાન છે. 2009માં દિનેશ સુથાર, ભરત પટેલ અને જીતેન્દ્ર સાબલપરાની ત્રિપુટીએ DWGની સ્થાપના કરી, જે આજે 17 વર્ષના અનુભવ, 800થી વધુ પ્રોજેક્ટ્સ અને 25થી વધુ રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય પુરસ્કારો સાથે આર્કિટેક્ચરની દુનિયામાં એક ચમકતું નામ બની ગયું છે. આવો, DWGની સફર, તેમની ફિલોસોફી, સર્જનાત્મક પ્રક્રિયા, ડિઝાઈનની દુનિયાના ટ્રેન્ડ્સ અને સુરતને સુંદર બનાવવાની વિકાસયાત્રામાં તેમની ભૂમિકા અને ભવિષ્યના વિઝનને વિસ્તારથી સમજીએ. ડિઝાઈન કમ્યુનિટી, ડેવલપર્સ, ક્લાયન્ટ્સ અને સમગ્ર રિઅલ એસ્ટેટ ઉદ્યોગ માટે પ્રેરણાદાયી સફરની મજા માણીયે.

યુગેન રિઅલ્ટી,સુરત.

સ્વપ્નનો જન્મ: DWGની શરૂઆત

DWGની કહાનીએ મિત્રતા, મહેનત, સર્જનાત્મકતા, ડીઝાઈનમાં શ્રેષ્ઠતા અને મોટા સપનાઓની કહાની છે. સામાન્ય પરિવારમાં માં જન્મેલા દિનેશ સુથાર અને જીતેન્દ્ર સાબલપરા ચોથા ધોરણથી મિત્રો હતા, જ્યારે ભરત પટેલ કોલેજ દરમિયાન તેમની સાથે જોડાયા. દિનેશે સુરતની SCETથી આર્કિટેક્ચરની ડિગ્રી લીધી અને પછી લંડનની કાર્ડિફ યુનિવર્સિટીમાં અર્બન ડિઝાઈનમાં માસ્ટર્સ કર્યું. લંડનની આંતરરાષ્ટ્રીય આર્કિટેક્ચર ફર્મ સ્ટુડિયો રિયલમાં બે વર્ષ કામ કરી, તેમણે માસ્ટર પ્લાનિંગ અને નેબરહૂડ ડિઝાઈનમાં આંતરરાષ્ટ્રીય અનુભવ મેળવ્યો. જીતેન્દ્ર અને ભરતે સુરતમાં વિખ્યાત આર્કિટેક્ટ ફાલ્ગુની દેસાઈની ઓફિસમાં કામ કર્યું, જ્યાં તેમને પડકારોનો સામનો કરવાની અને ઝડપથી શીખવાની તક મળી.

ગુજરાતી-મારવાડી માનસિકતા વાળા, કામ ન આવડે તો પણ હાથમાં લઈ લે, શીખે અને પૂરું કરે. **'લેટ્સ ડૂ ઈટ'** વાળો અભિગમ તેમને નીડર બનાવે છે. 2009ના નાણાકીય સંકટ દરમિયાન, જ્યારે બજારમાં મુશ્કેલી હતી, ત્યારે દામોદરભાઈ કચ્છી અને કાનજીભાઈ ભાલાળાના સમર્થનથી ભરત અને જીતેન્દ્રએ ઉધનામાં મેરેડિયન ટાવરમાં ઓફિસ શરૂ કરી. દિનેશ 2010માં લંડનથી પરત ફર્યા અને 2012માં ત્રણેય ઔપચારિક રીતે પાર્ટનર બન્યા. લોગો ડિઝાઈન કર્યો, વેબસાઈટ બનાવી, ઈ-મેલ આઈડી ફોર્મલ રાખ્યા જેથી બજારમાં રેપ્યુટેશન બની.

ફિલોસોફી: આર્કિટેક્ચર એટલે જીવનને સમૃદ્ધ કરવું

DWG માટે આર્કિટેક્ચર એ માત્ર બિલ્ડીંગ કે સ્પેસીસની ડિઝાઇન બનાવવાનું કામ નથી, પણ એક એવું સાધન છે જે વ્યક્તિગત અનુભવને બેસ્ટ કરી લોકોને સારું જીવન જીવવામાં સાઇલેન્ટલી મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ક્લાયન્ટ, ક્લાયમેટ અને નેચરએ પ્રોજેક્ટનો પ્રારંભ બિંદુ છે, પછી ભલે તે આંતરરાષ્ટ્રીય કંપનીનું હેડક્વાર્ટર હોય કે મિનિમલ હાઉસ. DWGની ડિઝાઈન પ્રક્રિયા **"માઈન્ડ સ્કેચ"થી** શરૂ થાય છે, જે ક્લાયન્ટના વિચારો, અભિગમ, જીવનશૈલી, શોખ અને ઈમોશન્સને સમજવાનું એક અનોખું માધ્યમ છે. સવાલ પૂછવામાં આવે, સવારે શું કરો છો? યોગા, જીમ, ચા પીવા બાલ્કનીમાં બેસો? ફેવરિટ ડિરેક્ટર કોણ? ડેવિડ ધવન કે ક્રિસ્ટોફર નોલન? આનાથી ક્લાયન્ટનો ટેસ્ટ અને ઈમોશન્સ સમજાય. તેમના ફ્રેન્ડ આર્કિટેક્ટ કલાપી બૂચ આ "માઈન્ડ સ્કેચ" ફોર્મ બનાવ્યું. જેમાં ઘરમાં દરેકની રિક્વાયરમેન્ટ નોંધવામાં આવે છે. ફોર્મમાં ભરેલી માહિતીથી સમજાય કે કોને કેવી સ્પેસ જોઈએ. આ પ્રક્રિયાથી 90% કેસમાં પ્રથમ લેઆઉટ જ ફાઈનલ થાય, જે DWGની ક્લાયન્ટ-કેન્દ્રી અભિગમની શક્તિ દર્શાવે.

સસ્ટેનેબિલિટી DWGની ડિઝાઈનની આત્મા છે. દરેક પ્રોજેક્ટમાં ક્લાઈમેટ રિસ્પોન્સિવ ડિઝાઈન, નેચરલ લાઈટ, વેન્ટિલેશન અને રીજનલ મટિરિઅલ્સનો ઉપયોગ થાય. સીઝન હાઉસમાં વિન્ડ ટાવર, ટેરાઝો ફ્લોર, ખાસ કોન્ક્રીટ અને અમે બારે સીઝનનું પ્લાન્ટેશન કર્યું જેમકે કેસુડા, ગુલમ્હોર જેવા પ્લાન્ટેશન દ્વારા પાનખર, વસંત કે ફાગણ-હોળીની ઋતુનો અનુભવ આપ્યો. નોર્થ-ઈસ્ટમાં મોટી વિન્ડો મૂકી, જેથી 1.5 ટનના એસીની જગ્યાએ 1 ટન ચાલે. આ ડિઝાઈન ઊર્જા બચાવે છે, નેચર સાથે જોડાણ બનાવે છે અને રેસિડેન્શિઅલ ડિઝાઈનમાં નવા ધોરણો સ્થાપે છે.

DWGની બીજી ખાસિયત છે કસ્ટમ ફર્નિચર અને ઈન્ટિરિઅર ડિઝાઈન. ઓછામાં ઓછાં મટિરિઅલ વાપરીને, અલગ-અલગ ફિનિશ સાથે લક્ઝરીનો અહેસાસ થાય. BIM (બિલ્ડિંગ ઈન્ફોર્મેશન મોડેલિંગ), MEPF અને સ્ટ્રક્ચરલ ડિઝાઈનનો ઉપયોગ DWGની સર્જનાત્મક પ્રક્રિયાને વધુ ચોક્કસ અને ક્લાયન્ટ-ફ્રેન્ડલી બનાવે. ટેકનોલોજીથી ક્લાયન્ટની જરૂરિયાતોને વધુ સારી રીતે સમજે અને ઝડપથી ઉકેલ આપે.

વિષયની ઊંડી સમજ, કામ પ્રત્યેની પ્રમાણિકના અને નીતિમત્તા: DWGનો મજબૂત પાયો

DWGની સફળતાનું રહસ્ય તેમની વિષયની ઊંડી સમજ, કામ પ્રત્યેની પ્રામાણિકતા અને નીતિમત્તા છે. તેઓ કમિશનથી સદંતર દૂર રહે છે. આ કુપ્રથા- બેડ પ્રેકટીસથી ડિઝાઇન ક્ષેત્રનું મોટું નુકસાન થઇ રહ્યું છે. ડિઝાઈન અને ફિનિશ વર્કની ગુણવત્તા પર તેની ખુબ જ મોટી અવળી અસર પડે છે. ક્લાયન્ટે મટિરિઅલ લાવવાનું, તેઓ ફક્ત ડિઝાઈન આપે. એક કિસ્સામાં, જીતેન્દ્રએ એક ક્લાયન્ટને 20,000 ફૂટનો બંગલો ન બનાવવાની સલાહ આપી, કેમકે 8-9 હજાર ફૂટ જ પૂરતા હતા. આ હિંમતથી વિશ્વાસ બંધાયો. અનએથિકલ પ્રેક્ટિસથી ક્લાયન્ટનું નુકસાન થાય. **તેમનું નામ પડે એટલે વેન્ડર લો-ક્વોલિટી મટિરિઅલ પણ ન બતાવે, કહે, 'આ DWGના ગ્રાહકો માટે નથી.'** ગ્રાહકની ભલાઈમાં તેને ના કહેવાની અને પ્રોજેક્ટ હાથમાંથી છૂટવાની તૈયારી પણ રાખવી પડે.

આ પ્રામાણિકતા DWGની ઓળખ બની. ક્લાયન્ટ લાખો-કરોડની જીવનભરની કમાણી તમને સોંપે, એ વિશ્વાસનું શું? iPhone પણ બતાવીને વેચાય, પણ ઘર તો સપનું છે, હજુ બન્યું નથી. આ વિશ્વાસે DWGને બજારમાં અલગ ઓળખ આપી. કામમાં કોઈ ભૂલ થઈ હોય તે તો તેઓ તેને સ્વીકારે અને સુધારે, કેમકે તેમાં માટે હોનેસ્ટી ઇસ બેસ્ટ પોલિસી.

આર્કિટેક્ચર ફીલ્ડની ગંભીરતા

"આર્કિટેક્ચર ભણતી વખતે આ ફીલ્ડની ગંભીરતાનો અહેસાસ નહોતો. ફાલ્ગુનીબેન દેસાઈએ એક દિવસ મને પૂછ્યું, 'તું શું વિચારે છે? આપણે બનાવેલા ઘરમાં કોઈની આખી પેઢી જીવે છે, રિટાયરમેન્ટ જીવે છે. આ ડોક્ટર કરતાં પણ મોટી જવાબદારી છે, તું કેટલો તૈયાર છો?' આ વાતે મને ઝાટકો આપ્યો. બે-ત્રણ દિવસ વિચારતો રહ્યો. પછી 200-250 બુક્સ રીફર કરી, FLW, આરવોસીઝા, આઈએન પાય જેવા આર્કિટેક્ટ્સની સ્ટોરી સમજ્યો. એ પછી ખરો અહેસાસ થયો કે આર્કિટેક્ચર એટલે માત્ર ડિઝાઈન નહીં, પણ જીવનને આકાર આપવાની જવાબદારી છે. એટલે અમારી દરેક ડિઝાઇનના કેન્દ્રમાં અમારા માનવંતા ગ્રાહકો જ હોય છે," તેમ જિતેન્દ્ર જણાવે છે.

સુરતની સ્કાયલાઈન ડિઝાઇન પર પુનર્વિચારની જરૂર

સુરત ઝડપથી વિકસી રહ્યું છે, પણ આર્કિટેક્ચરલ દ્રષ્ટિએ "અંડરપર્ફોર્મિંગ" છે. બિલ્ડિંગ્સ લીવેબલ, ઈનોવેટિવ અને અપીલિંગ હોવી જોઈએ. અહીંની બિલ્ડિંગ્સમાં ક્રિએટિવ ડિઝાઇનિંગ, ઓપન સ્પેસ અને કોમ્યુનિટી સ્પેસની કમી છે. આઉટ ઓફ ધ બોક્સ વિચારવું એટલે ઓછી કમાણી નહીં, પણ એવી ડિઝાઇન કે જે પ્રોજેક્ટને પ્રીમિયમ બનાવે, મૂલ્ય ઉમેરે અને ઝડપથી વેચાય. ઇનોવેટિવ, ફંક્શનલ અને એસ્થેટિકલી અપીલિંગ ડિઝાઇનની સુરતને તાતી જરૂરિયાત છે. મોટા ડેવલપર્સે હિમ્મત બતાવી, શહેરને ચાર ચાંદ લગાવે તેવા બિલ્ડિંગ્સ બનાવવાની આ તક જડપવી જોઈએ.

ટીમ કલ્ચર: સર્જનાત્મકતા અને બોન્ડિંગ

DWGની ટીમમાં યુવા, નિષ્ણાંત અને અનુભવી ડિઝાઇન પ્રોફેશનલ્સ સામેલ છે, જેમાં આર્કિટેક્ટ્સ, સિવિલ એન્જિનિયર્સ, અર્બન ડિઝાઈનર્સ અને ઇન્ટિરિઅર ડિઝાઈનર્સનો સમાવેશ થાય. ઓફિસ ટાઈમ 9:30થી 6:30નો છે, લંચ બ્રેકમાં સ્ટાફ સાથે બેસીને જમે. 1:00 થી 2:00 દરમિયાન તેમેન ત્યાં 'અંદર ન આવવું'નું બોર્ડ લાગી જાય. દર શનિવારે સાંજે 5:00 વાગે પ્રેઝન્ટેશન થાય – આર્કિટેક્ચર, ઇન્ટિરિઅર, યોગા, મૂવી, પોલિટિક્સ કે ગમે એ વિષય પર.

કેવ હાઉસ, સુરત

સીઝન હાઉસ, સુરત

સુરત ઝડપથી વિકસી રહ્યું છે, પણ આર્કિટેક્ચરલ દ્રષ્ટિએ "અંડરપર્ફોર્મિંગ" છે. બિલ્ડિંગ્સ લીવેબલ, ઈનોવેટિવ અને અપીલિંગ હોવી જોઈએ. ડિઝાઇન જ પ્રોજેક્ટને પ્રીમિયમ બનાવે, મૂલ્ય ઉમેરે અને ઝડપથી વેચાય તેવી હોવી જોઈએ. ઇનોવેટિવ, ફંક્શનલ અને એસ્થેટિકલી અપીલિંગ ડિઝાઇનની સુરતને તાતી જરૂરિયાત છે. મોટા ડેવલપર્સે હિમ્મત બતાવી, શહેરને ચાર ચાંદ લગાવે તેવા બિલ્ડિંગ્સ બનાવવાની આ તક જડપવી જોઈએ.

ગ્રીનલેબ ડાયમંડ્સ, સુરત

જે બી ગ્લાસ, ઝજ્જર

બ્રોડવે ઇન્ટરનેશનલ સ્કૂલ, સુરત

મીરા હાઉસ, , સુરત

પછી ચર્ચાઓનો દૌર ચાલે જે ટીમમાં સર્જનાત્મકતા જગાડે.

ટ્રેકિંગ ટ્રિપ્સ, આર્કિટેક્ચરલ સ્ટડી ટુર, આર્કિટેક્ટ્સ-બિલ્ડર્સ સાથે ડિસ્કશન ચાલતા રહે . શરૂઆતમાં આખી ટીમ જતી, હવે પાંચ-પાંચની બેચમાં જાય. આ ટ્રિપ્સ ટીમના બોન્ડિંગ અને નવું શીખવાની ભૂખને વધારે. તેઓની લાઈફસ્ટાઈલ પણ મિનિમલીસ્ટીક છે.

પુરસ્કારો અને સફળતાઓ

DWGના 25થી વધુ પુરસ્કારો તેમની શ્રેષ્ઠતાનો પુરાવો છે. 2024નો વર્લ્ડ આર્કિટેક્ચર ફેસ્ટિવલ (WAF) ફાઇનલિસ્ટ બનવું અને BLT એવોર્ડ (કેવ હાઉસ - સુરત) તેમની સૌથી મોટી સિદ્ધિઓમાંની એક છે. WAF જેવા પ્રતિષ્ઠિત એવોર્ડ માટે તેઓ પોતાને પૂરતા પરિપક્વ નહોતા માનતા, પરંતુ હિંમત કરી પ્રોજેક્ટ સબમિટ કર્યો, એવોર્ડ મળ્યો અને વૈશ્વિક સ્તરે ઓળખ મળી. 2023નો ICEA અલ્ટ્રાટેક એવોર્ડ (શેભી હાઉસ) સહિત અન્ય પુરસ્કારોએ DWGની ઓળખને વધુ મજબૂત કરી. તેઓ ArchDaily, RED in Monochrome, Braun, IAG, BA, Domus, Archello, Dezeen, AD, Mooool, DIVISARE, Architizer જેવી અનેક ઓનલાઈન અને પ્રિન્ટ ટ્રેડ પબ્લિકેશન્સમાં ફીચર થયા છે. તેમાં માટે સૌથી મોટો પુરસ્કાર એ તેમના ખુશ અને સંતુષ્ટ ગ્રાહકો છે.

ભવિષ્યનું વિઝન: સસ્ટેનેબલ અને માનવકેન્દ્રી ડિઝાઇન

DWG આર્કિટેક્ચરનું ભવિષ્ય સસ્ટેનેબલીટી, સ્માર્ટ ટેક્નોલોજી અને માનવકેન્દ્રી ડિઝાઈનમાં જુએ છે. સુરતમાં પબ્લિક સ્પેસની કમી છે. લોકો રાતે ફરવા નીકળે, પણ બધું બંધ હોય. બીજા દેશોમાં આખો મહિનો રજા હોય, લોકો એન્જોય કરે. DWGનું સ્વપ્ન છે સુરતને એવું શહેર બનાવવું જ્યાં ડિઝાઈન દ્વારા શાંતિ, સમાવેશ અને સસ્ટેનેબીલીટી આવે. તેઓ કહે છે કે 85 વર્ષે પણ કામ કરતાં રહીશું, કેમકે નવું શીખવાની ભૂખ હંમેશા રહેશે.

યુવા ડિઝાઈનર્સ અને ડેવલપર્સને સંદેશ

DWGનો સંદેશ યુવા ડિઝાઈનર્સ અને ડેવલપર્સ માટે સ્પષ્ટ છે: વિષયની ઊંડી સમજ કેળવો, સંતોષ, પ્રામાણિકતા સાથે આર્કિટેક્ચરને ન્યાય આપો. કામ નાનું-મોટું ન જોવું. 300 ફૂટ હોય કે 3 લાખ ફૂટ, દરેક પ્રોજેક્ટમાં જીવ રેડી દો. ક્લાયન્ટનો વિશ્વાસ જીતો, ખોટી નીતિથી દૂર રહો. મહેનતને સ્ટ્રગલ ન કહો, એ કઇંક નવું શીખવાની તક છે.

DWGની સફર એક એવી કહાની છે જે પ્રેરણા આપે છે—મિત્રતા, પ્રામાણિકતા અને સર્જનાત્મકતાની તાકાતથી શરૂ થયેલી એક સંસ્થા, જેણે સુરતના ડિઝાઈન ક્ષેત્રને એક આગવી ઓળખ આપી, નવો આકાર આપ્યો છે. ગ્રીનલેબ ડાયમંડ્સ, કેવ હાઉસ અને સીઝન હાઉસ જેવા પ્રોજેક્ટ્સથી DWGએ બતાવ્યું કે આર્કિટેક્ચર એ માત્ર ઈમારતો નથી, પણ એક એવી ફિલોસોફી છે, સ્વપ્ન છે જે જીવનને સમૃદ્ધ કરે. યુવા ડિઝાઈનર્સ, ડેવલપર્સ, ક્લાયન્ટ્સ અને રિઅલ એસ્ટેટ સાથે સંલગ્ન દરેક વ્યક્તિ માટે DWGની સફળતા એક ઉદાહરણ છે કે કેવી રીતે નીતિમત્તા, સસ્ટેનેબીલીટી અને ક્લાયન્ટ-કેન્દ્રીત અભિગમથી શહેરનું ભવિષ્ય બદલી શકાય. **"દરેક વખતે શ્રેષ્ઠ બનાવવાનો પ્રયાસ"—આ DWGનો મંત્ર છે**, અને આ જ તેમની સફળતાનો પાયો છે.

જીતેન્દ્ર સાબલપરા

પ્રિન્સિપાલ ડિઝાઈનર | સ્થાપક,
માસ્ટર ઈન સિટી ડિઝાઈન, SCET, સુરત -2012
બેચલર ઈન આર્કિટેક્ચર, SCET, સુરત - 2005

સર્જનાત્મક લીડરશીપને ઉદ્યોગસાહસિક વિજન સાથે જોડે છે, ખાસ કરીને કોર્પોરેટ હેડક્વાર્ટર્સ, ડાયમંડ ફેક્ટરીઝ અને રેસિડેન્સીસ માટે વિશિષ્ટ ડિઝાઇનીંગ કરે છે. લોકો સાથે સંબંધ બાંધવામાં નિપૂર્ણ, ભવ્ય અને આકર્ષક ડિઝાઇનમાં વિશ્વાસ, જે તેમના કામમાં દેખાય છે. ડિઝાઇન ફિલોસોફી અને વર્તમાન વિષયો પર ચર્ચા કરવાનું પસંદ

દિનેશ સુથાર

પ્રિન્સિપાલ ડિઝાઈનર | સ્થાપક, માસ્ટર ઓફ આર્ટ્સ ઈન અર્બન ડિઝાઈન, કાર્ડિફ યુનિવર્સિટી (ગોલ્ડ મેડલિસ્ટ) , યુકે 2007
બેચલર ઈન આર્કિટેક્ચર, SCET, સુરત 2005

17 વર્ષથી વધુના અનુભવ સાથે પશ્ચિમ વૈશ્વિક અનુભવોને ભારતીય સંસ્કાર સાથે શ્રેષ્ઠ રીતે જોડ્યા છે. સિમ્પલ છતાં આકર્ષક ડિઝાઈન સોલ્યુશન્સ આપવામાં માને છે. ફંક્શનલ અને મિનિમલ ડિઝાઇનમાં વિશ્વાસ રાખે છે. સ્પષ્ટતા, જ્યોમેટ્રી અને ડિટેલિંગ તેમના કામની ઓળખ છે. તેઓ ડિઝાઇન ઇન્સ્ટિટ્યુટોમાં વિઝિટિંગ ફેકલ્ટી અને જ્યુરી તરીકે પણ યોગદાન આપે છે.

ભરત પટેલ

પ્રિન્સિપાલ ડિઝાઈનર | સ્થાપક, માસ્ટર ઈન સિટી ડિઝાઈન, SCET, સુરત | 2012, બેચ. ઈન આર્કિટેક્ચર, IPSA, રાજકોટ 2006

સ્થાનિક સંસ્કૃતિને અને આધુનિક ડિઝાઇનને સુંદર રીતે જોડે છે. સંસ્થાઓ, રેસિડેન્સીસ અને રિસોર્ટ્સના કાર્યોમાં તેમના અનુભવો અને ભારતમાં કરેલ મુસાફરીનો પ્રભાવ સ્પષ્ટ દેખાય છે. વાસ્તવિક અને સંવેદનશીલ ડિઝાઇન પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા દરેક પ્રોજેક્ટમાં વ્યક્તિગત સ્પર્શ લાવે છે, ટ્રાવેલિંગ અને ફોટોગ્રાફીના શોખીન છે

સોહેલ મન્સુર, ચેરમેન, IIID SRC

સુરતની ઝળહળતી યજમાનીમાં યોજાઈ IIID વેસ્ટ ઝોનલ એવોર્ડ નાઈટ - ડિઝાઇન પ્રતિભાના મહોત્સવની ઉજવણી

INDIAN INSTITUTE OF INTERIOR DESIGNERS

સુરતની ડિઝાઇન ટેલેન્ટનું જબરદસ્ત પ્રદર્શન: મોટા ભાગના વિજેતાઓ સ્થાનિક ડિઝાઇનર્સ

કેટેગરીવાઈઝ વિનર્સ

કેટેગરી: સ્મોલ રેસિડેન્શિયલ ઈન્ટીરિયર્સ	
વિનર	મનોજ રમેશભાઈ પટેલ
રનર-અપ	શ્વેતા કીર્તિકુમાર જૈન
કોમેન્ડેશન	સંજય રામાણી
કોમેન્ડેશન	ચિરાગ ધીરેન્દ્ર દોશી
કેટેગરી: લાર્જ રેસિડેન્શિયલ ઈન્ટીરિયર્સ	
વિનરહાર્દિક	ભદ્રેશ શાહ
રનર-અપ	આયુષી ગજ્જર
રનર-અપ	સ્નેહલ શાહ
કોમેન્ડેશન	મેધા પટેલ વડોદરિયા
કોમેન્ડેશન	અર્પિત અશોક જૈન
કેટેગરી: સ્મોલ કમર્શિયલ સ્પેસ ઈન્ટીરિયર્સ	
વિનર	આર્ચિસ પટેલ
રનર-અપ	ચિરાગ જયંતિલાલ વડગામા
રનર-અપ	હિતાર્થ મજિઠિયા
કોમેન્ડેશન	મયૂર પ્રવીણભાઈ મંગુકિયા
કોમેન્ડેશન	સમીર કુલકર્ણી
કોમેન્ડેશન	વિશાલ શાહ
કેટેગરી: લાર્જ કમર્શિયલ સ્પેસ ઈન્ટીરિયર્સ	
વિનર	ધ્રુવ વિજય છલિયાવાલા
રનર-અપ	શબાના સદીકોટ
કોમેન્ડેશન	મનોજ રમેશભાઈ પટેલ
કેટેગરી: હોસ્પિટાલિટી ઈન્ટીરિયર્સ	
વિનર	વિરલ ચમણભાઈ પટેલ
રનર-અપ	પૂજા જયેશ શાહ
કોમેન્ડેશન	સાગર શાહ
કોમેન્ડેશન	ચિન્મય લાઈવાલા
કેટેગરી: ઇન્સ્ટિટ્યુશનલ એન્ડ સિવિક ઈન્ટીરિયર્સ	
કોમેન્ડેશન	ભાવેશ પટેલ
કેટેગરી: સસ્ટેનબલ ઈન્ટીરિયર્સ	
વિનર	સાગર શાહ
રનર-અપ	નેહલ હેમંતકુમાર પટેલ
કોમેન્ડેશન	વિશાલ કે. દેસાઈ
કોમેન્ડેશન	દેવાંશી મનીષ દોશી
કેટેગરી: પ્રોડક્ટ એન્ડ ફર્નિચર ડિઝાઇન / આર્ટ ઇન્સ્ટોલેશન / ક્રાફ્ટ નો ઉપયોગ	
વિનર	સલોની સતીશભાઈ પારેખ
રનર-અપ	સલોની શાહ
કોમેન્ડેશન	હેમાંશી પરિમલ શાહ
કોમેન્ડેશન	સત્યદીપ બાલકૃષ્ણ વદનેરે
કેટેગરી: યંગ પ્રેક્ટિસ ઑફ ધ યર	
વિનર	હિતાર્થ મજિઠિયા
રનર-અપ	દેવાંશી મનીષ દોશી
કોમેન્ડેશન	ચિન્મય રસેશ પટેલ
કોમેન્ડેશન	ધ્રુવ વિજય છલિયાવાલા

યુગેન રિઅલ્ટી, સુરત.

ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ટીરિઅર ડિઝાઈનર્સ (IIID) દ્વારા ડિઝાઇન એક્સેલન્સ એવોર્ડ્સ 2022–25 – વેસ્ટ ઝોનલ એવોર્ડ નાઈટના ભવ્ય આયોજ કરવા આવ્યું હતું. આ સર્જનાત્મકતા અને કુશળતાનો ઉત્સવ સુરત મેરિયટ હોટેલ ખાતે ઉજવાયો. આ ઝળહળતી સંધ્યાનું આયોજન IIID સુરત રીજનલ ચેપ્ટર ચેરમેન Ar. સોહેલ મન્સુર અને મેનેજિંગ કમિટી દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

SIMPOLO અને GRINLAM INDUSTRIESના સહયોગથી આયોજિત આ ઇવેન્ટમાં વેસ્ટ ઝોનના રેઈસડેન્શિઅલ, કમર્શિઅલ, ઇન્સ્ટિટ્યુશનલ અને હોસ્પિટાલિટી, પ્રોડક્ટ ડિઝાઇન, સિવિક, યંગ પ્રેક્ટિસ વગેરે કેટેગરીમાં શ્રેષ્ઠ ઇન્ટીરિઅર ડિઝાઇન પ્રોજેક્ટ્સને અવૉર્ડ્સથી સન્માનવામાં આવ્યા હતા. IIID દ્વારા સમગ્ર દેશમાં ડિઝાઇન ઉત્કૃષ્ટતા માટે ચલાવાતી પહેલના રૂપમાં આ એવોર્ડ નાઈટનું વિશિષ્ટ મહત્વ છે.

આ યાદગાર સાંજમાં સ્ટેન્ડ અપ કોમેડિઅન આશિષ સોલંકીએ તેમના શાર્પ વિટ અને પ્રેરક જોક્સથી દર્શકોને હસાવ્યા અને મંચને ગૂંજતો રાખ્યો. કાર્યક્રમમાં IIID નેશનલ એક્ઝેક્યુટિવ કમિટીમાંથી Ar. સરોષ એચ. વાડિયા (પ્રેસિડેન્ટ), Ar. જીગ્નેશ મોદી, પ્રેસિડેન્ટ ઇલેક્ટ - ઓન. ટ્રેઝરર, Ar. શમિની શંકર જૈન (હોન. સેક્રેટરી) અને Ar. બિંદી સાવલાપુરકર (એવોર્ડ કમિટી હેડ) જેવા મહાનુભાવો ઉપસ્થિત રહ્યા અને વિજેતાઓને શુભેચ્છાઓ પાઠવી.

ટેલેન્ટેડ ડિઝાઇનર્સના કામને માણવા માટે દક્ષિણ ગુજરાતના ઉદ્યોગજગત અને ડિઝાઇન સમુદાયનો ઉત્સાહ જોયે લાયક હતો. વિશેષ વાત એ રહી કે મોટા ભાગના વિજેતાઓ અને પ્રશંસાપત્ર પ્રાપ્ત ડિઝાઇનર્સ સુરતના હતા - જેના કારણે સુરતની નવી પેઢી અને સશક્ત ડિઝાઇન પ્રતિભાની ઝાંખી સમગ્ર દેશ સમક્ષ રજૂ થઈ. ઉલ્લેખનીય છે કે, આ એવોર્ડ માટે પ્રતિષ્ઠિત જ્યુરીના ભાગ રૂપે આર્કિટેક્ટ વિજય ચૌહાણ અને આર્કિટેક્ટ આઝમી વાડિયાએ સુરતનું પ્રતિનિધિત્વ કર્યું હતું, જે રાષ્ટ્રીય ડિઝાઇન લીડરશિપમાં સુરત શહેરની વધતી જતી હાજરીને વધુ રેખાંકિત કરે છે.

આ કાર્યક્રમને સફળ બનાવવામાં Ar. સોહેલ મન્સુર, ઈમી. પાસ્ટ ચેરમેન - Ar. રૂપેશ કાપડિયા, વાઇસ ચેરમેન - માર્ગેશ વાંકાવાલા, ઓન. સેક્રેટરી - Ar. નીતિ શાહ, JT. ઓન. સેક્રેટરી - Ar. વૈશાલી ચૌહાણ, ટ્રેઝરર - Ar. આશિષ પટેલ અને ટીમનો સહયોગ અને યોગદાન રહ્યું હતું. IIID પોતાના વિચારશીલ અને ટકાઉ ડિઝાઇનના મિશન સાથે આગળ વધી રહ્યું છે અને આવી એવોર્ડ નાઈટ્સ નવું દિશાસૂચન પૂરું પાડી રહી છે.

આ કાર્યક્રમ IIID નેશનલ હેડ ઑફિસ તરફથી આયોજીત કરવામાં આવી હતી, છતાં ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ આર્કિટેક્ટ્સ (IIA)ના સુરત સેન્ટરના ચેરમેન આર્કિટેક્ટ વિજય ચૌહાણ અને તેમની ઉત્સાહી ટીમના નેતૃત્વ હેઠળ, સંપૂર્ણ સહયોગ આપી આ કાર્યક્રમને ભવ્ય અને સફળ બનાવવામાં મદદરૂપ થયા હતા. IIID સુરત અને IIA સુરત વચ્ચેનો સમન્વય રાષ્ટ્રીય સ્તરે વિશેષ છે અને બંને સંસ્થાઓ મળીને ડિઝાઇન ક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે સક્રિય કાર્ય કરી રહી છે.

IIID વેસ્ટ ઝોનલ એવોર્ડ વિનર્સ

સંજય રામાણી - JAGYA DESIGN

હાર્દિક શાહ - સ્ટુડિયો લોગોમ

ભાવેશ પટેલ - Bplusk આર્કિટેક્ટ્સ

સ્નેહલ શાહ - ધ્રુવ ચલિયાવાલા - એસ્ટીમ

મયુર પ્રવિણભાઈ માંગુકિયા

વિશાલ શાહ - વિશાલ દેસાઈ - આંગન

ધ્રુવ વિજય ચલિયાવાલા - એસ્ટીમ

પૂજા જયેશ શાહ-નીલ પારેખ, કંપની ઓફ ડિઝાઇન

ચિન્મય લાલવાલા નિઓજેનેસિસ - સ્ટુડિયો0261

સાગર શાહ - આશિષ પટેલ સ્ટુડિયો4

સાગર શાહ - સ્ટુડિયો ૪

નેહલ પટેલ - એન આર્કિટેક્ટ્સ

વિશાલ દેસાઈ - વિશાલ શાહ - આંગન કોલેબોરેટિવ

સલોની પારેખ - ALIYN

સલોની શાહ

સત્યદીપ વડનેરે - આર્ટિટ્યુડ સ્ટુડિયો

rigveda® PMC Pvt. Ltd.

Your Trusted Project Management Partner

Expert PMC Solutions for Real Estate & Construction

Residential, Commercial, Hotel, Hospital, Education any Project

INNOVATE, TRANSFORM AND GROW

Co-ordination between Client, Architect & Agencies

Site Control | Planning & Scheduling | Contract Management | Work Execution | Material Management | Quality Management | On-Site Supervision | Cost Management

Scan for more Info
therigvedapmc.com

Transforming Visions into Reality for Civil & Interior Project

93772 25805
96874 75805

info@therigvedapmc.com
510, SNS Business Park, Opp. JH Ambani School Udhana Magdalla Road, Piplod, Surat - 395007.

Strategic Business Opportunity in World's Renowned Dahej Port city/SEZ/SIR in South Gujarat

We are inviting Joint Venture Partners, Franchise Associates, Construction Firms, Material Suppliers, and Financially Sound Investors to collaborate on over 5 million sq. ft. of high-potential development projects in Dahej SEZ / Special Investment Region, Bharuch – Gujarat.

Upcoming Projects:
500-Unit Corporate Studio Apartments (Fully Furnished, Long Lease) | Corporate Hotel – 108 Keys | Shopping Mall | Corporate Office Avenue | Club, Resort & Party Plots | Hospital | Warehouses | Residential Townships | Commercial Complexes | Business Hub | Entertainment zone

Ideal Partners:
Investors, Financier, Developers, Consultants and Vendors with Proven Credentials. Please Share Your Business Profile & Govt. - Verified Company Documents of the Past 3 Years.

Let's Build the Future of Dahej Together

Connect Now: dahejinfraprojects@gmail.com | 99243 73188 | 98253 28878

કાફે - રેસ્ટોરન્ટ - રિટેલ શોરૂમસ માટે પાલ અડાજણમાં બેસ્ટ સ્પેસ

સેલ / રેન્ટ પર આપવાની છે

- ✓ પ્રાઇમ લોકેશન : નિશાલ આર્કેડ, પાલ
- ✓ ટુ રોડ ફ્રેસિંગ - બેસ્ટ વ્યુ
- ✓ એરિયા : 2898 ચો.ફૂટ
- ✓ પ્રાઇમ રેસિડેન્શિયલ-કોમર્શિયલ ઝોન
- ✓ ઉત્તમ ફૂટફોલ - કનેક્ટિવિટી
- ✓ રેડી પઝેશન
- ✓ કાફે-રેસ્ટોરન્ટ રેડી સેટ અપ

Best Place
Best Opportunity

Contact Owner :
Kaushal Patel - 99986 31999

પશ્ચિમ ભારતની હાઈરાઈઝ સ્કાઈ લાઈન હવે બદલાઈને સ્કાઈ વિલા તરીકે ઓળખાશે

આર્કિટેક્ટ અશોક દેસાઈ
આવી સ્ટર્નિંગ ન્યૂ એજ ડિઝાઈન
કન્સલ્ટન્સી માટે સંપર્ક
Email :
+91 878 008 9449
ashokdesarch@yahoo.com

યોગ્ય જગ્યા સવારે અને સાંજે ફેમિલી ગેધરિંગમાં વપરાય અને એમાં હોર્ટિક્લચર માટે પણ વ્યવસ્થિત જગ્યા મળે, નવી જનરેશન આવી વ્યવસ્થા આઉટડોર લિવિંગ યુનિટ ગાર્ડન જે સરળ ભાષામાં સ્કાય વીલા તરીકે ઓળખાય છે.

The Origin - 360 Life at Hyderabad

Ikebana by Gala at Sindhu Bhavan Road, Ahmedabad



Ikebana by Gala at Sindhu Bhavan Road, Ahmedabad

યુગેન રિઅલ્ટી, સુરત.

૧૯૮૦માં સુરતની વસ્તી ૪૦ લાખની હતી. સુરતમાં બિઝનેસની ઘણી તકો રહેવાથી એટલે બીજા રાજ્યોમાંથી પણ ઘણા લોકો ધંધાના વિકાસ માટે આવ્યા જ્યારે એ લોકો આવ્યા ત્યારે એ લોકોની પ્રથમ જરૂરિયાત મકાનની હતી. એટલે ત્યારે રેસિડેન્સિઅલ આવાસો નાના હતા. પરંતુ સમય જતા. એ લોકો ધંધામાં પ્રગતિ કરી અને સાથે નવું જનરેશન પણ જોડાયું એટલે હાલ આવાસો બને છે તેના કાર્પેટ એરિયા ૪,૦૦૦ થી ૫,૦૦૦ સુધી થયો તે પણ એક જ લેવલ પર જેમાં વૈભવી લિવિંગ રૂમ અને કિચન/ડાઈનીંગ એ ત્રણ જ સિંગલ સ્પેસમાં અને તેની બંને બાજુ બે વધારે રાખે છે પરંતુ બેડરૂમમાં પ્રાઈવસીનો અભાવ. ધંધામાં સારા પૈસા મેળવ્યા પછી અને સફળતા સમાજમાં બતાવવા માટે લિવિંગ રૂમની ભવ્યતા બતાવવા જરૂર કરતા વધારે રાખે છે પરંતુ એની હાઈટ 10 ફૂટ જ હોવાથી એની ભવ્યતાનો પ્રભાવ પડતો નથી. જ્યારે ડેવલપર કોઈ પણ પ્રોજેક્ટ બજારમાં મૂકે ત્યારે પેન્ટહાઉસ સૌ પ્રથમ પહેલા વેચાય જાય છે. અને તે પણ સારા ભાવે કારણ કે એક જ બંધ બારણે એમને બંગલાની બધી સગવડો મળી રહે છે. અને એનો એરિયા વધારે હોવાથી ત્યાં હોર્ટિકલચર અને ફ્લોરીકલચર માટે સગવડ મળે છે.

હવે નવું જનરેશન પૈસા પણ થવાથી ઘરની જરૂરિયાત આવાસો ઉપરાંત બીજી ઘણી જરૂરિયાતો મેળવી હોલિસ્ટિક જિંદગીની ઉપભોક્તા વધી. આમ સારી જિંદગી જીવવા માટેનો આદર્શ ઉપાય જમીનને લાગીને બંગલાનો ઉપાય છે. પરંતુ જમીનની કિંમત વધારે હોવાથી એ શક્ય નથી. વૈભવી ફ્લેટો માટે જે આપણે પેન્ટહાઉસની પેટર્ન પાર આખા એપાર્ટમેન્ટની ડિઝાઈન બનાવ્યા તો એમાં આપણે લિવિંગરૂમની ડબલ હાઈટ રાખી શકીયે. આ લાભ ફક્ત ગુજરાતમાં જ છે, મહારાષ્ટ્ર અને બીજા રાજ્યમાં નથી. આ પ્રમાણે કરવાથી લાર્જ એરિયા લિવિંગરૂમને પ્રપોશનેટ હાઈટ મળવાથી વધારે વૈભવી લાગે છે. અને લોવર લેવલમાં લિવિંગ / ડાઈનીંગ / કિચન, એક યા બે બેડરૂમ અને બાકીના ઉપરના એરિયામાં બાકીના બેડરૂમ હોવાથી પ્રાઇવસીનો પ્રોબ્લેમ સરળ થાય છે. અને ડબલ હાઈટને લઈને ઉપર નીચે કોમ્યુનિકેશન પણ સરળ રહે છે.

હાલના તબક્કે 30 ફૂટ મોટા લિવિંગરૂમ સાથે જે બાલ્કની આપે છે. ખાસ ઉપયોગમાં આવતી નથી. પરંતુ એટલી જ જગ્યા એટલે 120 ફૂટ આપણે પેન્ટહાઉસમાં યોગ્ય જગ્યાએ આપીએ તો સવારે અને સાંજે ફેમિલી ગેધરિંગમાં વપરાય અને એમાં હોર્ટિકલચર માટે પણ વ્યવસ્થિત જગ્યા મળે. નવી જનરેશન આવી વ્યવસ્થા આઉટડોર લિવિંગ યુનિટ ગાર્ડન જે સરળ ભાષામાં સ્કાય વીલા તરીકે ઓળખાય છે. આવી વ્યવસ્થા વેસ્ટર્ન ઇન્ડિયામાં ઘણી જગ્યાએ પ્રચલિત છે. જેમ કે અમદાવાદ, બેંગ્લોર, હૈદરાબાદ, ત્રિવેન્દ્રમ, કોચી અને કોઈમ્બતોર, ઓવર અને અબાવ સારી સ્કાય વીલા બનાવવા માટે ડેવેલપર્સમાં પણ સ્પર્ધા થઇ છે. ઇન્ડિયામાં ટ્રોપિકલ ક્લાઇમેટ હોવાથી હોર્ટિકલચર અને ફ્લોરીકલચરની સગવડ કરવા માટે ઉત્તમ છે. આજના સમયમાં આ માટે ટેક્નોલોજીમાં પણ ઘણું એડ્વાન્સમેન્ટ થવાથી, જેમ કે વોટરપ્રૂફિંગની ઉત્તમ સગવડ અને ડ્રિપ ઇરિગેશન થવાથી આ સરળતાથી શક્ય બને છે. અને વ્યવસ્થા ગ્રીન બિલ્ડીંગ સસ્ટેનિબિલીટીમાં પણ યોગ્ય પુરવાર થઇ છે.

Courtesy :
Ar. Ashok Desai,
Email : ashokdesarch@yahoo.com

જ્યારે ડેવલપર કોઈપણ પ્રોજેક્ટ બજારમાં મૂકે ત્યારે પેન્ટહાઉસ સૌ પ્રથમ પહેલા વેચાય જાય છે. અને તે પણ સારા ભાવે કારણ કે એક જ બંધ બારણે એમને બંગલાની બધી સગવડો મળી રહે છે. અને એનો એરિયા વધારે હોવાથી ત્યાં હોર્ટિકલચર અને ફ્લોરીકલચર માટે સગવડ મળે છે.

Morden Times by Good Earth at Cochin

દૂરદર્શી વિઝન સાથે વારસાનું નિર્માણ

વિનય ધુપિયા, ફાઉન્ડર - જૈનમ રિઅલ્ટી

કાપડ ઉદ્યોગમાં મૂળ ધરાવતા અને પ્રથમ પેઢીના ડેવલપર વિનય ધુપિયાને લેન્ડ અને આર્કિટેક્ચર પ્રત્યે શરૂઆતથી જ આકર્ષણ હતું. પોતાના રસ અને પેશનને એક અર્થપૂર્ણ રિઅલ એસ્ટેટ કારકિર્દીમાં રૂપાંતરિત કર્યું. 2011માં, તેમણે જૈનમ રિઅલ્ટીની સ્થાપના કરી—જે વિશ્વાસ, પારદર્શિતા અને ડિઝાઇન શ્રેષ્ઠતા અને ઉચ્ચ કન્સ્ટ્રક્શન ક્વોલિટી પર આધારિત છે. ત્યારથી, તેમણે સુરતમાં 7-8 નોંધપાત્ર પ્રોજેક્ટ્સનું નેતૃત્વ કર્યું, જેમાં ગ્રાન્ડ અલ્ટિમા, ગ્રાન્ડ વિસ્ટા, ગ્રાન્ડ કેલિસ્ટા, ગ્રાન્ડ પ્લાઝા , યુનિકોર્ન પલાઝો અને કાસા રિવેરા- રિજનું હાઈએસ્ટ રેસિડેન્શિઅલ ટાવર સામેલ છે. શાંત પણ વિઝનરી ડેવલપર, વિનય ધુપિયા દરેક પ્રોજેક્ટમાં એસ્થેટિક્સ, યુનીક્નેસ અને ક્વોલિટીનો ભરોસો લાવે છે. યંગ વિઝનરીઝના આ આવૃત્તિમાં, તેઓ પોતાની સફર, મૂલ્યો અને વિશ્વાસ-આધારિત અર્બન કમ્યુનિટીઝના નિર્માણ વિષે પોતાના મંતવ્યો શેર કરે છે.

યુગેન રિઅલ્ટી, સુરત.

રિઅલ એસ્ટેટ ડેવલપમેન્ટની કારકિર્દી અપનાવવાની પ્રેરણા તમને ક્યાંથી મળી?

કૉલેજના દિવસોમાંથી જ હું લેન્ડ અને અને આર્કિટેચર તરફ આકર્ષાયો હતો. સુરતમાં બી.કોમના અભ્યાસ દરમિયાન, મને પ્રેક્ટિકલ શિક્ષણમાં વધુ રસ હતો, ખાસ કરીને પ્રોપર્ટી ડેવલપમેન્ટ અમને ઘણું ગમતું. કૉલેજમાં હતો ત્યારે મારા પિતાજીએ મને એક ઘર ડિઝાઇન અને કન્સ્ટ્રક્શન કરવાની જવાબદારી સોંપી હતી, સફળતાપૂર્વક તેને પૂરું કરતા બાંધકામ પ્રત્યેનો મારો લગાવ વધ્યો. 1996માં મેં કાપડના પારિવારિક વ્યવસાયમાં શરૂઆત કરી, 2007થી જોઈન્ટ વેન્ચરમાં પ્રોજેક્ટસ કરતા હતા. 2011માં જૈનમ રિઅલ્ટી બ્રાન્ડ શરૂ કરીને સ્વતંત્ર રીતે પ્રોજેક્ટ્સ વિકસાવવાનો નિર્ણય લીધો.

શું તમે પ્રથમ પેઢીના ડેવલપર છો, કે આ તમારો પારિવારિક વ્યવસાય છે?

હા, હું પ્રથમ પેઢીનો ડેવલપર છું. મારો પારિવારિક વ્યવસાય કાપડનો હતો, તેથી રિઅલ એસ્ટેટ મારા વ્યક્તિગત પેશન અને વિઝનમાંથી શરૂ થયેલું નવું ક્ષેત્ર સાહસ છે.

રિઅલ એસ્ટેટ ઉદ્યોગ પ્રત્યેના તમારા અભિગમને આકાર આપનાર કોઈ મહત્વની ક્ષણ શેર કરી શકો?

2011માં, જ્યારે અમે એક સ્કેલેબલ તક જોઈ અને રિઅલ એસ્ટેટમાં સંપૂર્ણપણે ઝંપલાવવાનું નક્કી કર્યું, તે એક નિર્ણાયક ક્ષણ હતી. ત્યારે જ જૈનમ રિઅલ્ટી બ્રાન્ડની શરૂઆત થઇ, જેણે મને આ ક્ષેત્રમાં નવો હેતુ, દિશા અને લક્ષ્ય આપ્યા.

રિઅલ એસ્ટેટ બિઝનેસમાં પ્રવેશતી વખતે તમને કઈ સલાહ મળી?

એક મુખ્ય સલાહ હતી કે હંમેશાં સતર્ક - સજાગ રહેવું અને તમારી શક્તિઓ અને મર્યાદાઓ સમજીને કામ કરવું. રિઅલ એસ્ટેટમાં પારદર્શિતાની પ્રતિષ્ઠા છે. પ્રામાણિક કામગીરી અને ક્લિયર કોમ્યુનિકેશન -સ્પષ્ટ વાતચીત દ્વારા વિશ્વાસ બનાવો, જે મારી સાથે હંમેશાં રહી.

આજના બજારમાં યુવા ડેવલપર્સ કયા વિશેષ પડકારોનો સામનો કરે છે?

રિઅલ એસ્ટેટ એ કેપિટલ ઇન્ટેન્સિવ ઉદ્યોગ છે, જ્યાં જમીન અને મટીરિઅલની ખરીદીમાં મોટું રોકાણ કરવું પડે છે, રાષ્ટ્રીઅલ અને આંતરરાષ્ટ્રીય આર્થિક અસ્થિરતા આ ક્ષેત્રને ઊંડી અસર કરી શકે છે. જીડીપી, રોજગાર અને દેહસના વિકાસમાં સૌથી મોટું યોગદાન હોવા છતાં, સરકારી સહાય-સહયોગ ન મળવો નવા ડેવલપરો માટે ગંભીર ચિંતાનો વિષય છે.

તમે આ પડકારોને કેવી રીતે દૂર કરો છો?

હું મારી જાતને સકારાત્મક રોકાણકારો અને ઉદ્યોગસાથીઓના ગ્રુપમાં વ્યસ્ત રાખું છું. મુશ્કેલ સમયમાં, શાંત, ધીરજવાન અને સ્થિર રહેવું મહત્વનું છે. યોગ્ય પ્રક્રિયાઓ પર વિશ્વાસ રાખી, સજાગ રહીને સ્પષ્ટ નિર્ણયો લેવાથી અનિશ્ચિતતાઓમાંથી બહાર નીકળી શકાય છે. સમય સૌથી મોટો ઉપચારક છે - Times is greatest Healer!

રિઅલ એસ્ટેટમાં તમારી યાત્રા શરૂ કર્યા પછી તમે કયો સૌથી મૂલ્યવાન પાઠ શીખ્યા?

જમીન સાથે જોડાયેલા રહેવું જરૂરી છે. હંમેશાં ગ્રાહકના દૃષ્ટિકોણથી વિચારો - તેમની જરૂરિયાતો, આકાંક્ષાઓ સમજો અને વચન કરતાં વધુ આપો. ગ્રાહક સંતોષ, વિશ્વાસ અને બ્રાન્ડનું લાંબા ગાળાની વેલ્યુ બનાવે છે.

તમને કયા પ્રોજેક્ટ પર સૌથી વધુ ગર્વ છે, અને શા માટે?

જૈનમ રિઅલ્ટી બ્રાન્ડ હેઠળના 7-8 પ્રોજેક્ટ્સમાંથી, કાસા રિવેરા મારા માટે ખાસ છે. તે સુરત - રિજનનું હાઈએસ્ટ રેસિડેન્શિઅલ ટાવર છે અને એક સંયુક્ત સાહસ પ્રોજેક્ટ, જે રિઅલ લક્ઝરી અને અને આર્કિટેક્ચરલ એક્સલન્સનું પ્રતીક છે. સુરત શહેરીજનોને પણ ગૌરવાન્વિત કરે તેવું નજરાણું છે.

તમારા શિક્ષણે રિઅલ એસ્ટેટ ડેવલપમેન્ટ પ્રત્યેના તમારા અભિગમને કેવી રીતે પ્રભાવિત કર્યો?

મારા શિક્ષણે મને વિચાર કરવા અને નિર્ણય લેવા માટે એક સ્પષ્ટ અભિગમ કેળવ્યો. તેણે પ્રોફેશનીલમ, શીખવાની માનસિકતા અને લોકોને અને પ્રક્રિયાઓને અસરકારક રીતે ઓર્ગેનાઇઝ કરવાની ક્ષમતા કેળવી. રિઅલ એસ્ટેટ બિઝનેસના મેનેજમેન્ટ મહત્વપૂર્ણ કુશળતા આપી.

રિઅલ એસ્ટેટના ભવિષ્યને આકાર આપનારા ઇમર્જિંગ ટ્રેન્ડ્સ - ઉભરતા વલણો કયા છે?

લેન્ડ ડેવલપમેન્ટ, ખાસ કરીને પ્લોટેડ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સ, ઝડપથી વધી રહ્યા છે. પરંપરાગત ફોર્મેટથી આગળ વિચારીને નવીન, ગ્રાહક-કેન્દ્રિત સોલ્યુશન્સ બનાવવાની મોટી તક છે. આ એરિયામાં ખુબ જ મોટી તકો અને સ્કોપ રહેલો છે.

રિઅલ એસ્ટેટ ઉદ્યોગમાં તમારું રોલ મોડેલ કોણ છે, અને તેમની પાસેથી તમે શું શીખ્યા?

લોઢા ગ્રૂપના સ્થાપક મંગલ પ્રભાત લોઢા મને પ્રેરે છે. નાની શરૂઆતથી ઇન્ડસ્ટ્રી લીડરશીપ સુધીની તેમની સફર દર્શાવે છે કે વિઝન, પારદર્શિતા અને પ્રતિબદ્ધતા શું હાંસલ ન કરી શકે. તેમનો વિકાસયાત્રા બતાવે છે કે જુનૂન, દ્રઢતા, સંકલ્પ, લર્નિંગ માઇન્ડસેટ અને ફ્યુચર રેડી વિઝન સાથે કંઇ પણ હાંસિલ કરવું શક્ય છે.

JAINAM
REALTY
BUILDING GRAND LIFESTYLES
Corp. Off: GRAND PLAZA, VESU, SURAT

રિઅલ એસ્ટેટ સિવાય, કોણ તમને પ્રેરે છે અને શા માટે?

મારા પિતા, ઇન્દરસીંગ ધુપિયા, મારા આજીવન પ્રેરણાસ્રોત છે. કાપડ ઉદ્યોગ અને જીવનમાં તેમની પ્રતિબદ્ધતા, શિસ્ત અને સમય સાથે અનુકૂલનની ક્ષમતાએ મારા પર ઊંડો પ્રભાવ છોડ્યો છે. 76 વર્ષની ઉંમરે પણ તેઓ બિઝનેસ, જીવન અને સમાજમાં સક્રિય છે—તેમની કાર્યની નીતિ અને પ્રામાણિકતા અજોડ છે. તેમના જીવન મૂલ્યોએ મારા જીવનને ઘડવામાં જબરદસ્ત ફાળો આપ્યો છે.

આગામી દાયકામાં રિઅલ એસ્ટેટ બજારમાં તમે કયા ફેરફારો જોવા માગો છો?

સુરતના રિઅલ એસ્ટેટ બજારને મજબૂત બ્રાન્ડિંગ અને માર્કેટિંગની જરૂર છે. ડેવલપરોએ વ્યાવસાયિક માર્કેટિંગ પર ધ્યાન આપવું જોઈએ, અને CREDAI જેવી સંસ્થાઓએ સુરતની મૂલ્યવૃદ્ધિની સંભાવનાને પ્રોત્સાહન આપવા સામૂહિક પ્રયાસો કરવા જોઈએ. અમારા પ્રોજેક્ટ્સ અન્ય ટિયર-2 શહેરોની તુલનામાં ઓછી કિંમતે વધુ આપે છે, અને આ સ્ટોરી અસરકારક રીતે કહેવામાં આવવી જોઈએ અને શહેરીજનો અને પ્રોસ્પેક્ટીવ બાયર્સ સુધી પહોંચવી જોઈએ.

તમારી કારકિર્દી માટે તમારું લાંબા ગાળાનું વિઝન શું છે?

મારી વિઝન સુરતના ટોપ ફાઇવ ડેવલપરોમાં સ્થાન મેળવવાની અને શહેરના સ્કાયલાઇનમાં સકારાત્મક યોગદાન આપવાની છે—તેને વધુ સૌંદર્યપૂર્ણ, આધુનિક અને કાર્યક્ષમ બનાવવાની છે.

બજારમાં આવનારી કઈ તકો વિશે તમે સૌથી વધુ ઉત્સાહિત છો?

પરંપરાગત રેસિડેન્શિઅલ અને કોમર્શિયલ ડેવલપમેન્ટની સાથે, થીમ બેસ્ડ ડેસ્ટિનેશન વેડિંગ સ્પેસીસ, ટુરિઝમ રિસોર્ટ્સ, હોસ્પિટાલિટી કેમ્પસ અને એડ્યુકેશનલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવાની વિશાળ સંભાવના છે. આ લાંબા ગાળાના પ્રોજેક્ટ્સ શહેરના લેન્ડસ્કેપ અને અર્થતંત્રમાં નોંધપાત્ર મૂલ્ય ઉમેરી શકે છે. રિઅલ એસ્ટેટ ડેવલપમેન્ટમાં કેવી રીતે અપને વેલ્યુ એડિશન કરીને નવા સાહસો લાવી શકીયે તે પણ જોવું રહ્યું.

તમે સૌથી વધુ કયા વૈશ્વિક પ્રોજેક્ટ્સની પ્રશંસા કરો છો અને શા માટે?

બુર્જ ખલીફા મને આકર્ષે છે - એ અદ્ભુત છે ડેઝર્ટના વાતાવરણમાં મર્યાદિત કુદરતી સંસાધનો સાથે આવું ભવ્ય લગભગ 1 કિલોમીટર ઊંચો ટાવર બનાવવો અકલ્પનિય છે. તે માત્ર એક બિલ્ડીંગ નથી; તે એક ગ્લોબલ રીયાલ એસ્ટેટ આઇકોન છે અને દૂરદર્શી વિકાસ શું હાંસલ કરી શકે તેનું ઉદાહરણ છે.

તમારું મનપસંદ ફરવાનું સ્થળ કયું છે?

આંતરરાષ્ટ્રીય સ્તરે, મને યુરોપ - ખાસ કરીને સ્વિટ્ઝર્લેન્ડ, ફ્રાન્સ અને જર્મનીની યાત્રા કરવી ગમે છે. ભારતમાં, ઉદયપુર મારા હૃદયની નજીક છે. ટ્રાવેલ મને નવી ઊર્જા આપે છે અને વિવિધ સંસ્કૃતિઓ, આર્કિટેક્ચર, ડેવલપમેન્ટ અને લાઈફસ્ટાઇલ્સ તરફ મારું મન ખોલે છે, રિલેક્સ કરે છે. સારું કામ કરવા માટે નવી ઉર્જા અને પ્રેરણા આપે છે.

તમારા શોખ વિશે જણાવો?

ટ્રાવેલ, મૂવી જોવી અને નવા સ્થળો એક્સપ્લોર કરવાએ મારી મનપસંદ પ્રવૃત્તિઓ છે. તે મને આરામ આપે છે અને મારી સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપે છે.

તમારી કારકિર્દીમાં કોઈ મોટો પડકાર આવ્યો હોય અને તેને તમે કેવી રીતે હેન્ડલ કર્યો?

સંકટના સમયમાં, ધીરજ અને સ્પષ્ટ વિચારસરણી તમારી સૌથી મોટી સંપત્તિ છે. શાંત અને ધ્યાન કેન્દ્રિત રહી, પરિસ્થિતિને સમજી અને ચિંતન માટે સમય આપીને, હું પડકારોનો વધુ અસરકારક રીતે સામનો કરી શક્યો અને રચનાત્મક ઉકેલો શોધી શક્યો.

રિઅલ એસ્ટેટ ઉદ્યોગમાં નવા આવનારાઓને તમે કઈ સલાહ આપશો?

રિઅલ એસ્ટેટ એ લોન્ગ ટર્મ ગેમ છે. તમારા શિક્ષણમાં - ડેવલપમેન્ટમાં રોકાણ કરો, અનુભવી પ્રોફેશનલ્સનું માર્ગદર્શન લો અને ક્યારેય પ્રામાણિકતા અને નૈતિક સાથે સમાધાન ન કરો. સફળતાનો કોઈ શોર્ટકટ નથી - સખત મહેનત, દ્રઢતા અને સ્પષ્ટ વિઝન આવશ્યક છે.

રિઅલ એસ્ટેટના નવીનતમ ટ્રેન્ડ્સ અને ઇનોવેશન સાથે તમે કેવી રીતે અપડેટ રહો છો?

હું સોશિયલ મીડિયા ફોલો કરું છું, એક્ઝિબિશન્સ અને કોન્ફરન્સીસમાં હાજરી આપું છું અને નિયમિતપણે TED Talks જોઉં છું. યુગેન રિઅલ્ટી જેવા ઇન્ડસ્ટ્રી પબ્લિકેશન્સ પણ મને માહિતગાર અને પ્રેરિત રાખે છે.

તમારો ડ્રિમ પ્રોજેક્ટ કયો-કેવો હશે?

મારો ડ્રિમ પ્રોજેક્ટ એક સેલ્ફ-સસ્ટેન્ડ, ઇન્ટીગ્રેટેડ ટાઉનશીપ ડેવલપ કરવાનો છે, જેમ કે અદાણીનું શાંતિગ્રામ - એક સીટી વિથિન સીટી. જ્યાં વર્લ્ડ-ક્લાસ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, રેસિડેન્શિઅલ, કોમર્શિઅલ, મનોરંજન અને લાઇફસ્ટાઇલ સુવિધાઓ એકસાથે હોલિસ્ટિક જીવનનો અનુભવ મળે. કમ્યુનિટી લિવિંગનો આનંદ મળે.

સંજય શેઠ અને અજય દૌલતાની

સુરતના રિઅલ એસ્ટેટમાં વિશ્વાસ અને નવીનતાની સફર

અજય દૌલતાની અને સંજય શેઠ સુરતના રિઅલ એસ્ટેટ ઉદ્યોગમાં અગ્રણી અને જાણીતાં બ્રોકર - ચેનલ પાર્ટનર્સ છે. અજયે 2001માં પિતાના પગલે બ્રોકિંગ શરૂ કર્યું, જ્યારે સંજયે 2005માં ડાયમંડ ઉદ્યોગમાંથી આ ક્ષેત્રમાં પ્રવેશ કર્યો. પાલ-અડાજણ, વેસુ માર્કેટમાં સારી એવી પકડ ધરાવે છે. સુરતના વિખ્યાત ફ્રન્ટલાઇન ડેવલપર્સ સાથે તેઓ વર્ષોથી સફળતાપૂર્વક કામ કરે છે. તેમની પ્રામાણિકતા, પારદર્શિતા અને ગ્રાહકોને મૂલ્ય આપવાની પ્રતિબદ્ધતા અનન્ય છે. રેસિડેન્શિયલ, કૉમર્શિયલ, ઇન્ડસ્ટ્રિયલ પ્રોપર્ટીઝમાં નિપુણ, તેઓ વિશ્વાસનો પુલ બનાવે છે. 'ધ ડીલ મેકર્સ'માં અમે તેમની પ્રેરણાદાયી સફર, પડકારો અને જુસ્સો રજૂ કરીએ છીએ.

યુગેન રિઅલ્ટી, સુરત.

તમે રિઅલ એસ્ટેટમાં ચેનલ પાર્ટનર તરીકે પહેલું પગલું કેવી રીતે ભર્યું? શું તે આયોજિત નિર્ણય હતો કે અચાનક લેવાયેલો નિર્ણય?

અજય દૌલતાની: 1992 માં હું જયપુરથી સુરત આવ્યો. મારા પિતાજી ટેક્સટાઇલ વ્યવસાયમાં હતા અને પછી રિઅલ એસ્ટેટમાં પગ મૂક્યો. 2001થી તેમણે બ્રોકિંગ શરૂ કર્યું અને મેં પણ તેમના પગલે રિઅલ એસ્ટેટ બ્રોકિંગમાં જોડાયો. 2005થી 2008 દરમિયાન અમે ક્લાઇન્ટ્સને નફાકારક ઇન્વેસ્ટમેન્ટ કરાવ્યા, જેનાથી તેમને નોંધપાત્ર લાભ થયો. આ યાત્રા આજ સુધી સતત આગળ વધી રહી છે.

સંજય શેઠ: હું શરૂઆતમાં ડાયમંડ ઉદ્યોગમાં હતો, ત્યારે જાતે પ્રોપર્ટીમાં ઇન્વેસ્ટ કરતો. 2005માં રિઅલ એસ્ટેટ બ્રોકિંગ તરફ વળ્યો, જ્યાં મારો ઇન્વેસ્ટમેન્ટ અનુભવ કામ લાગ્યો. પ્રોજેક્ટ્સમાં ઇન્વેસ્ટ અને સેલિંગ શરૂ કર્યું. અમે 15-20 સબ-બ્રોકર્સની ટીમ બનાવી, તેમને ટ્રેનિંગ આપી આત્મનિર્ભર બનાવ્યા. આજે પાલ-અડાજણ-વેસુ માર્કેટમાં સારી પકડ ધરાવીએ છીએ અને સક્રિય છીએ.

રિઅલ એસ્ટેટ ચેનલ પાર્ટનર તરીકે કારકિર્દી શરુ કરી ત્યારથી સૌથી મહત્ત્વપૂર્ણ સલાહ તમને શું મળી?

સૌથી મોટી સલાહ છે – ગ્રાહકને સારી સર્વિસ આપવી અને સાથેજ સારા બિલ્ડર્સની પ્રોપર્ટી આપવી. અમારા ધંધાનો મંત્ર છે – "પૈસાથી પૈસા બનાવો". ગ્રાહકોને તેમના ઇન્વેસ્ટમેન્ટ પર સર્વશ્રેષ્ઠ રિટર્ન મળે એ દિશામાં અમે સતત પ્રયત્નશીલ રહીયે છીએ. 2005થી 2008 વચ્ચે જેણે અમારી સલાહ પ્રમાણે ઇન્વેસ્ટ કર્યું હતું, તેઓ આજે પણ અમારા ક્લાઈન્ટ છે. ડાયમંડ અને ટેક્સટાઇલ બિઝનેસથી જોડાયેલા અનેક મોટા ગ્રાહકો આજે પણ અમારી સેવા લે છે.

તમારા વ્યક્તિત્વને એક શબ્દ કે શબ્દસમૂહમાં કેવી રીતે વ્યાખ્યાયિત કરશો—અને તે તમારા કામમાં કેવી રીતે ઝળકે છે?

અજય દૌલતાની: હું મળતાવડો અને એડજસ્ટેબલ છું. ગ્રાહકો સાથે પ્રેમભર્યું વર્તન અને વિશ્વાસજોગ્ય સંબંધો બનાવીને કામ કરીએ છીએ. કામમાં સાથોસાથ જીવનમાં પણ ધીરજ રાખીને આગળ વધવાનો પ્રયાસ છે.

સંજય શેઠ: મારા માટે – "ઈમાનદારી અને મહેનત" એ ધ્યેય છે. હું મારા વ્યવસાયને ઓર્ગેનાઇઝ અને વ્યાવસાયિક રીતે ચલાવવાનો હંમેશા પ્રયાસ કરું છું.

તમે કયા પ્રકારની પ્રોપર્ટીઓમાં કામ કરો છો?

અમે રેસિડેન્સીઅલ, કોમર્શિઅલ અને ઇન્ડસ્ટ્રીઅલ તમામ પ્રકારની પ્રોપર્ટીમાં ડીલ કરીએ છીએ. સાથે સાથે અમે ઓલ પ્રોજેક્ટ સેલિંગ, ડેવલપમેન્ટ, ઇન્વેસ્ટમેન્ટ પ્લાનિંગ, રેન્ટલ અને લીઝિંગમાં પણ સક્રિય છીએ.

તમે સફળતાપૂર્વક પૂર્ણ કરેલી સૌથી યાદગાર ડીલ કઈ હતી, અને તે કેવી ખાસ બની?

અજય દૌલતાની: શરૂઆતના દિવસોમાં વેસુના એક વિખ્યાત બિલ્ડરને મળવા ગયો હતો. એક ફ્લેટ માટે વાત ચાલતી હતી અને મે એમને ભાવ ઘટાડી આપવાની વાત કરી તો એમણે કહ્યું – "ફક્ત એક ફ્લેટ માટે શું? વધુ લાવો તો વિચારીએ." આ ચેલેન્જ સ્વીકારીને બીજા જ દિવસે 10 ફ્લેટ બુક કરાવ્યા. એ દિવસથી આત્મવિશ્વાસમાં ગજબનો વધારો થયો.

સંજય શેઠ: મારા માટે બધી જ ડિલ મહત્વપૂર્ણ હોય છે, દરેક ડિલમાં હું જીવ રેડી દઉં અને સારામાં સારા પરિણામ લાવવાનો પ્રયન્ત કરું છું.

તમે મુખ્યત્વે કઈ રિઅલ એસ્ટેટ બ્રાન્ડ્સ કે ડેવલપર્સ સાથે કામ કરો છો અને ક્યાં વિસ્તારમાં કામ કરો છો?

અમે લગભગ તમામ વિખ્યાત ફ્રન્ટલાઇન ડેવલપર્સ સાથે કામ કરીએ છીએ – ખાસ કરીને પાલ, અડાજણ, વેસુ, પાલનપુર, સહિત સુરતના વિવિધ વિસ્તારોમાં કામ કરીએ છીએ.

વર્ષોના અનુભવે તમારા ચેનલ પાર્ટનર તરીકેના કામના એટીટ્યુડ - અભિગમને કેવી રીતે આકાર આપ્યો છે?

અમે બિલ્ડર અને ગ્રાહક વચ્ચે પારદર્શક અને મજબૂત કોમ્યુનિકેશન જાળવીએ છીએ, બંને માટે શ્રેષ્ઠ ડીલનો પ્રયાસ કરીએ છીએ. ગ્રાહકને લાગવું જોઈએ કે તેમને યોગ્ય કિંમતે શ્રેષ્ઠ પ્રોપર્ટી મળી. અમે બજારના શ્રેષ્ઠ ભાવે પ્રોપર્ટી ઓફર કરીએ છીએ અને આફ્ટર-સેલ સર્વિસ આપીએ છીએ, જેથી ગ્રાહકોને ઉપયોગ, ભાડે આપવામાં સરળતા રહે અને પ્રોપર્ટીનો પૂરો લાભ મળે.

એક એવી કુશળતા કે વિશેષજ્ઞતા શું છે જે તમને અન્ય ચેનલ પાર્ટનર્સથી અલગ પાડે છે?

અમારી કામગીરી ઓર્ગેનાઇઝ અને સિસ્ટમેટિક છે, જેમાં સ્પષ્ટ વાતચીત, પ્રામાણિકતા અને ગ્રાહક સંતોષ એ મુખ્ય લક્ષ્ય છે. અમે ગ્રાહકોને વિવિધ સ્કીમ્સ અને વિકલ્પો ઓફર કરીએ છીએ, જેની શીખ જેઠાભાઈ આહુજા પાસેથી મળી. આનાથી ગ્રાહકો ઝડપથી નિર્ણય લે છે. એક દાયકામાં હું મારી જાતને નવીન માર્કેટિંગ અને ગ્રાહકોના વિશ્વાસ સાથે ઉદ્યોગમાં અગ્રેસર જોઉં છું.

તમારા મતે, આજના રિઅલ એસ્ટેટ માર્કેટમાં ચેનલ પાર્ટનરની સૌથી મહત્ત્વની ભૂમિકા શું છે?

આજના રિઅલ એસ્ટેટ માર્કેટમાં ચેનલ પાર્ટનરની સૌથી મહત્વની ભૂમિકા એ બાયર્સ અને સેલર્સ વચ્ચે વિશ્વાસનો પુલ બનાવે વાની છે. આ માટે બજારની ઊંડી સમજ, સ્પષ્ટ - પારદર્શક કમ્યુનિકેશન, અને ગ્રાહકોની જરૂરિયાતોને અનુરૂપ યોગ્ય મિલકતોની પસંદગી કરવી જરૂરી છે. આ ઉપરાંત, નવીન ટેકનોલોજી અને ડિજિટલ પ્લેટફોર્મનો ઉપયોગ કરીને ગ્રાહકોને ઝડપી અને ઉપયોગી સેવા પૂરી પાડવી પણ અગત્યનું છે.

આજે જયારે નવી પેઢી ચેનલ પાર્ટનર તરીકે આવી રહી છે, તેમને આપશો એવો એક સારો સંદેશ શું હશે?

આજના યુવાનો માટે સૌથી અગત્યનું છે – નિષ્ઠા, પ્રમાણિકતા અને શીખવાની આતુરતા. રિઅલ એસ્ટેટ એક લોકો સાથે સંકળાયેલો ઉધોગ છે જ્યાં સંબંધો સૌથી મોટું મૂલ્ય છે. અમે બધા યુવાનોને કહીએ છીએ કે ધીરજ રાખો, શીખો, અને ગ્રાહકોને સાચી સલાહ આપો - સફળતા આપમેળે આવશે.

બ્રોકિંગ ક્ષેત્રમાં એવી શું પડકારજનક પરિસ્થિતિને તમે કેવી હેન્ડલ કરો છો?

ગ્રાહક અને બિલ્ડર (સેલર) વચ્ચે કોઈ પણ મુદ્દે ડીલ અટવાય તો બંને પક્ષોની વાત સાંભળી અને એક બીજાની દૃષ્ટિ સમજીને સરળતાથી સોલ્યુશન આપ્યું જે બંને માટે આવકાર્ય હોય. બ્રોકરની ભૂમિકા આવા સમયે ખુબ મહત્ત્વની હોય છે.

આજના માર્કેટમાં ગ્રાહકોની અપેક્ષાઓમાં શું બદલાવ આવ્યો છે અને તમે તેને કેવી રીતે એડ્રેસ કરો છો?

આજના ગ્રાહકો જાણકાર છે. તેઓ તમામ માહિતી પહેલાંથી મેળવતા હોય છે. એટલે અમારું કાર્ય માત્ર પ્રોપર્ટી બતાવવું નહીં, પણ તેમને રાઈટ ગાઈડન્સ આપવું છે. અમે પારદર્શકતા અને આફ્ટર સેલ્સ સર્વિસ આપીને તેમને લાંબા ગાળાની વેલ્યુઝ આપીએ છીએ.

રિઅલ એસ્ટેટ ક્ષેત્રે જો કોઈ એક સુધારો કરવો હોય તો તમે શું બદલાવ લાવશો?

સૌથી પ્રથમ - વ્યવસાયમાં વધુ પ્રમાણિકતા, નીતિગત વ્યવહાર અને પ્રોફેશનલિઝમની જરૂરિયાત છે, બાયર્સ અને સેલર્સ બંને તરફ થી. સાથે સાથે બ્રોકર્સ માટે એક પાવરફુલ રેકગ્નીશન સિસ્ટમનીની જરૂરિયાત છે, જેથી એમને યોગ્ય માન્યતા અને પ્લેટફોર્મ મળે અને સન્માન મળે.

સ્થાનિક કે રાષ્ટ્રીય સ્તરે કઈ પ્રતિષ્ઠિત રિઅલ એસ્ટેટ બ્રાન્ડ્સ અને ડેવલપર્સ તમને પ્રેરણા આપે છે?

અજય દૌલતાની: વીર ગ્રુપના મનીષ શાહ મારા માટે પ્રેરણાસ્ત્રોત છે. તેમનું કામ પ્રત્યેનું સમર્પણ, બજારની ઊંડી સમજ અને સૌને સાથે લઈને મોટું કામ કરવાનો અભિગમ મને ખૂબ પ્રભાવિત કરે છે.

સંજય શેઠ : મારો સ્વભાવ શીખવાની ભાવનાવાળો છે, હું સારા બિલ્ડર્સ પાસેથી સારું શીખવા જેવુ કઈ પણ મળે તેને પોતાની પ્રેરણા બનવું અને શીખી લઉં છું.

ટેકનોલોજી અને માર્કેટ ટ્રેન્ડ્સ સાથે આગામી 5-10 વર્ષમાં ચેનલ પાર્ટનરની ભૂમિકા કેવી રીતે બદલાશે એવું તમને લાગે છે?

ટેકનોલોજીનો ઉપયોગ દિવસેને દિવસે અનિવાર્ય બની રહ્યો છે. આગામી 5-10 વર્ષમાં ચેનલ પાર્ટનર્સે ગ્રાહકો, સબ-બ્રોકર્સ અને ઇન્વેસ્ટર્સને ઝડપથી અને માહિતગાર નિર્ણયો લેવામાં મદદ કરવા ડિજિટલ પ્લેટફોર્મ અને અધતન ટેકનોલોજી અપનાવવી પડશે.

તમે ઉદ્યોગમાં કઈ એક મુશ્કેલીનો સામનો કર્યો, અને તેને તમે કેવી રીતે પાર કરી?

મુશ્કેલ સમયમાં ધૈર્ય અને શાંતિ જાળવીને અમે આગળ વધ્યા. હિંમત ન હારતાં, ખંતથી કામ કરીને અને મનને સ્થિર રાખીને પરિસ્થિતિનો સામનો કરવાથી હંમેશાં ઉકેલ મળે છે.

ચેનલ પાર્ટનર તરીકે તમારી કારકિર્દી માટેનું ઉદ્યોગનું બિગ પિક્ચર કેવું હશે? એક દાયકામાં તમે તમારી જાતને ક્યાં જુઓ છો?

અમે પોતાને વધુ પ્રોફેશનલ ટિમ સાથે આગળ વધતા જોઈએ છીએ, ભવિષ્યમાં અમે પણ ડેવલપમેન્ટ કરીયે અને ઉદ્યોગમાં કઈ નવીનતા લાવી શકીયે તેવી અમર દીર્ઘદ્રષ્ટિ છે.

હાલમાં માર્કેટ કેવું છે, અને લાંબા ગાળાની દૃષ્ટિએ તમારો અભિપ્રાય શું છે?

સુરતનું રિઅલ એસ્ટેટ માર્કેટ હાલમાં સ્થિર અને આશાસ્પદ છે. શહેરનું ઝડપી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ અને આર્થિક પ્રગતિ રિઅલ એસ્ટેટ માટે ઉજ્જવળ તકો ઊભી કરે છે. કોરોના પછીના ચાર-પાંચ વર્ષમાં રિઅલ એસ્ટેટના ભાવમાં સારો એવો વધારો થયો છે. જો ડાયમંડ, ટેક્સટાઈલ અને અન્ય ઉદ્યોગોની સ્થિતિ સુધરે, તો રિઅલ એસ્ટેટ માર્કેટ પણ નોંધપાત્ર પ્રગતિ કરશે, જે લાંબા ગાળે ખૂબ સકારાત્મક રહેશે.

વ્યક્તિગત સ્તરે, કામ સિવાયનું કોઈ સ્વપ્ન કે લક્ષ્ય શું છે જે તમને પ્રેરણા આપે છે?

નવું શીખવાની અને જ્ઞાન મેળવવાની ઉત્સુકતા અમને સતત પ્રેરણા આપે છે. આ ઉત્સાહ અમને નવી શક્યતાઓ શોધવા અને વ્યક્તિગત રીતે વિકાસ કરવા માટે પ્રોત્સાહિત કરે છે.

ચેનલ પાર્ટનર બનવાનો તમને સૌથી પસંદનો ભાગ કયો છે—એવું કંઈક જે તમને દરરોજ ઉત્સાહિત રાખે?

ગ્રાહકોને તેમના બજેટ અને પસંદગી મુજબનું ઘર શોધી આપવું અમને સૌથી વધુ ખુશી આપે છે. જ્યારે લોકો અમારી મદદથી મેળવેલી પ્રોપર્ટીમાં સુખી જીવન જીવે છે કે સફળ ધંધો કરે છે, ત્યારે તે અમને અપાર આનંદ અને ઉત્સાહ આપે છે.

રિઅલ એસ્ટેટ સિવાય, તમને કયો શોખ છે કે જુસ્સો ગમે છે, અને તે તમને કેવી રીતે રિચાર્જ કરે છે?

અજય દૌલતાની: મને ડ્રાઇવિંગ, ફરવાનો અને યુવા પેઢીને બિઝનેસમાં ટ્રેન કરવાનું ખૂબ ગમે છે. નવો યુવક જોડાય અને આગળ વધે, એ જોઈને ખુશી થાય છે. ખાસ કરીને મેનેજમેન્ટની સમજ તેમને શીખવવાનું મારો શોખ છે.

સંજય શેઠ : મને ફરવાનો, વાંચન કરવાનો અને બિઝનેસમાં નવું શીખવાનો અને તેને નવીન રીતે મેનેજ કરવાનો શોખ છે. આ ઉપરાંત, સામાજિક કાર્યોમાં યોગદાન આપવું મને ખૂબ સંતોષ આપે છે. આ બધી પ્રવૃત્તિઓ મને નવી ઊર્જા અને પ્રેરણા આપીને રિચાર્જ કરે છે.

જો તમે રિઅલ એસ્ટેટના કોઈ ઐતિહાસિક વ્યક્તિ કે સેલિબ્રિટી સાથે ડિનર કરી શકો, તો તે કોણ હશે અને તમે તેમને શું પૂછશો?

અજય દૌલતાની: મને લોઢા ગ્રુપના અભિનંદન લોઢા સાથે ડિનર કરવું ગમેશ. તેમનું વિઝન, નવીનતા અને રિઅલ એસ્ટેટ ઉદ્યોગને નવી ઊંચાઈઓ આપવાનું યોગદાન પ્રેરણાદાયી છે. હું તેમને પૂછીશ કે તેમણે ઉદ્યોગમાં પ્રતિષ્ઠા અને સફળતા મેળવવા માટે કયા મુખ્ય સિદ્ધાંતો અપનાવ્યા.

રિઅલ એસ્ટેટ ચેનલ પાર્ટનર તરીકે શરૂઆત કરનાર કોઈને તમે શું સલાહ આપશો?

અજય દૌલતાની: પહેલા કહીશ તમારી જાતને પૂછો કે તમે જીવનમાં શું હાંસલ કરવા માંગો છો? જો તમારામાં જોશ અને લગન હોય, તો હું તમને પૂરો સાથ આપીશ. ગ્રાહકોને વધુમાં વધુ માહિતી આપીને તેમને સચોટ નિર્ણય લેવામાં મદદ કરો. ગ્રાહકોનો વિશ્વાસ જીતશો, તો બ્રોકિંગ બિઝનેસમાં કોઈ તમને રોકી શકશે નહીં.

સંજય શેઠ : ઈમાનદારી અને પ્રામાણિકતા સાથે મેહનત કરો, સંબંધો કેળવો અને જો તમે સતત પ્રયાસો કરશો અને વિશ્વાસ જાળવશો, તો સફળતા અવશ્ય મળશે.

IGBC ગ્રીન ગુજરાત સમિટ 2025: નેટ-ઝીરો અને ટકાઉ વિકાસ તરફ એક નવો માર્ગ

ગ્રીન ગુજરાત સમિટ 2025 એ ટકાઉ અર્બન ડેવલપમેન્ટ અને નેટ-ઝીરો ભવિષ્ય તરફ ગુજરાતના આગળ પડતા અને સહિયારા પ્રયાસોને રજુ કરતું એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ હતું. આ સમિટે રાજ્યની પર્યાવરણીય જવાબદારી અને નવીન બાંધકામ પદ્ધતિઓ પ્રત્યેની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત કરી, જે ભારતના ટકાઉ વિકાસના લક્ષ્યો સાથે સીધી રીતે સંકળાયેલ છે. CREDAIના રાષ્ટ્રીય પ્રમુખ શેખર પટેલે આ પ્રસંગે જણાવ્યું કે CREDAIએ આગામી પાંચ વર્ષમાં એક લાખ એકર જમીનનું વનીકરણ કરવાનો સંકલ્પ લીધો છે, જેમાં નાસિક પાસે 9000 એકરનું કામ પણ શરૂ થઈ ગયું છે. રિઅલ એસ્ટેટ, ડિઝાઇન, ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને સરકારી ક્ષેત્રના સ્ટેકહોડર્સના સહયોગથી, આ ઇવેન્ટથી ગુજરાત ગ્રીન બિલ્ડીંગ મૂવમેન્ટમાં નેશનલ લીડર તરીકે ઉભરીને આવ્યું છે.

યુગેન રિઅલ્ટી, અમદાવાદ.

ઇન્ડિયન ગ્રીન બિલ્ડીંગ કાઉન્સિલ (IGBC), ગુજરાત સરકારના શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગના સહયોગથી, 6 જૂન, 2025ના રોજ અમદાવાદની હોટેલ ક્રાઉન પ્લાઝા ખાતે ગ્રીન ગુજરાત સમિટ 2025ની બીજી આવૃત્તિનું સફળ આયોજન કર્યું. "એડવાન્સિંગ નેટ ઝીરો: પાયોનિયરિંગ અ ગ્રીનર ગુજરાત" થીમ સાથે, આ સમિટે ટકાઉ બાંધકામ અને શહેરી વિકાસમાં ગુજરાતના અગ્રણી નેતૃત્વને વધુ મજબૂત કર્યું.

ગુજરાત રાષ્ટ્રીય સ્તરે ગ્રીન બિલ્ડીંગ મુવમેન્ટમાં મોખરે છે, જેમાં રેસિડેન્શિઅલ, કોમર્શિઅલ, ઈન્ડસ્ટ્રીઅલ અને સંસ્થાકીય ક્ષેત્રોમાં 1100થી વધુ IGBC-રજિસ્ટર્ડ પ્રોજેક્ટ્સ છે. અમદાવાદ, સુરત અને વડોદરા જેવા મુખ્ય શહેરોમાં IGBC-રેટેડ ડેવલપમેન્ટ વધતું જાય છે, જે ડેવલપર્સ અને નીતિ નિર્માતાઓમાં વધતી જાગૃતિ અને પ્રતિબદ્ધતાને દર્શાવે છે.

આ સમિટમાં રિઅલ એસ્ટેટ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ટકાઉપણું અને સરકારી ક્ષેત્રના 400થી વધુ સ્ટેકહોલ્ડર્સએ ભાગ લીધો, જે ગુજરાતમાં નેટ-ઝીરો અને ક્લાયમેટ -રેઝિલિયન્ટ એજન્ડાને વેગ આપવા માટેનું સૌથી મોટું પ્લેટફોર્મ બન્યું.

ઉદ્ઘાટન સત્રમાં ગુજરાત સરકારના શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગના સચિવ ડી.જે. જાડેજા, IAS ઉપસ્થિત રહ્યા. તેમણે તેમના મુખ્ય ભાષણમાં જણાવ્યું, "ગુજરાત સરકારે તમામ સરકારી ઇમારતોને ગ્રીન બનાવવાનું ફરજિયાત કરીને ટકાઉપણું અને પર્યાવરણીય જવાબદારી પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવી છે. આ લક્ષ્યને હાંસલ કરવા અને ક્લાયમેટ - રેઝિલિયન્ટ શહેરોનું નિર્માણ કરવા માટે સરકાર, રિઅલ એસ્ટેટ ડેવલપર્સ અને શૈક્ષણિક સંસ્થાઓએ સહયોગ અને નવીનતા દ્વારા કામ કરવું જરૂરી છે."

અન્ય મુખ્ય વક્તાઓમાં CREDAIના નેશનલ પ્રેસિડેન્ટ શેખર પટેલ, CII ગુજરાત સ્ટેટ કાઉન્સિલના અધ્યક્ષ પ્રેમરાજ કશ્યપ, IGBC અમદાવાદ ચેપ્ટરના અધ્યક્ષ જયેશ હરિયાણી, IGBC અમદાવાદ ચેપ્ટરના ભૂતપૂર્વ અધ્યક્ષ સમીર સિંહા, IGBCના ભૂતપૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ ગુરમિત સિંહ અરોરા અને IGBC અમદાવાદ ચેપ્ટરના સહ-અધ્યક્ષ તરલ શાહનો સમાવેશ થાય છે.

શેખર પટેલે રિઅલ એસ્ટેટ ઉદ્યોગમાં ભવિષ્યલક્ષી અભિગમની જરૂરિયાત પર ભાર મૂકતાં કહ્યું, "રિઅલ એસ્ટેટનું ભવિષ્ય એવી જગ્યાઓ બનાવવાનું છે જે માત્ર સ્માર્ટ અને કાર્યક્ષમ ન હોય, પરંતુ આગામી દાયકાઓ સુધી ટકાઉ, સમાવેશી અને મજબૂત પણ હોય. ડેવલપર્સએ ગ્રીન બિલ્ડીંગ પ્રેક્ટિસીસ અને પર્યાવરણીય જવાબદારીને પ્રોત્સાહન આપતી ટેકનોલોજી અપનાવવી જરૂરી છે. CREDAI રાષ્ટ્રીય ટકાઉપણું લક્ષ્યોને અનુરૂપ બિલ્ટ પર્યાવરણ બનાવવા માટે સ્ટેહોલ્ડરસ સાથે સહયોગ કરવા પ્રતિબદ્ધ છે. ક્રેડાઈ એ આગામી પાંચ વર્ષમાં એક લાખ એકર જમીનનું વનીકરણ કરવાનો સંકલ્પ લીધો છે. નાસિક પાસે 9000 એકર પાર કામ પણ શરુ થઇ ગયું છે."

પ્રેમરાજ કેશ્યપે ટકાઉપણુંને પર્યાવરણીય અને આર્થિક તક તરીકે રજૂ કરતાં જણાવ્યું, "અમારી મેમ્બર કંપનીઓ એવા પ્રયાસો કરી છે જેમાં ટકાઉ પ્રેક્ટિસીસ, ઊર્જા કાર્યક્ષમતા, મિલકતના મૂલ્યમાં વધારો, બજારક્ષમતા, રહેવાસીઓના સ્વાસ્થ્ય અને ઉત્પાદકતામાં સુધારો, આબોહવા પરિવર્તનની અસરો સામે મજબૂતી અને નિયમનકારી માળખાનું પાલન દ્વારા ઓપરેશનલ ખર્ચમાં ઘટાડો કરે છે."

સમિટનું એક મુખ્ય આકર્ષણ IGBC-સર્ટીફાઇડ ગ્રીન બિલ્ડીંગ્સનું સન્માન હતું, જે પર્યાવરણીય જવાબદારીનું પ્રતિનિધિત્વ કરતા પ્રોજેક્ટ્સને માન્યતા આપે છે. ગુરમિત સિંહ અરોરાએ ટિપ્પણી કરી, "આપણા બિલ્ટ પર્યાવરણને ડીકાર્બોનાઇઝ કરવું હવે વૈકલ્પિક નથી; તે ભારતના આબોહવા નેતૃત્વ અને ભાવિ પેઢીઓ પ્રત્યેની આપણી સામૂહિક જવાબદારીનો આધાર છે."

IGBC ગ્રીન ગુજરાત સમિટ 2025માં "સ્કેલિંગ નેટ-ઝીરો સ્ટ્રેટેજીસ ફોર ગુજરાત: પડકારો અને તકો" વિષય પર પેનલ ચર્ચામાં, સંગીની ગ્રૂપના એમડી આદર્શ પટેલે ગ્રીન બિલ્ડીંગ વિકસાવવા માટે ડેવલપર્સને પેઈડ અપ FSIમાં મળતાં ડિસ્કાઉન્ટને મેળવવામાં અડચણોનો સામનો કરવો પડે છે, અને તેને BUC સાથે લિંક કરવાથી ડેવલપર્સને વધુ વિલંબ થાય છે. ઉપરાંત, કોઈ પણ કારણસર સર્ટિફિકેશન જો ધાર્યા કરતાં લોઅર કેટેગરીનું આવે તો તેમાં ભયંકર ફાઇનની જોગવાઈ કરવામાં આવી છે, જે ડેવલપર્સને ગ્રીન બિલ્ડીંગ સર્ટિફિકેશન કરવા માટે નીરસતા ઉપજાવવે છે. તેને વ્યવહારિક બનાવવાની જરૂરિયાત છે. બીજો મુદ્દો તેમણે ઉઠાવ્યો કે, હાલમાં પ્રોજેક્ટમાં સોલાર પેનલ્સ લગાવવાની સબસીડી વ્યક્તિગત પ્રોપર્ટી ઓનર્સને આપવામાં આવે છે, તો જે ડેવલપર્સને આપવામાં આવે તો ઈન્સ્ટોલેશન વધુ સક્ષમ અને યોગ્યરીતે થઇ શકે. તેનું આયોજન મોટા પાયે વધુ વ્યવસ્થિત થઇ શકે , તેનો વ્યાપ પણ ઝડપથી વધારી શકાય અને ગ્રીન ટેકનોલોજીનો અપનાવવાનું પ્રમાણ વધે. સરકારના ઉપસ્થિત પ્રતિનિધિએ, આ મુદ્દે હકારાત્મક પ્રતિસાદ આપ્યો અને નીતિઓને વધુ ડેવલપર્સ-ફ્રેન્ડલી બનાવવા પર વિચારણા કરવાનું આશ્વાસન આપ્યું."

જયેશ હરિયાણીએ સમિટની આબોહવા કાર્યવાહીમાં ભૂમિકા પર ભાર મૂકતાં કહ્યું, "ગ્રીન ગુજરાત સમિટ દ્વારા, અમે નેટ-ઝીરો આર્કિટેક્ચર, મટિરિઅલ કાર્યક્ષમતા અને ક્લાયમેન્ટ-રીઝિલિયંટ ડિઝાઇનમાં નવીનતાઓને વિસ્તારવાનો લક્ષ્ય રાખીએ છીએ, જે રાજ્ય અને રાષ્ટ્ર માટે ટકાઉપણાને રી-ડિફાઇન કરે."

સમીર સિંહાએ ઉમેર્યું, "ગુજરાતમાં નેટ-ઝીરોને આગળ વધારવા માટે બોલ્ડ ડિઝાઇન વિચારસરણી, પ્રગતિશીલ નીતિઓ અને વિકાસના દરેક ક્ષેત્રમાં ગ્રીન વેલ્યુઝ પ્રત્યે અડગ પ્રતિબદ્ધતા જરૂરી છે."

GBC ગ્રીન ગુજરાત સમિટ 2025માં, નિત્યા એનસેફ એન્વાયરમેન્ટલ કન્સલ્ટન્સીના ડિરેક્ટર ઈશાન શાહે આ ઉમદા ઇવેન્ટને સંપૂર્ણ સમર્થન આપ્યું અને જણાવ્યું કે આ ઇવેન્ટ આપણા પ્રિય પ્લાનેટ અર્થને બચાવવા માટે

આંખો ખોલનારો અને નવો દિશાદર્શક છે. તેમણે નિત્યા એનસેફના યોગદાનની વાત કરતાં કહ્યું કે સંસ્થાએ 2024માં 20 કરોડ લીટર વેસ્ટ વૉટર રિસાયક્લિંગ કર્યું છે અને 2025 માં 60 કરોડ લીટરનું

ઈશાન શાહ - નિત્યા એન્સેફ

લક્ષ્ય રાખ્યું છે. શાહે ભારપૂર્વક જણાવ્યું કે આ પ્રયાસો સ્વચ્છ, ગ્રીન અને મજબૂત ભારત તરફ એક બોલ્ડ પગલું છે, જે સમિટના ટકાઉ વિકાસના વિઝન સાથે સંપૂણ સુસંગત છે.

IGBCએ ચાર મુખ્ય સ્તંભો પર ધ્યાન કેન્દ્રિત કર્યું: નેટ-ઝીરો ઇમારતોને પ્રોત્સાહન, ક્લાયમેન્ટ-રીઝિલિયંટ માળખાનું પ્રદર્શન, લો-કાર્બન મટિરિઅલ અને રી-યુઝેબલ ઈકોનોમીની પ્રેક્ટિસને આગળ વધારવી, અને ટકાઉ વિકાસમાં ગુજરાતના નેતૃત્વને મજબૂત કરવું.

સારાંશમાં, તરલ શાહે જણાવ્યું, "ગ્રીન ગુજરાત સમિટ ટકાઉ ડિઝાઇન અને બાંધકામની સીમાઓને આગળ વધારવાના અમારા સામૂહિક સંકલ્પને દર્શાવે કરે છે. ગુજરાત આ મુવમેન્ટનું નેતૃત્વ કરવામાં ગર્વ અનુભવે છે, અને IGBC દ્વારા, અમે એવું ભવિષ્ય બનાવવા માંગીએ છીએ જ્યાં દરેક ઇમારત ગ્રીન અને સ્વસ્થ ભવિષ્યમાં યોગદાન આપે."

સુરેશ પટેલ (શુભ ગ્રુપ)અને જિગ્નેશ અમિન (વાઈટ વિંગ્સ ગ્રુપ)ની CREDAI ની 'ઇમર્જિંગ સિટીઝ કમિટી'માં નિમણૂક

સુરેશ પટેલ (શુભ ગ્રુપ)

યુગેન રિઅલ્ટી, સુરત.

સુરત રિઅલ એસ્ટેટ જગત માટે ગૌરવપૂર્ણ ઘટનામાં ક્રેડાઈ સુરતના પૂર્વ ચેરમેન સુરેશ પટેલ (શુભ ગ્રુપ) અને ટેક્સેશન કમિટીના કો-ચેરમેન જિગ્નેશ અમિન (વ્હાઈટ વિંગ્સ ગ્રુપ)ને CREDAI નેશનલની 'ઇમર્જિંગ સિટીઝ કમિટી'માં સભ્ય તરીકે નિમવામાં આવ્યા છે.

આ નિમણૂક ૫ એપ્રિલ ૨૦૨૫ના રોજ ગાંધીનગરના મહાત્મા મંદિર કન્વેન્શન એન્ડ એક્ઝિબિશન સેન્ટર ખાતે યોજાયેલી CREDAI Change of Guard Ceremony દરમિયાન સત્તાવાર રીતે જાહેર કરવામાં આવી હતી.

સુરેશ પટેલ અને જિગ્નેશ અમિન, બંનેએ વર્ષોથી સુરતના રિઅલ એસ્ટેટ ક્ષેત્રમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. તેમના અનુભવ, દ્રષ્ટિ અને કાર્યપદ્ધતિથી 'ઇમર્જિંગ સિટીઝ કમિટી' સમૃદ્ધ બનશે અને ઇમર્જિંગ શહેરોની વિકાસયાત્રામાં ગતિશીલતા આવશે.

આ કમિટીની મુખ્ય ભૂમિકા ઇમર્જિંગ શહેરોમાં વ્યૂહાત્મક વિકાસ માટેની યોજનાઓ બનાવવી, સ્થાનિક પડકારોને ઓળખી તેના ઉકેલ લાવવો અને ટિઅર-૨ અને ટિઅર-૩ શહેરોની રિઅલ એસ્ટેટ વૃદ્ધિને આગળ ધપાવવાનો છે.

સુરતના આ બંને પ્રતિષ્ઠિત પ્રતિનિધિઓને રાષ્ટ્રીય સ્તરે મળેલ આ જવાબદારી શહેર માટે ગૌરવની વાત છે. તેમના માર્ગદર્શન હેઠળ સુરત તેમજ અન્ય ઇમર્જિંગ શહેરોને નવો દિશાસૂચક વિકાસ મળશે, તેવી અપેક્ષા છે.

જિગ્નેશ અમીન - ચેરમેન, વ્હાઈટ વિંગ્સ ગ્રૂપ

ક્રેડાઇ યુથ વિંગ સુરતની સુંદર પહેલ થ્રાઇવ 1.0

સ્ટ્રેટેજિક, ડેટા-ડ્રિવન અને ગ્રાહક-કેન્દ્રિત રિઅલ એસ્ટેટ બિઝનેસ બનાવવા

ડૉ. રાકેશ સેટિયા દ્વારા માસ્ટરક્લાસ

યુગેન રિઅલ્ટી, સુરત

ક્રેડાઇ યુથ વિંગ સુરતનો થ્રાઇવ 1.0 પહેલ

ક્રેડાઇ યુથ વિંગ સુરતનો ગોલ છે નવી પેઢીના રિઅલ એસ્ટેટ લીડર્સને તૈયાર કરવા, બરાબર શીખવાનો ચાન્સ આપવો અને નોલેજ શેરિંગ પ્લેટફોર્મ બનાવવું. થ્રાઇવ 1.0 આ જ આઇડિયાથી શરૂ થયું. કન્વીનર - જીગર શેટા, કો-કન્વીનર - હરનીશ પટેલ અને કોર કમિટીએ આ નવો પ્રયાસ કર્યો જેમાં કંઈક નવું કરવા અને યુવા ડેવલપર્સને વિચારવા, પ્લાન કરવા અને આગળ વધવા માટે નવો નજરિયો મળે.

જીગર શેટા, કન્વીનર, ક્રેડાઇ યુથ વિંગ સુરત આ વિષે યુગેન રિઅલ્ટી સાથે વાત કરતા જણાવ્યું હતું કે, "અમે એવું સેશન ઇચ્છતા હતા જે ફક્ત ટેકનિકલ બાબતો સુધી મર્યાદિત ના રહે - જે નવા આઇડિયા જગાડે, બિઝનેસના ખરા પ્રોબ્લેમ્સનો જવાબ આપે અને યુવાનોને રિઅલ એસ્ટેટના ફ્યુચર સાથે જોડે. રેરા, ટેક, એકાઉન્ટ્સ, કન્સ્ટ્રક્શન જેવા ઘણા ટોપિક્સ પર વિચાર્યા પછી, અમે સેલ્સ, માર્કેટિંગ અને બ્રાન્ડિંગ ટોપિક પસંદ કર્યો - આ પાસું રિઅલ એસ્ટેટ ડેવલપમેન્ટનું સૌથી મહત્વપૂર્ણમાંનુ એક પાસું છે જે બહુ જરૂરી છે પણ ઘણીવાર ઊંડાણમાં સમજાતું નથી."

જીગર શેટા
કન્વીનર, ક્રેડાઇ યુથ વિંગ સુરત

આ રીતે થ્રાઇવ 1.0 કરવાનું નક્કી થયું અને સુરતમાં ડૉ. રાકેશ સેટિયા, ગ્રુપ હેડ – સેલ્સ એન્ડ માર્કેટિંગ, રુસ્તમજી ડેવલપર્સ, મુંબઇ કી-નોટ સ્પીકર તરીકે આવ્યા. ઘણા વર્ષોના એક્સપિરિયન્સ અને એક્સપર્ટાઇઝ સાથે, ડૉ. સેટિયાએ એવી સમજ આપી જે થિયરીને પ્રેક્ટિકલ યુઝ સાથે જોડીને આગળ વધવા ઇન્સ્પાયર કરે. શહેરના 120થી વધુ યુવા ડેવલપર્સ, ક્રેડાઇ ચેરમેન સંજય માંગુકિયા અને પ્રેસિડન્ટ ડૉ. જીગ્નેશ પટેલ આ નોલેજ સેશનમાં હાજર હતા.

ડૉ. રાકેશ સેટિયા – રુસ્તમજીના સેલ્સ એન્ડ માર્કેટિંગ એક્સલન્સના વિઝનરી

ડૉ. સેટિયાએ પેઇન્ટ્સ, ટેલિકોમથી લઇને રિઅલ એસ્ટેટ સુધી છ અલગ-અલગ ઇન્ડસ્ટ્રીઝમાં કામ કર્યું છે. સેલ્સ રિપ્રેઝન્ટેટિવ તરીકે કરિયર શરૂ કરીને CSMO બનવા સુધી, એમણે ભારતના આઠ રિજન્સમાં 13થી વધુ બિઝનેસ હેડ રોલ્સ હેન્ડલ કર્યા. રુસ્તમજીમાં હવે એ 200થી વધુ સેલ્સ - માર્કેટિંગ પ્રોફેશનલ્સની ટીમને લીડ કરે છે અને સેલ્સ, માર્કેટિંગ, CRM અને સ્ટ્રેટેજી જોવે છે.

ડૉ. રાકેશ સેટિયા માસ્ટરક્લાસ : સ્ટ્રેટેજિક, ડેટા-ડ્રિવન અને ગ્રાહક-કેન્દ્રિત રિઅલ એસ્ટેટ બિઝનેસ બનાવવા

થ્રાઇવ 1.0માં એમની વાતે પાર્ટિસિપન્ટ્સને ફ્યુચર-રેડી રિઅલ એસ્ટેટનું બ્લૂપ્રિન્ટ આપ્યું — બ્રાન્ડિંગ, પ્રોડક્ટ પ્લાનિંગથી લઇને સક્ષમ ટીમ્સ બનાવવા, સેલ્સ વેલોસિટી મેનેજ કરવા અને સૌથી મહત્વનું, પ્રોજેક્ટ બનાવતા પહેલા વિચારવા.

ઇન્ડસ્ટ્રીઝમાં લીડરશીપની લેગસી

ડૉ. સેટિયાએ ડિસ્કશનમાં ખાસ ડેપ્થ લાવી. એમણે સેશન શરૂ કર્યું એક સાચી અને મજબૂત ઓર્ગેનાઇઝેશન કલ્ચર બનાવવાનું ઇમ્પોર્ટન્સ બતાવીને. એમના મુજબ, ક્લીયર, પ્રોફેશનલ અને હંમેશા શીખતું રહે એવું કલ્ચર લોન્ગ-ટર્મ સક્સેસ માટે બેઝ બનાવે છે. અને સફળતાનો પાયો નાંખે છે.

ડેટા-ડ્રિવન ડિસિઝન્સ (ડેટા આધારિત નિર્ણયો) : રિઅલ એસ્ટેટનો નવો કમ્પાસ

એમના પ્રેઝન્ટેશનની મુખ્ય થીમ ડેટા એનાલિટિક્સનો ડિસિઝન-મેકિંગમાં રોલ હતી. ડૉ. સેટિયાએ સમજાવ્યું કે આજના કમ્પિટિટિવ રિઅલ એસ્ટેટ માર્કેટમાં ફક્ત ગટ ફીલિંગ (કોઠા સૂઝ)થી નહીં ચાલે — પ્રોજેક્ટના દરેક સ્ટેજ, પ્લાનિંગ અને પ્રાઇસિંગથી લઇને કસ્ટમર ટાર્ગેટિંગ અને પોસ્ટ-સેલ્સ એન્ગેજમેન્ટ સુધી, ડેટા પર બેસ્ડ હોવું જોઇએ. ડેટા તમને વધુ સારા, સ્માર્ટ ડિસિઝન્સ લેવામાં હેલ્પ કરે છે અને સુરતના ડેવલપર્સને બિઝનેસ એનાલિટિક્સની ઇન્ટરનલ કેપેબિલિટી ડેવલપ કરવા કહ્યું.

સેલ્સ વેલોસિટીમાં માસ્ટરી

ટોકની ખાસ ઇન્સાઇટ હતી પ્રોજેક્ટ લાઇફસાઇકલમાં સેલ્સ વેલોસિટી. એમણે **લાઇફસાઇકલને ચાર સ્ટેજમાં વહેંચી : લોન્ચ થી પ્લિન્થ, પ્લિન્થ થી ટોપ, ટોપ થી OC અને પોસ્ટ-OC.** મોટા ભાગનું સેલ્સ શરૂઆતના ફેઝમાં થવું જોઇએ, જેથી ફાઇનાન્શિઅલ હેલ્થ સારી રહે. ડૉ. સેટિયાએ કહ્યું કે માર્કેટના ±5%ની રેન્જમાં પ્રાઇસિંગ આ વેલોસિટી માટે જરૂરી છે. રિઅલ એસ્ટેટમાં ટાઇમ ઇઝ મની - ડિલે (વિલંબ) માર્જિન અને બ્રાન્ડ ઇક્વિટી બંને ખાઈ શકે છે એમ એમણે ચેતવણી આપી.



બ્રાન્ડિંગ એક સ્ટ્રેટેજિક ઇન્વેસ્ટમેન્ટ તરીકે

એમણે એ પણ હાઇલાઇટ કર્યું કે બ્રાન્ડિંગ અને માર્કેટિંગને ખર્ચ નહીં, પણ સ્ટ્રેટેજિક ઇન્વેસ્ટમેન્ટ તરીકે જોવું જોઇએ. બ્રાન્ડ બનાવવા માટે કન્સિસ્ટન્સી, સ્ટોરીટેલિંગ અને માર્કેટ સાથે મેચ થતો મેસેજ જોઇએ. રુસ્તમજીની જર્નીના જીવંત ઉદાહરણોનો ઉપયોગ કરીને, ડૉ. સેટિયાએ બતાવ્યું કે સ્ટ્રક્ચર્ડ બ્રાન્ડ બિલ્ડિંગ લોન્ગ-ટર્મ રિકોલ અને ટ્રસ્ટ આપે છે. એમનો મેસેજ ક્લીયર હતો : ચોઇસથી ભરેલી દુનિયામાં, તમારા પ્રોજેક્ટની આઇડેન્ટિટીએ તમારી સેલ્સ સ્ટ્રેટેજીને ગાઇડ કરવી જોઇએ.

લોન્ચ સક્સેસ માટે CBM6PT ફ્રેમવર્ક

એમણે પોતાનું CBM6PT મોડલ રજૂ કર્યું, જે કસ્ટમર, બ્રાન્ડ, માર્કેટ, પ્રોડક્ટ, પ્રાઇસ, પ્લેસ, પ્રમોશન, પીપલ, પ્રોસેસ અને ટેક્નોલૉજીને કવર કરે છે. આ મોડલ રુસ્તમજીની 'ફર્સ્ટ-ડે-ફર્સ્ટ-શો' સક્સેસ ફોર્મ્યુલાનો બેઝ છે. આ ફ્રેમવર્ક કોમ્પિટિટિવ બેન્ચમાર્કિંગથી લઇને સેલ્સ ટીમની રેડીનેસ અને ડિજિટલ સ્ટ્રેટેજી સુધીની ડિટેલ્ડ પ્લાનિંગ ખાતરી કરે છે.

હર્ડ મેન્ટાલિટી (ટોળા-ભીડની માનસિકતા)ની જાળમાંથી બચવું

ટોળા-ભીડની માનસિકતાની જાળ-જોખમમાંથી બચવું એ એક ખાસ મુદ્દો હતો. તેના જોખમો ઘણા છે તે એવી વૃત્તિ છે જેમાં લોકો જે જૂથના હોય છે તેના વર્તન, માન્યતાઓ અને મંતવ્યો વગર વિચારે અપનાવે છે. અને તેમના પોતાના નિર્ણય અથવા વિશ્લેષણ પર આધારિત નથી હોતા. ઘણા ડેવલપર્સ, એમણે નોટિસ કર્યું ટ્રેન્ડ્સને આંખ બંધ કરીને ફોલો કરે છે, જેનાથી ઘણીવાર ના-પોષાય છતાં કામ કરે છે, માર્કેટમાં ઓવરસપ્લાય થાય છે અને ખરાબ પરફોર્મન્સ થાય છે. એના બદલે, એમણે યુવા ડેવલપર્સને ફિઝિબિલિટી સ્ટડીઝ, લોકલ ડિમાન્ડ-સપ્લાય મેટ્રિક્સ અને દરેક લોકેશનના યુનિક વેલ્યુ પ્રોપોઝિશન પર ફોકસ કરવા કહ્યું. રિઅલ એસ્ટેટ એક વેન-વે પ્રોસેસ છે જેમાં એક વાર પ્રોજેક્ટ લોન્ચ કાર્ય પછી પાછું વળી શકાતું નથી. એકવાર પ્રોજેક્ટ લોન્ચ કર્યો, તમારે ડિલિવર કરવું જ પડે, એટલે યોગ્ય - સાચું પ્લાનિંગ

અને સ્ટ્રેટેજી જરૂરી છે.

CRM અને ઓર્ગેનાઇઝેશનલ ડિઝાઇન : ગ્રોથના એનેબલર્સ

ડૉ. સેટિયાએ રુસ્તમજીના CRM અને ઓર્ગેનાઇઝેશન સ્ટ્રક્ચરનો ઓવરવ્યૂ આપ્યો, જેમાં માર્કેટિંગ, સેલ્સ, ડિજિટલ, લોયલ્ટી અને સ્ટ્રેટેજી ટીમ્સ વચ્ચે ક્રોસ-ફંક્શનલ કોલાબોરેશનનું મહત્ત્વ બતાવ્યું. એમણે સક્ષમ ટીમ્સ બનાવવા વિશે વાત કરી, જે રિસ્પોન્સિવ, ગ્રાહક-કેન્દ્રિત અને ડેટા-લિટરેટ હોય.

સુરતની જર્ની મુંબઇ જેવી : ઘણું પોટેન્શિઅલ ધરાવતું માર્કેટ

ડૉ. સેટિયાના મંતવ્ય પ્રમાણે સુરતની સરખામણીમાં મુંબઇ હજી ઘણું આગળ જવું છે, પણ દિશા લગભગ એક જેવી છે. સુરત માર્કેટની વધતી મેચ્યોરિટી, યુવા ડેવલપર્સની ઇચ્છા અને સ્ટ્રક્ચર્ડ થિન્કિંગ અપનાવવાની તૈયારી એ બધું પોઝિટિવ સાયન્સ છે. સુરત સંભાવનાઓનું શહેર છે, જો આ દિશામાં યોગ્ય સાતત્યપૂર્ણ રીતે આગળ વધવામાં આવે તો સુરતનું ભવિષ્ય ખૂબ જ ઉજળું છે.

મોર્ડન ડેવલપર્સ માટે પ્રેક્ટિકલ વિઝડમ

સેશનનો એક ખૂબ ઇમ્પેક્ટફુલ પાર્ટ હતો પ્રેક્ટિકલ ટૂલ્સ અને રિફ્લેક્શન્સ. ડૉ. સેટિયાએ જણાવ્યું હતું કે સોલિડ સેલ્સ અને માર્કેટિંગ સિસ્ટમ કેવી રીતે બનાવવી, મજબૂત અને સક્ષમ ઇન્ટરનલ કલ્ચર કેવી રીતે બનાવવું, અને ફેમિલી-રન બિઝનેસમાં સિનિયર ફાઉન્ડર્સને ન્યુ-એજની સ્ટ્રેટેજીઓ માટે ડેટા-બેસ્ડ પ્રેઝન્ટેશન્સથી કેવી રીતે કનવિન્સ કરવા. આવા રોજે-રોજ ફેસ થતા પ્રોબ્લમ્સ માટે રિઅલ આઇડિયાઝ પાર્ટિસિપન્ટ્સ સાથે ખૂબ કનેક્ટ થયા જે જનરેશનલ ટ્રાન્ઝિશન્સ ફેસ કરી રહ્યા છે.

રિઅલ એસ્ટેટનો બદલાતો ચહેરો

આજના માર્કેટમાં ગ્રાહકોની અપેક્ષાઓ બદલાઈ ગઈ છે. મોર્ડન હોમબાયર ગ્લોબલ છે, ઘણું ટ્રાવેલ કરે છે અને ડિજિટલી અવેર છે. પહેલાના સમયમાં માત્ર ટ્રસ્ટ અને ક્રેડિબિલિટી પૂરતા હતા. રિઅલ એસ્ટેટના બદલાતાં રૂપમાં કસ્ટમર વધુ જાણકાર છે અને ટ્રાન્સપરન્સી, સ્પીડ અને ક્વોલિટી ઇચ્છે છે અને વિશેષ અનુભવ ઇચ્છે છે. આજે એફિશિયન્સી, સ્માર્ટ લેઆઉટ્સ, ડિફરન્ટ ઓફરિંગ્સ અને ટ્રાન્સપરન્સીની વાત છે. આ શિફ્ટ માટે નવી રીતે વિચારવું અને બિઝનેસ કરવું જરૂરી છે.

ડાયલોગ જે બદલાવ લાવે - રિઅલ સવાલો સાથે એન્ગેજમેન્ટ

ઇન્ટરએક્ટિવ Q&Aમાં ડૉ. સેટિયાએ પાર્ટિસિપન્ટ્સના સવાલો — સેલ્સ વેલોસિટી, પ્રોડક્ટ ડિઝાઇનથી લઇને ડિજિટલ માર્કેટિંગ સુધીના પ્રેક્ટિકલ જવાબ આપ્યા. એમની સ્પષ્ટ અને એક્શનેબલ એડવાઇસે સેશનને

થ્રાઇવ 1.0ના ડેવલપર્સને અનુભવો

રીતેશ મોરડીયા, શાલિગ્રામ ગ્રુપ

થ્રાઇવ 1.0 એક અદભુત અને શાનદાર શીખવાનો અનુભવ હતો, જેણે આજના ડેવલપર્સને ઉપયોગી આઇડિયા આપ્યા. એક મોટી શીખ એ હતી કે સેલ્સ, માર્કેટિંગ અને સીઆરએમ સ્ટ્રેટેજીઓને આજના માર્કેટની ડિમાન્ડ પ્રમાણે બદલવી જરૂરી છે. એ પણ જાણવા મળ્યું કે શું કામ કરે છે અને શા માટે કામ કરે છે, જેથી સમજાયું કે બિઝનેસ ગોલ્સ અને ગ્રાહકોની ઇચ્છાઓ સાથે સિસ્ટમ કેવી રીતે બનાવવી.

ડૉ. સેટિયાએ પ્રોજેક્ટ લોન્ચ સ્ટ્રેટેજી—માર્કેટની ગેપ્સ સમજવાથી લઈને બ્રાન્ડને સેટ કરવા સુધી—બહુ ક્લિયર રીતે સમજાવી. એમણે ડેટા એનાલિટિક્સનું ઇમ્પોર્ટન્સ બતાવ્યું અને નાની નાની ડિટેલ્સ પર ફોકસ કરવાથી પ્રોડક્ટિવિટી તેમજ રિઝલ્ટ કેવી રીતે બેસ્ટ થાય એ શીખવ્યું.

સેશનની ખાસ વાત એ હતી કે ઇન્ટરજનરેશનલ કોમ્યુનિકેશન—એટલે નવા આઇડિયા અને ઇનોવેશન્સને સિનિયર લીડર્સ સામે ડેટા અને સમજણ સાથે કેવી રીતે રજૂ કરવા. આ એક એવો ચેલેન્જ હતો જેની સાથે ઘણા યુવા પ્રોફેશનલ્સ કનેક્ટ થયા, અને એમાં મળેલી ગાઇડન્સ બહુ ઉપયોગી હતી.

થ્રાઇવે બનાવેલું નેટવર્કિંગ વાતાવરણ પણ ખૂબ સારું હતું. એનાથી અમને સાથીઓ સાથે બરાબર વાત કરવાનો, બીજા શું કરે છે એ જાણવાનો અને ઇન્ડસ્ટ્રીમાં મજબૂત કનેક્શન્સ બનાવવાનો સૌને મોકો મળ્યો.

કંપનીના વિઝન, બ્રાન્ડમાં ડિફરન્સ, ચેલેન્જીસ અને સુરતના રિઅલ એસ્ટેટમાં શું બદલવું ગમશે એવા સવાલોની પ્રશ્નાવલીએ અમને એક વાર થંભીને વિચારવા મજબુર કર્યા. આ ફક્ત સેશન નહોતું - એ આપણી હાલની કામ કરવાની પદ્ધતિઓનું રિફ્લેક્શન હતું અને ફ્યુચર માટે ગાઈડીંગ ફોસ બન્યું હતું.

અદિતિ વિજયવર્ગીય - વિજય ડેવલપર્સ

ક્રેડાઇ યુથ વિંગ આયોજિત થ્રાઇવ 1.0માં હાજરી આપવી એ ખરેખર એક ટ્રાન્સફોર્મેટિવ અનુભવ હતો - દરેક રીતે આંખો ખોલનારો. આ ઇવેન્ટે ભારતની અગ્રણી લિસ્ટેડ રિઅલ એસ્ટેટ કંપનીઓના સ્ટ્રેટેજિક માઇન્ડ્સમાં ઝાંખી કરવાનો એક ઝૂઝ તક આપી. બ્રાન્ડિંગ, સેલ્સ, માર્કેટિંગથી લઈને લોન્ગ-ટર્મ ડિસિઝન-મેકિંગ સુધી, મોટા પ્લેયર્સ જે ઊંડાણ અને શિસ્ત સાથે કામ કરે છે એ બહુ ઇન્સાઇટફુલ અને ઇન્સ્પાયરિંગ હતું. સૌથી વધુ જે બાબત નોટિસ થઈ એ હતું ડેટા એનાલિટિક્સ અને ટેકનોલોજીનો ડિસિઝન-મેકિંગ અને બિઝનેસ ડેવલપમેન્ટમાં મહત્વનો રોલ. મને પહેલા અંદાજ ન હતો કે ડેટા પ્રોજેક્ટ ફિઝિબિલિટી, પ્રાઇસિંગ, પ્રોડક્ટ ડિઝાઈન, કસ્ટમર એન્ગેજમેન્ટ અને ઓપરેશનલ એફિશિયન્સી જેવા દરેક ક્રિટિકલ સ્ટેજને કેટલો અસર કરે છે. આ જાણકારી રિઅલ એસ્ટેટ સેક્ટરમાં ગ્રોથ અને ઇનોવેશનને કેવી રીતે એપ્રોચ કરવું જોઈએ એના પર મારો નજરિયો મૂળભૂતરીતે બદલી નાખ્યો છે.

ઇવેન્ટનું હાઇલાઇટ હતું ડૉ. રાકેશ સેટિયાનું સેશનમાં એમની વિચારોની ક્લેરિટી, ક્રોસ-ઇન્ડસ્ટ્રી એક્સપર્ટાઇઝ અને દાયકાઓના એક્સપિરિયન્સને એક્શનેબલ ઇન્સાઇટ્સમાં અમલમાં લાવવાની એમની કાબેલિયતે ઊંડી અસર કરી. એમની હાર્ડ-અર્ન્ડ લેસન્સ શેર કરવાની ઉદારતાએ શીખવાના અનુભવને હાઈવેલ્યુ એડ કરી. ઇન્ટરએક્ટિવ નેટવર્કિંગ એક્સરસાઇઝ અને સ્ટ્રેટેજિક પ્રશ્નાવલીએ અમારી કંપનીના વિઝન, ગોલ્સ અને ટ્રાન્સફોર્મેશનના એરિયાઝ પર ઊંડાણપૂર્વક વિચારવા પ્રેરિત કર્યા. આ ફક્ત એક લર્નિંગ પ્લેટફોર્મ નહોતું, પણ અનંતરાવલોકન અને ફ્યુચર પ્લાનિંગ માટે એક કેટેલિસ્ટ હતું. હું આવા હાઈ-ઇમ્પેક્ટ એન્ગેજમેન્ટ્સની રાહ જોઉં છું, જે પર્સનલ ગ્રોથને વધારે, ઓર્ગેનાઇઝેશનલ કેપેબિલિટીઝને સુધારે અને ભારતના રિઅલ એસ્ટેટ ઇકોસિસ્ટમના વિકાસમાં અર્થપૂર્ણ યોગદાન આપે.

વિપુલ માંગુકિયા - પિરામિડ ગ્રુપ, સુરત ક્રેડાઇ યુથ વિંગ કમિટી મેમ્બર

ક્રેડાઇ યુથ વિંગ આયોજિત થ્રાઇવ 1.0 મારા માટે ખરેખર શાનદાર અનુભવ હતો. એક્સપર્ટ અને અનુભવી ડૉ. રાકેશ સેટિયાએ લીધેલું આ સેશન ઘણી બધી સમજ આપનારું હતું, અને મને ખાસ કરીને સેલ્સ ફોરકાસ્ટિંગનો ભાગ બહુ ઇન્ટરેસ્ટિંગ લાગ્યો. એમાંથી સમજાયું કે દરેક રિઅલ એસ્ટેટ કંપનીએ ભવિષ્ય માટે એક સ્પષ્ટ પ્લાન બનાવવો જોઈએ અને એના પર પૂરી મહેનતથી કામ કરવું જોઇએ.

મારા માટે સૌથી મોટી શીખ એ હતી કે સેલ્સ સ્ટ્રેટેજીને પ્રોજેક્ટની આઇડેન્ટિટી સાથે મેચ કરવી જરૂરી છે. પ્રોજેક્ટની સફળતા ફક્ત ટાઇમિંગની વાત નથી — એમાં યોગ્ય ફિઝિબિલિટી એનાલિસિસ, ટાર્ગેટ ઓડિયન્સને સમજવું, ડિમાન્ડ-સપ્લાયની ગતિ, ઉપલબ્ધ પ્રોડક્ટ મિક્સ અને તમારું યુનિક સેલિંગ પોઇન્ટ નક્કી કરવું શામેલ છે. બ્રાન્ડિંગ વિશે, ડૉ. સેટિયાએ સમજાવ્યું કે સમજદારીથી ખર્ચ કરવો અને બરાબર પ્રોસેસ ફોલો કરવાથી લાંબા ગાળે વળ્યું ક્રિયેટ કરી શકાય છે.

બીજી મોટી વાત ડેટા વિશે હતી. ડેટાને કેવી રીતે એકઠો કરવો, એનો મતલબ સમજવો અને એનો ઉપયોગ કરવો એ ખૂબ જરૂરી છે. એનાથી વધુ સારા અને જાણકાર નિર્ણયો લઈ શકાય છે. રિઅલ એસ્ટેટ એવો બિઝનેસ છે કે એકવાર લોન્ચ કર્યા પછી ડિલિવર કરવું જ પડે. એના માટે બરાબર પ્લાનિંગ અને આગળનું વિચારવું જરૂરી છે.

નેટવર્કિંગ સેશન્સ અને રિફ્લેક્ટિવ એક્સરસાઇઝે મને મારી કંપનીના ગોલ્સ અને વિઝન પર ફરીથી વિચાર કરવા મજબૂર કર્યો. આ ઇવેન્ટે લાંબા ગાળાની સફળતાના મહત્વના પાસાઓ બતાવ્યા, અને મને લાગે છે કે આવા શીખવાના પ્લેટફોર્મ્સ વ્યક્તિગત અને ઇન્ડસ્ટ્રીના વિકાસ માટે બહુ જરૂરી છે.

વધુ ઇમ્પેક્ટફુલ બનાવ્યું. ડૉ. સેટિયાએ સમજદારી, ક્લેરિટી અને પ્રેક્ટિકલ આઇડિયાઝ સાથે જવાબ આપ્યા, જે એમના ઘણા એક્સપિરિયન્સમાંથી આવ્યા હતા.

ગ્રોથ માટે રિફ્લેક્શન : એક વિચારશીલ એક્સરસાઇઝ

પાર્ટિસિપન્ટ્સને શીખવાને ઇન્ટરનલાઇઝ કરવામાં હેલ્પ કરવા, એક શાનદાર પ્રશ્નાવલિ શેર કરવામાં આવી, જેમાં એમને પોતાની કંપનીના વિઝન, બ્રાન્ડ ડિફરન્સ, હાલના ચેલેન્જીસ અને સુરતના રિયલ એસ્ટેટ લેન્ડસ્કેપમાં એક મોટો ચેન્જ શું જોવા ગમશે એ વિશે વિચારવા કહેવામાં આવ્યું. આ રિફ્લેક્શન-ડ્રિવન એપ્રોચે સેશનને ડેપ્થ આપી અને સેલ્ફ-ઇવેલ્યુએશનને એન્કરેજ કર્યું. સુંદર નેટવર્કિંગ એક્સરસાઇઝ પણ પાર્ટિસિપન્ટ્સને ગમી.

રુસ્તમજી : પરફોર્મન્સમાં બેન્ચમાર્ક

લાસ્ટમાં, ડૉ. સેટિયાએ રુસ્તમજીના બિઝનેસ હાઇલાઇટ્સ શેર કર્યા જેથી બતાવે કે ડેટા-ડ્રિવન, કસ્ટમર-સેન્ટ્રિક અને ક્લચરલી અલાઇન્ડ ઓર્ગેનાઇઝેશન કમ્પિટિટિવ અર્બન એન્વાયરન્મેન્ટમાં કેવી રીતે પરફોર્મ કરે છે. તેમણે રુસ્તમજીના બિઝનેસ હાઇલાઇટ્સ જેવા કે એસેટ લાઇટ મોડેલ, ગ્રાહક કેન્દ્રિત અભિગમ, મજબૂત અમલીકરણ અને સ્ટેકહોલ્ડર્સ મેનેજમેન્ટ અને ડિલિવરીમાં સ્થાપિત ટ્રેક રેકોર્ડ પર ભાર મૂકવાને સફળતાનો મજબૂત પાયો ગણાવ્યો.

થ્રાઇવ 1.0 : ફક્ત સેમિનાર નહીં એક નવી શરૂઆત

એકંદરે થ્રાઇવ 1.0 ફક્ત એક સેમિનાર ન હતો, એ એક સ્ટ્રેટેજિક ઇન્ટરવેન્શન હતું. ડૉ. રાકેશ સેટિયાનું સેશન યુવા ડેવલપર્સ માટે એક બ્લૂપ્રિન્ટ હતું - જે એમને ટૂલ્સ, માઇન્ડસેટ અને વિઝન આપે છે જેથી આવનારા વર્ષોમાં વધુ સ્ટ્રોન્ગ, સ્માર્ટ અને સસ્ટેનેબલ રિયલ એસ્ટેટ બિઝનેસ બનાવી શકે. ક્રેડાઇ યુથ વિન્ગ સુરત દ્વારા એક નવી શરૂઆત છે - આવા બીજા પ્રોગ્રામ્સ આવશે જેથી આ મોમેન્ટમ ચાલુ રહે અને યુવાઓ ઉદ્યોગને નવી દિશા આપે.

કેયુર શેટા - સ્વર્ણ ગ્રુપ, સુરતનો અનુભવ

ક્રેડાઇ યુથ વિંગનો થ્રાઇવ 1.0 એ મેં હજી સુધી ભાગ લીધેલા સૌથી બેસ્ટ નોલેજ સેશન્સમાંથી એક હતો. એ ખૂબ ઉપયોગી, ઇનસાઇટફુલ અને સુરતના માર્કેટની હાલની જરૂરિયાતો સાથે બિલકુલ મેળ ખાતો હતો. ડૉ. રાકેશ સેટિયાનું સેશન, ખાસ કરીને પ્રોજેક્ટ સેલ્સ અને બ્રાન્ડિંગ વિશે, ખરેખર આંખો ખોલનારું હતું. રુસ્તમજીની ડેટા આધારિત સ્ટ્રેટેજીઓ એમણે જે રીતે રજૂ કરી, એનાથી અમને સ્પષ્ટ દિશા મળી કે આપણે આવી જ રીતોને આપણા લોકલ માર્કેટ અને ગ્રાહકોને અનુરૂપ કેવી રીતે અપનાવી શકીએ.

મારા માટે સૌથી મોટી શીખ એ હતી કે ડેટા એનાલિટિક્સ કેટલું મહત્વનું છે. પ્રોજેક્ટના દરેક તબક્કે — પ્લાનિંગથી લઇને અમલ સુધી — એ નિર્ણય લેવામાં મોટી ભૂમિકા ભજવે છે, અને આપણે ડેવલપર્સે આને ગંભીરતાથી લેવું જોઇએ જો આપણે આપણો વિકાસ કરવો હોય.

ડૉ. સેટિયાએ એ પણ સમજાવ્યું કે સેલ્સ લીડરશિપે પ્રોફેશનલ રીતે કામ કરવું જોઇએ, અને સેલ્સ તેમજ માર્કેટિંગનો ખર્ચ એ ખર્ચ નથી, પણ લાંબા ગાળાનું રોકાણ છે. આ રોકાણો કેવી રીતે કરવા એ એક પડકાર છે, પણ એ પડકારને આપણે સ્વીકારવો જ પડશે.

આ ઇવેન્ટે સાથીઓ સાથે નેટવર્કિંગ માટે પણ બહુ સારું પ્લેટફોર્મ આપ્યું, અને એની સ્ટ્રક્ચર્ડ પ્રશ્નાવલિએ અમને અમારી કંપનીના ગોલ્સ, વિઝન, બ્રાન્ડમાં અલગતા અને સુરતના રિયલ એસ્ટેટ ઇન્ડસ્ટ્રીમાં શું બદલવું ગમશે એ વિશે વિચારવા મજબૂર કર્યા. આ ખરેખર એક વિચારશીલ અને વિકાસલક્ષી અનુભવ હતો.

દેવાંગ વિડિયા - A&J ડેવલપર્સ, સુરત

ક્રેડાઇ યુથ વિંગ સુરતે ઓર્ગેનાઇઝ કરેલ થ્રાઇવ 1.0 એક શાનદાર નોલેજ-શેરિંગ સેશન હતું. જીગર શેટા અને એમની ટીમને ખૂબ ખૂબ અભિનંદન કે આવા સરસ, રિલેવન્ટ અને ઇમ્પેક્ટફુલ કાર્યક્રમનું આયોજન કર્યું. આ સેશનમાં મોટી કંપનીઓ ડિસિઝન-મેકિંગ પ્રોસેસ કેવી રીતે ડિઝાઇન કરે છે એની ડીપ ઇન્સાઇટ્સ મળી, અને સુરતના બદલાતા માર્કેટ માટે આ અપ્રોચ કેટલો જરૂરી છે એ વાત પર ભાર મૂકાયો.

ડૉ. રાકેશ સેટિયાની પ્રેઝન્ટેશન એની ક્લેરિટી અને ડેટાના પ્રેક્ટિકલ યૂઝ માટે આંખે ઉડીને વળગે તેવોય હતી. રુસ્તમજીના ઉદાહરણો દ્વારા એમણે બતાવ્યું કે ડેટા એનાલિટિક્સ એક ગાઇડિંગ લાઇટની જેમ કામ કરે છે, જે ડેવલપર્સને સાચી માર્કેટ સમજ અને ગ્રાહક બિહેવિયરના બેઝ પર ઇન્ફોર્મ્ડ ડિસિઝન્સ લેવામાં મદદ કરે છે. મને સમજાયું કે પ્રોજેક્ટના દરેક સ્ટેજ પર ડેટાને સીરિયસલી લેવું કેટલું ઇમ્પોર્ટન્ટ છે.

મારા માટે સૌથી મોટો ટેકઅવે હતો પ્રોફેશનલ સેલ્સ ટીમ્સ અને લીડરશિપની જરૂર, અને એ સમજવું કે સેલ્સ અને માર્કેટિંગ ખર્ચ એ ખર્ચ નહીં, પણ સ્ટ્રેટેજિક ઇન્વેસ્ટમેન્ટ છે. મજબૂત બ્રાન્ડ પ્રેઝન્સ ગ્રાહકોમાં બ્રાન્ડ-રિકોલને આસાન બનાવે છે અને લોન્ગ-ટર્મ વેલ્યુ બિલ્ડ કરે છે.

સેશનથી એ પણ વિચારવા મળ્યું કે આપણે આપણા બિઝનેસને કેવી રીતે ઓર્ગેનાઇઝ અને પ્રોફેશનલાઇઝ કરવું જોઇએ. મેટ્રો માર્કેટ્સની મોટી, સક્સેસફુલ કંપનીઓથી ઇન્સ્પિરેશન લઇને. કંપની ગોલ્સ, બ્રાન્ડિંગ અને લોકલ ચેલેન્જીસ પરની પ્રશ્નાવલી થોટ-પ્રોવોકિંગ હતી અને માઇન્ડસેટ શિફ્ટ કરવામાં મદદ કરી. આવા સેશન્સ, જો ઓપન માઇન્ડ સાથે અટેન્ડ કરીએ, તો ખરેખર ગ્રો કરવા અને અલગ રીતે વિચારવામાં મદદ મળે.

રેરામાં રજિસ્ટર્ડ પ્રોજેક્ટોની યાદીમાં સુરત રાજ્યમાં બીજા સ્થાને

પાલિકાને 10 દિવસમાં FSI પેટે 119.60 કરોડની આવક: બે મહિનામાં 200 કરોડની કમાણી

યુગેન રિયલ્ટી, સુરત.

રિયલ એસ્ટેટમાં ઉછાળો: માત્ર દસ દિવસમાં 70 નવી પ્રોજેક્ટ ફાઇલોને મંજૂરી

રિયલ એસ્ટેટ માર્કેટમાં તેજીનો માહોલ જોવા મળી રહ્યો છે, જેના કારણે બિલ્ડરો નવા પ્રોજેક્ટો શરૂ કરી રહ્યા છે. આનો સીધો લાભ સુરત મહાનગરપાલિકાને પેઇડ એફએસઆઇની આવક રૂપે મળી રહ્યો છે. છેલ્લા 10 દિવસમાં 30 પ્રોજેક્ટોને સૈદ્ધાંતિક મંજૂરી મળી છે, જેનાથી પાલિકાને 119.70 કરોડ રૂપિયાની આવક થશે. છેલ્લા બે મહિનામાં પાલિકાએ પેઇડ એફએસઆઇ પેટે 200 કરોડ રૂપિયાની આવક મેળવી છે. પાલિકાના સૂત્રોના જણાવ્યા અનુસાર, રિયલ એસ્ટેટ સેક્ટરમાં હાલ સાધારણ તેજીનો માહોલ છે. રેસિડેન્શિયલ અને કોમર્શિયલ બંને કેટેગરીમાં લોકો ઇન્કવાયરી કરી રહ્યા છે. આગામી દિવસોમાં માર્કેટમાં વધુ તેજીની શક્યતા જોતાં બિલ્ડરો વિવિધ વિસ્તારોમાં નવા પ્રોજેક્ટો શરૂ કરી રહ્યા છે, જેનો ફાયદો મનપાને મળી રહ્યો છે. રાજ્ય સરકાર દ્વારા નિર્ધારિત ગાઇડલાઇન્સથી વધુ બાંધકામ માટે મનપા બિલ્ડરો પાસેથી પેઇડ એફએસઆઇ વે છે. છેલ્લા 10 દિવસમાં 70 ફાઇલોને મંજૂરી આપવામાં આવી છે, જેનાથી પાલિકાને 119.60 કરોડ રૂપિયાની કમાણી થશે.

100 કરોડથી વધુના પ્રોજેક્ટોમાં અમદાવાદમાં 9 અને સુરતમાં 2 પ્રોજેક્ટ રેરામાં નોંધાયા

રાજ્યભરમાં રિયલ એસ્ટેટ સેક્ટરની વાત કરીએ તો, રેરામાં રજિસ્ટર્ડ પ્રોજેક્ટોની સંખ્યામાં સુરત બીજા ક્રમે છે. રિયલ એસ્ટેટ રેગ્યુલેશન એક્ટ (રેરા)ના આંકડા મુજબ, અમદાવાદ પ્રથમ, સુરત બીજા અને વડોદરા ત્રીજા સ્થાને છે. 100 કરોડ સુધીના પ્રોજેક્ટોમાં સુરત પ્રથમ સ્થાને છે. ચાલુ વર્ષે સુરતમાં 50થી 100 કરોડના 6 પ્રોજેક્ટ નોંધાયા છે, જ્યારે અમદાવાદમાં 5 અને વડોદરામાં 1 પ્રોજેક્ટ નોંધાયો છે. ચાલુ વર્ષે કુલ પ્રોજેક્ટોની વાત કરીએ તો, અમદાવાદમાં 80, સુરતમાં 47 અને વડોદરામાં 25 પ્રોજેક્ટ નોંધાયા છે. આમાં 100 કરોડથી વધુના 9 પ્રોજેક્ટ અમદાવાદમાં અને 2 પ્રોજેક્ટ સુરતમાં રેરામાં રજિસ્ટર્ડ થયા છે.

ચાલુ વર્ષે પેઇડ એફએસઆઇ પેટે 1100 કરોડની આવક

સુરત મહાનગરપાલિકાએ નાણાકીય વર્ષ 2025-26 માટે પેઇડ એફએસઆઇ પેટે 1000 કરોડ રૂપિયાનો લક્ષ્યાંક નક્કી કર્યો છે, જેની સામે માત્ર બે મહિનામાં 200 કરોડ રૂપિયાની આવક મેળવી લીધી છે. બિલ્ડરો દ્વારા રેસિડેન્શિઅલ અને કોમર્શિઅલ સેગમેન્ટમાં સસ્તાથી લઇને લક્ઝુરિયસ પ્રોજેક્ટો શરૂ કરવામાં આવી રહ્યા છે, જેનો લાભ પાલિકાને એફએસઆઇની આવક રૂપે મળી રહ્યો છે. ગત નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં પણ પાલિકાએ 100 કરોડના લક્ષ્ય સામે 1008 કરોડ રૂપિયાની આવક મેળવી હતી. ચાલુ વર્ષે પાલિકા 1100 કરોડ રૂપિયાથી વધુની આવક એફએસઆઇ પેટે મેળવશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

વર્લ્ડ બેંકને પાછળ રાખી તાપી રિવરફ્રન્ટ પ્રોજેક્ટ ફરી સક્રિય

પ્રથમ તબક્કામાં 4.8 કિ.મી. રિવરફ્રન્ટ બનશે, અર્બન ચેલેન્જ ફંડમાંથી 25% ભંડોળ

યુગેન રિયલ્ટી, સુરત.

સુરતમાં તાપી નદીના બંને કાંઠે 66 કિ.મી. રિવરફ્રન્ટ પ્રોજેક્ટ માટે વર્ષો વીતી ગયાં છે, પરંતુ નાણાંના અભાવે મહાપાલિકાને અડચણોનો સામનો કરવો પડ્યો. વર્લ્ડ બેંક પાસેથી ગ્રાન્ટની આશાએ ટીમે આઠ વખત સુરતની મુલાકાત લીધી, અનેક પ્રેઝન્ટેશનો આપ્યા અને મોંઘી હોટલોમાં આગતા-સ્વાગતા માટે ખર્ચો કરાયા, પરંતુ ગ્રાન્ટ મળી નહીં. હવે કમિશનર શાલિની અગ્રવાલે નવો માર્ગ શોધ્યો છે. અર્બન ચેલેન્જ ફંડમાંથી 25 ટકા ભંડોળ માટે કેન્દ્ર સરકારની મંજૂરી મળી ગઇ છે, અને એનબીએફઆઇડી તથા અન્ય ઓછા વ્યાજ દરે ધિરાણ આપતી બેંકોનો વિકલ્પ ખુલ્લો થયો છે.

પ્રથમ તબક્કામાં પીપલોદથી નાનપુરા જજીસ બંગલા સુધી 4.8 કિ.મી.નું રિવરફ્રન્ટ બનશે. આ તબક્કામાં બરાજથી વિયર કોઝવે સુધી પાળા, ઇન્ટરસેપ્ટર અને અન્ય સુવિધાઓનું નિર્માણ થશે.

પ્રોજેક્ટની અંદાજિત કિંમત 8,000 કરોડ રૂપિયા છે, જેને તબક્કાવાર હાથ ધરવાનું નક્કી થયું છે. વર્લ્ડ બેંકનો ઊંચો વ્યાજ દર અને ડોલરમાં ચુકવણીને કારણે લોન મોંઘી થઇ શકે, તેથી મહાપાલિકા ઓછા વ્યાજે ધિરાણ આપતી બેંકોને આમંત્રણ આપશે. એનબીએફઆઇડી અને હુડકો જેવી કેન્દ્ર સરકારની એજન્સીઓ પાસેથી ફાયનાન્સ મેળવવાની શક્યતા છે.

સુરત સહિત દક્ષિણ ગુજરાતના પાંચ જિલ્લાઓ માટે GDP ગણતરીનો નવો ફોર્મ્યુલા : શહેરી આર્થિક ઉત્પાદન માટે રચાઇ નવી સમિતિ, સુરતના કમિશનરને મળ્યું સ્થાન

યુગેન રિયલ્ટી, સુરત.

દક્ષિણ ગુજરાતના પાંચ જિલ્લાઓના જીડીપી આંકલન માટે હવે વૈજ્ઞાનિક અને પ્રમાણભૂત પદ્ધતિ અપનાવવામાં આવી રહી છે. નીતિ આયોગના "ગ્રોથ હબ ઇકોનોમિક ડેવલપમેન્ટ પ્લાન" અંતર્ગત, સુરત સહિતના વિસ્તારોના જીડીપી માટે ખાસ ફોર્મ્યુલા તૈયાર થઇ રહ્યો છે. દેશમાં પ્રથમ વખત "સિટી ઇકોનોમિક પ્રોડક્ટ"ની ગણતરી માટે રાષ્ટ્રીય સ્તરે વિશેષ સમિતિની રચના થઇ છે, જેમાં 26 નિષ્ણાતોનો સમાવેશ થયો છે. સુરતના મ્યુનિસિપલ કમિશનર શાલિની અગ્રવાલ પણ આ સમિતિનો મહત્વનો ભાગ બન્યા છે.

આ સમિતિનો ઉદ્દેશ શહેરો અને જિલ્લાઓના અર્થતંત્રનું ચોક્કસ મૂલ્યાંકન કરવા વૈજ્ઞાનિક અને પદ્ધતિશીલ માપદંડો પર આધારિત ડ્રાફ્ટ તૈયાર કરવાનો છે. અત્યાર સુધી શહેરોની આર્થિક કામગીરી માપવા માટે કોઇ સ્પષ્ટ ફોર્મ્યુલા નહોતો, પરંતુ આ સમિતિ આ ખામી દૂર કરશે.

શાલિની અગ્રવાલે જણાવ્યું કે, જીડીપી ગણતરી માટે અત્યાર સુધી દેશમાં એકસમાન પદ્ધતિ નહોતી. નીતિ આયોગના માર્ગદર્શન હેઠળ હવે શહેર અને જિલ્લા સ્તરે ચોક્કસ માપદંડો, રેકોર્ડ અને વૈજ્ઞાનિક પદ્ધતિઓ આધારિત એકસમાન ફોર્મ્યુલા વિકસાવવામાં આવી રહ્યો છે.

સમિતિનું અધ્યક્ષપદ નીતિ આયોગના સભ્ય ડૉ. અરવિંદ વિરમાણીને સોંપાયું છે. આ સમિતિમાં કેન્દ્ર સરકારના મંત્રાલયો અને એજન્સીઓના પ્રતિનિધિઓ ઉપરાંત સુરત, પુણે, જબલપુર અને મુઝફ્ફરપુરના મહાનગરપાલિકા કમિશનરોનો સમાવેશ થયો છે. ઔદ્યોગિક અને ભૌગોલિક માપદંડોને આધારે "સિટી ઇકોનોમિક પ્રોડક્ટ" માટે સામાન્ય મંચ તૈયાર કરવાની જવાબદારી આ સમિતિની રહેશે.

આગામી 12 મહિનામાં આ સમિતિ "સિટી ઇકોનોમિક પ્રોડક્ટ"ના મૂલ્યાંકન માટેની પદ્ધતિ અંગે અંતિમ અહેવાલ રજૂ કરશે, જે શહેરી વિકાસ માટે દિશાસૂચક બનશે.

ભવિષ્યનું એન્જિનિયરિંગ કરી સ્ટ્રક્ચર્સને આકાર
ધવલ પટોલિયા થી SACPL સુધીની સફર

જ્યાં વિકાસની વાર્તા બિલ્ડિંગ્સ દ્વારા કહેવામાં આવે છે, ત્યાં ધવલ પટોળિયા ભારતના સ્ટ્રક્ચરલ વિકાસ પાછળની શાંત પણ શક્તિશાળી ફોર્સ તરીકે ઉભરી આવ્યું છે. Structon Consultants તરીકેની શરૂઆતથી લઈને નેશનલ કન્સલ્ટન્ટ સુધીની ઓળખ તેમની એન્જિનિયરિંગ કળા, વિઝન અને અર્થપૂર્ણ વૃદ્ધિનું પ્રતિબિંબ છે. આજે ધવલ પટોળિયાનું નામ ક્લોવીટી અને કમિટમેન્ટનું પર્યાય બન્યું છે.

DHAVAL PATOLIYA LLP
STRUCTURAL CONSULTANCY
Design More Than What You See

યુગેન રિયલ્ટી, સુરત.

એક યુવાન એન્જિનિયરના સ્ટીલ અને કોન્ક્રીટના સપનાથી શરૂ થઈને સમગ્ર ભારતમાં શહેરી આકાર બદલતા એક પ્રખ્યાત કન્સલ્ટન્સી બનવાની યાત્રા... ધવલ પટોળિયાએ એન્જિનિયરિંગ અને ઇનોવેશનનો અનોખો સમન્વય ઉભો કર્યો છે કે જે બદલાવ લાવવાનું કામ કરે છે અને શહેર અને દેશની ડેવલપમેન્ટ યાત્રાને આગળ વધારે છે.

પહેલા Structon Consultants તરીકે ઓળખાતી અને હવે ધવલ પટોળિયા LLP તરીકે કાર્યરત આ પ્રેક્ટિસ તેમના ઉર્જાવાન, નિષ્ણાંત અને વિઝનરી ધવલ પટોળિયાની લીડરશીપ હેઠળ ચાલે છે. આ ફર્મ માત્ર સ્ટ્રક્ચર એન્જિનિયરિંગની ઓફિસ નહીં પરંતુ ક્ષેત્રમાં એક દિશાદર્શક શક્તિ બની છે - જે માત્ર બિલ્ડિંગ્સ ઊભી નથી કરતી, પરંતુ જીવનશૈલી અને અર્બન સ્ટાન્ડર્ડ્સને પણ બદલતી જાય છે.

ફર્મે અત્યારસુધીમાં 300 કરતાં વધુ પ્રોજેક્ટ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા છે અને હાલમાં 1.2 કરોડ ચોરસફૂટથી વધુનું કામ ચાલી રહ્યું છે. અત્યાર સુધીમાં તેઓએ કુલ મળીને આશરે 2.4 થી 2.6 કરોડ ચોરસફૂટના બિલ્ટ ઇન્વાયર્મેન્ટના ડેવલપમેન્ટમાં યોગદાન આપ્યું છે. આ માત્ર આંકડાઓ નથી - આ છે વિશ્વાસ, ગુણવત્તા અને શ્રેષ્ઠતાની દિશામાં સતત આગળ વધવાનો.

સ્થાનિક ભાવના સાથે રાષ્ટ્રીય ઉપસ્થિતિ

સુરત, અમદાવાદ, વાપી, નવસારી, ઉત્તર ગુજરાત, જામનગર, રાજકોટ, મુંબઈ, હૈદરાબાદ અને અન્ય અનેક શહેરોમાં કામ કરીને ધવલ પટોળિયાએ પોતાને એક મજબૂત બ્રાન્ડ તરીકે સ્થાપિત કર્યું છે. આ ફર્મ શહેરી તેમજ ઔદ્યોગિક હબ્સમાં વિવિધ પ્રકારની એન્જિનિયરિંગ અને કન્સલ્ટન્સી સર્વિસીસ પૂરી પાડી રહી છે - જેમની ડિઝાઇન એપ્રોચ સ્થિરતા, સુંદરતા અને ટકાઉપણું ધરાવે છે.

રેસિડેન્શિઅલ ટાવર્સ હોય કે કોમર્શિઅલ કોમ્પ્લેક્સ, કે પછી મોટા ઇન્ડસ્ટ્રીઅલ યુનિટ્સ - આ દરેક ક્ષેત્રમાં તેમની ડિઝાઇનમાં એક મજબૂતી અને સમજૂતી દેખાય છે. ડેવલપર્સ અને સંસ્થાઓ માટે તેઓ પસંદગીના પાર્ટનર બની ગયા છે.

સ્ટીલ અને કોંક્રીટમાં લેન્ડમાર્ક કંસ્ટ્રક્શન્સ

ધવલ પટોલિયા LLP ફર્મનો પોર્ટફોલિયો ખૂબ સમૃદ્ધ છે - રેસિડેન્શિઅલ ટાવર્સથી લઈને ઈન્ડસ્ટ્રીઅલ પાર્ક્સ, ઈન્સ્ટિટ્યુશનલ બિલ્ડિંગ્સ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ સુધી. કેટલીક નોંધપાત્ર પ્રોજેક્ટ્સમાં છે:

કર્મા 29 – દક્ષિણ ગુજરાતનું સૌથી હાઈ રાઇઝ રેસિડેન્શિઅલ બિલ્ડીંગ

- અવધ યુટોપિયા, વાપી
- રેર વિલા, મુંબઈ
- IFCI, અમદાવાદ
- અવધ કોન્ટિના,
- PV યુનિટ – RIL
- અને GIFT City ખાતે IFCI માટેની સ્ટ્રક્ચરલ કન્સલ્ટન્સી

આ પ્રોજેક્ટ્સ દર્શાવે છે કે ફર્મને કેટલું ઊંડું ટેક્નિકલ જ્ઞાન છે અને તે કેટલી માપદંડસભર ટકાઉ ડિઝાઇન આપે છે.

પ્રેરણાથી ઉદભવેલી દૃષ્ટિ

ધવલ પટોળિયા પોતાની યાત્રાનો શ્રેય વિશ્વપ્રસિદ્ધ એન્જિનિયર બિલ બાકર દુનિયાના સૌથી ઊંચા બિલ્ડીંગ બુર્જ ખલિફાના સ્ટ્રક્ચરલ ડિઝાઇનર અને ભારતીય સ્ટ્રક્ચરલ ડિઝાઇનના અગ્રણી ગિરીશ દ્રવિડને આપે છે. તેમની વિચારસરણી એ છે - સમસ્યાઓને સોલ્વ કરવાનું વિઝન, સતત શીખવું અને શક્યતાના કિનારાની બહાર વિચારવું.

ફર્મ દરેક પ્રોજેક્ટને માત્ર ટેકનિકલ પડકાર નથી માનતી, પરંતુ સમાજ અને પર્યાવરણ માટે પણ જવાબદારી માને છે. દરેક ડિઝાઇન એ એક તક છે - કઈંક સારું, મજબૂત અને અસરકારક બનાવવાની.

ઉદ્દેશપૂર્વક એન્જિનિયરિંગ

ધવલ પટોળિયાની વિશેષતા એ છે કે તેઓ ટેકનિકલ નોલેજ અને માનવીય સમજ વચ્ચેનું સંતુલન જાળવે છે. ફર્મના એન્જિનિયર્સ, ડિઝાઇનર્સ અને એડવાઇઝર્સનું મિશન છે કે ટકાઉ ભવિષ્ય માટે કાર્ય કરવું - ભવિષ્ય જે એન્જિનિયરિંગની શક્તિથી વધુ સારું બને.

તેઓ સીઝ્મિક ઝોનમાં ડિઝાઇન કરતા હોય કે લીડ સર્ટિફાઇડ ગ્રીન બિલ્ડિંગ્સ ડેવલપ કરતા હોય - ફર્મ દરેક પડકારને આત્મવિશ્વાસથી સ્વીકારે છે.

પ્રતિનિધિત્વ અને સહયોગ

ગુજરાતના ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રમાં વધુ મજબૂત ઉપસ્થિતિ માટે, ધવલ પટોળિયા LLP એ હવે સંઘવી & એસોસિયેટ્સ & કન્સલ્ટન્ટ્સ પ્રા. લી. (SACPL) માટે ગુજરાત પ્રદેશનું પ્રતિનિધિત્વ કરે છે. આ સહયોગ બંને સંસ્થાઓની ક્ષમતાઓને એકત્ર કરી

SACPL

વધુ મોટા અને મલ્ટી-ડિસિપ્લીનરી પ્રોજેક્ટ્સ માટે યોગ્ય બનાવે છે.

અમે (DPLLP + SACPL) ૧૫૦ મીટરના ૮૦ ટાવર + ૨૦૦ મીટરના ૨૪ ટાવર + ૩૦૦ મીટર ઊંચાઈના ૬ ટાવર ડિઝાઈન કરવાનો અનુભવ ધરાવીએ છીએ.

આ અગ્રણી એન્જિનિયરિંગ ટેક્નોલોજી, ટીમવર્ક અને દાયકાઓના અનુભવ સાથે ટકાઉ વિકાસ માટે પ્રતિબદ્ધ છે.

ભવિષ્યની દિશામાં પગલા

આજના યુગમાં જ્યાં સ્માર્ટ અને મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચરની જરૂરિયાત સતત વધી રહી છે, ત્યાં ધવલ પટોળિયા એક નેક્સ્ટ-જેન કન્સલ્ટન્સી તરીકે ઉભરી રહી છે -

ધવલ પટોળિયા
ડિરેક્ટર - SACPL ગુજરાત અને DPLLP

જેનામાં જૂના મૂલ્યો અને નવું વિઝન છે.

ધવલ પટોળિયા LLP ફર્મની સફર માત્ર નમ્બર્સ પર આધારિત નથી - એ છે અસર, નવીનતા અને વિઝનની યાત્રા.

જેમ જેમ ભારતના અર્બન અને ઇન્ડસ્ટ્રીઅલ ક્ષેત્રો વિકસિત થઇ રહ્યા છે, તેમ તેમ આવા કન્સલ્ટન્ટ્સ ચુપચાપ તેમાં અતુલ્ય યોગદાન આપી રહ્યા છે, એક પ્રોજેક્ટ, એક સ્ટ્રક્ચર અને એક વિઝનથી.

ERCOLE

ERCOLE SITE

KONTINA

KONTINA SITE

GREEN CLUB

GREEN CLUB SITE

IFSCA HEADQUATER, Gift City

IFSCA HEADQUATER SITE

JW MARRIOT, SURAT

N Rose, Mumbai and Aga Khan Towers, Mumbai

SHABMMA ની 13મી AGM: એકતા અને ઉજવણીની યાદગાર સાંજ

સુરતના હાર્ડવેર અને બિલ્ડિંગ મટીરીઅલ ઉદ્યોગનું ગૌરવ એવું સુરત હાર્ડવેર એન્ડ બિલ્ડિંગ મટીરિઅલ્સ મર્ચન્ટ્સ એસોસિએશન (SHABMMA) એ પોતાની 13મી વાર્ષિક સાધારણ સભા (AGM)નું ભવ્ય આયોજન કરીને "સંગઠન એ જ શક્તિ" એમના સૂત્રને સાર્થક કર્યું અને એકતા અને પ્રગતિનું નવું ઉદાહરણ પૂરું પાડ્યું. 31 મે, 2025ના રોજ કોસમાડાના પૃષ્ટિ ફાર્મ ખાતે યોજાયેલ આ કાર્યક્રમે સંગઠનની સિદ્ધિઓ, સભ્યોના સહયોગ અને સામાજિક જવાબદારી પ્રત્યેની પ્રતિબદ્ધતાને ઉજાગર કરી. આ ભવ્ય કાર્યક્રમમાં 800 સભ્યો અને તેમના પરિવારજનો સાથે કુલ 1,700 લોકોએ હાજરી આપી, જેમાં નેટવર્કિંગ, વિચાર-વિમર્શ અને સંગીતમય મનોરંજનનો આનંદ માણ્યો.

યુગેન રિઅલ્ટી, સુરત.

31 મે, 2025ના રોજ, સુરત હાર્ડવેર એન્ડ બિલ્ડિંગ મટીરિઅલ્સ મર્ચન્ટ્સ એસોસિએશન (SHABMMA) એ તેની 13મી વાર્ષિક સાધારણ સભા (AGM) પૃષ્ટિ ફાર્મ, કેનાલ રોડ, કોસમાડા, સુરત ખાતે યોજી હતી. સાંજે 6:00 થી 11:30 સુધી ચાલેલા આ ભવ્ય કાર્યક્રમમાં 800 સભ્યો અને તેમના પરિવારજનો સાથે કુલ 1,700 લોકોએ હાજરી આપી, જેમાં નેટવર્કિંગ, વિચાર-વિમર્શ અને સંગીતમય મનોરંજનનો આનંદ માણ્યો.

કાર્યક્રમનું સંચાલન વાઇસ પ્રેસિડેન્ટ રાજેશભાઇ નેમાણીએ નિપુણતાથી કર્યું. પરંપરાગત દીપ પ્રાગટ્યથી શરૂઆત થઇ, જેણે ઉષ્માભર્યું વાતાવરણ સર્જ્યું. પ્રમુખ કિરીટભાઇ પટેલે તેમની સ્વાગત પ્રવચનમાં એસોસિએશનની સિદ્ધિઓની રૂપરેખા આપી. મહેમાનો અને સ્પોન્સર્સનું મોમેન્ટો અને પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું. સેક્રેટરી દિલીપભાઇ પટેલે વાર્ષિક અહેવાલ રજૂ કર્યો અને નવી કમિટીની યાદી જાહેર કરી.

મુખ્ય મહેમાન ડો. જીવરાજભાઇ ડાખરાની ગેરહાજરીમાં ડો. આશિષભાઇ કાનાણીએ હાજરી આપી. તેમણે રક્તદાનના ફાયદા અને લોક સમર્પણ રક્તદાન કેન્દ્રના કાર્યોની માહિતી આપી, SHABMMAના સંગઠનની પ્રશંસા કરી અને એકતા જાળવવા શુભેચ્છાઓ પાઠવી. સન્માનના મહેમાન શ્રી હસમુખભાઇ પટેલ (MD, હાર્ડવેર સમાચાર, અમદાવાદ) એ પણ એસોસિએશનના પ્રયાસોની સરાહના કરી અને વેપારીઓની એકતા પર ભાર મૂક્યો. . મુખ્ય સ્પોન્સર પીડીલાઇટ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ, એસોસિએટ સ્પોન્સર લિક લોક લિમિટેડ અને પેટ્રન સ્પોન્સર ક્રિસ્ટલ ઇન્ટિરિયર પ્રોડક્ટ્સ લિમિટેડે પોતાની સ્પીચ આપી અને LED સ્ક્રીન પર વિડિયો રજૂ કર્યા, જેનાથી તેમની પ્રતિબદ્ધતા ઝળકી.

એડવાઇઝરી કમિટીના સભ્ય પ્રમોદભાઇ ભગતે SHABMMAની શરૂઆતથી લઇને અત્યાર સુધીની સફરનો ટૂંકો ચિતાર આપ્યો. સુરતના સંયોગી એસોસિએશનના આગેવાનોનું પુષ્પગુચ્છથી સન્માન કરવામાં આવ્યું, જેનાથી સમુદાયના સંબંધો મજબૂત થયા. ઔપચારિક AGM બાદ, રંગારંગ સંગીતમય સાંજની શરૂઆત થઈ, જેણે હાજર લોકોને મોહિત કર્યા. સુરુચિ ભોજન અને દરેક સભ્યને આપવામાં આવેલી ભેટે સાંજને વધુ યાદગાર બનાવી.

2006માં સ્થપાયેલ SHABMMA દક્ષિણ ગુજરાતના 1,100થી વધુ હાર્ડવેર અને બિલ્ડિંગ મટીરિઅલ સપ્લાયર્સ માટે અગ્રણી સંગઠન છે. રક્તદાન શિબિરો, સેમિનાર અને ક્રિકેટ ટૂર્નામેન્ટ જેવી પહેલો દ્વારા સામાજિક જવાબદારી અને ઉદ્યોગના વિકાસને પ્રોત્સાહન આપે છે. આ 13મી AGMએ SHABMMAની એકતા અને પ્રગતિ પ્રત્યેની પ્રતિબદ્ધતાને ઉજાગર કરી.

આ યાદગાર સાંજે ભૂતકાળની સિદ્ધિઓની ઉજવણી કરી અને SHABMMAના બેનર હેઠળ આગળ વધવાનો માર્ગ મોકળો કર્યો. નવા ઉત્સાહ અને સમૃદ્ધ ભવિષ્યના વિઝન સાથે, સભ્યો એકતા અને શ્રેષ્ઠતા માટેના સંકલ્પ સાથે વિદાય થયા.

દિલીપભાઇ પટેલ - સેક્રેટરી

કિરીટભાઇ પટેલ - પ્રમુખ

સુદીપ્તા ભટ્ટાચાર્ય - ઝોનલ હેડ

રાજેશભાઇ નેમાણી - વાઇસ પ્રેસિડેન્ટ

તુષાર પ્રિયદર્શી - રિજનલ મેનેજર

પ્રીત સ્વામી, વિઝનરી ફાઉન્ડર ઉમેશ સ્વામી અને સાગર સ્વામી - જય એર સિસ્ટમ્સ પ્રા. લિ.

JayAir®
SYSTEMS PRIVATE LIMITED

જય એર સિસ્ટમ્સ પ્રા. લી. ના સ્થાપનાની 31 વર્ષની ઉજવણી

વિઝનરી ફાઉન્ડર ઉમેશ સ્વામી અને ડિરેક્ટર્સ પ્રીત અને સાગર સ્વામીની લીડરશિપમાં જય એર સિસ્ટમ્સને નવી ઊંચાઈઓ સર કરી રહ્યું છે

HVAC સેગમેન્ટમાં અગ્રણી અને પાયોનિયર એવી જય એર સિસ્ટમ્સ પ્રા. લિ.એ તાજેતરમાં પોતાની 31 વર્ષની સફળ યાત્રાની ઉજવણી કરી. 1994માં વિઝનરી ઉમેશ સ્વામી દ્વારા સ્થાપિત કંપની આજે તેમના પુત્રો પ્રીત અને સાગર સ્વામીની આગેવાની હેઠળ દક્ષિણ ગુજરાતમાં અગ્રેસર બની છે. બ્લૂસ્ટાર સાથે 27 વર્ષથી વધુના ભાગીદારી અને દર વર્ષે 22,000 TRથી વધુ ઈન્સ્ટોલેશન સાથે, જય એરે ટેકનોલોજી, ક્વોલિટી અને વિશ્વસનીય સર્વિસથી બજારમાં ભરોસાનો પર્યાય બની ગયો છે. સસ્ટેનેબલ અને કાર્યક્ષમ એર કંડિશનિંગ આપવામાં કંપની અગ્રણી સ્થાને છે.

યુગેન રિઅલ્ટી, સુરત

સુરત અને દક્ષિણ ગુજરાતમાં HVAC ઇન્ડસ્ટ્રીમાં અગ્રણી અને પાયોનિયર, જય એર સિસ્ટમ્સ પ્રાઇવેટ લિમિટેડે તાજેતરમાં તેની 31મી વર્ષગાંઠની ઉજવણી કરી, જય એર સિસ્ટમ્સ એર કન્ડીશનીંગ સોલ્યુશન્સમાં ત્રણ દાયકાથી વધુ ઇનોવેશન, વિશ્વાસ અને શ્રેષ્ઠ સર્વિસનો પર્યાય બની ગઈ છે. 1994માં વિઝનરી ઉદ્યોગ સાહસિક ઉમેશ સ્વામી દ્વારા સ્થાપિત, આ કંપની સુરતમાં નાના પાયે શરૂ થઇ અને દક્ષિણ ગુજરાત તેમજ સમગ્ર ભારતમાં અગ્રણી નામ અને પ્રતિષ્ઠિત બની ગઈ છે. આજે, ઉમેશ સ્વામીની લીડરશીપ હેઠળ, તેમના પુત્રો પ્રીત સ્વામી અને સાગર સ્વામી સાથે મળીને, જય એર સિસ્ટમ્સને એચવીએસી ક્ષેત્રમાં ક્વોલિટી અને કસ્ટમર સેટિસ્ફેક્શન પ્રત્યેની પ્રતિબદ્ધતા સાથે નવા માપદંડો સ્થાપિત કરી રહી અને નવી ઊંચાઈઓ સર કરી રહી છે.

સુરતમાં હેડ ક્વાટર અને વાપી અને ભરૂચમાં કામગીરી સાથે, સિસ્ટમ્સ 27 વર્ષથી વધુ સમયથી બ્લૂ સ્ટારના પાર્ટનર છે, અને ભારતમાં બ્લૂ સ્ટારના ડક્ટેડ અને પેકેજ્ડ સેગમેન્ટ્સ માટે નંબર 1 ડીલર તરીકેનું સન્માન પ્રાપ્ત કર્યું છે. વાર્ષિક 400 ટીઆર (ટન્સ ઓફ રેફ્રિજરેશન)ની ઇન્સ્ટોલેશન ક્ષમતાથી શરૂઆત કરીને, કંપની હવે વાર્ષિક 22,000 ટીઆરથી વધુનો પ્રભાવશાળી લેન્ડમાર્ક હાંસિલ કર્યું છે, જે કોર્પોરેટ, કોમર્શિઅલ, રેસિડેન્શિઅલ, ઈન્ડસ્ટ્રીઅલ, ફાર્માસ્યુટિકલ, હોસ્પિટાલિટી સહીત અનેક સેક્ટર્સમાં લાખો સંતુષ્ટ ગ્રાહકોને સેવા આપે છે. આ નોંધપાત્ર વૃદ્ધિ જય એર સિસ્ટમ્સની ઉત્કૃષ્ટતા અને બદલાતી બજારની માંગને અનુરૂપ થવાની તેની ક્ષમતાને દર્શાવે કરે છે.

જય એર સિસ્ટમ્સના ડાયરેક્ટર પ્રીત સ્વામી કહે છે. "અમારું વિઝન હંમેશા બેજોડ કૂલિંગ સોલ્યુશન્સ પહોંચાડવાનું રહ્યું છે, જેમાં સસ્ટેનેબિલિટી અને ગ્રાહકનો વિશ્વાસ પ્રાથમિકતા છે, આ 31મી વર્ષગાંઠ મારા પિતાના વિઝન, અમારી ટીમની મહેનત અને એચવીએસી નવીનતાની સીમાઓને આગળ વધારવાની અમારી પ્રતિબદ્ધતાનો પુરાવો છે. અમને લાગે છે કે આ તો માત્ર શરૂઆત છે, હજુ ઘણું આગળ જવાનું છે."

જય એર સિસ્ટમ્સનું બિઝનેસ મોડલ તેના એન્ડ-ટુ-એન્ડ સોલ્યુશન્સ માટે અલગ તરી આવે છે, જેમાં પ્રોડક્ટ સપ્લાય, એક્સપર્ટ ઇન્સ્ટોલેશન અને વ્યાપક આફ્ટર-સેલ્સ સર્વિસનો સમાવેશ થાય છે. 225,000 ટીઆરથી વધુ ઇન્સ્ટોલ કરેલ અને 150થી વધુ ટેકનિકલી ટ્રેઇન્ડ પ્રોફેશનલ્સની ટીમ સાથે, કંપની નિરંતર સર્વિસ અને ડિલિવરી સુનિશ્ચિત કરે છે. તેની અદ્યતન ડક્ટ મેન્યુફેક્ચરિંગ ફેસિલિટી, 30,000 ચોરસ ફૂટમાં ફેલાયેલી અને યુકે અને યુએસએની સ્ટેટ-ઓફ-ધ-આર્ટ અદ્યતન મશીનરીથી સજ્જ, વિવિધ ગ્રાહક જરૂરિયાતોને પહોંચી વળવા માટે સ્કવેર, રાઉન્ડ, સ્પાયરલ અને ઓવલ ડક્ટ્સની વિશાળ શ્રેણીનું મેન્યુફેક્ચરિંગ કરે છે. આ ઇન-હાઉસ ક્ષમતા, અદ્યતન સાધનો અને ટેકનોલોજી સાથે મળીને, જય એર સિસ્ટમ્સને ગુજરાતના સૌથી મોટા એચવીએસી ડીલર તરીકે ગૌરવપૂર્ણ સ્થાન આપે છે.

કંપનીના કોર વેલ્યુઝમાં એથિકલ લીડરશીપ, ઇનોવેશન અને કમ્ફર્ટ, હેલ્થ અને એનર્જી એફીસીયંસી પ્રત્યેનો જુસ્સો - તેની સફળતાનો આધાર રહ્યા છે. જય એર સિસ્ટમ્સની સસ્ટેનેબલ ગ્રોથ અને ગ્રાહક-કેન્દ્રિત સર્વિસ પ્રત્યેની પ્રતિબદ્ધતાએ તેને અનેક પુરસ્કારો અપાવ્યા છે, જેમાં બ્લૂ સ્ટારના વેસ્ટ ઝોનમાં બેસ્ટ સર્વિસ પ્રોવાઇડર તરીકેની માન્યતા સામેલ છે. તેમનું ધ્યાન પાવર-સેવિંગ સોલ્યુશન્સ અને ઇનોવેટિવ પ્રોડક્ટ્સ પર છે, જેમ કે બ્લૂ સ્ટારના મેગા સ્પ્લિટ, વર્ટિકૂલ અને કેસેટ એસી, જે ઓફિસો, શોરૂમ્સ અને હોસ્પિટાલિટી સ્થળો જેવી મોટી કોમર્શિઅલ સ્પેસીસ માટે શ્રેષ્ઠ કૂલિંગ સુનિશ્ચિત કરે છે.

જય એર સિસ્ટમ્સનો ડાયવર્સીફાઇડ પોર્ટફોલિયો રૂમ એર કંડિશનર્સ, એર કૂલર્સ, સેન્ટ્રલ એર કંડિશનિંગ સિસ્ટમ્સ અને કોમર્શિઅલ રેફ્રિજરેશનનો સમાવેશ કરે છે, જે હેલ્થકેર, રિટેલ, રિઅલ એસ્ટેટ પ્રોજેક્ટસ, ફેક્ટરીઓ, ગવર્નમેન્ટ પ્રોજેક્ટસ અને એરપોર્ટ્સ જેવા ક્ષેત્રોને સર્વિસ આપવાનું સામેલ છે. નોંધપાત્ર પ્રોજેક્ટ્સમાં G3 અડાજણ, રાજહંસ ઓર્નેટ, V એમ્પોરિયો અને કાજલ્સ કોયરમાં ઉચ્ચ-પ્રોફાઇલ ઇન્સ્ટોલેશન્સનો સમાવેશ થાય છે, જે કંપનીની ડાયવર્સીટી એન્ડ એક્સપર્ટાઇઝ દર્શાવે છે. તેના એન્યુઅલ મેન્ટેનન્સ કોન્ટ્રાક્ટર્સ (AMCs) એચવીએસી સિસ્ટમ્સની સરળ કામગીરી સુનિશ્ચિત કરે છે, જે રિન્યૂઅલ્સ અને સર્વિસ શેડ્યૂલ્સને ટ્રેક કરવા માટે સમર્પિત સોફ્ટવેર દ્વારા કરવામાં આવે છે, સમયસૂચિતા અને તાત્કાલિક સર્વિસ કંપનીની બ્રાન્ડ વેલ્યુ-રેપ્યુટેશનેન વધારે છે.

31મી વર્ષગાંઠની ઉજવણી જય એર સિસ્ટમ્સ પરિવાર માટે ગર્વની ક્ષણ હતી, જે પારિવારિક બિઝનેસથી રાષ્ટ્રીય એચવીએસી સોલ્યુશન્સમાં અગ્રણી બનવાની તેની સફરને દર્શાવે છે. ઉમેશ સ્વામીના વિઝનરી માર્ગદર્શન અને પ્રીત અને સાગર સ્વામીના નેક્સ્ટજન નેતૃત્વ હેઠળ, કંપની અદ્યતન ટેકનોલોજી અને સસ્ટેનેબલ પ્રેક્ટિસીસને અપનાવીને ઇનોવેશને આગળ વધારી રહી છે. **"Nobody Cools Better than Us!"** - જય એર સિસ્ટમ્સનું વિઝન અને મિશન - દરેક પ્રોજેક્ટ અને પ્રોસેસમાં દેખાય છે, રેસિડેન્શિઅલ હોમ્સથી લઈને વિશાળ ઇન્ડસ્ટ્રીઅલ કોમ્પ્લેક્સિસ સુધી. વિશ્વાસ, ગુણવત્તા અને ગ્રાહક સંતોષ પર બનેલી વારસા સાથે, જય એર સિસ્ટમ્સઆવનારા વર્ષો સુધી એચવીએસી ઉદ્યોગમાં અગ્રણી રહેવા માટે તૈયાર છે.

જય એર સિસ્ટમ્સ ની લેન્ડમાર્ક પ્રગતિયાત્રા

1991 : ઉમેશ સ્વામીએ એર કંડિશનિંગ મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાં પ્રવેશ કર્યો.

1994 : ઉમેશ સ્વામીએ જય એર સિસ્ટમ્સની સ્થાપના કરી અને બ્લૂ સ્ટાર સાથે પ્રથમ ડીલરશિપ કોન્ટ્રાક્ટ મેળવ્યો.

2000 : પ્રીત સ્વામીએ કંપની જોઈન કરી અને કંપનીમાં નવું વિઝન, ટેકનોલોજી લાવ્યા.

2004 : એક્સપેંશન કર્યું અને પ્રથમ VRF એસી પ્રોજેક્ટ શરૂ કર્યો.

2006 : વાપી, ગુજરાતમાં નવી બ્રાન્ચ ખોલી.

2008 : ડક્ટ લાઇન સેટઅપમાં 35,000 ચો. ફૂટનો વિસ્તાર કર્યો અને મિત્સુબિશી સાથે બીજો ડીલરશિપ કોન્ટ્રાક્ટ મેળવ્યો.

2009 : સાગર સ્વામીએ કંપની જોઈન કરી, નવો ઉત્સાહ નવી ઊર્જા લાવ્યા

2010 : મુંબઈમાં ત્રીજી ઓફિસ સાથે વિસ્તાર કર્યો, ગ્રોથ આવ્યો

2012 : રેસિડેન્શિઅલ સ્પેસમાં 5,000 ટન એસી ઈન્સ્ટોલ કર્યા, ઈન્ડસ્ટ્રીમાં આવી બૂમ લાવ્યા

2015 : સુરતના ડાયમંડ ઉદ્યોગમાં 5,000 ટન એસી ઈન્સ્ટોલ કર્યા, તેની પ્રતિષ્ઠા વધારી.

2016 : MEP સર્વિસીસ અને આર્કિટેક્ટ્સ સાથે નોંધપાત્ર એસી ઈન્સ્ટોલેશન કરી નામ વધાર્યું

2020 : કોવિડ દરમિયાન ગ્રાહકોને સપોર્ટ કરવા 24x7 સર્વિસ શરૂ કરી.

2022 : 20,000 ટન ઈન્સ્ટોલ કરી બ્લૂ સ્ટારમાં સૌથી વધુ વેચાણ નોંધાવ્યું, નોંધપાત્ર સિદ્ધિ મેળવી.

2023 : સુરતમાં સૌથી મોટું સેન્ટ્રલાઈઝ્ડ ચિલર ઈન્સ્ટોલ કર્યું, ક્રિયેટિવ એસી ફેબ્રિકેશન પર ધ્યાન કેન્દ્રિત કર્યું.

2024 : જય એર સિસ્ટમ્સ હવે ગ્રોથ સ્ટોરીઝ સાથે આગળ વધી રહી છે, યોગ્ય ટેમ્પરેચર સેટ કરીને!

2025 : 31મી વર્ષગાંઠની ઉજવણી., વિકાસ યાત્રા આગળ વધી રહી છે....

Head Office : Surat

Factory

"અમારું વિઝન હંમેશા બેજોડ કૂલિંગ સોલ્યુશન્સ પહોંચાડવાનું રહ્યું છે, જેમાં સસ્ટેનેબિલિટી અને ગ્રાહકનો વિશ્વાસ પ્રાથમિકતા છે, આ 31મી વર્ષગાંઠ મારા પિતાના વિઝન, અમારી ટીમની મહેનત અને એચવીએસી નવીનતાની સીમાઓને આગળ વધારવાની અમારી પ્રતિબદ્ધતાનો પુરાવો છે. અમને લાગે છે કે આ તો માત્ર શરૂઆત છે, હજુ ઘણું આગળ જવાનું છે."

- પ્રીત સ્વામી - ડાયરેક્ટર, જય એર સિસ્ટમ્સ

Maitri Ceramic

મૈત્રી સિરામિક્સ : દ્રષ્ટિ, મૂલ્યો અને વિકાસની 21 વર્ષની સફળ યાત્રા

21ST ANNIVERSARY

એક સાહસિક સફર જે બની ઉદ્યોગ જગતની ઓળખ - મૈત્રી સિરામિક્સ – જ્યાં નામ નહીં, પણ કાર્ય બોલે છે

મૈત્રી સિરામિક્સની સફળતાની યાત્રા એક પ્રેરણાદાયી ઉદાહરણ છે, જે ખંત, નિષ્ઠા અને ગ્રાહક કેન્દ્રિત અભિગમની શક્તિને દર્શાવે છે. 1999માં પીયૂષભાઈ કસવાળા અને ભુરાભાઈ સાંગાણીએ નાનકડા પ્રયાસથી શરૂ કરેલું આ સાહસ આજે સિરામિક ઉદ્યોગમાં એક મજબૂત બ્રાન્ડ તરીકે ઉભરી આવ્યું છે. માત્ર ₹. 5500ની શરૂઆતથી લઈને આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ્સ સાથે પાર્ટનરશિપ અને એશિયા માર્કેટ લીડરશીપ એવોર્ડ સુધીની આ યાત્રા, ગુજરાતના ઉદ્યોગ જગતમાં નવીનતા, ગુણવત્તા અને વિશ્વાસનું પ્રતીક બની છે.

યુગેન રિયલ્ટી સુરત.

1999 – માત્ર ₹5,500ની નાની શરૂઆત, એક નાનકડી દુકાન અને મોટી દ્રષ્ટિ સાથે પીયુષભાઈ કસવાલા અને ભૂરાભાઈ સાંગાણીએ જે વ્યવસાયિક સફર શરૂ કરી હતી, આજે તે ગુજરાતની ટાઇલ્સ અને સેનેટરી ઇન્ડસ્ટ્રીમાં મજબૂત પાયો ધરાવતી 'મૈત્રી સિરામિક્સ' તરીકે ઉભરી આવી છે.

સફળતાઃ એક દિવસનું પરિણામ નહીં, પરંતુ વર્ષોની ખંતનો પરિષ્કાર

21 વર્ષ — માત્ર સમયગાળો નહીં, પરંતુ જુસ્સા, સંઘર્ષ, નૈતિક મૂલ્યો અને ગ્રાહક માટે જિજ્ઞાસા ધરાવતો વ્યવસાયિક માર્ગ છે. જ્યારે આજે 'મૈત્રી સિરામિક્સ' તેની સ્થાપનાની 21મી વર્ષગાંઠ ઉજવી રહી છે, ત્યારે એ સફર પાછળ જોયે ત્યારે તેને લીધે હૃદય ગૌરવ અને ભાવુકતાથી ધબકે છે.

અસરકારક શરૂઆત અને નમ્ર અભિગમ

પ્રારંભમાં પીયુષભાઈએ સ્કૂટર લઈને બિલ્ડરોને સેમ્પલ દેખાડ્યા, જરૂર પડે ત્યારે માલ ડિલિવરી પણ જાતે આપી. આ લાગણીભર્યું અને જમીન સાથે જોડાયેલું વલણ જ આજે મૈત્રી સિરામિક્સને એક વિશ્વસનીય બ્રાન્ડ બનાવે છે.

વિઝનઃ કસ્ટમર ફોકસ અને નવીનતા સાથે વિકાસ

ફેશન સિરામિક નામથી મોરબીમાં પ્રોડક્શન યુનિટ શરૂ કરીને ફેક્ટરી સ્તર સુધી પહોંચેલા પીયુષભાઈએ માત્ર ઉત્પાદનમાં નહીં, પણ ડિઝાઇન, કલર અને ફિનિશ જેવી બાબતોમાં ગ્રાહકની પસંદગીને મહત્વ આપ્યું. આજે કોહલર, ગ્રોહે, ડેલ્ટા, કેડ જેવી આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ્સ સાથે મૈત્રીની મજબૂત ભાગીદારી છે.

સિરામિક ફ્લોરથી એશિયા માર્કેટ લીડર સુધી

2008ની મંદી દરમિયાન જ્યારે બજાર ઠપ્પ હતું, ત્યારે મૈત્રીએ બિલ્ડર્સને સામગ્રી ઉધાર આપી અને પોતાના વિશ્વાસને જીવી બતાવ્યો. એ જ વિશ્વાસ પછીના વર્ષોમાં વિકાસનો પાયો બન્યો. આજે, મૈત્રી સિરામિક્સ સુરતના લગભગ તમામ આર્કિટેક્ટ્સ, બિલ્ડરો, ડિઝાઇનર્સ અને કોન્ટ્રાક્ટર્સ માટે વિશ્વસનીય ભાગીદાર બની છે.

પુરસ્કાર અને માનસન્માનની ઝાંખી

2024-25 માટે 'કોહલર' કંપની તરફથી મૈત્રી સિરામિક્સને "એશિયા માર્કેટ લીડરશીપ એવોર્ડ"થી નવાજવામાં આવ્યું છે. ઉપરાંત, અનેક MNC બ્રાન્ડ્સ અને ઇન્ડસ્ટ્રીયલ સંગઠનો તરફથી પણ સતત સન્માન મળ્યા છે.

સામાજિક જવાબદારી અને યુવા પેઢી માટે વિઝન

સુરત સિરામિક એસોસિએશનના ખજાનચી તરીકે સેવા આપતા પીયુષભાઈ સામાજિક કામગીરીમાં પણ સક્રિય છે. ધોળકિયા ફાઉન્ડેશન સાથે મળીને પોતાના વતન 'સાવરકુંડલા'માં વૃક્ષારોપણ, યુવાનોને માર્ગદર્શન અને ચેકડેમ બનવાવાનું કાર્ય કરી રહ્યા છે.

વિઝન 2030: વૈશ્વિક સ્તરે મૈત્રીનું મજબૂત મંચ

આગામી પેઢી હવે આંતરરાષ્ટ્રીય બજાર તરફ દ્રષ્ટિ રાખી રહી છે. ધ્યેય છે – ઉચ્ચ ગુણવત્તાવાળી, આધુનિક અને વાજબી કિંમતવાળી ટાઇલ્સ દેશ તથા વિદેશમાં પહોંચાડી મૈત્રી સિરામિક્સને વૈશ્વિક બ્રાન્ડ બનાવવાનું.

મૈત્રી સિરામિક્સ – જ્યાં નામ નહીં, પણ કાર્ય બોલે છે.

ભુરાભાઈ સાંગાણી - પીયૂષભાઈ કસવાળા, ફાઉન્ડર્સ, મૈત્રી સિરામિક્સ

21 વર્ષ — માત્ર સમયગાળો નહીં, પરંતુ જુસ્સા, સંઘર્ષ, નૈતિક મૂલ્યો અને ગ્રાહક માટે જિજ્ઞાસા ધરાવતો વ્યવસાયિક માર્ગ છે. જ્યારે આજે 'મૈત્રી સિરામિક્સ' તેની સ્થાપનાની 21મી વર્ષગાંઠ ઉજવી રહી છે, ત્યારે એ સફર પાછળ જોયે ત્યારે તેને લીધે હૃદય ગૌરવ અને ભાવુકતાથી ધબકે છે. માલ વેચવો મોટી વાત નથી, વેચ્યા પછી ગ્રાહકને સંતોષ મળે એ જ સાચો વેપાર છે. 2024-25 માટે 'કોહલર' કંપની તરફથી મૈત્રી સિરામિક્સને "એશિયા માર્કેટ લીડરશીપ એવોર્ડ"થી નવાજવામાં આવ્યું છે. ઉપરાંત, અનેક MNC બ્રાન્ડ્સ અને ઈન્ડસ્ટ્રીયલ સંગઠનો તરફથી પણ સતત સન્માન મળ્યા છે.

- પીયુષભાઈ કસવાલા, ફાઉન્ડર, મૈત્રી સિરામિક્સ

હાઇટેક પ્રોજેક્ટ્સ દ્વારા સુરતમાં નવી રિજનલ ઓફિસનું ઉદ્ઘાટન

ગુજરાતની અગ્રણી કન્સ્ટ્રક્શન કંપની હાઇટેક પ્રોજેક્ટ્સે સુરતમાં રિજનલ ઓફિસનું ઉદ્ઘાટન કરી, રિઅલ એસ્ટેટ અને બાંધકામ ક્ષેત્રે નવો અધ્યાય શરૂ કર્યો. 1996માં મુનીર શાહ અને તેજસ દલાલે સ્થાપેલી આ કંપનીએ 100થી વધુ પ્રોજેક્ટ્સ અને 25 મિલિયન ચોરસ ફૂટના બાંધકામ સાથે ગુણવત્તા અને નવીનતાના ધોરણો સ્થાપ્યા. સુરત ઓફિસનું ઉદ્ઘાટન દક્ષિણ ગુજરાતના વિકાસ પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

યુગેન રિઅલ્ટી, સુરત

ગુજરાતની સૌથી પ્રતિષ્ઠિત અને ઇનોવેટિવ કન્સ્ટ્રક્શન કંપનીઓમાંની એક, હાઇટેક પ્રોજેક્ટ્સ સુરતમાં તેની રિજનલ ઓફિસનું ઉદ્ઘાટન કરીને શહેરના બાંધકામ અને રિઅલ એસ્ટેટ ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ સ્થાપિત કર્યો. રિજનલ ઓફિસનું ઉદ્ઘાટન હાઇટેકની દક્ષિણ ગુજરાતના વિકસતા અર્બન ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રત્યેની ઊંડી પ્રતિબદ્ધતાને દાર્શવે છે.

1996માં બાળપણના મિત્રો મુનીર શાહ અને તેજસ દલાલ દ્વારા સ્થાપિત, હાઇટેક પ્રોજેક્ટ્સ એક નાનકડા હોમ-ઓફિસ સાહસથી ગુજરાતના બાંધકામ ઇકોસિસ્ટમમાં એક મજબૂત અને પ્રતિષ્ઠિત નામ બની ગયું છે. 100થી વધુ પૂર્ણ થયેલા પ્રોજેક્ટ્સ, 25 મિલિયન ચોરસ ફૂટથી વધુનું બાંધકામ અને ગુજરાત સરકાર દ્વારા 'AA' સ્પેશિયલ કેટેગરી કોન્ટ્રાક્ટર તરીકેની માન્યતા સાથે, કંપનીએ ગુણવત્તા, સલામતી અને નવીનતા માટે ઉચ્ચ ધોરણો સ્થાપ્યા છે.

સુરત ઓફિસના ઉદ્ઘાટન પ્રસંગે ઉદ્યોગના અગ્રણીઓ, ડેવલપર્સ, કન્સલ્ટન્ટ્સ, પીએમસી, આર્કિટેક્ટ્સ, મિત્રો અને પરિવારજનોએ હાજરી આપી પ્રસંગને યાદગાર અને સફળ બનાવ્યો હતો, જે હાઇટેક પ્રત્યેના વિશ્વાસ અને ઉદ્યોગના સહયોગની ભાવનાને દર્શાવે છે.

યુગેન રિઅલ્ટી ન્યૂઝપેપર સાથે વાત કરતાં, ફાઉન્ડર્સ મુનીર શાહ અને તેજસ દલાલે જણાવ્યું, "સુરતમાં કન્સ્ટ્રક્શન ક્ષેત્રે એક નવો અધ્યાય શરૂ થયો થઇ રહ્યો છે. પરપઝ અને પ્રિસિઝન (હેતુ અને ચોકસાઈ) સાથે નિર્માણ કરવા માટે અમે પ્રતિબદ્ધ છીએ, અમારામાં વિશ્વાસ રાખનારા બધાનો આભાર. અમને સુરત અને દક્ષિણ ગુજરાતના રિઅલ એસ્ટેટ બજારના વિકાસ અને સંભાવનાઓમાં વિશ્વાસ છે. અમારી કુશળતા, પ્રોફેશનલિઝમ અને સેફ્ટી ફર્સ્ટ અભિગમ સાથે રિજનની ઉભરતી સ્કાયલાઇનમાં અર્થપૂર્ણ યોગદાન આપવા અમે આતુર છીએ."

ઉદ્ઘાટન કાર્યક્રમના યજમાન હતા મુનીર શાહ, તેજસ દલાલ, રાજ શાહ અને સુરત હાઇટેકની ટીમ, જેમણે સુરતના ગતિશીલ વિકાસ અને હાઇટેકના ભવિષ્યના રોડમેપ પર ભાર મૂક્યો. હાઇટેકે સુરતમાં ધ પ્રોફિટ (ધ બિલ્ડીંગ કંપની) અને યુનિવર્સલ કોમર્શિઅલ કેપિટલ (યુનિવર્સલ રિઅલ્ટી) જેવા પ્રતિષ્ઠિત કોમર્શિયલ પ્રોજેક્ટ્સ સાથે પોતાની હાજરી નોંધાવી છે, જે બંને એલપી સવાણી રોડ પર આવેલા છે. અન્ય મુખ્ય પ્રોજેક્ટ્સમાં ધ મેજેસ્ટી (મેજેસ્ટી ઇન્ફ્રા) અને વેલ્થ સિટી (વેલ્થ સિટી ડેવલપર્સ)નો સમાવેશ થાય છે.

નવી રિજનલ સુરત ઓફિસ હાઇટેકના સ્ટ્રેટેજિક એક્સપેંશનનું પ્રતીક છે, જે દક્ષિણ ગુજરાતના રિઅલ એસ્ટેટ ક્ષેત્રના ઝડપી વિકાસ સાથે તાલમેલ ધરાવે છે. વિશ્વસનીય અને ટેકનોલોજીકલ રીતે આધુનિક કન્સ્ટ્રક્શન પાર્ટનર્સની વધતી માંગ સાથે, હાઇટેક લીડરશીપ લેવા માટે તૈયાર છે. તેમની લેગેસીમાં ગિફ્ટ સીટી સ્થિત રેગાલિયા જે ગુજરાતની 122 મીટરની હાઇએસ્ટ બિલ્ડીંગ છે, ઓનગોઇંગ આઇકોનિક હાઇ-રાઇઝ કોમર્શિઅલ પ્રોજેક્ટ્સ, સેલ્ફ ક્લાઇમ્બીન્ગ બૂમ પ્લેસર્સ જેવા ઇનોવેશન્સ અને ICI-અલ્ટ્રાટેક એવોર્ડ્સનો સમાવેશ થાય છે.

પ્રોજેક્ટ-સ્પેસિફિક અભિગમ અને અનુકૂલનક્ષમતા માટે જાણીતી, હાઇટેક કંપનીની ફ્લેક્સિબલ શક્તિઓને ઉદ્યોગની બેસ્ટ પ્રેક્ટિસીસ સાથે જોડે

છે. કુશળ એક્ઝિક્યુશન ટીમ સાથે, કંપની દરેક સ્તરે મજબૂત નેતૃત્વ અને યોગ્ય નિર્ણય લેવાની ખાતરી આપે છે. સતત ટેક્નોલોજિકલ અપગ્રેડેશન અને ગુણવત્તા-સલામતી ધોરણોનું પાલન તેના વ્યાવસાયિક મૂલ્યોને દર્શાવે છે.

સેફ્ટી અને ક્વોલિટી પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા બેજોડ છે, જેમાં 1 મિલિયનથી વધુ સેફ મેન-અવર્સ, CIDC અવોર્ડ્સ અને 2025નો લિફ્ટિંગ ઇન્ડિયા સેફ્ટી એવોર્ડ જેવી લેન્ડમાર્ક ઉપલબ્ધીઓ સામેલ છે. કંપનીનું મિશન - Delivering reliable construction solutions with agility—"ઝડપ સાથે વિશ્વસનીય કન્સ્ટ્રક્શન સોલ્યુશન્સ આપવા" - દરેક સાઇટ, સ્ટ્રક્ચર, અને સ્ટેકહોલ્ડર્સના સંબંધોમાં દેખાય છે.

સુરત ઓફિસનું ઉદ્ઘાટન માત્ર એક્સપેંશન નથી, તે ટ્રસ્ટ, પાર્ટનરશિપ્સ, અને સહિયારી વૃદ્ધિની ઉજવણી છે. 3,000થી વધુ લોકોની ટીમ અને ડીપ ટેક્નોલોજિકલ કુશળતા સાથે, હાઇટેક સુરતની વિકસતી ક્ષિતિજમાં અર્થપૂર્ણ યોગદાન આપવા પ્રતિબદ્ધ છે. કંપની સ્થાનિક ડેવલપર્સ અને કંપનીઓ સાથે સહયોગ, નવીનતા અને નોલેજ-શેરિંગને પ્રોત્સાહન આપવાનું લક્ષ્ય રાખે છે. નવી રિજનલ ઓફિસના ઉદ્ઘાટન સાથે, હાઇટેક પ્રોજેક્ટ્સ અને સુરતના બાંધકામના ભવિષ્ય માટે એક રોમાંચક નવા અધ્યાયની શરૂઆત થાય છે.

સુરત રિજનલ ઓફિસ:
401-402, યુનિવર્સલ ટ્રેડ સેન્ટર, એલ પી સવાણી રોડ, અડાજણ, સુરત.

+91 990 4219 333

ઈમેલ:
Bhavesh.hindocha@hitechprojects.co.in

tender@hitechprojects.co.in

"સુરતમાં કન્સ્ટ્રક્શન ક્ષેત્રે એક નવો અધ્યાય શરૂ થયો થઇ રહ્યો છે. પરપઝ અને પ્રિસિઝન (હેતુ અને ચોકસાઈ) સાથે નિર્માણ કરવા માટે અમે પ્રતિબદ્ધ છીએ, અમારામાં વિશ્વાસ રાખનારા બધાનો આભાર. અમને સુરત અને દક્ષિણ ગુજરાતના રિઅલ એસ્ટેટ બજારના વિકાસ અને સંભાવનાઓમાં વિશ્વાસ છે. અમારી કુશળતા, પ્રોફેશનલિઝમ અને સેફ્ટી ફર્સ્ટ અભિગમ સાથે રિજનની ઉભરતી સ્કાયલાઇનમાં અર્થપૂર્ણ યોગદાન આપવા અમે આતુર છીએ."

- ફાઉન્ડર્સ મુનીર શાહ અને તેજસ દલાલ

રિયલ એસ્ટેટ ઉદ્યોગનો અવાજ
યુગેન રિઅલ્ટી

સુરત સિરામીક એસોસિયેશન દ્વારા આયોજિત CPL-7 ક્રિકેટ ટૂર્નામેન્ટ મહોત્સવ સફળતાપૂર્વક સંપન્ન

યુગેન રિઅલ્ટી, સુરત.

સુરત સિરામીક એસોસિયેશન દ્વારા આયોજિત સિરામીક પ્રીમિયર લીગ (CPL-7) ક્રિકેટ ટૂર્નામેન્ટ ભવ્ય રીતે સંપન્ન થયું. આ ટૂર્નામેન્ટ દભોલી ગામમાં આવેલા આર આર ફાર્મ ખાતે યોજાયું હતું. ટૂર્નામેન્ટમાં 12 ટીમોએ ભાગ લીધો હતો, જેમાં વીર માઇલસ્ટોન ચેલેન્જર્સે ફાઇનલ મેચમાં રોમાંચક જીત હાંસલ કરીને વિજેતાનો ખિતાબ મેળવ્યો, જ્યારે ડેલ્ટા હોક ટીમ રનર્સ-અપ રહી. ભાગ લેનારી ટીમોમાં વીર માઇલસ્ટોન ચેલેન્જર્સ, ડેલ્ટા હોક, પ્લેનેટ, K3, જૈનમ સિરામીક પ્રા. લિ., નંદિની, શ્રી સાઇ અનુભવ, રામેશ્વર પરિમલ, સિલેક્શન, K4, ગ્લોબલ ટાઇટન્સ અને કાશવીનો સમાવેશ થતો હતો.

સુરત સિરામીક એસોસિયેશનના ચેરમેન ભરત પટેલ અને પ્રેસિડન્ટ વિનોદ પલરેચાએ જણાવ્યું કે, CPL-7માં શ્રેજી સિરામીક, કિચન લાઇન, સેરાનીટ, જે આર બોન્ડ, ખોડિયાર ટ્રાન્સપોર્ટ, પ્લેનેટ સેલ્સ, કપિલ સિરામીક, કેથોર્સ સિરામીક, સ્ટોન ડેકો, એફએમ સિરામીક, સ્ક્વેરફીટ એક્સિમ, નંદિની સિરામીક, રશભ ટ્રેડિંગ, સાગર સિરામીક, શ્રી ટાઇલ્સ ગેલેરી, હરેકૃષ્ણ બિલ્ડકોન, ઇગલ સિરામીક, એલ વી ગ્રેનીટો, શ્રી બજરંગ ટાઇલ્સ, ફ્લેશ ગ્રેનીટો, યમુના એન્ટરપ્રાઇઝ સહિતની અનેક કંપનીઓએ સ્પોન્સરશીપ આપી હતી. રીબન સેરેમની, કેપ સ્પોન્સર, ટોસ સ્પોન્સર, મેન ઓફ ધ મેચ, બેસ્ટ બોલર, બેસ્ટ બેટ્સમેન, બેસ્ટ ફિલ્ડર અને મેન ઓફ ધ સિરીઝ જેવી શ્રેણીઓમાં પણ સ્પોન્સરશીપ આપવામાં આવી હતી.

આ ટૂર્નામેન્ટ 28 મે, 2025થી 1 જૂન, 2025 દરમિયાન યોજાઇ હતી, જેમાં બંને ગ્રૂપમાંથી ટોપ 8 ટીમો ક્વાર્ટર ફાઇનલ માટે ક્વોલિફાય થઇ હતી. ક્વાર્ટર ફાઇનલ, સેમી ફાઇનલ અને ફાઇનલ મેચો ખૂબ જ રોમાંચક રહી. ટૂર્નામેન્ટનું લાઇવ પ્રસારણ યુ ટ્યુબ પર કરવામાં આવ્યું હતું, જેને દર્શકોએ ખૂબ પસંદ કર્યું.

આ ચાર દિવસની ટૂર્નામેન્ટ દરમિયાન સવારે અને સાંજે ખાણી-પીણીની વ્યવસ્થા પણ એસોસિયેશન દ્વારા કરવામાં આવી હતી, જેમાં દરરોજ 1500થી 2000 જેટલા લોકોએ નાસ્તો અને જમવાનો આનંદ માણ્યો. ટૂર્નામેન્ટને સફળ બનાવવા માટે એસોસિયેશનના ચેરમેન ભરત પટેલ, પ્રેસિડન્ટ વિનોદ પલરેચા અને કમિટીના સભ્યો વિપુલ પટેલ, રાજેશ દેસાઇ, વિકી ચૌધરી, ભાવેશ રાજપરા, પિયુષભાઇ કસવાલા, રામભાઇ, વિજય જિયાણી, જેકી શાહ, નીરવ ગુપ્તા, જીગ્નેશભાઇ પટેલ, રિતેશ માંગુકિયા, રીન્કુભાઇ, વિપુલભાઇ, મનીષ પુનિયા, મનોજ પટેલ અને પિન્ટુ મોદીએ ભારે જહેમત ઉઠાવી હતી.

ઓપનિંગ સેરેમની શ્રીજી સિરામીકના વરદ હસ્તે રીબીન કાપીને શરૂ કરવામાં આવી હતી. ટૂર્નામેન્ટના અંતે ક્લોઝીંગ સેરેમની પણ ભવ્ય રીતે યોજાઇ, જેમાં વિજેતા અને રનર્સ-અપ ટીમોને ટ્રોફી એનાયત કરવામાં આવી. સુરત સિરામીક એસોસિયેશન દ્વારા તમામ દાતાઓ, સ્પોન્સર્સ, કાર્યકરો અને સહકાર આપનાર તમામનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો.

ફાઇનલ મેચ વીર માઇલસ્ટોન ચેલેન્જર્સ

ફાઇનલ મેચ ડેલ્ટા હોક ટીમ રનર્સ-અપ

સુરત પાર્ટીપ્લોટ એસોસીએશન : એકતાની ઝાંખી: એક મંચ, એક સંકલ્પ



યુગેન રિઅલ્ટી, સુરત.

સુરત પાર્ટીપ્લોટ એસોસીએશન આયોજીત "એકતાની ઝાંખી" કાર્યક્રમનું ગુરૂવારની સાંજે કતારગામના એપ્રિકોટ એ.સી.ડોમ માંઆયોજન કરવામાં આવ્યું હતું. સુરત પાર્ટીપ્લોટ એસોસીએશન દ્વારા એકબીજા સાથેના સંબંધોને મજબુત બનાવી શકાય અને સંગઠનની ભાવનાને ઉજાગર કરવા માટે ગેટ ટુ ગેધરનું આયોજન સાથે યુથ મોટીવેશનલ સ્પીકર અશોક ગુજ્જરે સભ્યોને મોટીવેશનલ કર્યા હતા અને લોકપ્રિય ગાયક મુકેશ ચૌધરીએ મ્યુઝીક પર લાઇવ પરફોર્મન્સ કર્યુ હતું. કાર્યક્રમના મુખ્ય મહેમાનમાં સુરતના મેયર દક્ષેશભાઇ માવાણી ઉપરસ્થિત રહ્યા હતા તેમજ સમગ્ર સુરતના પાર્ટીપ્લોટ ધારકો ફેમીલી સાથે મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સુરત પાર્ટી પ્લોટ એસોસીએશનના પ્રમુખ ઉમેશભાઇ ઝડફિયા, ઉપપ્રમુખ કલ્પેશ ભાણાભગવાનવાળા, મંત્રી અલ્પેશભાઇ રીબડિયા, સહમંત્રી અલ્પેશભાઇ અકબરી, ખજાનચી વિનોદભાઇ ગોયાણી, સહખજાનચી અલ્પેશભાઇ દેવાણી અને કારોબારી કમિટીના સભ્યો તેમજ એસોસીએશનના તમામ સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

પ્રમુખ ઉમેશભાઇ ઝડફિયાએ જણાવ્યું હતું કે, સુરત માત્ર ઉધોગનું શહેર નથી,પણ ભાવનાઓ અને સંસ્કૃતિનું પણ કેન્દ્ર છે પાર્ટી પ્લોટ ઉધોગએ શહેરના સૌંદર્ય અને સામાજીક જીવન સાથે સીધો સંકળાયેલ છે, આજે અમે એજ ઉધોગના વિવિધ સ્તરોને એક મંચ પર લાવવાનું ગૌરવ અનુભવી રહ્યા છીએ, આ કાર્યક્રમ 'એકતાની ઝાંખી' એ આપણાં સંબંધોનું દ્રઢિકરણ છે જ્યાં ભાઇચારું છે, નવી દિશાઓ છે અને ભવિષ્ય માટે નવી દિશાઓ ખૂલે છે.

મજબૂત બાંધકામ માટે પાયામાં જમીનની તપાસ શા માટે અત્યંત જરૂરી છે

સુરક્ષિત અને સ્માર્ટ બાંધકામ માટેનો જરૂરી પહેલું પગલું અને તેને અવગણવાના જોખમો!

જયદીપ આલગીયા,
પ્રમુખ ટેસ્ટ હાઉસના સ્થાપક
અને મેનેજિંગ પાર્ટનર
જીઓટેકનિકલ સલાહકાર તરીકે દસ વર્ષથી વધુનો અનુભવ ધરાવે છે. સુરત અને દક્ષિણ ગુજરાતમાં તમારા બધા બાંધકામ પ્રયાસો માટે તેઓ બાંધકામમાં ગુણવત્તા, રિસ્ક મિટીગેશન ક્ષેત્રે વ્યાપક અનુભવ અને જ્ઞાન ધરાવે છે.

યુગેન રિયલ્ટી, સુરત.

જ્યારે આપણે કોઇ વિશાળ ઇમારત બનતી જોઇએ છીએ, ત્યારે આપણે તેની ડિઝાઇન, ઇટ-સિમેન્ટ કે સ્ટીલ પર ધ્યાન આપીએ છીએ. પરંતુ સૌથી મહત્વપૂર્ણ ભાગ – એટલે કે જમીન – ઘણીવાર નજરમાંથી રહી જાય છે. ખરેખર તો, જમીન જ નક્કી કરે છે કે ઇમારત લાંબા સમય સુધી મજબૂત અને સલામત રહેશે કે નહીં. અપને મોટા ભાગે ભૂલી જઇએ છીએ કે બિલ્ડિંગની સુંદરતા અને મજબૂતીનું સાચું બળ નીચે છે - જમીનના અંદર. કોઇપણ ડેવલપર, આર્કિટેક્ટ કે કોન્ટ્રાક્ટર માટે પ્રોજેક્ટની સફળતા કેવળ ડ્રોઇંગ કે સ્ટીલથી નથી શરૂ થતી; તે શરૂ થાય છે જમીનના નિખાલસ અભ્યાસથી.

જમીન તાપસ એટલે કે સોઇલ ઇન્વેસ્ટિગેશન એ બાંધકામ શરૂ કરતા પહેલું અને સૌથી મહત્વપૂર્ણ પગલું છે. જો તમે તેને અવગણો, તો તમે કેવળ વિલંબ કે ડિઝાઇન બદલાવ નહીં, પણ લોકોના જીવન, રોકાણ અને બ્રાન્ડના નામને પણ જોખમમાં મૂકો છો. જે કોઇ પણ નવી ઇમારત બનાવી રહ્યો છે, તે માટે જમીનની સંપૂર્ણ તપાસ માત્ર ભલામણ નથી, તે તો ફરજિયાત છે.

કલ્પના કરો કે તમે એક ઊંચી બિલ્ડિંગ રેતી પર બનાવી રહ્યાં છો જે સરળતાથી ખસી જાય છે, અથવા તો એક પુલ એવી જગ્યાએ જ્યાં નીચે ખાલી ગુફા હોય – પરિણામ ખરાબ બની શકે છે. ઇમારત તૂટી શકે, બિલ્ડીંગ ખર્ચ વધી શકે, પ્રોજેક્ટમાં વિલંબ થઇ શકે અને લોકોને ઇજા કે જાનહાનિ પણ થઇ શકે. એટલે સોઇલ ઇન્વેસ્ટિગેશન ખૂબ જ અગત્યનું છે.

જમીન તપાસવી - સોઇલ ઇન્વેસ્ટિગેશનનો અર્થ શું થાય છે?

જ્યાં તમે બાંધકામ કરવા ઇચ્છો છો, ત્યાંની માટી અને પથ્થરોને જોતાં અને તપાસતા જમીન તપાસ થાય છે. અભ્યાસ જમીનની અંદર અને બહાર બંને પાસાંઓની સમજૂતી આપે છે કે શું જમીન બિલ્ડિંગ માટે યોગ્ય છે. તેમાં નીચે જણાવેલ તપાસો શામેલ હોય છે :

ખોદકામ અને નમૂનાઓ લેવાં : જમીનમાં ખાડા કરીને જુદી ઊંડાઇઓએથી માટી અને પથ્થરના નમૂનાઓ લેવામાં આવે છે. પછી આ નમૂનાઓને લેબોરેટરીમાં મોકલવામાં આવે છે. જેને બોરહોલ ડ્રિલિંગ અને સેમ્પલિંગ કહેવામાં આવે છે.

સાઇટ પર ટેસ્ટિંગ : બાંધકામના સ્થળે સીધા જ માટી કેટલી મજબૂત છે અને તેમાં કેટલું પાણી છે તે જાણવા માટે અમુક ટેસ્ટ કરવામાં આવે છે.

લેબ ટેસ્ટ : લેબમાં સેમ્પલ્સ પર વિશેષ પરીક્ષણો થાય છે. તેમાંથી ખબર પડે છે કે માટી કેટલો વજન સહન કરી શકે છે, શું તે સૂકી-ફૂલી શકે છે કે કેમ અને તેમાંથી કેટલું પાણી પસાર થઇ શકે છે.

ગ્રાઉન્ડવોટર તપાસ : જમીન હેઠળનું પાણી કેટલું ઊંડું છે તે પણ ચેક કરવામાં આવે છે. જો પાણીનો સ્તર ઊંચું હોય, તો પાયા માટે મોટી સમસ્યા ઊભી થાય છે અને તે પાયાની ડિઝાઇન અને વોટરપ્રૂફિંગને અસર કરે છે.

અંડરગ્રાઉન્ડ સ્કેનિંગ : ક્યારેક ખોદકામ કર્યા વિના જમીનની અંદર છુપાયેલ સ્તરો કે ત્રુટિઓ જાણવા માટે ખાસ મશીનો વડે સ્કેનિંગ કરવામાં આવે છે. જીઓફિઝિકલ સર્વે ખોદકામ વિના નબળાં સ્તરો, છુપાયેલા પાઇપો કે ખાલી જગ્યા શોધવામાં મદદરૂપ થાય છે.

આ "જમીન તપાસ" એટલી મહત્વપૂર્ણ કેમ છે?

જમીન જે બિલ્ડિંગનો મૂળ અઢાર છે તેના વિશે યોગ્ય જાણકારી હોવાને કારણે એન્જિનિયરો સચોટ અને સમજદારીભરેલા માહિતગાર નિર્ણય લઇ શકે છે – જેનાથી ભવિષ્યની મોટી દુર્ઘટનાઓ ટળી શકે છે અને ખર્ચ પણ બચી શકે છે. આવો જાણીયે શા માટે જમીન તપાસ ફરજિયાત છે :

1. યોગ્ય પાયાની ડિઝાઇન :

માટીનો પ્રકાર નક્કી કરે છે કે કઇ પ્રકારનો પાયો યોગ્ય રહેશે – સરળ કોંક્રીટની સ્લેબ હોય કે ઊંડા પાઇલ્સ. માટી કેટલી મજબૂત છે તે જાણવાથી એવો પાયો બનાવી શકાય છે જે બાંધકામને સુરક્ષિત રીતે ટેકો આપી શકે અને બેસી ન જાય.

2. મુશ્કેલીઓ શરૂ થવાની પહેલા અટકાવે :

જો માટી નબળી હોય – જેમ કે ફૂલી જતા કાદવવાળી માટી, ભૂકંપ સમયે દ્રવ જેવી વર્તન કરતી રેતી કે જમીનની અંદર ખાલી જગ્યાઓ – તો આ જાણીને તાકીદે યોગ્ય પગલાં લઇ શકાય છે. આ રીતે બિલ્ડિંગ અને લોકોને સુરક્ષિત રાખી શકાય છે.

3. ખર્ચ બચાવે અને બજેટમાં રહે છે :

જમીન તપાસની શરૂઆતમાં થતી થોડીક કિંમત પાછળથી આવી પડતી મોટી સમસ્યાઓના ખર્ચ સામે બહુ ઓછી હોય છે. સમસ્યા વહેલી તકે જણાય તો ડિઝાઇન બદલી શકાય, મોડા પડતા રોકી શકાય અને બજેટમાં રહી શકાય છે.

4. પર્યાવરણ માટે લાભદાયક :

જમીનમાં પાણી કેટલા ઊંડે છે અને તેમાં કોઇ ઝેરી તત્વો છે કે નહીં – તે જાણવાથી પર્યાવરણને નુકસાન ન થાય તે રીતે બાંધકામ કરી શકાય છે અને નિયમોનું પાલન પણ થાય છે.

5. સામગ્રી અને પદ્ધતિ પસંદ કરવામાં સહાય :

માટીની પ્રકૃતિ આપણને યોગ્ય બાંધકામ સામગ્રી પસંદ કરવામાં મદદ કરે છે. ઉદાહરણ તરીકે, જો માટી કાટ લાગતી હોય, તો આપણને એવી સામગ્રીની જરૂર પડશે જે કાટ ન લાગે કે ઝડપથી સડી ન જાય.

6. નિયમોનું પાલન થાય :

બિલ્ડિંગના નિયમો ઘણીવાર જમીન તપાસ ફરજિયાત બનાવે છે. યોગ્ય સોઇલ રિપોર્ટ મળવાથી મંજૂરીઓ ઝડપી મળે છે.

7. લાંબા સમય સુધી ટકાઉ બાંધકામ :

જમીનની યોગ્ય તપાસ આધારિત પાયો મજબૂત અને ટકાઉ બને છે – જેના કારણે ઇમારત લાંબા સમય સુધી સલામત રહે છે અને રીપેરિંગની જરૂરિયાત પણ ઓછી પડે છે.

જ્યારે તમે "જમીન તપાસ" અવગણો છો અથવા યોગ્ય રીતે ન કરો ત્યારે શું થાય છે? – ગુજરાતમાં થયેલી વાસ્તવિક ઘટનાઓ

જમીનની યોગ્ય તપાસ ન કરવી કે સરસ રીતે ન કરવી ઘણીવાર ગંભીર પરિણામો આપે છે. અહીં ગુજરાતની કેટલીક ખરેખર થયેલી ઘટનાઓ છે, જ્યાં જમીનની તપાસ ન થવાથી મોટા નુકસાન થયા :

1. વડોદરા બિલ્ડિંગનો ભાગ તૂટી પડ્યો (એપ્રિલ 2025) :

તાજેતરમાં, વડોદરામાં ત્રણ માળની રહેણાક બિલ્ડિંગનો એક ભાગ તૂટી પડ્યો. સદનસીબે, અંદર રહેલા તમામ લોકોને સમયસર બહાર કાઢી લેવાયા હતા અને કોઇ ઇજા થઇ નહીં. જાણકારી મુજબ, ગ્રાઉન્ડ ફ્લોર પર રિનોવેશન ચાલી રહ્યું હતું. તપાસ ચાલુ છે, પણ આવા અકસ્માતો ઘણીવાર પાયામાં છૂપાયેલા ખામીના સંકેત આપે છે – ખાસ કરીને જ્યારે પાયાની મજબૂતી માટી સાથે સંબંધિત હોય અથવા માટી વધારાનું વજન સહન ન કરી શકે ત્યારે. જો બાંધકામ વખતે યોગ્ય સોઇલ તપાસ થઇ હોત અને રિનોવેશન વખતે પણ પુનઃમૂલ્યાંકન કરાયું હોત, તો જોખમ પહેલા જ ઓળખી શકાત.

2. મેહસાણામાં બાંધકામ સ્થળે દિવાલ તૂટી પડી (મે 2025) :

મહેસાણામાં એક દુઃખદ ઘટના ઘટી, જ્યાં નવી બિલ્ડિંગના પાયા માટે ખોદકામ કરતી વખતે પાડોશી મકાનની દિવાલ ખાડામાં તૂટી પડતાં ત્રણ મજૂરોના જીવ ગયા અને ત્રણ ઘાયલ થયા. આ ઘટનાનું મુખ્ય કારણ એ હતું કે ખોદકામ પહેલાં પડોશની માટી કેટલી સ્થિર છે એની યોગ્ય તપાસ નહોતી કરવામાં આવી. જો યોગ્ય સોઇલ ઇન્વેસ્ટિગેશન કરાયું હોત, તો એન્જિયર વિસ્તારોની માટીની સ્થિતિ અને જોખમને જાણવું શક્ય હોત અને વધુ સુરક્ષિત રીતે ખોદકામની યોજના બનાવી શકાત.

3. સુરતમાં બિલ્ડિંગ તૂટી પડી (જુલાઈ 2024) :

ભારે વરસાદ પછી સુરતમાં એક છ માળની રહેણાંક બિલ્ડિંગ તૂટી પડી, જેમાં સાત લોકોના મોત થયા અને ઘણા ઘાયલ થયા. તપાસમાં ખુલ્યું કે બિલ્ડિંગ 2017માં બિનકાયદેસર રીતે બાંધવામાં આવી હતી અને ફક્ત આઠ વર્ષ જૂની હતી. બિનકાયદેસર બાંધકામ એક મોટી સમસ્યા છે, પણ વરસાદ બાદ થયેલી આકસ્મિક રીતે ધરાશયી થવા પાછળના મુખ્ય કારણોમાં પાયાની અયોગ્યતા અને પાણીના કારણે માટીની અસ્થિરતા છે. જો બાંધકામ પહેલાં યોગ્ય રીતે માટીની ગુણવત્તા અને ડ્રેનેજની સ્થિતિનું મૂલ્યાંકન થયું હોત, તો આ દુર્ઘટના અટકાવી શકાત.

જમીન ઉપરથી જોતા સામાન્ય લાગી શકે, પણ તેની અંદર બિલ્ડિંગનું ભવિષ્ય છુપાયેલું હોય છે. ઇમારત તેટલી જ મજબૂત હોય છે જેટલી તેની જમીન મજબૂત હોય છે. કન્સ્ટ્રક્શનના દરેક સ્ટેકહોલ્ડર્સ ડિઝાઇનરથી લઇ ડેવલપર્સ સુધી દરેક માટે સોઇલ ઇન્વેસ્ટિગેશન કોઇ ફોર્માલિટી નહીં, પણ જવાબદારી છે. સુરતની હાઇ રાઇઝ કન્સ્ટ્રક્શનથી લઇને ભરૂચના ઉધોગવિસ્તાર સુધી, ગુજરાતની ઝડપથી વિકસતી રિઅલ એસ્ટેટ દુનિયામાં જીઓટેક્નિકલ તપાસ એ પ્રાથમિક અને પાયાનો નિર્ણય છે.

મજબૂત, સલામત અને સ્માર્ટ બાંધકામ માટે – ઊંચા ઊઠતા પહેલાં ઊંડું ખોદો અને તપાસ કરો!

ISO/IEC 17025 Accredited Testing Laboratory by NABL vide Certificate Number TC-14449

PRAMUKH TEST HOUSE
PTH CONSULTANCY SERVICES LLP
"GEO-Technical Design Consultancy (Diaphragm Wall Design)"

OUR SERVICES :
- GEOTECHNICAL INVESTIGATION (SOIL TESTING)
- CONCRETE MIX DESIGN
- BUILDING MATERIAL TESTING (PHYSICAL & CHEMICAL)
- ROAD MATERIAL TESTING
- NON-DESTRUCTIVE TESTING
- GEOTECHNICAL DESIGN CONSULTANCY
  - DIAPHRAGM WALL (DWALL) DESIGN
  - SECANT PILE DESIGN
  - CONTEGIOUS PILE (TOUCH PILE) DESIGN
  - SLOPE STABILITY ANALYSIS & OTHER RETAINING STRUCTURE DESIGN

CONTACT US :
PRAMUKH TEST HOUSE - PLOT NO. 40/1, Manshukh Nagar, Nana Varachha, Surat-395006, Guj.
Phone : +91 99099 31937 | Email : pthlab.surat@gmail.com
Visit us at www.pramukhtesthouse.in

INQUIRY :
Sales & Marketing : 90163 29736
For Dwall/Touchpile Design : 85115 03332
Technical Queries Regarding Building Material : 97247 89693
Technical Queries Regarding Geotechnical Investigation : 95868 60853

સેવ એવરી ડ્રોપ - સુરતમાં ફુરાત એક્સપિરિયન્સ સેન્ટરનું ઉદ્ઘાટન

વોટરમેન ઓફ સુરત - ઈબ્રાહિમ મામસાની સ્માર્ટ અને સસ્ટેનેબલ સોલ્યુશન્સ દ્વારા વોટર કંઝર્વેશન માટે અનોખી પહેલ

યુગેન રિઅલ્ટી, સુરત.

સુરત શહેરમાં પાણી બચાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું ભરાયું છે. ફુરાત એક્સપિરિયન્સ સેન્ટરનું ભવ્ય ઉદ્ઘાટન 17 મે, 2025ના રોજ રાજશ્રી સિટી સેન્ટર, સગ્રામપુરા ખાતે કરવામાં આવ્યું, જ્યાં ઇનોવેટિવ રૈન વોટર હાર્વેસ્ટિંગ ટેક્નોલોજીનું એક્સપિરિયન્સ સેન્ટર બનાવવામાં આવ્યું છે.

Let's Use Rainwater,- ચાલો વરસાદનું પાણી ઉપયોગ કરીએના સૂત્ર સાથે ફુરાતએ ભારત અને મોરીશિયસમાં રેસિડેન્શિઅલ, ઇન્ડસ્ટ્રીઅલ અને સરકારી ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટે અનેક સફળ પ્રોજેક્ટ કર્યા છે. હવે સુરતમાં ખુલેલું આ સેન્ટર નાગરિકો, બિલ્ડરો અને ઉધોગકારોને પાણી બચાવવાના લાઈવ સોલ્યુશન્સ નજીકથી જોવાની તક આપે છે.

સેન્ટરમાં પ્રી-કાસ્ટ મોડ્યુલર સિસ્ટમ્સ, હાઈ સ્પીડ રીચાર્જ બોરવેલ ટેક્નોલોજી અને સાઇટ-સ્પેસિફિક પ્લાનિંગ પ્રોસેસનું પ્રદર્શન થાય છે. સાથે જ જમીન નીચેના પાણીના સ્તરની ઘટતી જતી સ્થિતિમાં લાંબા ગાળાની યોગ્ય યોજના કેવી રીતે બનાવવી તે અંગે જાગૃતિ ફેલાવવામાં આવે છે.

ઉદ્ઘાટન પ્રસંગે **ઇબ્રાહિમ એમ. મામસા, ફુરાત**ના સ્થાપકએ કહ્યું, "જમીનનું પાણી એ બેંક અકાઉન્ટ જેવું છે — તેના મૂડીભંડોળને નહિ પણ વ્યાજ પર જીવવું જોઈએ. ફુરાતમાં અમે ફક્ત પ્રોડક્ટ્સ આપતા નથી, પરંતુ ટેકનોલોજી અને પરંપરાનું મિશ્રણ કરી

પાણી બચાવાનો સંદેશ ફેલાવીએ છીએ. એક્સપિરિયન્સ સેન્ટર એ કમ્યુનિટીને જોડવાનો અને ભવિષ્યને વધુ ગ્રીન બનાવવાનો અમારો નમ્ર પ્રયાસ છે."

ફુરાત દરેક ટીપું સાચવવાની દિશામાં અગ્રણી બન્યું છે. આજે જ ફુરાત એક્સપિરિયન્સ સેન્ટરની મુલાકાત લો અને બદલાવનો ભાગ બનો.

ફુરાત એક્સપિરિયન્સ સેન્ટર

જી ૧૪-૧૫ રાજશ્રી સિટી સેન્ટર, સગરામપુરા મેઇન રોડ, એસએમસી વોટર ટેન્ક સામે, સુરત 395002

ઈબ્રાહિમ એમ. મામસા :
+91 98525 29832
96620 00502
mamsaibrahim832@gmail.com

HIGH PERFORMANCE **RECHARGE WELLS**
IN SMART CITIES PARKS & TOWNSHIPS METRO & FLYOVERS

contact +91 98252 29832 | 96620 00502

furaat mamsaibrahim832@gmail.com

SOLUTIONS FOR
URBAN FLOODING

LETS USE
RAINWATER

ગ્રોઓન કન્સલ્ટન્સીની નવી ઓફિસ અડાજણ, સુરત ખાતે ભવ્ય રીતે ઉદ્ઘાટન

ફાઉન્ડર નીતેશ અહીર દ્વારા સ્થાપિત કંપની કોર્પોરેટ રિઅલ એસ્ટેટ ક્ષેત્રે નવી ઊંચાઈઓ સર કરી રહી છે

યુગેન રિઅલ્ટી, સુરત.

ગ્રોઓન કન્સલ્ટન્સીએ તાજેતરમાં તેમની નવી ઓફિસનું વિવાન્તા આઈકોન, એલપી સાવાણી રોડ, અડાજણ, સુરત ખાતે ભવ્ય રીતે ઉદ્ઘાટન થયું હતું. ગ્રાન્ડ ઓપનિંગના દિવસે રિઅલ એસ્ટેટ ઉધોગના બ્રિજેશ (મુન્નાભાઈ) ખેમાણી, દિપેશ શાહ - વત્સલ શાહ (રિયો ગ્રુપ) સહીત ડેવલપર્સ, ચેનલ પાર્ટનર્સ, ઇન્વેસ્ટર્સ અને ક્લાયન્ટ્સે મુલાકાત લઈ પ્રસંગને સફળ બનાવ્યો હતો.

ફાઉન્ડર નીતેશ અહીરે એલડી કોલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદમાંથી એન્જિનિયરિંગ કર્યું છે અને સિમ્બાયોસિસ પુણે તથા IIM કોલકાતામાંથી મેનેજમેન્ટ અભ્યાસ કર્યો છે. ICICI બેન્ક અને હિટાચી પેમેન્ટ સર્વિસેસ જેવી એમએનસી કંપનીઓમાં કામ કર્યા બાદ તેમણે 2013થી પોતાનું બિઝનેસ સાહસની જર્ની શરૂ કરી હતી. આજે તેઓ કોર્પોરેટ લીઝિંગ અને ફ્રેન્ચાઇઝ કન્સલ્ટિંગ જગતમાં એક મજબૂત એન્ડ સશક્ત નામ ધરાવે છે.

ગ્રોઓન કન્સલ્ટન્સી, જે પહેલા સ્પેસ સોલ્યુશન તરીકે ઓળખાતી હતી, આજના સમયમાં ગુજરાત અને મહારાષ્ટ્રની અનેક મુખ્ય શહેરોમાં 100થી વધુ નેશનલ અને એમએનસી કંપનીઓને સર્વિસ આપે છે. કંપનીના ક્લાઈન્ટસમાં ICICI બેન્ક, ડોમિનોઝ, કેએફસી, પિઝ્ઝા હટ, કાર્નિવલ સિનેમાઝ અને SBI લાઈફ જેવી બ્રાન્ડ્સ સામેલ છે. કંપની RERA સર્ટિફાઇડ છે અને NAR (નેશનલ એસોસિએશન ઑફ રીઅલ્ટર્સ) અને BNI ડાયમંડ ચેપ્ટરની મેમ્બર છે.

૨૦૩૦ સુધીમાં ભારતની સૌથી મોટી લીઝિંગ સ્પેશિયાલિસ્ટ બનવાનો વિઝન ધરાવતી ગ્રોઓન કન્સલ્ટન્સીનું નવું ઓફિસ એ માત્ર નવું સરનામું નથી, પણ તે કંપનીના પ્રોફેશનલિઝમ, પ્રતિબદ્ધતા અને ગ્રોથ તરફના વિઝનનું પ્રતિબિંબ છે.

નીતેશ અહીરની નવી ઓફિસના ઉદ્ઘાટન પ્રસંગે શુભકામના આપતા મહાનુભવો. (ડાબેથી) બ્રિજેશ ખીમાણી (મુન્નાભાઈ) - જુનોમોનેટો ટાવર એન્ડ ક્રાટોસ કલબ, શિવ કુમાર - યાદવ (દુર્ગા ડાઈંગ મિલ અને ગ્રેવીટી બિલ્ડર), દીપેશ અને વત્સલ શાહ - વાસુપૂજ્ય ગ્રુપ, નીતિન મહેતા - ડાયરેક્ટર સુરત મર્કેન્ટાઇલ બેંક, મનીષ તોમર - યુગેન રિઅલ્ટી

હસ્તી મોતીસરિયા, ગૃહમ ડેવલપર્સ

પેશન થી પર્પઝ : રિઅલ એસ્ટેટમાં એક યુવા ઉદ્યોગસાહસિકની સચોટ દિશામાં શરુ થયેલી યાત્રા...

હસ્તી મોતીસરિયા, ગૃહમ ડેવલપર્સના મેનેજિંગ ડિરેક્ટર અને સુરતના જાણીતા ડેવલપર હરેશભાઈ મોતીસરિયાની પુત્રી છે. પિતાની માર્ગદર્શનભરી નજર હેઠળ હસ્તીએ રિઅલ એસ્ટેટની દુનિયામાં પોતાનું સ્થાન બનાવવાનું નક્કી કર્યું છે. બાળપણથી જ જમીન અને બાંધકામની ચર્ચાઓ વચ્ચે મોટા થયેલી હસ્તી આજે આ ઉદ્યોગમાં જુસ્સા અને દૃઢ નિશ્ચય સાથે પ્રવેશી છે – જ્યાં પેશન ને પર્પઝના પાયે યાત્રા આગળ વધી રહી છે. હસ્તીની આ યાત્રા માત્ર પરિવારની બિઝનેસ વારસાગત કહાની નથી – એ છે તેના પોતાના સ્વપ્નોની, શીખવાનો ઉત્સાહ અને આત્મવિશ્વાસભરી સફળતાની શરૂઆત.

યુગેન રિઅલ્ટી, સુરત.

મને તો રિઅલ એસ્ટેટ અને બિઝનેસમાં પહેલાથી જ રસ હતો, અને એટલા માટે જ 12માં ધોરણમાં સ્કૂલ બૂક્સ સાથે સાથે બિઝનેસની ૧૦ જેટલી બૂક્સ વાચેલી. ત્યારબાદ સતત બિઝનેસ રિલેટેડ બૂક્સનું વાંચન શરૂ છે. EDX અને Corserra જેવા પ્લેટફોર્મ પર એક્ઝીક્યુટીવ કોર્સિસ કરું છું. IIM અમદાવાદમાં છ મહિનાનો એક્ઝીક્યુટીવ પ્રોગ્રામ પૂરો કર્યો અને રસના કારણે જ નવું શીખવાની ધગશ બની રહે છે. ઘરમાં જમીન - બાંધકામ વિશે વાતચીત થતી, મને તે વખતે સમજાતું ન હતું પરંતુ તે રસપૂર્ણ જરૂર લાગતું. પ્રોજેક્ટ વિશે ચર્ચાઓ થતી અને એ બધું જોયું અને લાગ્યું કે આ ક્ષેત્રમાં કંઈક તો ખાસ છે. ઘરમાં વાતાવરણ હંમેશા મોટીવેટિંગ રહ્યું છે, ધીરે-ધીરે પપ્પા સાથે ઓફિસ જવાનું શરૂ કર્યું અને ત્યારથી રિઅલ એસ્ટેટ માત્ર રસનો વિષય નહીં, એક સપનું બની ગયું. ધીરે-ધીરે ગમવા લાગ્યું અને હવે તો બિઝનેસ શીખવાની લગની લાગી ગઇ છે.

હું "ગૃહમ ડેવલપર્સ"ની ટીમનો ભાગ બની. ઘરની કંપનીમાં કામ કરવાની મજા જ કંઈક જુદી છે. HR ડિપાર્ટમેન્ટથી શીખવાની શરૂઆત કરી, ઓફિસના નાના-મોટા કામ કરતાં શીખ્યું. આજે મોટા પપ્પા અને પપ્પા સાથે મિટિંગ્સમાં હાજરી આપવાથી બિઝનેસને ઊંડાણપૂર્વક શીખવા સમજવાની તક મળે છે. આ પ્રક્રિયામાં ભાગરૂપ બનવાથી નિર્ણય કેવી રીતે લેવાય તે પણ જાણવા મળે છે. ગ્રાહકો સાથે વાતચીત કરવી – એ એક સુંદર યાત્રા રહી છે. ક્યારેય "હું છોકરી છું" એ વાતથી એમને ફરક ન પડે, એમના માટે તો હું કંપનીની ટીમ મેમ્બર છું. એ વાત મારા માટે આત્મવિશ્વાસ માટે ખૂબ જ અગત્યની છે.

હવે હું પ્રોજેક્ટ પ્લાનિંગ, કન્સ્ટ્રક્શન ટાઈમલાઇન, સેલ્સ ટાર્ગેટ, માર્કેટિંગ અને કમ્યુનિકેશન જેવી ઘણી બાબતો શીખી રહી છું. કંપનીની દરેક મિટિંગમાં ઊંડાણપૂર્વક શું ચર્ચાય છે તે સમજવાનો પ્રયાસ કરું છું. એક-એક ઘરના પ્લાનિંગ પાછળ કેટલો વિચાર, મહેનત અને ટીમ વર્ક હોય છે તે અનુભવોથી સમજાય છે.

ભણતર અને ઓફિસ હવે બહુ સારી રીતે મેનેજ થાય છે, હું ડિસ્ટન્સ લર્નિંગથી બીબીએ કરી રહી છું જેથી ઓફિસમાં પૂરતો સમય આપી શકું છું. બંને મહત્વપૂર્ણ છે અને સંતુલન જાળવીને બંનેને ન્યાય આપી શકાય. હાલમાં મેં RICSનો રિઅલ એસ્ટેટ કોર્સ પણ પૂર્ણ કર્યો છે – જેથી વિષયની વિસ્તૃત સમજ મળે અને ગ્લોબલ એક્સપોઝર મળે.

લેન્ડ પરચેજ કરતાં પહેલા પણ, ઘણી બધી લેન્ડ પાર્સલના વિકલ્પો આવતા હોય તો સ્ટડી કરીને રાઇટ લેન્ડ પાર્સલ યૂઝ કરવું જરૂરી છે. તેના પર કેવા પ્રોજેક્ટ બનવવા તે નક્કી કરવા માટે લોકેશન, વિસ્તારના ગ્રાહકોની જરૂરિયાતો, તે માર્કેટમાં રહેલા ગેપ્સને જાણવા માટે માર્કેટ રિસર્ચ કરીને, ફિઝેબિલિટી સ્ટડી કરવી અને તેને અનુરૂપ ત્યાં કયા પ્રકારનો પ્રોજેક્ટ મૂકવો તે વિષે રિસર્ચ કરવામાં મને ખૂબ જ રસ પડે છે.

રિઅલ એસ્ટેટમાં અનેક વિભાગો હોય છે – ડિઝાઇન, ડેવલપમેન્ટ, એચઆર, સેલ્સ, માર્કેટિંગ વગેરે. મને ખાસ કરીને પ્રોડક્ટ ડેવલપમેન્ટ ગમે છે. લોકો શું ઇચ્છે છે, તેમને કેવા રહેણાંકોની જરૂરિયાતો છે, તેમની આકાંક્ષાઓ અને સપનાઓ શું છે – તેને જાણીને પ્રોડક્ટ ડિઝાઈન કરવી મને ખાસ ગમે છે.

પ્રોજેક્ટ ડિઝાઇન થાય પછી બજેટ, સેલ્સ, લોન્ચિંગ અને કન્સ્ટ્રક્શન બધું પેરેલલ ચાલે છે કે નહીં, સીનર્જીથી આગળ વધે છે કે કેમ, તે ચેક કરવાનું. કઈ મિસમેચ લાગે તો તેના પર જરૂરી પગલાં લેવાનાં. સાઇટ વિઝિટથી લઈ ડેઇલી સેલ્સ ટીમ સાથે ઝૂમ મિટિંગ્સ, ટીમ સાથે ચર્ચાઓ અને ક્લાયન્ટ્સને સમજાવવું – બધું જીવનનો ભાગ બની ગયું છે.

મારી પાસે જે ખૂબ મોટો પ્લસ પોઇન્ટ છે, એ છે મોટા પપ્પા અને પપ્પા સાથે ફૂલ ટાઇમ રહેવાથી અને અન્ય ટીમ મેમ્બરો પાસેથી ઘણું શીખવા મળે છે. બિઝનેસમાં વિનમ્રતા, પોઝિટિવ એટિટ્યૂટ, રાઇટ બિહેવીઅર અને ધીરજ જરૂરી છે. ટેક્નિકલ નોલેજ સિવાય ટાઇમ મેનેજમેન્ટ, નેટવર્કિંગ અને કોમ્યુનિકેશન આવશ્યક છે. શરૂઆતમાં બિઝનેસની ભાષા, કોમ્યુનિકેશન અને ટર્મ્સ સમજવા થોડી તકલીફ થઇ, પણ ધીરે ધીરે તે પણ સરળ બન્યું. હવે એ જ ભાષા મારો શોખ બની ગઇ છે.

મારી ઓફિસમાં ફિમેલ સ્ટાફ પણ ઘણો હોવાથી ક્યારેય એવું લાગ્યું નહીં કે હું મેલ ડોમિનેટેડ ઇન્ડસ્ટ્રીમાં છું. આજે હું સક્રિય રીતે દરેક મીટિંગ અને ડિસ્કશનમાં ભાગ લઉં છું. ઓફિસ જવાની મજા આવે છે – કારણ કે દરેક દિવસ એક નવી તક લાવે છે. જ્યારે કામ પોતાનું લાગતું હોય ત્યારે થાક નથી થતો – ઉર્જા જ ઉર્જા મળે.

મારો મત સ્પષ્ટ છે – પદ વગર પણ કંપની માટે આપેલું યોગદાન મહત્વનું છે. હું અમારા બિઝનેસમાં નેચર ફ્રેન્ડલી ડેવલોપમેન્ટ, ટેક્નોલોજીકલ અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ માટે યોગદાન આપવા માંગું છું. ગ્રાહકોને વધુમાં વધુ સમજી તેમને આકાંક્ષાઓ અને બેટર લાઇફ જીવવાની મૂળ ભાવનાને સમજીને એવી પ્રોડક્ટ ડિઝાઇન કરીએ કે વધુ સારા પરિણામ મળે, સેલ્સ પણ ઝડપથી થઇ શકે અને કસ્ટમર લોયલ્ટી ઊભી થાય એવી વેલ્યુ એડિશન કરવા માટેની ભૂમિકા હું ભજવવા માગું છું.

રિઅલ એસ્ટેટ ઇન્ડસ્ટ્રીઝ ખૂબ જ સમૃધ્ધ અને વિશાળ ઇન્ડસ્ટ્રી છે તેમાં યંગ ટેલેન્ટને આકર્ષવા માટે ઉદ્યોગ એ વધુ પ્રોત્સાહક કાર્યક્રમ કરવા જોઇએ જેથી યંગસ્ટરોમાં રિઅલ સ્ટેટ ઉદ્યોગને લઇને કરિયર બનાવવા વિશેની માહિતી મળે અને તેમને તેનું આકર્ષણ પણ ઊભું થાય. મને લાગે છે કે રિઅલ એસ્ટેટ ઉદ્યોગે વધુ યુવા લોકો માટે ઓપન પ્લેટફોર્મ્સ બનાવવા જોઇએ – જેનાથી વિદ્યાર્થીઓને આ ફીલ્ડ વિશે જાણકારી મળે અને તેઓ આ ઉદ્યોગ તરફ આકર્ષાય.

મારો મેસેજ સ્પષ્ટ છે – "ઘરમાં બેસીને કશું શીખાતું નથી. જો શીખવું હોય, તો શરૂઆત કરો, ઓફિસમાં જઇને કામમાં લાગી જાવ. જવાબદારી સ્વીકારો. બિઝનેસમાં જોડાશો, તેનું અવલોકન કરશો, તેઓ શું વિચારે છે તે જાણશો તો પછી તમે પણ તમારા આઇડિયાઝ તમારા વડીલો સમક્ષ પ્રસ્તુત કરી શકશો.

જેટલા વહેલા બિઝનેસમાં જોડાવ, તેટલું સારા વર્તમાન અને ભવિષ્ય માટે ફાયદાકારક. ભણતરની સાથે પ્રેક્ટિકલ અનુભવ પણ એટલો જ જરૂરી છે. બિઝનેસનું એક્સપોઝર તમારા ભવિષ્યની દિશા બદલી શકે છે.

મારી રીતે કહું તો – આત્મવિશ્વાસ પોતાની અંદર જ ઊભો કરવો પડે છે, રાહ જોવાની જરૂર નથી. કામ કરો, સતત શીખતા રહો. વિશ્વ તમને ઓળખશે અને તમારા નામને પણ ઓળખશે, પણ પહેલાં તમારે જાતને ઓળખવાનું છે. સાચી દિશામાં જો ઉર્જા લગાડો તો સફળતા જરૂર મળશે – બસ શરત એ જ છે કે તમારું કામ તમારા માટે પેશન – લગન હોવી જોઈએ.

કમ્યુનિકેશન અને ઓનેસ્ટીનું જીવનમાં ખૂબ જ મહત્વ છે, પણ એક સૌથી મોટી લર્નિંગ છે ડેડિકેશન અને ઇન્ટરેસ્ટ સાથે કામ કરવાની. તો તમે પડકારોનો સક્ષમતાથી સામનો કરી શકશો, નવી તકો શોધી શકશો અને તેના ઉકેલને યોગ્ય રીતે અમલમાં પણ મૂકી શકશો.

આ તો માત્ર મારી યાત્રાની શરૂઆત છે. સતત શિખતા રહેવાનું છે, અને લાંબી સફર કાપવાની છે. રિઅલ એસ્ટેટ એ સંભાવનાઓ ભરેલું ક્ષેત્ર છે – જો તમે પેશન અને પર્પઝ સાથે કામ કરો તો ખરેખર અદભુત કામ કરી શકાય. હું એ દિશામાં સતત પ્રયત્નશીલ છું. દરેક દિવસ નવા અનુભવો, નવી તક અને નવી શીખ લઈને આવે છે. આ યાત્રા મારા માટે અતિશય રોમાંચક અને આત્મવિશ્વાસથી ભરેલી છે – અને હા, આ તો હવે શરુઆત છે...

GRUHAM®
Where life is a celebration

"ઘરમાં બેસીને બિઝનેસ શીખાતો નથી. જો શીખવું હોય, તો શરૂઆત કરો, ઓફિસમાં જઈને કામમાં લાગી જાવ. જવાબદારી સ્વીકારો. બિઝનેસમાં જોડાવ, અવલોકન કરો, વડીલોના વિચારો જાણો – તો પછી તમે પણ તમારા આઈડિયાઝ તમે તેમની સમક્ષ પ્રસ્તુત કરી શકશો."

"સાચી દિશામાં જો ઊર્જા લગાડો તો સફળતા જરૂર મળશે – બસ શરત એ જ છે કે તમારું કામ તમારા માટે પેશન - લગન હોવું જોઈએ. કામને જો ટાસ્ક નહીં પણ તમારા સપનાનું સાધન માનો તો દરેક દિવસ નવી તકો લઈને આવે છે."

"આ તો માત્ર મારી યાત્રાની શરૂઆત છે. સતત શિખતા રહેવાનું છે અને લાંબી યાત્રા કરવાની છે. રિઅલ એસ્ટેટ એ સંભાવનાઓ ભરેલું ક્ષેત્ર છે – જો તમે ધગશ અને પર્પઝ સાથે કામ કરો તો ખરેખર અદભુત કામ કરી શકાય. હું એ દિશામાં સતત પ્રયત્નશીલ છું."



પ્રેમ અને લાગણીરૂપી "સારો અવેજ" એ "મૂલ્યવાન અવેજ"ના વિરોધી અર્થમાં છે.

નજમુદ્દીન મેઘાણી
(એડવોકેટ એન્ડ નોટરી)
najmuddin@meghaniadvocate.com

ગુજરાતમાં જમીન-મિલકત અને વીલ-વારસાઈની બાબતોમાં નિપુણ અને અધિકારીક અભિપ્રાય આપતા એક પ્રતિષ્ઠિત વકીલ અને લિગલ કન્સલટન્ટ છે. દાયકાઓના અનુભવ સાથે, તેમણે અગ્રણી કાનૂની વિશેષજ્ઞ નિષ્ણાત તરીકે ઓળખ મેળવી છે. તે માત્ર વકીલ જ નહીં, પરંતુ કાનૂની બાબતોના લેખક, સંકલનકર્તા, વક્તા, ટીવી પ્રેઝન્ટર તેમજ લોકપ્રિય અખબારના કોલમિસ્ટ પણ છે ઉપરાંત
તેઓ સેમિનારના માધ્યમથી કાયદાકીય જ્ઞાનને વધુમાં વધુ લોકો સુધી પહોંચાડવા માટે હંમેશાં પ્રયત્નશીલ રહે છે. તેમને અનેક પ્રતિષ્ઠિત પુરસ્કારોથી પણ નવાજવામાં આવ્યા છે અને સમગ્ર ગુજરાતમાં તેમને કાનૂની ક્ષેત્રે એક આઇકન તરીકે ઓળખવામાં આવે છે.

જમીન / મિલકત ખરીદ-વેચાણનાં વ્યવહારોની જેમ જમીન / મિલકતને બક્ષિસ કરવી, ગિફ્ટ કરવી જેવા વ્યવહારો આજના સમયમાં પણ ખૂબ વધુ પ્રમાણમાં જોવા મળી રહેલ છે. તેમાં પણ ખાસ કરીને કુટુંબના સભ્યો વચ્ચે પ્રેમ અને કુદરતી લાગણીના આધારે બક્ષિસ કરવામાં આવે છે.

દરેક વ્યક્તિને બક્ષિસ શબ્દ સાંભળવાતાની સાથે જ એવું માનવામાં આવે કે, બક્ષિસ એટલે અવેજ વિના કરવામાં આવતો વ્યવહાર છે, પરંતુ કેટલાક કિસ્સાઓમાં બક્ષિશને વ્યવહારમાં દેખીતી રીતે ત્યાં આડકતરી રીતે અવેજના સંદર્ભમાં થતી હોવાનું માનવા યા ગણવામાં આવે તો તે અવેજની કાયદાકિય પરિભાષા મુજબ તે "સારો અવેજ" હોઇ શકે અથવા તો "મૂલ્યવાન અવેજ' હોઇ શકે, એટલે કે "સારી અવેજ' એ કુદરતી ફરજ અને લાગણી ઉપર અથવા મજબૂત નૈતિક ફરજ ઉપર આધારિત હોય અને એક વ્યક્તિ દ્વારા તેવી અન્ય વ્યક્તિ માટે ધરાવાયેલ પ્રેમ અને લાગણી બદલને અવેજ અને તેમાં કુદરતી ફરજ, ઉદારતાનો સમાવેશ થાય છે. જ્યારે અવેજ શબ્દ અમુક સમયે કાયદાના મુદ્દે માન્ય એવા અવેજ યાને કિંમતી અવેજના અર્થમાં વપરાય છે તો પછી, તે મૂલ્યવાન અથવા પૂરતા અને સાથે સાથે ઉચિત અવેજમાં સમાવેશ કરે છે. આમ, કાયદાકિય પરિભાષા જોતા "સારો અવેજ" અને "મૂલ્યવાન અવેજ' બંને વિરોધાભાસી અર્થમાં રહે છે.

ઉપર વર્ણવ્યા મુજબ "પ્રેમ અને લાગણીરૂપી "સારો અવેજ" એ "મૂલ્યવાન અવેજ' ના વિરોધી અર્થમાં છે' તેવો સિદ્ધાંત નામદાર ત્રિપુરા હાઈકોર્ટ દ્વારા મૌના સુબ્રતા સરકાર, તે સ્વ. ચિત્તરંજન સરકારના દીકરા વિગેરે વિરુદ્ધ સુબ્રતા સરકાર તે સ્વ. ચિત્તરંજન સરકારના દીકરા, રેગ્યુલર ફર્સ્ટ અપીલ નં.૧૮/૨૦૧૮ ના કામે તા.૨૦/૦૪/૨૦૨૧ ના રોજ આખરી હુકમ કરી પ્રસ્થાપિત કરવામાં આવેલ છે (લેન્ડ લૉઝ જજમેન્ટસ, વૉલ્યુમ-૧, ઇશ્યુ-૬, જુન-૨૦૨૨, પાનાં નં. ૪૩૫) આ કેસની ટૂંકમાં હકીકત નીચે મુજબ છે.

વાદી તથા પ્રતિવાદી નં. ૧ની માતા (અરાતી બાલા સરકાર)એ દાવાવાળી મિલકત તેઓની માતાએ ખરીદ કરી હતી. પ્રતિવાદી નં. ૧ અને ૨ જેઓ વાદીના ભાઇ અને ભાભી છે અને વાદીએ દાવાવાળી જમીન ઉપર મકાન બાંધ્યું હતું અને પ્રતિવાદી નં. ૧નાએ મકાનમાં તેમની પત્ની સાથે તેઓને રહેવા દેવાની વિનંતી કરી હતી. અને માતા પ્રતિવાદીઓની પ્રવૃત્તિઓ અને વર્તણૂકથી સંતુષ્ટ ન હતી અને તેણીએ એવી આશંકા વ્યક્ત કરી હતી કે, જો પ્રતિવાદીઓને તેણીની સાથે તે જ મકાનમાં રહેવા દેવામાં આવે, તો પછી તેણી માનસિક હતાશામાં રહેશે. આમ, વાદીની માતાએ બક્ષિશખત વાદીની તરફેણમાં કરી આપેલ, વાદીએ પ્રતિવાદીને કબજો ખાલી કરવા નોટિસ આપેલ પરંતુ પ્રતિવાદીએ જગ્યા ખાલી કરી ન હતી કે નોટિસનો કોઇ જવાબ પણ આપ્યો ન હતો. તેમજ પ્રતિવાદી નં. ૨ ત્રિપુરાના સરકારના વહીવટી વિભાગમાં નોકરી કરતા હોઇ, ફેરફાર નોંધ પડાવવાની કાર્યવાહીમાં "રૈયત" તરીકેનું વાદીનું નામ નોંધવવામાં અટકાવવાનો અટકચાળારૂપી પ્રયત્નો કર્યા હતા. આમ, વાદીએ પ્રતિવાદીઓ વિરુદ્ધ ટાઇટલની જાહેરાત માટે અને પ્રતિવાદી / અપીલકર્તાઓ પાસેથી દાવાવાળી જમીનનો કબજો પરત મેળવવા માટે દાવો દાખલ કર્યો હતો. અને પ્રતિવાદીઓના કહ્યા મુજબ વાદી દ્વારા જ્યારે અને જેવી માગણી કરવામાં આવે ત્યારે ખરીદેલ જમીન પરત કરવાની સમજૂતી એ "અવેજ" હતો અને તે "અવેજ"માંથી માતા અરાતી બાલા દાસે વાદીની તરફેણમાં બક્ષિશખત કરી આપ્યો હતો. જે દાવાના કામે ટ્રાયલ કોર્ટે વાદીની તરફેણમાં હુકમનામું ફરમાવેલ. જે હુકમનામાથી નારાજ થઇ હાલની આ અપીલ ઉપસ્થિત થયેલ.

મિલકત તબદીલી અધિનિયમની કલમ ૧૨૨ "બક્ષિશ"ની વ્યાખ્યા : "બક્ષિશ", એટલે બક્ષિશ આપનારે (દાતા)એ સ્વેચ્છાપૂર્વક અને અવેજ વગર બક્ષિશ લેનારને (આદાતાને) કરેલી અને તેણે અથવા તેના વતી કોઇ વ્યક્તિએ સ્વીકારેલી ચોક્કસ વિધમાન જંગમ અથવા સ્થાવર મિલકતની તબદીલી."

બ્લેક્સ લો ડિક્શનરી "સારો અવેજ" અને "કિંમતી અવેજ" એવા શબ્દોને પણ નીચે મુજબ વ્યાખ્યાયિત કરે છે : "સારો અવેજ" એટલે કુદરતી ફરજ અને લાગણી ઉપર અથવા મજબૂત નૈતિક ફરજ ઉપર આધારિત હોય તેવો. કાયદા દ્વારા માન્યતા અપાયેલ શ્રેણીમાં પડતી વ્યક્તિ દ્વારા અને તેવી વ્યક્તિ માટે ધરાવાયેલ પ્રેમ અને લાગણી બદલનો અવેજ. કુદરતી ફરજ, ઉદારતા અને શાણપણના હેતુઓ આ વર્ગ હેઠળ આવે છે. આ શબ્દ અમુક સમયે કાયદાના મુદ્દે માન્ય એવા અવેજના અર્થમાં વપરાય છે અને તો પછી, તે મૂલ્યવાન અથવા પૂરતા અને સાથે સાથે ઉચિત અવેજનો સમાવેશ કરે છે. જોકે, "સામાન્ય રીતે, સારો અવેજ એ મૂલ્યવાન અવેજ પરત્વે વિરોધી અર્થમાં વપરાય છે, કે જેને ફરજિયાતપણે મિલકત તબદીલી અધિનિયમની કલમ ૧૨૨માં અપાયેલ તેની વ્યાખ્યાની રૂએ બક્ષિશના કેસમાંથી બાકાત કરવો જોઇએ."

નામદાર હાઈકોર્ટ એવા તારણ ઉપર આવેલ કે, અમુક મૂલ્યવાન અવેજના આધારે દાતા, શ્રીમતી અરાતી બાલા સરકારે દાવાવાળી મિલકત વાદીની તરફેણમાં બક્ષિશ કરી હતી. તે માત્ર તેણીના પ્રેમ અને લાગણી થકી હતી અને પોતાની વૃદ્ધ વયને ધ્યાને લઇને તેમજ પોતાની નૈતિક ફરજની સ્પષ્ટ સમજ ઉપર, તેણીએ દાવાવાળી જમીન બક્ષિશખતની રાહે વાદીની તરફેણમાં તબદીલ કરી હતી. આ "અવેજ"ને કોઇપણ રીતે "મૂલ્યવાન અવેજ" તરીકે ગણવો જોઇએ નહીં, પરંતુ તેને "સારા અવેજ" તરીકે ગણવો જોઇએ અને "સારો અવેજ" મિલકત તબદીલી અધિનિયમની કલમ ૧૨૨ હેઠળ પ્રતિબંધિત નથી, કારણ કે, "સારો અવેજ" એ "મૂલ્યવાન અવેજ'ના વિરોધી અર્થમાં છે. તેને આગળ ધ્યાને લેતા, બક્ષિસખતના લખાણો પૂરતા પ્રમાણમાં સાબિત કરે છે કે, તે દાતા અરાતી બાલા સરકાર દ્વારા સ્વેચ્છાએ અને કોઇ મૂલ્યવાન અવેજ વિના વાદી-આદાતાની તરફેણમાં કરી આપવામાં આવ્યો હતો.

ઉપરોક્ત વિશ્લેષણના પરિપેક્ષમાં, "મૂલ્યવાન અવેજ'ની વ્યાખ્યામાં સ્પષ્ટ થયા મુજબના તત્વો પ્રથમ દર્શનીય રીતે બક્ષિશખતના લખાણોમાં ગેરહાજર હોવાનું જણાય છે, ઊલટાનું "સારા અવેજ"ના તત્વો વાદીની માતા, અરાતી બાલા સરકાર દ્વારા કરી અપાયેલ બક્ષિશખતના લખાણમાં સર્વોપરી બને છે.

ઉપરોક્ત નામદાર હાઈકોર્ટના ચુકાદા ઉપર કહી શકાય કે, અવેજની કાયદાકિય પરિભાષા મુજબ 'સારી અવેજ' એ કુદરતી ફરજ અને લાગણી ઉપર અથવા મજબૂત નૈતિક ફરજ ઉપર આધારિત હોય અને એક વ્યક્તિ દ્વારા તેવી અન્ય વ્યક્તિ માટે ધરાવાયેલ પ્રેમ અને લાગણી બદલનો અવેજ અને તેમાં કુદરતી ફરજ, ઉદારતાને સમાવેશ થાય છે. જ્યારે અવેજ શબ્દ અમુક સમયે કાયદાના મુદ્દે માન્ય એવા અવેજ યાને કિંમતી અવેજના અર્થમાં વપરાય છે તે પછી, તે મૂલ્યવાન અથવા પૂરતા અને સાથે સાથે ઉચિત અવેજમાં સમાવેશ કરે છે. આમ, કાયદાકિય પરિભાષા જોતા "સાર અવેજ" અને "મૂલ્યવાન અવેજ" બંને વિરોધીભાષી અર્થમાં રહે છે. (લેન્ડ લૉઝ જજમેન્ટસ, વૉલ્યુમ-૧, ઇશ્યુ-૬, જુન-૨૦૨૨, પાનાં નં. ૪૩૫)

સુરતના રિઅલ એસ્ટેટની સમસ્યાઓનો ઉકેલ માટે SEBAની મુખ્યમંત્રીને આકરી રજૂઆત,મુખ્યમંત્રીએ આ મુદ્દાઓ પર હકારાત્મક નિકાલનું આશ્વાસન

યુગેન રિઅલ્ટી, સુરત.

સુરતના રિઅલ એસ્ટેટ ક્ષેત્રે ઝડપી પ્રગતિ કરી હોવા છતાં, વિકાસના કામોમાં સતત અડચણોનો સામનો કરવો પડી રહ્યો છે. આ મુદ્દે સુરત ઈસ્ટ બિલ્ડર એસોસિયેશન (SEBA)ના સભ્યોએ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને રૂબરૂ મળી આકરી રજૂઆત કરી. વરાછા સહિતના વિસ્તારોમાં વિકાસની ગતિને અવરોધતી સમસ્યાઓનો તાત્કાલિક ઉકેલ લાવવા અને રિઅલ એસ્ટેટ ક્ષેત્રને વેગ આપવા માંગણી કરી.

આઉટર રિંગ રોડનું અટકેલું કામ: બિલ્ડરોનો આક્રોશ

આઉટર રિંગ રોડના બીજા તબક્કાનું કામ (કડોદરા રોડથી ભાટિયા ટોલનાકા) જાહેરાતના 20 વર્ષ બાદ પણ કાચબા ગતિએ ચાલી રહ્યું છે. SEBAના સભ્યો નિકુંજ ગજેરા, કમલેશ કોરાટ અને હિરેન પટેલે મુખ્યમંત્રીને આ કામ ઝડપથી પૂર્ણ કરવા જોરદાર રજૂઆત કરી. આ રોડના વિલંબથી વિસ્તારના વિકાસ અને રિઅલ એસ્ટેટ પ્રોજેક્ટ્સ પર ગંભીર અસર પડી રહી છે. **નિકુંજ ગજેરાએ જણાવ્યું, "આઉટર રિંગ રોડના બીજા તબક્કાનું કામ વિલંબને કારણે સુરતના રિઅલ એસ્ટેટ ક્ષેત્રની પ્રગતિ અટકી ગઈ છે. આ પ્રોજેક્ટને તાત્કાલિક પૂર્ણ કરવો એ શહેરના આર્થિક વિકાસ માટે અનિવાર્ય છે. જેથી રિઅલ એસ્ટેટ ઉદ્યોગને પણ વેગ મળે."**

નોન ટી.પી. વિસ્તારોમાં સ્ટેમ્પ ડ્યૂટીનો વિવાદ

નોન ટી.પી. વિસ્તારોમાં નવી શરતની જમીનોમાં માત્ર ફાઈનલ પ્લોટ પર પ્રીમિયમ ભરવાની જોગવાઈ હોવા છતાં, સબ-રજિસ્ટ્રાર દ્વારા આખી જમીન પર સ્ટેમ્પ ડ્યૂટી વસૂલવામાં આવે છે. SEBAએ માંગ કરી કે સુડા અને SMCની 40 ટકા કપાતવાળી જમીનો પર સ્ટેમ્પ ડ્યૂટી ન વસૂલવા સ્પષ્ટ પરિપત્ર જારી થાય, જેથી બિલ્ડરોને નાણાકીય બોજમાંથી રાહત મળે. **SEBAના પ્રવક્તા કમલેશ કોરાટે આ મુદ્દે જણાવ્યું, "નોન ટી.પી. વિસ્તારોમાં સ્ટેમ્પ ડ્યૂટીની ગેરવાજબી વસૂલાત બિલ્ડરો પર આર્થિક બોજ વધારે છે. આ અંગે સ્પષ્ટ નીતિ ઘડવી અને તેનો તાત્કાલિક અમલ કરવો જરૂરી છે, જેથી રિઅલ એસ્ટેટ ક્ષેત્રને વેગ મળે."**

ડેવલપમેન્ટ પરમિશનની અડચણો દૂર કરવાની માંગ

સુડા દ્વારા મંજૂર ડી.પી. 2035 અને કલમ 19 હેઠળની દરખાસ્તોમાં રસ્તાની અસરોને કારણે ઘણી જમીનોના વિકાસની પરવાનગી અટવાઈ છે. SEBAએ રજૂઆત કરી કે આવી જમીનોમાં રસ્તાની અસરોને યથાવત રાખી બાકીની જમીનોમાં વિકાસની પરવાનગી આપવામાં આવે, જેથી પ્રોજેક્ટ્સ ઝડપથી આગળ વધે.

ટાઉન પ્લાનિંગની પ્રક્રિયામાં સુધારાની જરૂર

SEBAએ ટાઉન પ્લાનિંગ (ટી.પી.) સ્કીમ્સ જેવી કે ટી.પી.-47, 48, 21, 52 અને 54ની મંજૂરીમાં વિલંબનો મુદ્દો ઉઠાવ્યો. આ સ્કીમ્સ સરકારમાં મંજૂરી માટે રજૂ થઇ હોવા છતાં, હજી નિકાલ નથી આવ્યો, જેના કારણે વિસ્તારોનો વિકાસ રૂંધાયો છે. આ ઉપરાંત, ટી.પી. પર સંકલિત અભિપ્રાયનો સમયગાળો 6 માસથી વધારી 1 વર્ષ કરવાની માંગ કરવામાં આવી, જેથી પ્લાન પાસ કરવાની પ્રક્રિયા સરળ બને.

મુખ્યમંત્રીને રજૂઆતના મુખ્ય મુદ્દાઓ

- આઉટર રિંગ રોડ: બીજા તબક્કાનું કામ તાત્કાલિક શરૂ કરી પૂર્ણ કરવું.
- સ્ટેમ્પ ડ્યૂટી: 40 ટકા કપાતવાળી જમીનો પર ડ્યૂટી નહીં વસૂલવા પરિપત્ર જારી કરવો.
- વિકાસ પરવાનગી: રસ્તાની અસરો યથાવત રાખી બાકી જમીનોમાં પરવાનગી આપવી.
- ટી.પી. સ્કીમ્સ: ટી.પી.-47, 48, 21, 52, 54ની મંજૂરી ઝડપથી આપવી.
- સમયગાળો: ટી.પી. પર સંકલિત અભિપ્રાયનો સમય 6 માસથી 1 વર્ષ કરવો.

આ ડેલિગેશનમાં SEBA તરફથી નિકુંજ ગજેરા, કમલેશ કોરાટ, જયેશ જોગાણી, વિજય વેળાવદર અને અંકિત સોનાણી મુખમંત્રી સાહેબને મળ્યા હતા.

SEBAના કમિટી મેમ્બર હિરેન પટેલએ જણાવ્યું કે, આ રજૂઆતો રિઅલ એસ્ટેટ ક્ષેત્રના વિકાસ માટે નિર્ણાયક છે. મુખ્યમંત્રીએ આ મુદ્દાઓ પર હકારાત્મક નિકાલનું આશ્વાસન આપ્યું હતું, જેનાથી સુરતના વિકાસને નવો વેગ મળવાની આશા જાગી છે.

ભારતીય સુપરમાર્કેટ્સ અને મોલ્સમાં HVACનું ભવિષ્ય : એક ટકાઉ કૂલિંગ દૃષ્ટિકોણ

યુગેન રિઅલ્ટી, સુરત.

ભારતમાં રિટેલ ક્ષેત્ર ઝડપથી વિકસે છે ત્યારે વિશાળ મોલ્સ અને ભારે આવકાવાળો સુપરમાર્કેટ સેક્ટર ઊભો થઇ રહ્યો છે. આવી સ્થિતિમાં ઊર્જા કાર્યક્ષમ, પર્યાવરણીય દૃષ્ટિએ અનુકૂળ અને સ્માર્ટ HVAC (હીટિંગ, વેન્ટિલેશન અને એર કન્ડીશનિંગ) સિસ્ટમો અનિવાર્ય બની ગઇ છે.

ભારત જેવા ઉષ્ણકટિબંધ અને ઉપઉષ્ણકટિબંધ વિસ્તારોમાં આંતરિક વાતાવરણને આરામદાયક રાખવું એ માત્ર પડકાર નથી, પણ ઓપરેશનલ ખર્ચ અને પર્યાવરણીય અસર ન વધાર્યા વિના આ હેતુ હાંસલ કરવું એક મોટી તક પણ છે.

Esscons MEP & Engineering Design Services દ્વારા રજૂ કરવામાં આવેલ આ લેખમાં અમે એવું વિશ્લેષણ કરીએ છીએ કે કેવી રીતે ભારતીય રિટેલ જગત ટકાઉપણું, આરામદાયક વાતાવરણ અને ખર્ચ અસરકારકતા હાંસલ કરવા માટે નવીનતમ HVAC ટેક્નોલોજી અને વ્યૂહોની દિશામાં આગળ વધી શકે છે.

1. સ્માર્ટ HVAC સિસ્ટમ્સ : બુદ્ધિશાળી રિટેલ કૂલિંગ માટે

આધુનિક રિટેલ જગ્યાઓમાં એવી HVAC સિસ્ટમ્સની જરૂરિયાત છે જે સતત બદલાતાં ઓક્યુપન્સી લેવલ, પીક અવર્સની માંગ અને હવામાનની સ્થિતિ અનુસાર પોતાને અનુકૂળ બનાવી શકે.

મુખ્ય લક્ષણો :

- **IoT આધારિત મોનીટરીંગ :** તાપમાન, ભેજ, Co□ સ્તર અને ઓક્યુપન્સી પેટર્ન્સ અંગે રિઅલ ટાઈમ ડેટા મળવો.
- **AI આધારિત ઓટોમેશન :** વપરાશના ટ્રેન્ડ્સ પરથી ભવિષ્યવાણી કરી શકાય એવી કંટ્રોલ સિસ્ટમ જે સેટિંગ્સને સ્વયંઝ ચાલુ-બંધ અને એડજસ્ટ કરે.
- **પ્રિડિક્ટિવ મેન્ટેનન્સ :** AIની મદદથી કાર્યક્ષમતા ઘટે તે પહેલાં અથવા તકલીફ ઉદ્ભવે તે પહેલાં તેનું નિદાન કરી શકાય.

રિટેલમાં ઉપયોગ : મોલ્સમાં AI આધારિત HVAC સિસ્ટમ્સનો ઉપયોગ કરવાથી નોન-પીક અવર્સ દરમિયાન ઊર્જા ખર્ચમાં આશરે 25-30% સુધી બચત થઇ શકે છે.

2. નવીનીકરણીય ઊર્જા એકીકરણ : ઠંડકને ટકાઉ બનાવવી

રિટેલરો હંમેશાં વધુ પ્રમાણમાં હરિત ઊર્જાને સ્વીકારી રહ્યાં છે જેથી તેઓ પોતાની ઇમારતોને ચલાવી શકે.

અનુકૂળ ટેક્નોલોજીઓ :

- સોલર-સહાયિત કૂલિંગ : રૂફટોપ પર લગાવેલી સોલાર પેનલ્સ ચિલર્સ અથવા વેરિએબલ સ્પીડ કંપ્રેસર્સને વીજળી પૂરી પાડી ગ્રિડ પર આધાર ઘટાડે છે.
- ભૂ-તાપીય સિસ્ટમ્સ : ગ્રાઉન્ડ-સોર્સ હીટ પમ્પ્સ મોલ્સ જેવી મોટી પ્રોપર્ટીમાં કૂલિંગ માટે સતત તાપમાનવાળી માધ્યમ આપે છે.

રિટેલમાં ઉપયોગ : ટીયર-2 અને ટીયર-3 શહેરોમાં જ્યાં પૂરતી ધૂપ મળે છે, ત્યાં સુપરમાર્કેટ્સ માટે રૂફટોપ સોલાર સિસ્ટમથી HVAC ઊર્જા બિલમાં આશરે 15–25% સુધી ઘટાડો શક્ય છે.

3. વીઆરએફ (વેરીએબલ રેફ્રિજરન્ટ ફ્લો) સિસ્ટમ્સ : ચોકસાઇ અને લવચીકતા

મોલ્સ અને સુપરમાર્કેટ્સમાં વિવિધ ઝોન માટેના ઠંડકની જરૂરિયાતોને પહોંચી વળવા માટે વીઆરએફ સિસ્ટમ્સ આદર્શ છે.

લાભો :

- **ઝોનલ કંટ્રોલ :** ફૂડ કોર્ટ, સિનેમા, કપડાંની દુકાન વગેરે જેવા વિભાગોને અલગથી નિયંત્રિત કરી શકાય છે.
- **ઊર્જા ઑપ્ટિમાઇઝેશન :** ફક્ત જરૂરી તટસ્થકર્તા પ્રવાહી (Refrigerant)નો ઉપયોગ થતો હોવાથી કંપ્રેસર પરનો લોડ ઓછો રહે છે.

રિટેલમાં ઉપયોગ : વિશાળ અને મિક્સ-યૂઝ રિટેલ સેન્ટર્સમાં વીઆરએફ ટેક્નોલોજી ઊર્જા વપરાશમાં આશરે 25–40% સુધી ઘટાડો લાવે છે.

4. એનર્જી રિકવરી વેન્ટિલેશન (ERV) : કાર્યક્ષમતા સાથે વધુ સારું હવા ગુણવત્તા

ERV સિસ્ટમ્સ એક્સહોસ્ટ થતી હવામાંથી કંડિશન્ડ ઊર્જાને પુનઃપ્રાપ્ત કરીને તેને નવા તાજી હવામાં ઉપયોગમાં લે છે.

લાભો :

- **IAQ (Indoor Air Quality) સુધારે છે :** તાજી હવા અને ઊર્જા બચત વચ્ચે સંતુલન જાળવે છે.
- **HVAC લોડ ઘટાડે છે :** ખાસ કરીને ભીની હવાવાળા પ્રદેશોમાં જ્યાં ડીહ્યુમિડિફિકેશન સૌથી વધુ ઊર્જા ખપાવે છે.

રિટેલમાં ઉપયોગ : સુપરમાર્કેટ્સ જ્યાં દરવાજાઓ વારંવાર ખોલાય છે, ત્યાં ERVથી અંદરની વાતાવરણ સ્થિર રહે છે અને ઊર્જા બચત પણ થાય છે.

5. લો-GWP રેફ્રિજરન્ટ્સ : પૃથ્વીને ગરમ કર્યા વિના કૂલિંગ

પર્યાવરણને અનુકૂળ રેફ્રિજરન્ટ્સ તરફનું પરિવર્તન એક પર્યાવરણીય અને નિયમનાત્મક જરૂરિયાત છે.

મુખ્ય મુદ્દાઓ :

- **હાઇડ્રોફ્લોરોઓલેફિન્સ (HFOs) :** ઓછી ગ્લોબલ વોર્મિંગ ક્ષમતા અને વધુ સારી થર્મલ કાર્યક્ષમતા.
- **ઇકો-કમ્પ્લાયન્સ :** હેફીસને બંધ કરવાનો ભારતનો કિગાલી સુધારણાની હેઠળનો પ્રતિબદ્ધતા અનુરૂપ.

રિટેલમાં ઉપયોગ : મોલ્સમાં HVAC સિસ્ટમમાં HFO અપનાવવાથી આવનારા સમયમાં ખર્ચાળ રેટ્રોફિટ્સ ટાળીને ટકાઉ સંધાન મળી શકે છે.

6. પેસિવ અને હાઇબ્રીડ કૂલિંગ સ્ટ્રેટેજીઝ : સ્થાનિક હવામાન માટે સ્માર્ટ ડિઝાઇન

પેસિવ HVAC ડિઝાઇન મિકેનિકલ સિસ્ટમ પર નિર્ભરતા ઘટાડે છે, ખાસ કરીને માઇલ્ડ હવામાન દરમિયાન ઉપયોગી.

ટેકનિક્સ :

- કુદરતી ક્રોસ-વેન્ટિલેશન અને એટ્રિયમ ડિઝાઈન
- થર્મલ માસ અને શેડિંગ
- સ્માર્ટ કંટ્રોલ સાથે હાઈબ્રીડ ઉપયોગ

રિટેલમાં ઉપયોગ : પુણે કે અમદાવાદ જેવા શહેરોમાં મોલ્સ પવન મિનાર અને સ્ટેક વેન્ટિલેશન અપનાવીને એર કન્ડિશનિંગ લોડ ઘટાડીને ઊર્જા બચાવ કરી શકે છે.

7. રિટેલ કૂલિંગનું ડીકાર્બનાઇઝેશન

HVACનું ભવિષ્ય છે ઇલેક્ટ્રિફિકેશન અને ડીકાર્બનાઇઝેશન — ફોસિલ ફ્યુઅલ આધારિત સિસ્ટમમાંથી દૂર થવું.

અભિગમ :

- **ઇલેક્ટ્રિક હીટ પમ્પ્સ :** પરંપરાગત બોઇલર્સ અને ચિલર્સનો વિકલ્પ.
- **ગ્રિડ-સંવેદનશીલ કંટ્રોલ્સ :** સૂર્યપ્રકાશના પીક કલાકો દરમિયાન પાવર ઉપલબ્ધતાના આધારે HVAC ઉપયોગનું સમન્વય.

રિટેલમાં ઉપયોગ : મોલ્સમાં ઑફ-ગ્રિડ-ક્ષમ HVAC સિસ્ટમ લાગુ કરવાથી બેટરી સ્ટોરેજ સાથે સરળ રીતે સંકલન થઇ શકે છે.

8. ઉન્નત ઇન્ડોર એર ક્વોલિટી (IAQ) : COVID પછીની સૌથી મહત્વની જરૂરિયાત

વિક્રેતાઓ માટે સારી IAQ ગ્રાહકોના આરામ અને પુનરાગમન બંને માટે મહત્વપૂર્ણ બની છે.

ટેકનિક્સ :

- HEPA અને MERV ફિલ્ટર્સ, UVGI (અલ્ટ્રાવાયોલેટ જર્મિસાઇડલ ઇરેડિએશન)
- હવાને બદલવા માટે CO□ મોનીટરીંગ
- ભેજ નિયંત્રણ (40-60% RH)

રિટેલમાં ઉપયોગ : COVID પછી IAQ સુધારાની હેતુથી કરાયેલ સુધારાઓ પ્રીમિયમ મોલ્સમાં વધેલી ફૂટફોલ સાથે સંકળાયેલા છે.

ઇન્દ્રવદન વાળા
મુખ્ય સલાહકાર, ESSCONS MEP અને એન્જિનિયરિંગ ડિઝાઈન સર્વિસીસ

અમે પૂરી પાડીએ છીએ એકીકૃત અને જરૂરિયાત મુજબના સોલ્યુશન્સ:

ભારતીય સુપરમાર્કેટ અને મોલ્સની HVAC જરૂરિયાતો જટિલ છે — કાર્યક્ષમતા, આરામ, ટકાઉપણું અને નિયમન કાયદાનું સંતુલન રાખવું જરૂરી છે.

Esscons MEP & Engineering Design Services ભારતીય રિટેલ ઇકોસિસ્ટમ માટે નીચે મુજબના અભિગમ અપનાવીને એકીકૃત અને ટેલર-મેડ સોલ્યુશન્સ પ્રદાન કરે છે :

- સ્માર્ટ ઓટોમેશન
- નવીનીકરણીય ઊર્જાનો ઉપયોગ
- ઊંચી કાર્યક્ષમતા ધરાવતી કૂલિંગ ટેક્નોલોજી
- આરોગ્યપ્રદ ઇન્ડોર એર ક્વોલિટી માટેની વ્યૂહરચનાઓ

આ બધા ટ્રેન્ડ્સ HVAC ને માત્ર મિકેનિકલ જરૂરિયાત તરીકે નહીં પણ પર્યાવરણીય અને વ્યાપારિક સફળતા માટેનું વ્યૂહાત્મક સાધન તરીકે વ્યાખ્યાયિત કરે છે.

ડિસ્ક્લેમર :

- તમામ છબીઓ AI દ્વારા જનરેટ કરવામાં આવી છે.
- કોઈપણ ટીકા કે તકનિકી મતભેદ માટે અમે ખુલ્લા ચર્ચા માટે તૈયાર છીએ.









અદ્યતન ઉપકરણો સાથે બાંધકામ સ્થળોમાં ક્રાંતિ

લેબર આધારિત ભારતનું બાંધકામ ક્ષેત્ર નાણાકીય રીતે પ્રોજેક્ટને આજની તારીખમાં તો પોસાય છે પણ સરકારી સર્વેક્ષણો મુજબ વર્કમેનશીપ એરર અને ઓન-સાઇટ એરર એડજસ્ટમેન્ટ્સ પરની નિર્ભરતા પછી થતી ભૂલો પ્રોજેક્ટ્ના વિલંબ અને સલામતીના જોખમો તરફ દોરી જાય છે અને વારંવાર પુનઃકામ પ્રોજેક્ટ્ને ખર્ચાળ બનાવતું જાય છે.

આવા સમયમાં 5 ક્રાંતિકારી ટેક્નોલૉજી બાંધકામ ઉદ્યોગમાં ઝડપ, ભરોસો અને સચોટતા વધારી રહી છે, તો ચાલો જાણીએ આ વિશ્લેષણાત્મક લેખમાં એક્યુરેસી, સેફ્ટી અને કાર્યક્ષમતામાં વધારો કરીને આ કટેકનોલોજી બાંધકામ ક્ષેત્રમાં કઈ રીતે પરિવર્તન લાવવાની ક્ષમતા ધરાવે છે અને લેબર પરની ડીપેંડંસી ઘટાડે છે.

યુગેન રિયલ્ટી, સુરત

"આજકાલ લેબર ક્યાંય મળી રહ્યા નથી... લેબર શોર્ટેજને લીધે કામ ઘણું ઢીલે ચાલી રહ્યું છે..."

બાંધકામ સાથે સંકળાયેલ દરેક વ્યક્તિ આ વાત સાથે સંમત થશે.

વળી વિકસતા ગુજરાતના મહત્વાકાંક્ષી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ જેવા કે ગિફ્ટ સિટી, ધોલેરા સ્માર્ટ સિટી અને વિવિધ શહેરોમાં નિર્માણ પામી રહેલા ગગનચુમ્બી સરકારી અને ખાનગી સંકુલો હજુ મહદઅંશે લેબર પર નભતી પરંપરાગત પદ્ધતિઓ પર મોટા પ્રમાણમાં આધાર રાખે છે. વળી ધોલેરા સ્માર્ટ સિટી, ગિફ્ટ સીટી, દહેજ જેવા મેગા-પ્રોજેક્ટ્સ માટે ટાઇમ લાઇન અને કામની એક્યુરેસી સૌથી ક્રિટીકલ પરીબળો છે પણ તે લેબર આધારિત કાર્યશૈલી દ્વારા શક્ય નથી.

લેબર આધારિત ભારતનું બાંધકામ ક્ષેત્ર નાણાકીય રીતે પ્રોજેક્ટને આજની તારીખમાં તો પોસાય છે પણ સરકારી સર્વેક્ષણો મુજબ વર્કમેનશીપ એરર અને ઓન-સાઇટ એરર એડજસ્ટમેન્ટ્સ પરની નિર્ભરતા પછી થતી ભૂલો પ્રોજેક્ટ્ના વિલંબ અને સલામતીના જોખમો તરફ દોરી જાય છે અને વારંવાર પુનઃકામ પ્રોજેક્ટ્ને ખર્ચાળ બનાવતું જાય છે.

આ લેખ દ્વારા હું પાંચ એડ્વાન્સ ટેક્નોલૉજી વિશે વાત કરીશ જે એક્યુરેસી, સેફ્ટી અને કાર્યક્ષમતામાં વધારો કરીને આ ક્ષેત્રમાં પરિવર્તન લાવવાની ક્ષમતા ધરાવે છે અને લેબર પરની ડીપેંડંસી ઘટાડે છે.

1. Drone ફોર સાઇટ મેપિંગ એન્ડ મોનીટરીંગ



હાઇ રીઝોલ્યુશન કેમેરા અને GPSવાળા ડ્રોન સાઇટ સર્વે પ્રોગ્રેસ ટ્રેકિંગમાં રીવોલ્યુશન લાવે છે. ગુજરાતમાં, Larsen & Toubro જેવી કંપનીઓએ Ahmedabad-Mumbai High-Speed Rail જેવા પ્રોજેક્ટ્સ માટે drone ઉપયોગમાં લીધા છે, જે ડ્રોન ડેટા એકઠો કરીને ચોક્કસ ટોપોગ્રાફિક નકશા કલાકોમાં બનાવે છે. Drone બાંધકામનુ પ્રોગ્રેસ ટ્રેકિંગ કરે છે, રીઅલ ટાઇમ ડેવીએશન ડિટેક્ટ કરે છે — ધોલેરા જેવા મેગા પ્રોજેક્ટ્સ જ્યાં વિશાળ પ્રોજેક્ટ એરીયા સતત ટ્રેકીંગ માંગે છે ત્યા ડ્રોનનો ઉપયોગ કરવાથી વર્કરોની જોખમી વિસ્તારોમાં જવાની જરૂર ઘટાડી, કાર્યક્ષમતા ઉપરાંત સલામતી વધારે છે.

- **DJI Matrice 350 RTK :**

Ahmedabad-Mumbai High-Speed Rail પ્રોજેક્ટમાં DJI Matrice 350 RTK ઉપયોગ થયો છે, જે સેન્ટીમીટર-સ્તરની ચોકસાઈથી ટોપોગ્રાફિક નકશા બનાવે. તેનું Zenmuse P1 કેમેરા ફોટોજીઓમેટ્રી મેમરી છે, BIM models માટે ડેટા એકઠો કરે છે, કલાકોમાં સર્વે પૂર્ણ કરે છે.

- **Autel Robotics EVO Max 4T :**

ધોલેરા સ્માર્ટ સિટીના ઇન્ફ્રાસ્ટ્રક્ચર સાઇટ્સમાં Autel EVO Max 4T drone થર્મલ ઇમેજિંગ ઉપયોગ કરી બાંધકામ પ્રગતિ નિરીક્ષણ કરાયેલ છે. તેનો 40-મિનિટનો flight time મોટા વિસ્તારો કવર કરે છે, વાસ્તવિક સમયમાં વિસંગતતાઓ શોધી સલામતી વધારી જોખમો ઘટાડે છે.

2. LiDAR સ્કેનર્સ દ્વારા 3D મોડેલિંગ

LiDAR (Light Detection and Ranging) સ્કેનર્સ અદ્યતન ઉપકરણો છે જે લેસર બીમનો ઉપયોગ કરીને ચોક્કસ 3D મોડેલ્સ બનાવે છે. આ ટેક્નોલૉજી બાંધકામ ઉદ્યોગમાં ક્લેશ ડિટેક્શન અને રેટ્રોફિટિંગ માટે અત્યંત મહત્વપૂર્ણ છે. આ સ્કેનર્સ આસપાસના પર્યાવરણને સ્કેન કરીને વસ્તુઓનું અંતર માપે છે, જેનાથી વિગતવાર ડિજિટલ રિપ્રેઝન્ટેશન્સ બને છે. આ ડિજિટલ રિપ્રેઝન્ટેશન્સ BIM (Building Information Modeling) મોડેલ્સમાં સરળતાથી એકીકૃત થઇ શકે છે.

ગુજરાત જેવા રાજ્યમાં, જ્યાં GIFT સિટી અને ધોલેરા સિટી જેવા મોટા પાયાના પ્રોજેક્ટ્સ ચાલી રહ્યા છે, ત્યાં LiDAR સ્કેનર્સ સ્ટ્રક્ચરલ એક્યુરસી સુનિશ્ચિત કરે છે. તેઓ MEP સિસ્ટમ્સને હાલના સ્ટ્રક્ચર્સ સાથે સંરેખિત કરે છે અને ગ્રીનફિલ્ડ સાઇટ્સને ગીચ જંગલ માં હોવા છતાં પણ ચોકસાઇપૂર્વક મેપ કરે છે. આ સાધનો ભૂલો ઘટાડે છે, ફરીથી કામ કરવાની જરૂરિયાત ઓછી કરે છે અને પ્રોજેક્ટની સમયમર્યાદાને ઝડપી બનાવે છે, ખાસ કરીને ધૂળવાળી અને જટિલ સાઇટ્સ પર.

- **ARO Focus S350**

બિલ્ડિંગમાં FARO Focus S350 હાલના સ્ટ્રક્ચર્સને સ્કેન કરે છે, જેથી MEP સિસ્ટમ્સ જેમ કે HVAC અને પ્લમ્બિંગ સ્ટ્રક્ચરલ એલિમેન્ટ્સ સાથે સંપૂર્ણપણે અંકિત થાય. તેની 350-મીટરની રેન્જ અને IP54 રેટિંગ ધૂળવાળી કન્સ્ટ્રક્શન સાઇટ્સમાં પણ સચોટ સ્કેનિંગ સુનિશ્ચિત કરે છે, જે રેટ્રોફિટ પ્રોજેક્ટ્સને ઝડપી અને ભૂલમુક્ત બનાવે છે.

- **Velodyne Puck LITE**

GIFT સિટીના હાઇ-રાઇઝ પ્રોજેક્ટ્સમાં Velodyne Puck LITE ડ્રોન સાથે સંકલિત થઈને એરિયલ સ્કેનિંગ કરે છે, જેનાથી ચોક્કસ 3D મોડેલ્સ બને છે. ધોલેરાના ગ્રીનફિલ્ડ સાઇટ્સમાં તે વનસ્પતિને ભેદીને વિશ્વસનીય ટોપોગ્રાફિક ડેટા પૂરો પાડે છે, જે BIM મોડેલ્સમાં ભૂલો ઘટાડે છે અને આયોજનને સચોટ બનાવે છે.

3. 3D કોંક્રિટ પ્રિન્ટીંગ : ગુજરાતમાં ક્રાંતિકારી પરિવર્તન

3D કોંક્રિટ પ્રિન્ટર એક ક્રાંતિકારી સાધન છે જે કોંક્રિટને લેયર-બાય-લેયર જમા કરીને દિવાલો, ઘરો કે ઇન્ફ્રાસ્ટ્રક્ચરના માચ એલીમેન્ટ જેવી રચનાઓ ઝડપથી બનાવે છે. આનાથી બાંધકામનો સમય અને સામગ્રીનો બગાડ નોંધપાત્ર રીતે ઘટે છે. આ પ્રિન્ટર રોબોટિક આર્મ્સ અને કમ્પ્યુટર-નિયંત્રિત સિસ્ટમ્સનો ઉપયોગ કરે છે, જે ચોક્કસ બાંધકામ સુનિશ્ચિત કરે છે, મજૂર પરની નિર્ભરતા ઘટાડે છે.

ગુજરાતમાં, નાના મોટા બધા શહેરોમા પ્રધાનમંત્રી આવાસ યોજના નીચે માસ કંસ્ટ્રક્શનની પહેલ ચાલી રહી છે, ત્યાં 3D કોંક્રિટ પ્રિન્ટર ઝડપી, ખર્ચ-અસરકારક અને એંવાયોમેંટ સોલ્યુશન પૂરા પાડે છે. ઉદાહરણ તરીકે, લોકલ મટીરીયલનો ઉપયોગ કરીને આ પ્રિન્ટર આવાસ પ્રોજેક્ટ્સમાં ખર્ચ ઘટાડે છે.

- **Apis Cor Mobile 3D Printer & Tvasta Vulcan**

આવાસ પ્રોજેક્ટ્સમાં Apis Cor Mobile 3D Printer 24 કલાકમાં નાના ઘરો બનાવે છે, જે 38-ચોરસ-મીટર સુધીની રેન્જ ધરાવે છે. આ પ્રિન્ટર BIM મોડેલ્સ સાથે કોર્ડીનેટ થઇને એક્યુરેટ એક્ઝીક્યુશન સુનિશ્ચિત કરે છે. આ પ્રિન્ટર કોસ્ટ અને બાંધકામનો સમય

ઘટાડે છે અને બજેટ-ફ્રેન્ડલી આવાસ ઉકેલો પૂરા પાડે છે.

4. અર્થમુવિંગ માટે ઓટોનોમસ એક્સકેવેટર

ઓટોનોમસ એક્સકેવેટર એ અદ્યતન બાંધકામ ઉપકરણો છે જે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) અને GPS ટેક્નોલૉજીનો ઉપયોગ કરીને ખોદકામ અને ગ્રેડિંગ જેવા અર્થમુવિંગ કાર્યોને સ્વચાલિત કરે છે. આનાથી ચોકસાઇ, કાર્યક્ષમતા અને સલામતીમાં વધારો થાય છે. આ મશીનો સ્ટ્રોક-સેન્સિંગ સિલિન્ડરો, ઇનર્શિયલ મેઝરમેન્ટ યુનિટ્સ અને GNSS એન્ટેના જેવી સુવિધાઓ ધરાવે છે, જે મશીનની સ્થિતિ અને બકેટની હિલચાલને ચોકસાઇપૂર્વક નિયંત્રિત કરે છે અને ઓપરેટરની જરૂરિયાત ઘટાડે છે.

ગુજરાતમાં, જ્યાં ઔદ્યોગિક વિસ્તરણ અને દહેજ જેવા મોટા પ્રોજેક્ટ્સ ચાલી રહ્યા છે, ત્યાં ઓટોનોમસ એક્સકેવેટર મજૂરની અછતને પહોંચી વળે છે, ઇંધણની કાર્યક્ષમતા વધારે છે અને પુનરાવર્તિત કાર્યોને ઝડપી બનાવે છે. ઉદાહરણ તરીકે, ઓટો ગ્રેડ આસિસ્ટ અને ઓટો સ્ટોપ કંટ્રોલ જેવી સુવિધાઓ વધુ ખોદકામ અટકાવે છે, જે ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સમાં ભૂલો અને ફરીથી કામ કરવાની જરૂરિયાત ઘટાડે છે.

- **Caterpillar 320 GC with Cat Connect**

વડોદરાના ઇન્ડસ્ટ્રીયલ પાર્કના વિસ્તરણ પ્રોજેક્ટ્સમાં Caterpillar 320 GC with Cat Connect ટેલિમેટિક્સ અને LiDAR નો ઉપયોગ કરીને ચોક્કસ ખોદકામ અને ગ્રેડિંગ કરે છે. આ મશીન ઇંધણનો વપરાશ 15% સુધી ઘટાડે છે, મજૂરની અછતવાળી સાઇટ્સમાં ઓપરેટરનો થાક ઓછો કરે છે અને ઉત્પાદકતામાં વધારો કરે છે.

- **Komatsu PC210LCi-11**

દહેજના ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સમાં Komatsu PC210LCi-11 ઇન્ટેલિજન્ટ મશીન કંટ્રોલ દ્વારા ચોક્કસ અર્થવર્ક કરે છે, જેમ કે રોડ ફાઉન્ડેશન્સ માટે ગ્રેડિંગ. આ મશીન ઓટો ગ્રેડ આસિસ્ટ સુવિધાનો ઉપયોગ કરીને વધુ ખોદકામ અટકાવે છે અને ભૂલો ઘટાડે છે

રિકુંજ મોરાડિયા - સ્થાપક,
આરિહા BIM વર્ક્સ અને સિવિલ QR

5. મેસનરી માટે રોબોટિક બ્રિકલેઇંગ આર્મ

રોબોટિક બ્રિકલેઇંગ આર્મ એ અદ્યતન બાંધકામ સાધનો છે જે ઇંટો મૂકવા અને દિવાલો બનાવવી જેવા મેસનરી કાર્યોને સ્વચાલિત કરે છે. આ આર્મ્સ રોબોટિક સિસ્ટમ્સ અને કમ્પ્યુટર વિઝનનો ઉપયોગ કરે છે, જે CAD ડિઝાઇન અનુસાર ઇંટોને ચોકસાઇપૂર્વક મૂકે છે, માનવીય ભૂલો અને થાક ઘટાડે છે. સ્કીલ લેબર અથવા મેસનની અછતવાળી સાઇટ્સમાં નિર્ણાયક બની શકે છે.

- **SAM100 & Hadrian X**

રેસિડેન્શિયલ ટાવર્સમાં SAM100 ઇંટો મનુષ્યો કરતાં છ ગણી ઝડપથી મૂકે છે, જેનાથી સમાન ફેસડેસ બને છે. આ આર્મ CAD ડિઝાઇન સાથે એકીકૃત થઈને ચોક્કસ ઇંટકામ સુનિશ્ચિત કરે છે, મજૂર ખર્ચ ઘટાડે છે અને બાંધકામનો સમય બચાવે છે.

આધુનિક ટેક્નોલૉજી અપનાવીને, ભારતીય બાંધકામ ક્ષેત્ર, ખાસ કરીને શ્રમિકોની અછત, પ્રોજેક્ટના વિલંબ અને ખર્ચાળ પુનઃકાર્ય જેવા પડકારોને અસરકારક રીતે દૂર કરી શકે છે. માત્ર જરૂર છે ઊંચા ઇનીશીયલ કોસ્ટ ને પ્રોજેક્ટના કેશફ્લોમા સમાવી લેવો અને કુશળ ઓપરેટરોને તૈયાર કરવા. આનુ સૌથી મોટુ ઉદહરણ છે ગલ્ફના દેશોના ડેવલપમેન્ટમાં આ ટેક્નોલૉજીઓ લાંબા ગાળે કિફાયતી સાબિત થશે. સરકારી સબસિડી, પાઇલટ પ્રોજેક્ટ્સ અને સઘન તાલીમ કાર્યક્રમો દ્વારા આ અવરોધો દૂર કરી શકાય છે. શું આપણે એક એવા ભવિષ્ય તરફ આગળ વધી રહ્યા છીએ જ્યાં ભારતીય બાંધકામ ઉદ્યોગ માત્ર **"જુગાડ"** પર નહીં, પણ **વૈશ્વિક સ્તરની ચોકસાઇ, સલામતી અને કાર્યક્ષમતા પર નિર્ભર રહેશે?**

A PROJECT BY
atmiya GROUP

KANC 223
SPACES DESIGNED FOR GROWTH

સુરત ઈસ્ટ વિસ્તારની વધતી આકાંક્ષાઓને વાચા આપતો વર્લ્ડ-ક્લાસ કોમર્શિઅલ પ્રોજેક્ટ

ઝડપથી વિકસતા ટેક્સટાઈલ, IT બિઝનેસ, રિટેલ અને કોર્પોરેટ્સમાં એક લેન્ડમાર્ક સરનામું

યુગેન રિઅલ્ટી, સુરત.

સુરત ઇસ્ટ વિસ્તારનું કોમર્શિઅલ રિઅલ એસ્ટેટ દ્રશ્ય KANC 223ના આગમન સાથે એક ગેમચેન્જર ક્ષણનું સાક્ષી બની રહ્યું છે - વિશ્વસનીય અને અગ્રણી આત્મીય ગ્રુપ દ્વારા એક લેન્ડમાર્ક કોમર્શિઅલ ડેસ્ટિનેશન. સુરતના ઉભરતા ઇસ્ટ ઝોનમાં વ્યૂહાત્મક રીતે સ્થિત, KANC 223 ફક્ત એક નવું બિઝનેસ એડ્રેસ નથી - તે એક આકાંક્ષા છે જે નક્કર સ્વરૂપ લઇ રહી છે.

આ વિસ્તારમાં તેના પ્રકારનો પ્રથમ કોમર્શિઅલ પ્રોજેક્ટ, KANC 223 રિટેલર્સ, કોર્પોરેટ્સ, સર્વિસ પ્રોવાઇડર્સ, પ્રીમિયમ બ્રાન્ડ્સ અને ટેક્સટાઇલ હાઉસીસની વિકસતી જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે બનાવવામાં આવી રહ્યો છે. આ આંતરરાષ્ટ્રીય સ્તરનું કોમર્શિઅલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર આ વિસ્તારના બિઝનેસીસને અધિનિક વ્યવસાયિક ઇકોસિસ્ટમ આપશે જેથી તેમના બિઝનેસનો સર્વાંગિ વિકાસ થઇ શકે.

ઇસ્ટ સુરતની નવી ઓળખ

જ્યારે સુરત ઇસ્ટ વિસ્તારને KANC 223 એક નવી ઓળખ આપશે તેમાં કોઈ બે માટે નથી. તે આ વિસ્તારને એક પ્રીમિયમ બિઝનેસ ડિસ્ટ્રિક્ટમાં ઉન્નત કરવા માટે રચાયેલ છે. તેના આકર્ષક ફસાડ, બુદ્ધિપૂર્વક આયોજિત લેઆઉટ અને ભવિષ્ય માટે તૈયાર સુવિધાઓ સાથે, તે વિઝિબિલિટી અને વેલ્યુ શોધતા બિઝનેસીસ, સ્ટાર્ટઅપ્સ અને લાઇફસ્ટાઇલ બ્રાન્ડ્સને આકર્ષવા માટે તૈયાર છે.

પ્રાઈમ લોકેશન, આશાસ્પદ ભવિષ્ય

વ્યૂહાત્મક રીતે પર્વત પાટિયા-કેનાલ રોડ અને પુના-સરોલી રોડના જંકશન પર, સાયોના કોમ્પ્લેક્સની બરાબર સામે સ્થિત, KANC 223 સુરતના સમૃદ્ધ ટેક્સટાઇલ ડિસ્ટ્રિક્ટ અને ઝડપથી વિકસતા IT બિઝનેસ ઝોનના કેન્દ્રમાં આવેલું છે. બિઝનેસીસથી ધમધમતો આ હાઇ વિઝિટર્સ ઝોન, અસાધારણ વિઝિબિલિટી અને કનેક્ટીવીટીની સુલભતા આપે છે - તે મહત્વાકાંક્ષી બિઝનેસીસ માટે તે એક ચુંબક સમાન છે.

ભલે તમે તમારા આગામી કોર્પોરેટ હેડક્વાર્ટરની યોજના બનાવતા ટેક્સટાઇલ હાઉસ હોવ, કનેક્ટિવિટી અને આધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઇચ્છતી IT કંપની હોવ, અથવા આ ધમધમતા વ્યાપારી વિસ્તારમાં એક્સપેંશન કરવા માંગતા રિટેલ બ્રાન્ડ હોવ - KANC 223 એક સ્ટ્રેટેજિક લોકેશન રજૂ કરે છે જ્યાં ભવિષ્યની સફળતા શરૂ થાય છે. મલ્ટીસાઈઝ શોરૂમ્સ અને ઓફિસ સ્પેસીસ, પુષ્કળ પાર્કિંગ, સસ્ટેનેબલ ડિઝાઇન અને નેક્સટ-જેન સુવિધાઓની શ્રેણી સાથે, પ્રોજેક્ટ ફંક્શનાલીટી, સ્ટાઇલ, અને પાવરફુલ બિઝનેસ પ્રેઝેન્સ માટે રચાયેલ છે.

આત્મીય ગ્રૂપનો મજબૂત વારસા અને ઇનોવેશન

2 મિલિયન ચોરસ ફૂટથી વધુ રિઅલ એસ્ટટે ડેવલપમેન્ટ અને 2,000થી વધુ સંતુષ્ટ ગ્રાહકો સાથે, આત્મીય ગ્રુપ સુરતના સૌથી વિશ્વસનીય ડેવલપર્સમાં ટોચ પર છે. ક્વોલોટી ડેવલપમેન્ટ, સમયસર ડિલિવરી અને ગ્રાહક સંતોષ પર અવિરત ધ્યાન કેન્દ્રિત કરવા માટે જાણીતું, આત્મીય ગ્રુપ 15 વર્ષથી વધુ સમયથી શહેરની સ્કાયલાઇનને આકાશરેખાને આકાર આપી રહ્યું છે અને રેસિડેન્શિઅલ, કોમર્શિઅલ અને ઇન્ડસ્ટ્રીઅલ પ્રોજેક્ટસની શ્રેણી સાથે શહેરીજનોના દિલ જીત્યા છે. વરાછા, કામરેજ, બારડોલી, ડીંડોલીથી લઈને સુરતના હૃદય સુધી કાર્યરત., આત્મીય ગ્રુપનું નામ વિશ્વાસ, ભવ્યતા અને મૂલ્યનો પર્યાય છે. અને KANC 223 તેમના તાજમાં એક નવું કોમર્શિઅલ રત્ન છે.

આત્મીય ગ્રુપના સ્થાપક સંજય ચોડવડીયા કહે છે કે, "KANC 223 માત્ર એક કોમર્શિઅલ પ્રોજેક્ટ નથી; તે એક વિઝન છે જે મહત્વાકાંક્ષાની ઉજવણી કરે છે. અમારું લક્ષ્ય એવી સ્પેસીસ બનાવવાનું છે જ્યાં આકાંક્ષાઓ તકોને મળે અને બ્રાન્ડ્સ તેમનું યોગ સ્થાન."

સંજય ચોડવડીયા, આત્મીય ગ્રુપ

KANC 223 એક ડિઝાઇન સ્ટેટમેન્ટ છે

KANC 223 ની આકર્ષક અપીલના કેન્દ્રમાં બ્લેકઇન્કના મુખ્ય આર્કિટેક્ટ સંજય જોશીની અસરકારક ડિઝાઇન છે. લેન્ડમાર્ક પ્રોજેક્ટની ડિઝાઇન માટે જાણીતા સંજય જોશીએ એક એવો ફસાડ અને લેઆઉટ તૈયાર કર્યું છે જે એસ્થેટિક્સને ફંકશનાલીટી સાથે સંતુલિત કરે છે. સંજય જોશી, વિઝનરી આર્કિટેક્ટ, બ્લેકઇન્ક જણાવ્યું હતું કે, "KANC 223 ને અલગ દેખાવા અને અધિનક ગ્રાહકોની જરૂરિયાતો ધ્યાનમાં રાખીને ડિઝાઇન કરવામાં આવ્યું છે. કુદરતી પ્રકાશ ઑપ્ટિમાઇઝેશનથી લઈને અંદર અને બહારની સ્પેસ સુધી, દરેક વિગતો હેતુપૂર્વક ડિઝાઇન કરવા આવી છે. KANC 223 આ વિસ્તાર, ડેવલપર આત્મીય ગ્રુપ અને ગ્રાહકો બધા જ માટે એક વિન-વિન પ્રોજેક્ટ છે."

બ્રોકર્સ, લીઝિંગ એક્સપર્ટ્સ, કોર્પોરેટ્સ અને એન્ડ યુઝર્સ માટે સુવર્ણ તક

હાઈ ફૂટફોલ સ્પેસીસ શોધી રહેલા લીઝિંગ એક્સપર્ટ્સ હોવ, વ્યાવસાયિક છતાં સુલભ જગ્યા શોધતા કોર્પોરેટ હોવ, પ્રેસ્ટિજિયાસ અડ્રેસ ધરાવવાનું સ્વપ્ન જોતા એન્ડ યુઝર હોવ કે તમારા ઇન્વેસ્ટર માટે હાઇ રિટર્ન શોધતા બ્રોકર હોવ, KANC 223 તમારા બધા પ્રશ્નોનું સમાધાન છે. KANC 223 એ માત્ર એક કોમર્શિઅલ કોમ્પ્લેક્સ નથી, તમારાક બિઝનેસને વિકાસની નવી પાંખો આપતું એક નવું પ્રકરણ છે. એવો અહીંજ, સુરતના વ્યવસાયનું ભવિષ્ય શરૂ થાય છે.


આર્કિટેક્ટ સંજય જોશી, બ્લેકઇન્ક

બિઝનેસ બૂસ્ટર્સ (USP):

- શોરૂમ અને ઓફિસો માટે હાઈ વિઝિબિલિટી
- ડબલ-હાઇટવાળા ફોયર્સ અને રિસેપ્શન એરિયા
- 2 એસ્કેલેટર દ્વારા શોરૂમ એક્સેસ - એક્સક્લુઝિવ ઓનર્સ અને વિઝિટર્સ લાઉન્જ
- 3 લેવલ પાર્કિંગ
- કેમ્પસમાં કાફેટેરિયા/રેસ્ટોરન્ટ
- ટેકનોલોજી અને સલામતી: 24/7 સીસીટીવી અને સુરક્ષા
- એસી યુનિટ માટે જોગવાઇ
- ફુલ-બિલ્ડિંગ વાઇ-ફાઇ એનેબલ્ડ
- સ્માર્ટ બિલ્ડિંગ સિસ્ટમ
- આરામ માટે ટેરેસ ગાર્ડન
- ડેડીકેટેડ સ્મોકિંગ ઝોન
- સુવ્યવસ્થિત પિક-અપ/ડ્રોપ-ઓફ ઝોન
- યોગ અને ધ્યાન જગ્યા
- 2 લેયર બેઝમેન્ટસ કાર પાર્કિંગ અને 2 ફ્લોર બાઇક પાર્કિંગ

KANC 223 પ્રોજેક્ટ વિશેષતાઓ :

રિટેલ સ્પેસ (ગ્રાઉન્ડ + પહેલો માળ)

શોરૂમ : 14-15 ફૂટ હાઇટ સાથે ગ્રાઉન્ડ અને પહેલા માળે 28 યુનિટ.

ઓફિસો : 2-9મા ફ્લોર સુધી 195 યુનિટ - 14 ફૂટ. હાઇટ

ઓફિસ વિથ ટેરેસ સ્પેસ અવેલેબલ - લિમિટેડ યુનિટ્સ વિથ પ્રીમિયમ એમિનિટીઝ

ASSOCIATION OF REAL ESTATE AGENT SURAT

સુરતના રિઅલ એસ્ટેટ એજન્ટ્સ ઍસોસિયેશન (AREAS)ની રચના

સુરતના રિઅલ્ટર્સ, એજન્ટ્સ અને બ્રોકર્સના વિકાસ માટે સંગઠિત પ્લેટફોર્મ

સુરતના રિઅલ એસ્ટેટ સેક્ટરમાં 2024માં ઐતિહાસિક પગલાં ભરાયું જ્યારે AREAS (ઍસોસિયેશન ઓફ રિઅલ એસ્ટેટ એજન્ટ્સ સુરત)ની રચના થઈ. એકતા, ટ્રાન્સપરન્સી અને પ્રોફેશનલિઝમને પ્રોત્સાહન આપતો આ પ્લેટફોર્મ એજન્ટ્સ, બ્રોકર્સ અને રિઅલ્ટર્સને સંગઠિત કરે છે, અને તેમના હિતોની રક્ષા કરવા માટે સક્રિય ભૂમિકા ભજવે છે.

યુગેન રિઅલ્ટી, સુરત

સુરતના ડાયનેમિક અને પરિવર્તનશીલ રિઅલ એસ્ટેટની દુનિયામાં 2024માં એક ઐતિહાસિક સિદ્ધિ નોંધાઈ જ્યારે ઍસોસિયેશન ઓફ રિઅલ એસ્ટેટ એજન્ટ્સ સુરત (AREAS)ની રચના થઈ. પરસ્પર ગ્રોથ અને પ્રોફેશનલ એકતાના સહિયારા વિઝનથી રચાયેલું AREAS એ સમાન વિચારધારા ધરાવતા રિઅલ્ટર્સ, એજન્ટ્સ અને બ્રોકર્સનો સહિયારો પ્રયાસ છે, જેમણે બ્રોકરેજ કોમ્યુનિટીમાં એકતા, વિશ્વસનીયતા અને સંગઠનની શક્તિ લાવવા માટે સમર્પિત પ્લેટફોર્મની જરૂર જોઈ.

આજના સમયની તાતી જરૂરિયાત

સુરત ઇકોનોમિક અને રિઅલ એસ્ટેટ હબ તરીકે ઝડપથી વધી રહ્યું છે, અને એજન્ટ્સ-બ્રોકર્સ-ચેનલ પાર્ટનર્સની ભૂમિકા દિવસે ને દિવસે વધુ મહત્વપૂર્ણ બની રહી છે. પણ, એકતાના અવાજ અને પ્રોફેશનલ ફ્રેમવર્કની ગેરહાજરીથી આ કી-પ્લેયર્સનું ઘણીવાર પ્રતિનિધિત્વ પૂરતું થતું નથી. એજન્ટ્સ, ડેવલપર્સ અને બાયર્સ વચ્ચે ટ્રસ્ટ ડેફિસિટ ઘટાડવા અને ટ્રાન્સપરન્ટ, એથિકલ રિઅલ એસ્ટેટ ટ્રાન્ઝેક્શન્સનું ઇકોસિસ્ટમ બનાવવા AREASની રચના કરવામાં આવી છે.

હિતો (ઇન્ટરેસ્ટ્સ)નું રક્ષણ, ટ્રસ્ટ વધારવો

AREASનો મુખ્ય હેતુ છે રિઅલ્ટર્સ, એજન્ટ્સ અને બ્રોકર્સનો ટ્રસ્ટેડ વોઇસ બનવું. એ લોકલ, રિજનલ અને નેશનલ લેવલે એમના ઇન્ટરેસ્ટ્સનું રિપ્રેઝન્ટેશન કરશે, ગવર્નમેન્ટ, રેગ્યુલેટરી બોડીઝ અને કોમ્યુનિટી સાથે ઇન્ટરફેસ કરશે. આ રીતે, ઍસોસિયેશન મેમ્બર્સને મેલપ્રેક્ટિસથી બચાવશે, ફેર બિઝનેસ પ્રેક્ટિસીસને એન્કરેજ કરશે અને ઇન્વેસ્ટર્સ તેમજ ગ્રાહકોનો કોન્ફિડન્સ વધારશે.

AREASના મુખ્ય ઓબ્જેક્ટિવ્સ

AREASની રચના ચાર મુખ્ય હેતુઓથી સંચાલિત છે :

- **પ્રોફેશનલ યુનિટી :** સુરતના બધા રિઅલ એસ્ટેટ એજન્ટ્સ અને બ્રોકર્સને એક પ્લેટફોર્મ પર લાવવા, યુનિટી, કો-ઓપરેશન અને શેર્ડ લર્નિંગને વધારવું
- **સહિયારો વિકાસ :** પ્રોપર્ટી માર્કેટમાં પ્રોફેશનલિઝમ વધારવું, ટ્રાન્સપરન્સી બનાવવી અને લોન્ગ-ટર્મ ગ્રાહક ટ્રસ્ટ બિલ્ડ કરવો
- **ગાઇડલાઇન્સ અને પોલિસી :** ક્લિઅર કોડ ઓફ કન્ડક્ટ અને બિઝનેસ પોલિસીઝ સેટ કરવી, જેથી મેમ્બર્સમાં વધુ રેગ્યુલેટેડ અને એથિકલ બિઝનેસ પ્રેક્ટિસીસ થાય.
- **ગ્રાહક પ્રોટેક્શન :** બાયર્સ અને સેલર્સ માટે ફેર અને ટ્રાન્સપરન્ટ માર્કેટપ્લેસ બનાવવું, ફ્રોડ અને અનએથિકલ બિહેવિયર ઘટાડવું.

• યુનિટી, ડેવલપમેન્ટ અને પ્રોફેશનલિઝમ

AREAS બ્રોકર્સ અને એજન્ટ્સને સુરતભરમાં એક ઓર્ગનાઇઝ્ડ પ્લેટફોર્મ પર લાવીને પ્રોફેશનલ યુનિટી પ્રોમોટ કરે છે. એજ્યુકેશન, રિસર્ચ અને સ્કિલ ડેવલપમેન્ટ દ્વારા કોમ્યુનિટી ફોસ્ટર કરવાના ક્લીયર મિશન સાથે, ઍસોસિયેશન કલેક્ટિવ ગ્રોથ અને નોલેજ શેરિંગ પર ફોકસ કરે છે. એનું લોન્ગ-ટર્મ વિઝન છે રિસોર્સિસનું પાવરહાઉસ બનવું, જે લોકલ એક્સપર્ટાઇઝ અને નેશનલ / ગ્લોબલ ઓપોર્ચ્યુનિટીઝ વચ્ચે બ્રિજ બનશે.

મુખ્ય પહેલો :

- **કોડ ઓફ કન્ડક્ટ :** એથિકલ ડીલિંગ્સ માટે બિઝનેસ ગાઇડલાઇન્સ સેટ કરવી.
- **ડિસ્પ્યુટ રિઝોલ્યુશન :** કોન્ફ્લિક્ટ્સ રિઝોલ્વ કરવા માટે પ્લેટફોર્મ આપવું.
- **કેપેસિટી બિલ્ડિંગ :** RERA રેગ્યુલેશન્સ, માર્કેટ ટ્રેન્ડ્સ અને લીગલ કમ્પ્લાયન્સ પર સેમિનાર્સ અને ટ્રેનિંગ ઓર્ગનાઇઝ કરવી.
- **ગ્રાહક પ્રોટેક્શન :** બાયર્સ અને સેલર્સના ઇન્ટરેસ્ટ્સ બચાવવા ફેર પ્રેક્ટિસીસની ખાતરી કરવી.

ઇન્ડસ્ટ્રી માટે, ઇન્ડસ્ટ્રી દ્વારા

ઍસોસિયેશન રિઅલ એસ્ટેટ કોમ્યુનિટી, ઉદ્યોગ અને ગવર્નમેન્ટ સંસ્થાઓ વચ્ચે લાયઝનીંગ તરીકે કામ કરે છે - મેમ્બર્સનો અવાજ સંભળાય અને એમના રાઇટ્સ બચે એ ખાતરી કરે છે. મેમ્બર્સને સર્ટિફાય કરીને અને ડિજિટલ પ્લેટફોર્મ્સ તેમજ ઇવેન્ટ્સ દ્વારા પ્રોમોટ કરીને, AREAS બ્રોકર્સની વિશ્વસનીયતા બૂસ્ટ કરે છે અને માર્કેટ

વિઝિબિલિટી વધારે છે.

મજબૂત લીડરશીપ, ક્લીયર ડિરેક્શન

આ પ્રગતિશીલ પહેલના સુકાન પર એક વિઝનરી લીડરશીપ ટીમ :

- **સંદીપ પટેલ – પ્રેસિડન્ટ**
- **મહેશ કારેલિયા – વાઇસ પ્રેસિડન્ટ**
- **જતીન દલવાડી – સેક્રેટરી**

આ લીડરશીપ ટીમ દાયકાઓનો અનુભવ, સુરત માર્કેટની ઊંડી સમજ અને પ્રોફેશનને ઉપર લઇ જવાની શેર્ડ કમિટમેન્ટ સાથે લાવે છે. AREAS ફક્ત એક ઍસોસિયેશન નથી — એ એક મૂવમેન્ટ છે. યુનિટી, પ્રોફેશનલિઝમ અને સહિયારા સક્સેસ તરફનું મૂવમેન્ટ. મેમ્બર્સના ઇન્ટરેસ્ટ્સ બચાવીને અને પબ્લિક સાથે ટ્રસ્ટ બનાવીને, AREAS સુરતના રિઅલ એસ્ટેટ ફેબ્રિકમાં ગેમ-ચેન્જર બનવા જઈ રહ્યું છે.

ફાઉન્ડેશનનો પાયો નખાઈ ગયો છે. ઉજળું ભવિષ્ય હવે શરૂ થાય છે.

વધુ જાણકારી અને મેમ્બર બનવા માટે સંપર્ક
+91 92744 38875

પ્રોપર્ટી બ્રોકરનું મહત્ત્વ :

- પ્રોપર્ટી કન્સલ્ટન્ટ તમારો સમય બચાવી સચોટ માહિતી આપે છે.
- પ્રોપર્ટી ટાઇટલ ક્લીયર છે કે નહીં તે માહિતી આપે છે.
- તેમની પાસે લોકેશનનું નોલેજ હોય જેનાથી આપણે કોઈ એવી જગ્યા ઉપર પ્રોપર્ટી ખોટો નિર્ણય ના લય લઇએ જ્યાં કોઇ ડિમાન્ડ નથી.
- છેલ્લે શું ભાવમાં પ્રોપર્ટી વેચાય છે તે માહિતી આપે છે.
- સાચી કિંમતની માહિતી આપે છે.
- દસ્તાવેજની માહિતી લીગલ પેપરની માહિતી.
- બિલ્ડરના બેકગ્રાઉન્ડની માહિતી આપે છે.
- મલ્ટિપલ પ્રોપર્ટીના ઓપ્શન આપે છે.
- પ્રોપર્ટીના સારા અને ખરાબ પોઇન્ટની માહિતી.
- પ્રોપર્ટી વેચવામાં મદદ કરે છે.
- પ્રોપર્ટી વિઝિટ ફ્રીમાં કરાવે છે.
- ક્યાં કેમ સુ કામ લેવું તેનો ડીશીઝન લેવામાં હેલ્પ કરે છે.
- પ્રોપર્ટી લીધા પછીની ડોર સ્ટેપ સર્વિસ આપે છે.
- રિઅલ એસ્ટેટની હાલની માર્કેટ નોલેજ આપે છે.
- ભાવ તાલ કરવામાં એક્સપર્ટ હોય છે.
- મધ્યસ્થિ વ્યક્તિ તરીકે બંને પાર્ટીને સાંચવે છે.

પ્રોપર્ટી હંમેશા પ્રોફેશનલ કન્સલ્ટન્ટ પાસેથી ખરીદવાનો આગ્રહ રાખો.

એન્જિનિયર સંદીપ પટેલ, ફાઉન્ડર-પ્રેસિડન્ટ, AREAS
વિઝનરી લીડર, રિલેશનશિપ બિલ્ડર, રિઅલ એસ્ટેટ એક્સપર્ટ
વર્ષા રિઅલ એસ્ટેટ - 98791 63318

AREAS બ્રોકિંગ પ્રોફેશનમાં યુનિટી, ટ્રસ્ટ અને ડિગ્નિટી લાવવાનું મિશન છે. એન્જિનિયરિંગથી રિઅલ એસ્ટેટ સુધીની મારી જર્નીએ વિશ્વાસ અને સંગઠનની તાકાત બતાવી છે. AREAS સાથે, અમે અમારા સભ્યો માટે એક નવી આઇડેન્ટિટી બનાવી રહ્યા છીએ, જેથી વિશ્વસનીયતા વધે અને ભવિષ્ય ઉજળું બને જ્યાં એજન્ટ્સને રિસ્પેક્ટ મળે અને ક્લાયન્ટ્સ સિક્યોર ફીલ કરે અને ડેવલપર્સનું કામ સરળ બને.

મહેશ કારેલિયા – ફાઉન્ડર - વાઇસ પ્રેસિડન્ટ, AREAS
રિઅલ એસ્ટેટ એક્સપર્ટ
JMS પ્રોપર્ટી સર્વિસીસ - 88668 83888

રિઅલ એસ્ટેટ આજે ફક્ત ટ્રાન્ઝેક્શન્સનું નહીં, પર્પઝનું પ્રોફેશન છે. AREAS દ્વારા, અમે પ્રોફેશનલ સ્ટાન્ડર્ડ્સ ઉંચા કરી રહ્યા છીએ, નેક્સ્ટ જનરેશનને ગાઇડ કરી રહ્યા છીએ અને એજન્ટ્સ તેમજ ઇન્વેસ્ટર્સ માટે યુનાઇટેડ વૉઇસ બની રહ્યા છીએ. અમારો ગોલ છે શેર્ડ ગ્રોથ, મીનિંગફુલ ઇમ્પેક્ટ અને એવું ફ્યુચર જ્યાં એક્સલન્સ ઇન્ડસ્ટ્રીનો નોર્મ બને.

જતીન દલવાડી – ફાઉન્ડર - સેક્રેટરી, AREAS
રિઅલ એસ્ટેટ એક્સપર્ટ
JD પ્રોપર્ટી કન્સલ્ટન્ટ - 80005 65808

AREAS એ રિઅલ એસ્ટેટ સ્પેસમાં યુનિટી, સ્ટ્રક્ચર અને રેકગ્નિશનની લાંબા સમયથી રહેલી જરૂરનો જવાબ છે. નોલેજ શેરિંગ, પ્રોફેશનલ એથિક્સ અને પબ્લિક એન્ગેજમેન્ટ દ્વારા, અમે એજન્ટ કોમ્યુનિટીની ઇમેજ ઉપર લઈ જવા અને પ્રોપર્ટી ઇન્વેસ્ટમેન્ટમાં ટ્રસ્ટેડ એડવાઇઝર્સ તરીકે આપણો રોલ રિડિફાઇન કરવા માંગીએ છીએ.

રિજનલ RMC ઇન્ડસ્ટ્રીને મજબૂત અને સ્ટ્રીમલાઇન કરવા માટે સાઉથ ગુજરાત RMC એસોસિએશન (SGRA) લૉન્ચ કરવામાં આવ્યું

આ એસોસિએશનની સ્થાપના એક મહત્વના સમયે થઈ છે. શહેરી ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઝડપથી વધી રહ્યું છે અને ટકાઉ, ઇન્વાયરમેન્ટ-ફ્રેન્ડલી કન્સ્ટ્રક્શન મટીરીઅલ્સની જરૂર વધી રહી છે. SGRA રિજનની RMC ઇન્ડસ્ટ્રી માટે એક યુનિફાઇડ વૉઇસ બનશે, હેલ્ધિ કૉમ્પિટિશનની ખાતરી કરશે, નોલેજ શેર કરશે અને પોલિસી રિફૉર્મ્સ તેમજ ટેકનિકલ ઇમ્પ્રૂવમેન્ટ્સ માટે અવાજ ઉઠાવશે.

યુગેન રિઅલ્ટી, સુરત.

સાઉથ ગુજરાતના કન્સ્ટ્રક્શન ઇકોસિસ્ટમ માટે એક મોટી સિદ્ધિમાં, સુરત, નવસારી અને બારડોલીના 35થી વધુ ટોચના રેડી-મિક્સ્ડ કોન્ક્રીટ (RMC) મેન્યુફેક્ચરર્સ એકઠા થઈને સાઉથ ગુજરાત RMC એસોસિએશન (SGRA)ની સ્થાપના કરવામાં આવી છે. આ કોલોબોરેટિવ બોડીનો ગોલ છે - RMC પ્રોડ્યુસર્સના હિતોનું રક્ષણ કરવું, સ્ટાન્ડર્ડાઇઝેશનને પ્રમોટ કરવું અને ક્વોલિટી બેન્ચમાર્ક્સ સેટ કરવા જેથી ડેવલપર્સ, એન્જિનિયર્સ અને સોસાયટી જેવા એન્ડ યુઝર્સને ફાયદો થાય.

આ એસોસિએશનની સ્થાપના એક મહત્વના સમયે થઈ છે. શહેરી ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઝડપથી વધી રહ્યું છે અને ટકાઉ, ઇન્વાયરમેન્ટ-ફ્રેન્ડલી કન્સ્ટ્રક્શન મટીરીઅલ્સની જરૂર વધી રહી છે. SGRA રિજનની RMC ઇન્ડસ્ટ્રી માટે એક યુનિફાઇડ વૉઇસ બનશે, હેલ્ધિ કૉમ્પિટિશનની ખાતરી કરશે, નોલેજ શેર કરશે અને પોલિસી રિફૉર્મ્સ તેમજ ટેકનિકલ ઇમ્પ્રૂવમેન્ટ્સ માટે અવાજ ઉઠાવશે.

ગ્રાન્ડ લૉન્ચ ઇવેન્ટ 26 એપ્રિલે વેસુ, સુરતના ધ અમોર બેન્ક્વેટ હોલમાં થઈ, જ્યાં 40થી વધુ કંપનીઓએ ઇન્ડસ્ટ્રીના ફ્યુચર પરની ચર્ચામાં ભાગ લીધો. ઇવેન્ટમાં સુરત પોલીસ કમિશનર અનુપમ સિંહ ગેહલોત, DCP ઝોન-4 વિજય સિંહ ગુર્જર અને DCP (ટ્રાફિક) અમિતા વાનાણી જેવા મોટા ડિગ્નિટરીઝ હાજર હતા, જેમણે RMC પ્લેયર્સની યુનિટી અને પ્રોફેશનલિઝમની ખૂબ પ્રશંસા કરી.

લીડરશીપ કમિટી જેમાં મેનેજમેન્ટ કમિટી અને કમિટી મેમ્બર્સ સામેલ છે તેમને SGRAના મિશનને કોલોબોરેટિવ લીડરશીપ અને ઇન્ડસ્ટ્રી એન્ગેજમેન્ટ દ્વારા આગળ લઈ જવાની જવાબદારી સોંપાઈ છે.

વિઝન અને મિશન

SGRAનું વિઝન નેશનલ એસ્પિરેશન્સ સાથે અલાઇન્ડ છે - રેડી-મિક્સ્ડ કોન્ક્રીટને ભારતભરમાં પસંદગીનું બિલ્ડિંગ મટીરીઅલ બનાવવું. મિશનમાં આ શામેલ છે :

- RMC ઇન્ડસ્ટ્રીને લીડરશિપ આપવી.
- હાઇ બિઝનેસ અને ક્વોલિટી સ્ટાન્ડર્ડ્સ જાળવવા.
- ઇકો-ફ્રેન્ડલી પ્રેક્ટિસીસ દ્વારા સસ્ટેનબિલિટી પ્રોમોટ કરવી.
- કન્ટિન્યુઅસ ઇનોવેશન અને નોલેજ શેરિંગને પ્રોત્સાહન આપવું
- ડિફોલ્ટર પાર્ટીઝની યાદી બનાવવી અને તેમને બ્લેકલિસ્ટ કરવા, જેથી મેમ્બર્સના નાણાકીય સ્વાસ્થ્યનું રક્ષણ થાય અને ડિફોલ્ટર પાર્ટીઝ વિશે જાગૃતિ વધે જેથી તેમને ભવિષ્યમાં નુકસાનના થાય.

ભવિષ્યનો માર્ગ

SGRA ટ્રેનિંગ વર્કશોપ્સ, પ્રોગ્રામ્સ અને ટેકનિકલ સેમિનાર્સ ઓર્ગનાઇઝ કરવાનું પ્લાન કરશે, જેથી ઇન્ડસ્ટ્રીની સક્ષમતા વધે. આ ઉપરાંત, પોલિસી ડાયલોગ્સ અને રેગ્યુલેટરી મેટર્સમાં મેમ્બર્સનું રિપ્રેઝન્ટેશન કરશે, જેથી ઓપરેશન્સ, પ્રાઇસિંગ, લોજિસ્ટિક્સ અને રો-મટીરીઅલ સપ્લાયના મુદ્દાઓ પર એમનો અવાજ સંભળાય.

આવનારા મહિનાઓમાં, SGRA રિઅલ એસ્ટેટ ડેવલપર્સ, એન્જિનિયર્સ, આર્કિટેક્ટ્સ અને સિવિક બોડીઝ સાથે એક્ટિવલી એન્ગેજ થશે, જેથી રેડી-મિક્સ્ડ કોન્ક્રીટની ક્વોલિટી અને રિલાયબિલિટી રિજનલ ડેવલપમેન્ટનો બેઝ બની રહે.

એસોસિએશનનો ધ્યેય એક જ વાક્યમાં કહીએ તો : **"ક્વોલિટી માટે યુનાઇટેડ. પ્રોગ્રેસ ડ્રિવન."** આ નવી કોલોબોરેટિવ ફોર્સ સાથે, સાઉથ ગુજરાતનું RMC સેક્ટર ઇન્ડસ્ટ્રીની યુનિટી, પ્રોફેશનલિઝમ અને ગ્રોથમાં સાચું ઉદાહરણ સેટ કરવા તૈયાર છે.

"સંગઠન જ શક્તિ છે": SGRA - પ્રેસિડેન્ટ અભિષેક તોડી

અભિષેક તોડી, પ્રેસિડન્ટ, RMCA
(RMIX કોન્ક્રીટ)

સાઉથ ગુજરાત RMC એસોસિએશન (SGRA)ના ચેરમેન અભિષેક તોડીએ રેડી-મિક્સ કોંક્રીટ (RMC) ઉધોગ માટે આ સંગઠનની રચના પાછળનું વિઝન રજૂ કરતા યુગેન રિઅલ્ટી ન્યૂઝપેપરને જણાવ્યું હતું, "રેડીમિક્સ કોંક્રીટ ઉધોગ ઝડપથી વધ્યો છે, પણ સાથે અનેક પડકારો ઊભા થયા છે – ટ્રાફિક સમસ્યા અને RMC ટ્રાન્ઝિટ, ડ્રાઇવર રેગ્યુલેશન, પેમેન્ટમાં વિલંબ અથવા ખોટ ઉઠાવવું, ટ્રેનિંગ, એમ્પ્લોયીઝની સમસ્યા, ટેક્નોલોજી જાગૃતિ વગેરે. વ્યક્તિગત રીતે આ સમસ્યાઓ ઉકેલવી મુશ્કેલ છે, એ માટે સંગઠન જરૂરી છે. આ મુદ્દાઓનો સામૂહિક રીતે હલ કરવાની જરૂરિયાત જણાતાં SGRAની ગઠન થયું.

SGRA મેમ્બર્સના રક્ષણ માટે ડિફોલ્ટ કરનારાઓની યાદી બનાવવા, બ્લેકલીસ્ટેડ સ્ટાફ અને લેબર્સનો ડેટાબેઝ શેર કરવા અને સેલ્ફ-રેગ્યુલેશનને પ્રોત્સાહન આપશે. ઓથોરિટીઝ સાથે RMC ટ્રાન્ઝિટ વિષે પણ વિશેષ રીતે ધ્યાન આપી શકાશે. આ ઉપરાંત, SGRA વૃક્ષારોપણ અને શ્રમિક કલ્યાણ જેવા સામૂહિક CSR પહેલ ચલાવશે. સંગઠન જ શક્તિ છે, SGRAની ઉધોગને એકજૂટ કરવામાં અને સહિયારી પ્રગતિ માટે વિશેષ ભૂમિકા ભજવવા તૈયાર છે.

મેમ્બર્સ લિસ્ટ :

- એસી પ્લસ RMC – ગૌતમ રાદડિયા
- ઍક્યમ ઇન્ફ્રા RMC – રોહિત શર્મા
- ચૌધરી RMC – મુકેશ ચૌધરી
- ક્યુબ RMC – જયમિન રાદડિયા
- દાણેવ બિલ્ડકોન RMC – હિતેશ પઘાડલ
- દેવ ઇન્ફ્રા – કૌશલ પટેલ
- અર્થ ઇન્ફ્રા RMC – વત્સલ ભાઇ
- એપિક RMC – હિરેન ભટ
- ગ્રે શેડ RMC – અંકિત શાહ
- હરેકૃષ્ણા RMC – અંશ ભાઇ
- હરિકૃષ્ણા કોન્ક્રિટ RMC – વૈભવ ગોંડલિયા
- એચએમ RMC – દીપક જાધવ
- જય અમ્બે RMC – અલોક ત્રિવેદી
- કિસ્ટોન RMC – હાર્દિક ભાઇ
- એમ ટેક કોન્ક્રિટ RMC – પ્રણવ પટેલ
- નીવ RMC – વિનિત અગ્રવાલ
- નેક્સસ કોન્ક્રિટ RMC – નીલેશ વાઘેલા
- ઓડન RMC – આદિત્ય ગર્ગ
- પાર્થ RMC – હિરેન ગરાલા
- પાઉલોમિ કોન્ક્રિટ – ગટુ ભાઇ
- ફિનિક્સ RMC – પ્રશાંત સોલંકી
- પીએમ RMC – અંકીત ફળદુ
- પ્રોકોન RMC – હિતેશ ભાઇ
- આર એસ કોન્ક્રિટ RMC – સુરજ ભાઇ
- આરમિક્સ RMC – અભિષેક તોડી
- સોમનાથ RMC – પ્રફુલ ભાઇ
- સુરત RMC – કલ્પેશ ભાઇ
- ટેકનો કોન્ક્રિટ્સ RMC – કેતન માણિયા
- વરાછા RMC – પ્રદિપ સુહાગિયા
- વીનસ RMC – કેવલ ગાંધી
- વિનાયક RMC – બ્રૃજેશ દુધાત
- વિપુલ RMC – અંકુર લિમ્બાસિયા
- વાગડ RMC – અશોક જૈન

લીડરશીપ ટીમ - મેનેજમેન્ટ કમિટી

અભિષેક તોડી (RMIX કોન્ક્રીટ) - પ્રેસિડન્ટ

ગટુ પટેલ (પૌલોમી કોન્ક્રીટ) - વાઇસ પ્રેસિડન્ટ

અંકુર લિંબાસિયા (વિપુલ RMC) - સેક્રેટરી

હિરેન ભટ્ટ (EPIC RMC) - જોઇન્ટ સેક્રેટરી

કલ્પેશભાઈ રંગપરિયા (સુરત RMC) - ટ્રેઝરર

લીડરશીપ ટીમ - કમિટી મેમ્બર્સ

પ્રફુલ ભાઈ (સોમનાથ RMC)

અંકિત ફાલડુ (PM RMC)

હિતેશ પટેલ (પ્રોકોન RMC)

વિનીત અગરવાલ (નીવ RMC)

ગૌતમ રાદડિયા (AC પ્લસ RMC)

પ્રદીપ સુહાગિયા (વરાછા RMC)

Powerful Association of South Gujarat Ready Mix Concrete Association

ICEAના એન્જિનિયર્સ અને આર્કિટેક્ટ્સે માણ્યો બિરલા ઓપસ એક્સપિરિયન્સ સેન્ટર - પેઇન્ટ સ્ટુડિયોનો રંગીન અનુભવ

યુગેન રિઅલ્ટી, સુરત.

17 મે 2025ના રોજ, સુરતની ઇન્સ્ટિટ્યૂટ ઓફ સિવિલ એન્જિનિયર્સ અને આર્કિટેક્ટ્સ (ICEA)ના મેમ્બર્સ માટે વેસુ, સુરત ખાતે સ્થિત બિરલા ઓપસ એક્સપિરિયન્સ સેન્ટર - પેઇન્ટ સ્ટુડિયો એક ગાઇડેડ ટૂરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટૂરનો હેતુ હતો – રંગોની દુનિયામાંથી એક અનોખો અનુભવ આપવાનો, જ્યાં કલર માત્ર રંગ નથી, પણ એક લાગણી છે.

વિઝિટ દરમિયાન, મેમ્બર્સને ગાઇડેડ સ્ટોર વોકથ્રૂ આપવામાં આવી જેમાં તેમને કલર કમ્પોઝર ટૂલ સાથે લાઇવ ઇન્ટરેક્શન કરાવાયું. આ ટૂલ દ્વારા કલર સિલેક્શન અને કસ્ટમાઇઝેશન કેવી રીતે કરવામાં આવે છે તેનો લાઇવ ડેમો આપવામાં આવ્યો હતો. ત્યારબાદ બિરલા ઓપસનું એક વિઝ્યુઅલ પ્રેઝેન્ટેશન દ્વારા આદિત્ય બિરલા ગ્રુપના રંગો વિષેના વિચારો અને વિઝનને દર્શાવવામાં આવ્યું હતું.

ICEAના પાસ્ટ પ્રેસિડેન્ટ મનિષ ગજ્જરે સ્ટોર વિઝિટ કાર્યક્રમ વિષે યુગેન રિઅલ્ટી ન્યૂઝપેપરને જણાવ્યું હતું કે, "બિરલા ઓપસની આ પહેલ અમારા જેવા પ્રોફેશનલ્સ માટે કલરને જુદી જ રીતે સમજવા અને પ્રોજેક્ટ્સમાં ઈમ્પ્લીમેન્ટ કરવા માટે એક ક્રિયેટિવ દ્રષ્ટિકોણ આપે છે. કલર્સને હવે માત્ર દેખાવથી નહિ, પરંતુ લાગણીઓ અને અનુભવો સાથે જોડીને જોવાય છે. આ પ્રેઝેન્ટેશન સાથે સાથે જ અમને કલર્સ માટે એક વિઝન મળ્યું."

સુરતના બિરલા ઓપસ એક્સપિરિયન્સ સેન્ટર - પેઇન્ટ સ્ટુડિયો મેનેજર કૃણાલ પરમારે જણાવ્યું હતું કે, "અમે ફક્ત પેઇન્ટ જ નથી બનાવતા, અમે તેનાથી શું થઇ શકે તે શક્યતાઓ પણ બતાવીયે છીએ. બિરલા ઓપસના ઇનોવેશન થકી લાગણીઓ અને અનુભવોને એક નવી વાચા આપે છે. ICEAના એન્જિનિયર્સ અને આર્કિટેક્ટ્સને હોસ્ટ કરવાનો અનુભવ ઉમદા અને ખુબ આનંદદાયક રહ્યો. તેમના પ્રશ્નો અને નવું જાણવાની ઉત્સુકતા ખરેખર પ્રશંસનીય છે. અમે ICEAનો આભાર માનીએ છીએ અને આવનારા સમયમાં આવા એનરિચિંગ ઇન્ડસ્ટ્રી ઇન્ટરેક્શન માટે આતુર છીએ."

કૃણાલ પરમાર
મેનેજર, બિરલા ઓપસ
એક્સપિરિયન્સ સેન્ટર - પેઇન્ટ સ્ટુડિયો

મનિષ ગજ્જર
- પાસ્ટ પ્રેસિડેન્ટ, ICEA

આ મુલાકાતે એન્જીનીયર્સ અને આર્કિટેક્ટ્સને કલર સાથે કનેક્ટ થવા માટે એક નવી દિશા આપી.

વધુ જાણકારી માટે મુલાકાત લો, **બિરલા ઓપસ એક્સપિરિયન્સ સેન્ટર** - પેઇન્ટ સ્ટુડિયો, જી-7, IFC - ઇન્ટરનેશનલ ફાઇનાન્સ સેન્ટર, વીઆઇપી રોડ, વેસુ, સુરત.

Visit at www.birlaopus.com અથવા ઇન્સ્ટાગ્રામ પર ફોલો કરો @BirlaOpus.Create

pmcea Summit 2025 Gujarat

PMC | Architects

ભારતના કન્સ્ટ્રક્શન ઉદ્યોગને જોડતી એક અનોખી પહેલ

યુગેન રિઅલ્ટી, સુરત.

ગુજરાતમાં પ્રથમ વાર Pmcea Summit 2025 Gujarat" નામનું નવું અને આગવું સમિટનું આયોજન થવા જઈ રહ્યું છે, જે ભારતના 25 મોટા શહેરોમાં યોજાશે. અને તેનો પ્રારંભ ગુજરાતના અમદાવાદથી થશે. આ આયોજન કેવિન પબ્લિકેશન પ્રા. લિ. દ્વારા કરવામાં આવી રહ્યું છે. તેમને પ્રકાશન અને એક્ઝિબિશન ક્ષેત્રમાં 25 વર્ષથી વધુનો અનુભવ છે. હાર્ડવેર અને બિલ્ડિંગ મટીરીઅલ્સ ક્ષેત્રનું વિખ્યાત દ્વિમાસિક મેગેઝિન "હાર્ડવેર સમાચાર" 1999 થી પ્રકાશિત થાય છે. તેઓ છેલ્લા 15 વર્ષથી આર્કિટેક્ચર અને ઇન્ટિરિઅર સેક્ટરના બ્રાન્ડ્સ માટે અમદાવાદ, બેંગલોર અને જયપુરમાં સફળ એક્ઝિબિશન્સ યોજી રહ્યા છે, જ્યાં મેન્યુફેક્ચરર્સ, બિલ્ડર્સ, આર્કિટેક્ટ્સ અને ઇન્ડસ્ટ્રીના અન્ય વ્યાવસાયિકો સાથે સીધી કનેક્ટ થવાની તક મળી છે.

કેવિન પબ્લિકેશન નવી ઊંચાઇ તરફ આગળ વધી રહ્યું છે – "Pmcea Summit 2025 Gujarat" સાથે, જે ભારતમાં પહેલીવાર પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ્સ (PMC) માટે વિશિષ્ટ રીતે આયોજિત સમિટ છે. આ સમિટ ભારતભરના ટોચના PMC (Project Management Consultant), ઈન્જીનિયર્સ, આર્કિટેક્ટ્સ, પ્રોફેશનલ કોન્ટ્રાક્ટર્સ, MEPF, અને HVAC નિષ્ણાતોને એક છત નીચે લાવશે. આનો મુખ્ય ઉદ્દેશ બિલ્ડિંગ મટિરિઅલ્સ ઉદ્યોગના ડિસિઝન મેકર્સ અને મેન્યુફેક્ચરર્સ વચ્ચે એક મજબૂત નેટવર્ક ઉભું કરવો છે.

સમિટના મુખ્ય હેતુઓ:

- કન્સ્ટ્રક્શન ઈકોસિસ્ટમના મહત્વપૂર્ણ ભાગીદારોને જોડવાં
- અગ્રણી મેન્યુફેક્ચરર્સની નવીનતમ ટેક્નોલોજી અને પ્રોડક્ટ્સ રજૂ કરવી
- ઇન્ડસ્ટ્રી લીડર્સને નેટવર્કિંગ અને સહયોગ માટે પ્લેટફોર્મ આપવું

મેન્યુફેક્ચરર્સ માટે PMC સાથે જોડાવાના ફાયદા :

- **લાંબા ગાળાના ધંધાકીય સંબંધો**
- PMC પ્રોજેક્ટ્સમાં બ્રાન્ડની પસંદગી અને લોયલ્ટી
- માર્કેટમાં બ્રાન્ડ વેલ્યુમાં વધારો

દરેક સંલગ્ન સ્ટેકહોલ્ડર્સ આ વિશેષ હાઈ-ઇમ્પેક્ટ આયોજનમાં સહભાગી બનવા આમંત્રિત છે. ચાલો મળીને ઉદ્યોગના ભવિષ્ય માટે એક મજબૂત પગલું ભરીયે.

કેવિન પટેલ, MD, કેવિન પબ્લિકેશન આ સમિટ માટે ખુબ જ ઉત્સાહિત છે અને જણાવે છે કે, "Pmcea Summit 2025 Gujarat એ એક ઇનોવેટીવ પ્લેટફોર્મ અમે લાવવા જય રહ્યા છીએ, જે PMC, ઈન્જીનિયર્સ, આર્કિટેક્ટ્સ, પ્રોફેશનલ કોન્ટ્રાક્ટર્સ, MEPF, અને HVAC પ્રોફેશનલ્સને એકસાથે લાવશે, નેટવર્કિંગ, બિઝનેસ ડેવલપમેન્ટની તકો આપશે, સહયોગ અને આધુનિક સોલ્યુશન્સ દ્વારા ભારતના કન્સ્ટ્રક્શન ઉદ્યોગમાં ભવિષ્યને PMCના વધતા મહત્વને નવી દિશા આપશે."

આ સમિટ દરેક સંલગ્ન સ્ટેકહોલ્ડર્સને આ પરિવર્તનકારી અને પ્રભાવશાળી આયોજનમાં ભાગ લેવા માટે હાર્દિક આમંત્રણ છે. ચાલો આપણે સૌ સાથે મળીને ભારતના બાંધકામ ઉદ્યોગના ભવિષ્ય માટે એક મજબૂત પગલું ભરીએ.

HARDWARE SAMACHAR

કેવિન પટેલ,
MD, કેવિન પબ્લિકેશન પ્રા. લિ.

HBLF SHOW
GANDHINAGAR

વધુ માહિતી માટે સંપર્ક કરો:
કેવિન પટેલ, MD,
કેવિન પબ્લિકેશન પ્રા. લિ.
Ph : +91 84608 83322
+91 99741 33311
E : info@pmcea.com

Strategic Business Opportunity in World's Renowned Dahej Port city/SEZ/SIR in South Gujarat

We are inviting Joint Venture Partners, Franchise Associates, Construction Firms, Material Suppliers, and Financially Sound Investors to collaborate on over 5 million sq. ft. of high-potential development projects in Dahej SEZ / Special Investment Region, Bharuch – Gujarat.

Upcoming Projects :
500-Unit Corporate Studio Apartments (Fully Furnished, Long Lease) | Corporate Hotel – 108 Keys | Shopping Mall | Corporate Office Avenue | Club, Resort & Party Plots | Hospital | Warehouses | Residential Townships | Commercial Complexes | Business Hub | Entertainment zone

Ideal Partners :
Investors, Financier, Developers, Consultants and Vendors with Proven Credentials. Please Share Your Business Profile & Govt. - Verified Company Documents of the Past 3 Years.

Let's Build the Future of Dahej Together

Connect Now : dahejinfraprojects@gmail.com | 99243 73188 | 98253 28878

The Gateway to Opportunity - પ્રાઈમ લોકેશન : પિપોદરા ઈન્ડસ્ટ્રિઅલ એરિયા

પ્રાઈમ ઈન્ડસ્ટ્રીયલ
ઈન્ડસ્ટ્રિઅલ ખુલ્લા પ્લોટોનું સુંદર આયોજન..
PLOT SIZE : 34' X 130'
લોકેશન : બ્લોક નં. 321/325, પીપોદરા-કન્યાસી રોડ, પીપોદરા, સુરત
લોકેશન માટે સ્કેન કરો

N.A પ્લાન પાસ | તમામ ટાઈટલ કલીયર | લોન સુવિધા ઉપલબ્ધ | આર.સી.સી. રોડ | ડ્રેનેજ લાઈન | સોસાયટી સુધીની પાવરની સુવિધા

એન્જિનિયરિંગ, કેમિકલ, ટેક્સટાઇલ, પેકેજિંગ અને લોજિસ્ટિક્સ ઉદ્યોગો માટે શ્રેષ્ઠ મેન્યુફેક્ચરિંગ - વેરહાઉસિંગ અનુકૂળ એરિયા

વાલેશ્વર ઈન્ડસ્ટ્રીયલ-૪
ઈન્ડસ્ટ્રિઅલ ખુલ્લા પ્લોટોનું સુંદર આયોજન..
PLOT SIZE : 17' X 135'
લોકેશન : મોજે પીપોદરા, બ્લોક નં. 66, મઝદા ગલી, મોગલમાતા મંદિરની સામે, પીપોદરા, સુરત
લોકેશન માટે સ્કેન કરો

સુરતથી 20-25 કિ.મી. પિપોદરાને સુરતના મજબૂત ઇન્ફ્રા અને લેબર ઉપ્લબ્ધીનો લાભ
ઇન્ફ્રા સપોર્ટ : ડેડીકેટેડ ફ્રેઇટ કોરિડોર (DFC), એક્સપ્રેસવે -બુલેટ ટ્રેન નજીક
NH-8 થી માત્ર 500 મીટર દૂર - સુરત, ભરૂચ, મુંબઈ અને અમદાવાદ સાથે ઉત્તમ કનેક્ટિવિટી
સુરત શહેરની તુલનામાં જમીન - પ્રોડક્શન વધારે અફોર્ડેબલ

SQUARELINK REALTOR

તમારો એક નિર્ણય તમારું ભવિષ્ય બદલી શકે છે...

ફેક્ટરી - પ્લાંટ વેરહાઉસ માટે શ્રેષ્ટ તક

ઇન્વેસ્ટર્સ માટે શ્રેષ્ટ તક
50-60 પૈસા રેન્ટલ ઈન્કમ
- 3-10 વર્ષનું એગ્રીમેન્ટ

વધુ જાણકારી માટે આજે જ સંપર્ક કરો :
90998 69500

યુગેન રિઅલ્ટી મન્થલી ન્યૂઝપેપર | YUGEN Realty DIGITAL MONTHLY NEWSPAPER | Realty News Web Portal yugenrealty.com | Digital Mediums @yugenrealty

રિઅલ એસ્ટેટ ઉદ્યોગનો અવાજ

પ્રોજેક્ટ સેલ્સ | બ્રોકિંગ | ઇનવેસ્ટીંગ | લીઝિંગ | બાયર્સ
આર્કિટેક્ચર | ઇન્ટિરિઅર ડિઝાઇન | મટિરિઅલ સપ્લાયર્સ
કન્સ્ટ્રક્શન | કન્સલ્ટન્ટ્સ | મશીનરી | સર્વિસીસ | ફાયનાન્સ | પોલિસી

પ્રમોશન
માર્કેટિંગ અને PR
માટે શ્રેષ્ઠ માધ્યમ

તમારા ટાર્ગેટ ઓડિયન્સ સુધી પહોંચવા માટે એડવર્ટાઇઝ કરો, વિઝિબલિટી વધારો - સેલ્સ વધારો

5 લાખ થી વધુ પ્રિન્ટ અને ડીજીટલ રીડર્સ સાથે એન્ગેજ થવાનો દર મહિને મોકો

FOLLOW US !

ઇન્ડસ્ટ્રીમાં શું ચાલી રહ્યું છે, જાણવા માટે સબ્સ્ક્રાઇબ કરો

આપનો બિઝનેસ રિઅલ એસ્ટેટમાં વધારવા માટે આજે જ કન્સલ્ટ કરો : +91 878 008 9449

CITY PALACE

THE WEDDING LAWN

Where Royalty Meets Celebration

હવે મોટા વરાછામાં ઉજવાશે

ભવ્યાતિ ભવ્ય પ્રસંગો, એ પણ સિટી પેલેસમાં

શાહી રાજમહેલ જેવી ભવ્યતા સાથે, પેલેસ થીમનો શાનદાર સેટ

લગ્ન, સંગીત, રિસેપ્શન અને અન્ય ગ્રાન્ડ સેલિબ્રેશન માટે પરફેક્ટ સ્થળ

CITY PALACE તમારા ખાસ દિવસને બનાવશે યાદગાર અને અનોખો

અલ્પેશ રીબડીયા	પંકજ સાવલિયા
+91 90330 22233	+91 84213 84213

FOLLOW US

સિટી પેલેસ, મિથિલા હિલ્સ પાસે, આઉટર રીંગરોડ, મોટા વરાછા, સુરત

SHREE RIDDHI
CORPORATION
YOUR VISION,
OUR CRAFTSMANSHIP
આપના પ્રોજેક્ટ કન્સ્ટ્રક્શન માટે પરફેક્ટ કોન્ટ્રેક્ટર
30+ Projects | 1 Cr+ Sq. Ft. Built |
14+ Years' Expertise | Trusted by Top Developers
PRESTIGIOUS CLIENTELE
VASUPUJYA GROUP
VEER GROUP
Roongta DEVELOPERS
nova
PRAMUKH
KRISHNA CORPORATION
SIDDHI DEVELOPERS
Shyam
YASHASVI
EMPIRE
ON-GOING PROJECTS
Shilalekh Imperia
(Residential)
Kiran Mahila Bhawan
(Public Building)
Orbit 3 By Pramukh
(Commercial)
SHREE RIDDHI CORPORTION
+91 9099 198198 | riddhiprojects09@gmail.com
D-202, Aagam Shopping World, 2nd VIP Road,
Vesu, Surat - 395007
અમારી ખાસ વિશેષતાઓ
બહોળો અનુભવ અને કુશળતા । ચેલેંજિંગ પ્રોજેક્ટ
ટર્ન-કી પ્રોજેક્ટ્સ । સમયસર ડિલિવરી । ક્વોલિટી
ટ્રાન્સપરન્સી । ગ્રાહકલક્ષી અભિગમ

Only 52 4BHK Exclusive Residences | 2 Scenic Terraces | Banquet Hall with Dry Kitchen | Steam & Jacuzzi
25 KW Solar Power | Low-Maintenance Green Building | Double Basement + Ground Parking | 2 Car Parks per Home
High-Speed KONE Elevators | Vastu-Compliant Layouts | Fitness Zone | Jain Derasar Behind

PRIME LOCATION : Torrance by White Wings Group, Opp. J9 Commercial Complex,
Besides Rajhans Zion, GD Goenka Cana Road, Vesu, Surat

Residential Projects

Torrance – Canal Road, Vesu
flamingo – Althan Canal Road
Bella casaa – Althan Canal Road
તિરૂપતી – Althan Canal Road

Commercial Projects

massiMo – Althan Canal Rd
zenon – Ring Road
valentino – Udhna Magdalla Road
orleaans (business as it should be!) – Sosyo Circle, U-M Road

Land Development Projects

ovalleaf (INSPIRED NATURAL LIVING) – Sarai,Navsari -Surat
BROOKLYN – Dati, Ubharat

Ongoing Projects

MĀJORIS – Majura Gate, Surat
WHITE WINGS VIVAAN RESIDENCY – Saroli Jahangirpura Rd
WHITE WINGS ATULYA RESIDENCY – Dindoli

MEMBER OF
CREDAI SURAT
SGCCI

www.whitewingsgroup.com

SCAN FOR PROJECT VIDEO

WHITE WINGS GROUP
we transform space

Contact for Inquiry
96247 38900
98240 99444

RERA Registration No. PR/GJ/SURAT/SURAT CITY/SUDA/RAA05636/010719

aavishkar
Textile Park
THE FUTURE OF
INDUSTRIAL GROWTH
PLOT SIZE 17 X 105
TITLE CLEAR
NA APPROVED
CONSTRUCTION READY
DEVELOPMENT CHARGES INCLUDED
T.P. 19, Block No. 66, FP-50/P,
DMD Textile Market Road, Magob.
+91 97279 50652 | +91 97269 50652
anthems
FABRIC PARK
SECURE YOUR
INDUSTRIAL PLOT TODAY!
FLEXIBLE PAYMENT PLAN
34% IN 1 MONTH
BALANCE IN EASY INSTALLMENTS
PLOT SIZES
17 X 100
23 X 130
34 X 150
TITLE CLEAR
NA APPROVED
CONSTRUCTION READY
RCC ROADS
UNDERGROUND DRAINAGE
LIGHT & HEAVY INDUSTRY FRIENDLY
HALDHARU
+91 97279 50652 | +91 97269 50652
anthems
CORPORATION
MEMBER OF SEBA
SEBA
SURAT EAST
BUILDER
ASSOCIATION
AAVISHKAR
MULTI BUSINESS PARK
A PERFECT SPACE
FOR YOUR
INDUSTRIAL GROWTH
PLOT SIZE
17×110
Contact for more detail
+91 97279 50652
+91 97269 50652
RCC ROADS
ATTRACTIVE GRAND
ENTRANCE GATE
SECURITY CABIN
UNDERGROUND
DRAINAGE LINE
Canal Road,
300 Ft Ring Road
Near, Niyol